# કબીર રમૈની સુધા

મૂસ બિલાઇ એક સંગ કહુ કૈસે રહી જાય,
સંતો અચરજ દેખહુ, હસ્તી સિંઘ હી ખાય!


: સંપાદક :
ઇશ્વરભાઇ પ્ર. પટેલ
કપુરા.



: પ્રકાશક :
શ્રી રામકબીર ભકત સમાજ
લોસ એંજિલિસ
અમેરિકા

# કબીર રમૈની સુધા

ફુલવા ભાર ન લે સકે, કહે સખિન સોં હોય
જ્યોં જ્યોં ભીંજે કામરિ ત્યાં ત્યાં ભારી હોય !
(રમૈની–૧૫)

: સંપાદક :
ઇશ્વરભાઇ પ્ર. પટેલ (બાવાજી)
કપુરા.

: પ્રકાશક :
શ્રી રામકબીર ભક્ત સમાજ
લોસ એંજિલિસ
અમેરિકા

# KABIR RAMAINY SUDHA

*Library of Congress Catalog-Card*
*Numbar 88-092758*
*U. S. A.*

આવૃત્તિ : પહેલી

પ્રત : ૩૦૦૦

ડીસેમ્બર : ૧૯૮૯

મૂલ્ય : અમૂલ્ય

: પ્રકાશક :

શ્રી રામકબીર ભક્ત સમાજ
*3320, N. LAfayette Ave.*
*Rosemead CA 91770*
*U. S. A.*

: મુદ્રણાલય :

પટેલ પ્રિન્ટીંગ પ્રેસ, બારડોલી.

## સ્વ. ભુલાભાઇ હરિભાઇ ભક્ત



જન્મ : અષાઢ સુદ ૫
ઈ. સ. ૧૮૮૩

નિર્વાણ : ભાદરવા વદ ૧૨
ઈ. સ. ૧૯૭૭

સ્વ. ધનીબહેન ભુલાભાઇ [illegible]





સ્વ. ગોમતીબહેન ભૂલાભાઈ ભક્ત
ઇ.સ. ૧૮૭૮–૧૯૬૩

સ્વ. ભૂલાભાઈ હરિભાઈ ભક્ત
ઇ.સ. ૧૮૮૩–૧૯૭૭

સ્વ. ધનીબહેન ભૂલાભાઈ ભક્ત
ઇ.સ. ૧૮૯૩–૧૯૮૮



ૐ

શ્રી રામકબીર સત્ય છે.

શ્રી ભૂલાભાઈ હરિભાઈ ભક્તનો જન્મ વિ. સં. ૧૯૩૯ (ઇ.સ. ૧૮૮૩) ના અષાઢ સુદ પાંચમના દિને, શ્રી હરિભાઈ તથા શ્રીમતી દૂધીબહેનને ત્યાં નવસારી તાલુકા સરઈ ગામે થયો હતો.

કિશોર વયથી જ એમના વિચારો સુધારાવાદી હતા. વિધવા-વિવાહનો વિચાર પણ કરતાં બીક લાગે તે જમાનામાં એમણે પોતાનાથી મોટી વયનાં ગોમતબેન નામે એક પુત્રીવાળાં વિધવા મહિલા સાથે લગ્ન કરી પહેલ કરી. એમને ત્યાં રળિયાતબેન નામે પુત્રીનો જન્મ થયો. તે પછી થોડાં વર્ષે એમણે બીજું લગ્ન ધનીબેન સાથે કર્યું અને ચીમનલાલ, મગનલાલ રમણલાલ, અને છગનલાલ એમ ચાર પુત્રોના પિતા બન્યા.

ભૂલાદાદા તે જમાનાની બાળલગ્ન, વરા, કર્મકાંડ આદિની કુરૂઢિઓની સામે સતત લડતા રહ્યા. એમણે શ્રી જીવણભાઈ મોરારજી (ઓરણા), શ્રી ગોકળભાઈ ભગવાનજી (આસુંદર), શ્રી ધીરજભાઈ ગોરધનભાઈ (ધામણ) આદિ ભક્ત સાથીદારો સાથે મળીને સમાજ સુધારણા અર્થે સમાજમાં ચળવળ કરી તથા પૂ. ગાંધીજીની હાકલથી પ્રેરાઈને સ્વાતંત્ર્ય લડતમાં સમાજ સુધારણાની રાહે ઊલટભેર ભાગ લીધો.

ભૂલાદાદા સ્પષ્ટ માનતા હતા કે લગ્ન પુખ્ત વયે, સાદાઈથી થવાં જોઈએ; કોઈ પણ પ્રસંગે દેખાડા માટે કરજ કરી ધાર્મિક ક્રિયાઓ જનસાધારણની બરબાદી લાવે છે, વગેરે. તે સમયના ભપકાદાર જ્ઞાતિભોજનોના રિવાજના વિરોધમાં એમણે વીસ વરસ સુધી ખાંડ છોડી દીધેલી. એ માનતા કે ભજન કીર્તન તે જ એક માત્ર ભક્તોનો સાચો વિધિ છે, તે સિવાયના ખર્ચાળ રિવાજો લુપ્ત થાય તે માટે તે

આજીવન સક્રિય રહ્યા. ભૂલાદાદા જાતે ભજન કીર્તન ગાવા, ગવડાવવા, તથા તબલાં વગાડવાના શોખીન હતા, એમણે તૈયાર કરેલો હસ્તલિખિત ભજનસંગ્રહ આજે પણ સરઈ ગાદીમાં સચવાયેલો છે. ભૂલાદાદા શિક્ષણના પણ આગ્રહી હોઈ શાળા, કોલેજ, પુસ્તકાલય, પરબ કે કૂવા આદિ માટે દાન આપતા રહેલા.

ભૂલાદાદાએ સરઈ ગામની પટેલાઈ પણ કરેલી. એમણે રાજપીપળા સ્ટેટમાં જઈ જંગલ કાપી એમણે ખેડૂતોનું એક નવું એક ગામ વસાવ્યું, તે ગામને એના નવા રહેવાસીઓએ નામ આપ્યું "ભૂલેશ્વર."

આમ, પૂજ્ય ભૂલાદાદાનાં અનેક રોમાંચક સ્મરણો અમને સૌ પુત્રો, પૌત્રો, અને વંશજોને જિહ્વાગ્રે છે. અમારા એવા સાહસી, સુધારાવાદી અને દીર્ઘદ્રષ્ટા વડવાના પુણ્ય સ્મરણમાં આ પુસ્તક પ્રગટ કરતાં અમે ગર્વ અનુભવીએ છીએ, અને આ ગ્રન્થ સમસ્ત ભક્તસમાજને અર્પણ કરી કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

**શ્રી કબીર રમૈની સુધાનો આ લઘુગ્રન્થ**
**શ્રી રામકબીર ભક્તસમાજને સાદર અર્પણ**

લિ.

*ચીમનભાઈ ભૂલાભાઈ ભક્ત મગનભાઈ ભૂલાભાઈ ભક્ત*
*રમણભાઈ ભૂલાભાઈ ભક્ત છગનભાઈ ભૂલાભાઈ ભક્ત*
*સ્વ. તાપીબહેન ગોપાળભાઈ ભક્ત*
*સ્વ. રળિયાતબહેન જીવણજી પટેલ*
*ચન્દ્રવદન ચીમનભાઈ ભક્ત જગદીશભાઈ ચીમનભાઈ ભક્ત*
*હસમુખભાઈ ચીમનભાઈ ભક્ત યોગેન્દ્રભાઈ ચીમનભાઈ ભક્ત*
*હરિવદન મગનભાઈ ભક્ત રાજેન્દ્રભાઈ મગનભાઈ ભક્ત*
*ભૂપેન્દ્રભાઈ રમણભાઈ ભક્ત સંજયકુમાર છગનભાઈ ભક્ત*
*પદ્માબહેન અશોકભાઈ ભક્ત રમાબેન પ્રવીણભાઈ માસ્ટર*
*ઇલાબેન પ્રવીણભાઈ ભક્ત કલ્પનાબેન રાજેન્દ્રભાઈ ભક્ત*
*અનિતાબહેન ભૂપેન્દ્રભાઈ ભક્ત*

*

**મેરા મુજમેં કુછ નહીં, જો કુછ હૈ સો તોર!**
**તેરા તુજ કો સૌંપતે, ક્યા લાગત હૈ મોર?**

# પિતૃ–વંદના

( અનુષ્ટુપ છંદ )

લાગણી, પ્રેમ, સંસ્કારો જીવંત આપના રહે
અમો થકી પિતા! વિશ્વે એવું અંતર તો કહે
પરંતુ ભિન્ન પંથે સૌ અમે ચઢયાં અભાનથી,
કર્યું શું ને કરાવ્યું શું? કર્મની જાળ પાથરી!
શક્યાં ન ઓળખી જન્મ, કર્મ, જીવન આ જગે
પ્રગટ્યું ભાન મોંઘેરું, પસ્તાવો સળગે રગે!
તમારા શબ્દ સૌ સૂર્ય, વર્તન ચાંદની સમું,
દીવાદાંડી સમા કર્મો, જીવન તો સુહામણું!
પ્રાર્થના પ્રભુની આજે કરીએ આપને સ્મરી;
રહો હૈયે વિધાતા હે, સત્યનું પુષ્પ પાંગરી!

શ્રી ચીમનભાઈ ભુલાભાઈ ભક્ત–સરઈ
,, શાન્તાબહેન ચીમનભાઈ ભક્ત ,,
શ્રી મગનભાઇ ભુલાભાઈ ભક્ત–નવસારી
,, સવિતાબહેન મગનભાઈ ભક્ત ,,
શ્રી રમણભાઇ ભુલાભાઈ ભક્ત-યુ.એસ.એ.
,, રેવાબહેન રમણભાઈ ભક્ત ,,
શ્રી છગનભાઇ ભુલાભાઇ ભક્ત ,,
,, સરોજબહેન છગનભાઇ ભક્ત ,,

ના સપ્રેમ [illegible]

# માતૃ-વંદના

( અનુષ્ટુપ છંદ )

પગભર થવા માટે અનેક સાહસો કર્યાં
દેવાના ડુંગરો ખુંદી પિતૃસંગે વને વસ્યા.
ઘોર જંગલો ખેડયાં સ્મરી સતત શ્રી હરિ,
વાંકાચૂકા વળાંકોને કર્યાં પસાર ધૈર્યથી !
ખંત, સ્વાશ્રય, સાદાઈ કેરા રંગો ઉરે ભર્યા,
ભાગ્યોદય થતા જાણે હસી ઉઠી વસુંધરા !
ધાવણ ધરતી કેરું ધાવીને જનની સદા
ધવરાવ્યા અમોને તેં અજબ તેજ પાથર્યા !
અમોને જિંદગી દીધી સુખોથી તેં હરીભરી,
નમીએ, વંદીએ, ગાઇ ગીતો તારાં ફરીફરી !

શ્રી ચીમનભાઈ ભુલાભાઈ ભક્ત–સરઈ
,, શાન્તાબહેન ચીમનભાઇ ભક્ત ,,
શ્રી મગનભાઇ ભુલાભાઇ ભક્ત–નવસારી
,, સવિતાબહેન મગનભાઈ ભક્ત ,,
શ્રી રમણભાઇ ભુલાભાઇ ભક્ત-યુ.એસ.એ.
,, રેવાબહેન રમણભાઇ ભક્ત ,,
શ્રી છગનભાઇ ભુલાભાઇ ભક્ત ,,
,, સરોજબહેન છગનભાઈ ભક્ત ,,

ના સપ્રેમ રામકબીર

# આભાર....

— શ્રી રામકબીર ભક્ત સમાજના
પ્રમુખ,
મંત્રી તથા કારોબારીના સભ્યોનો
જેમણે
અમને આ લઘુગ્રંથના પ્રકાશનમાં
સહાયરૂપ થવાની
સુંદર તક આપી તે બદલ......

— સંપાદક શ્રી ઈશ્વરભાઇ પટેલનો
જેમણે
આ અમૂલ્ય લઘુગ્રંથ તૈયાર કરી આપ્યો
તે બદલ......

— નાની મોટી વ્યક્તિ
જાણ્યે અજાણ્યે
અમને સહાયક થવા બદલ
સર્વ ભક્ત જનોનો......

લિ.
શ્રી ચી. ભુ. ભક્ત
શ્રી મ. ભુ. ભક્ત
શ્રી ર. ભુ. ભક્ત
શ્રી છ. ભુ. ભક્ત
ના સપ્રેમ રામકબીર

# પ્રમુખનું નિવેદન

ઈ. સ. ૧૯૮૭ના ફેબ્રુ. ૬થી ફેબ્રુ. ૧૬ સુધી બીજકગ્રંથને આધારે કબીર સાહેબનું તત્વજ્ઞાન સમજાવવા અપાયલા શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલના સુંદર વ્યાખ્યાનો સમાજને પુસ્તક પ્રકાશન માટે પ્રેરણદાયી થઈ પડ્યા. એમ તો "રામ કબીર સંપ્રદાય" અને "નાદબ્રહ્મ" જેવા પુસ્તકો આપણે પ્રકાશિત કર્યા જ હતાં. પરંતુ કબીર સાહેબનું સારરૂપ સાહિત્ય સરળ ભાષામાં પ્રકાશિત કરવાનું કાર્ય બાકી ગણાતું હતુ. તેથી તેમના સુંદર વ્યાખ્યાનો સાંભળીને સમાજના આગેવાનોએ તેમને કુલ પાંચ પુસ્તકો તૈયાર કરી આપવા માટે વચનબદ્ધ કર્યા પરિણામે આપણે આ શ્રેણીનું બીજું પુસ્તક પ્રકાશિત કરી રહ્યા છીએ તેથી આનંદ થાય છે.

ઉતાવળ એ આ ઝડપથી બદલાતા જતા જમાનાનું મુખ્ય લક્ષણ છે તેથી મોટા કદના પુસ્તકો ભાગ્યે જ કોઈ વાંચે છે. પરિણામે પોકેટબુક જેવી પ્રકાશન શ્રેણી જગતભરમાં અસ્તિત્વમાં આવી. આપણે પણ એજ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને આ પ્રકાશન શ્રેણી ચાલુ રાખી છે. દોઢસો પોણી બસો પૃષ્ટોનું કદ રહે તેવા બાકી રહેલા. ત્રણ ગ્રંથો હવે પછી પ્રકાશિત કરીશું. એ દ્વારા કબીર સાહેબનો પરિચય લોકમાનસમાં દૃઢ થશે અને આ બદલાતા જતા સમયમાં પોતાનું સત્વ જાળવવામાં ઉપયોગી થશે એવી શ્રદ્ધા છે.

આ લઘુ ગ્રંથના પ્રકાશનનો તમામ ખર્ચ શ્રી છગનભાઈ ભુલાભાઈ ભકત, શ્રી રમણભાઈ ભુલાભાઈ ભકત, શ્રી મગનભાઈ ભુલાભાઈ ભકત અને શ્રી ચીમનભાઈ ભુલાભાઈ ભકત તરફથી તેઓના માતાપિતાની પુણ્યસ્મૃતિમાં પ્રાપ્ત થયો છે તે જાહેર કરતાં અમે આભારની લાગણી અનુભવીએ છીએ.

આ લઘુ ગ્રંથ સમયસર તૈયાર કરી આપવા બદલ શ્રી ઈશ્વરભાઈનો ખુબ ખુબ આભાર. તેમનો સહકાર મળતો જ રહેશે એવી આશા. વળી સમયસર છાપકામ કરી આપવા બદલ શ્રી પટેલ પ્રિન્ટીંગ પ્રેસ, બારડોલીના માલિકોને હાર્દિક ધન્યવાદ.

ગાર્ડન ગ્રોવ
કેલિ. યુ. એસ. એ.
૧ લી નવેમ્બર ૧૯૮૯

લી.
**વલ્લભભાઇ છોટુભાઇ ભક્ત**
પ્રમુખ

## શ્રી ચીમનભાઇ ભુલાભાઈ ભક્ત

( જન્મ તા. ૬-૧-૨૨ )

નાનપણથી જ સ્વભાવે શાંત, સુશીલ અને વિવેકી હોવાથી, પિતાજીના સાહસરૂપી યજ્ઞમાં પોતાની મહત્વાકાંક્ષારૂપી આહુતિ આપી શકયા હતા. પિતાજીના સાહસના પ્રથમ તબકકામાં પ્રતિકૂળ સંજોગો ઊભા થવાને કારણે દેવુ ખુબ વધી ગયેલું. પરિણામે તેઓ મેટ્રીક સુધી જ અભ્યાસ કરી શકેલા. ભણતર છોડી ખેતીના ધંધામાં ખંતથી લાગી ગયેલા પરિણામે પિતાજીનું સાહસ દીપી ઉઠેલુ'. તેમણે પોતાના ચારેય દીકરાઓને ભણાવવામાં કમી રાખી નહિ. ચારેય દીકરાઓ પણ પિતાની ભાવનાને સમજી શકયા અને અમેરિકાની ધરતી પર પોતાની જાનમહેનતથી સમૃદ્ધિ તરફ દિન-પ્રતિદિન આગેકૂચ કરી રહ્યા છે.

## શ્રી મગનભાઇ ભુલાભાઇ ભક્ત

( જન્મ તા. ૧૬-૮-૧૯૨૪ )

કપરા અને વિકટ સંજોગોને કારણે તેઓ અંગ્રેજીના પાંચમા ધોરણ સુધી જ અભ્યાસ કરી શકયા હતા. છતાં પિતા સાથે રહીને તેઓ અનુભવના જ્ઞાનથી સમૃદ્ધ થઇ શકેલા તે કેમ ભૂલી જવાય? પોતે ભલે વધુ અભ્યાસ ન કરી શકયા પણ પોતાના બંને પુત્રોને વધારે અભ્યાસ કરવાની પૂરેપૂરી અનુકૂળતા કરી આપી હતી તે તેમના વિદ્યાપ્રેમનું જ પરિણામ કહેવાય. બંને બાળકોએ પણ સારા પ્રમાણમાં સિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પ્રારંભકાળમાં પરદેશમાં પડેલી પુષ્કળ હાડમારીનો પ્રેમપૂર્વક સામનો કરી બાળકોએ સફળતાપૂર્વક સ્વ. ભુલાદાદાની જ્ઞાનજ્યોતને જલતી રાખી હતી તેથી શ્રી મગનભાઈને ખુબ આનંદ થાય છે.

# શ્રી રમણુભાઇ ભુલાભાઇ ભકત

( જન્મ : ૧૯૨૭ આસો સુદ–૩ )

શ્રી રમણભાઇ સ્વભાવે હસમુખા અને રંગીન. સાહિત્ય અને કલા રસિકતાનો ગુણ તેમને પિતા તરફથી વારસાઈમાં મળેલી મહાન દેણગી છે. છેક નાનપણથી જ ચિત્રકામમાં તેજસ્વી કારકીર્દી કરી શકે તેવી શકિતનાં દર્શન તેમના રમતિયાળ વર્તનમાં જણાતા હતા. બંને મોટા ભાઇઓ તરફથી તેમને સહકાર મળતાં તેમણે વિશ્વ વિખ્યાત સંસ્થા શ્રી શાંતિનિકેતનમાં પ્રવેશ મેળવેલો અને ત્યાં કલાગુરુઓના સાન્નિધ્યમાં રહી તેમણે Fine Artsમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. ત્યાર પછી અમેરિકામાં આવીને તેમણે કલાની ભૂખ સંતોષવા ખુબ પ્રયત્ન કર્યો હતો. સમય અને સંજોગોની પ્રતિકૂળતાને કારણે તેઓ પોતાની કલાને સંપૂર્ણપણે ન્યાય આપી શકયા નથી તેનો તેમને હંમેશ રંજ રહ્યા કરે છે.



# શ્રી છગનભાઇ ભુલાભાઇ ભકત

(જન્મ ૨૭-૧૦-૧૯૩૦)

માતપિતાના સેવા યજ્ઞને અન્ય ત્રણે ભાઈઓ કરતાં જુદી જ રીતે ચાલુ રાખનાર અને પિતાની જ્ઞાનપિપાસાને સન્માનપૂર્વક સંતોષનાર શ્રી છગનભાઈ ભુલાભાઈ ભકત શ્રી રામકબીર ભકત સમાજનું એક રત્ન છે. તેમની બહુવિધ પ્રતિભાએ સમાજને અને અનેક સંસ્થાઓને ઉજ્વળ બનાવવામાં સિંહફાળો આપ્યો છે તે કોઈથી વિસરાય એમ નથી.

તેમણે નવસારી ભકતાશ્રમમાં વધુ અભ્યાસની શરૂઆત કરેલી અને ત્યાંથી જ મેટ્રીક પાસ કરી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સાયન્સ વિષય લઈ બે વર્ષ તથા સુરત આયુર્વેદિક કોલેજમાં ડોકટર બનવા માટે બે વર્ષ અભ્યાસ કરેલો. પરંતુ પરદેશ જવાની તક મળતાં તેમણે તે અભ્યાસક્રમ પડતો મૂકી ઈ. સ. ૧૯૫૬માં પેન્સિલવેનિયા યુનિવર્સિટીની A. B.ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. ત્યાર પછી સ્કુલ ઓફ પબ્લીક હેલ્થ, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં પ્રવેશ મેળવી M.P.H.ની ઉપાધિ મેળવી હતી. સાન ડિયેગો સ્ટેટ યુનિવર્સિટીમાં પોષ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસક્રમ કરી ઈ. સ. ૧૯૬૫થી આજ દિન સુધી લોસ એન્જીલીસ કાઉન્ટીના ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થમાં પોતાની સેવા આપી રહ્યા છે.

નીચેની સંસ્થાઓમાં તેમણે પોતાની સેવાની સૌરભ પ્રસરાવી છે.

(૧) અમેરિકન પબ્લીક હેલ્થના ફેલો તરીકે

(૨) નેશનલ એકેડેમી ઓફ માયક્રોબાયોલોજિસ્ટના સભ્ય તરીકે

(૩) અલહામ્બ્રા, ચેમ્બર ઓફ કોમર્સના સભ્ય તરીકે

(૪) રોયલ સોસાયટીના ફેલો તરીકે

(૫) ગુજરાતી સોસાયટી અને ગુજરાતી કલ્ચરલ સોસાયટીના ટ્રસ્ટી તરીકે આ સિવાય અનેક જગ્યાએ મંત્રી યા તો પ્રમુખ તરીકે તેમણે સેવા આપીને સમાજનું ગૌરવ વધાર્યું છે. છેલ્લા પંદર વર્ષથી નોટરી પબ્લીક તરીકેનું માનવંતુ પદ તેઓ શોભાવી રહ્યા છે, તે તેમની યશસ્વી કારકીર્દીનું આખરી પરિણામ છે. તેમણે ઈ. સ. ૧૯૭૬માં શ્રી રામકબીર ભકત સમાજની સ્થાપના કરેલી અને સતત દસ વર્ષ સુધી તેના પ્રમુખ તરીકે રહી તેમણે સંસ્થાનો વિકાસ કરવામાં પોતાનો સિંહફાળો પ્રદાન કરેલો તે ઋણ સમાજ કદી ભૂલશે નહિ.

# પ્રાક્ કથન

અભ્યાસનિષ્ઠ વિદ્વાનોએ કબીરવાણીને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વિભક્ત કરી છે—રમૈની, શબ્દ અને સાખી. પરંતુ આ ત્રણે વિભાગોની નિશ્ચિત સંખ્યા અંગે હજી નિર્ણય થઈ શક્યો નથી. કબીર સાહેબે કેટલી રમૈનીઓની રચના કરી હશે તે એક પ્રશ્ન જ છે.

કબીરવાણીની ગંગામાં કબીર સાહેબને નામે રચેલી અન્ય રસિકજનોની વાણી એવી તો ભેળવી દેવામાં આવી છે કે કબીરવાણીને અલગ કરી શકાતું નથી. કબીર રચિત ગ્રંથોની ગણત્રી કોઈ વિદ્વાન આઠની બનાવે છે, કોઈ ચૌદની બતાવે છે, કોઈ ચાલીસની બતાવે છે વળી કોઈ એકાવનની, કોઈ ઈકોતેરની અને કોઈ પંચોતેરની પણ બતાવે છે. બની શકે કે આમાંની એક પણ ગ્રંથની રચના કબીર સાહેબે ન પણ કરી હોય! આ અંગે ખાસ કારણ તરીકે તેઓ નિરક્ષર હતા તે આગળ ધરવામાં આવે છે. બીજી તરફ વિદ્વાનોએ સિદ્ધાંત સામ્ય, કેટલીક પંક્તિઓનું સામ્ય અને અભિવ્યક્તિની લઢણનું સામ્ય પૂર્વવર્તી સંતસાહિત્યમાંથી શોધી કાઢી કબીર સાહેબ પર ગોરખ, નામદેવ, જયદેવ વિગેરે સંત યોગીઓનો પ્રભાવ સિદ્ધ કરવા પણ પ્રયત્ન કર્યો છે. તો પ્રશ્ન થશે કે વાણીનું સીધે સીધું સામ્ય અભ્યાસનિષ્ઠા વિના ઉતરી શકે ખરું? અભ્યાસનિષ્ઠ કોણ થઈ શકે સાક્ષર કે નિરક્ષર? વિદ્યા વિહીન કે વિદ્યા સંપન્ન? માત્ર સાંભળવાથી તો વાણીનું સીધે સીધું સામ્ય સંભવી શકે નહીં. હા, સાંભળવાથી માત્ર આધ્યાત્મિક પ્રભાવ પડે. અથવા તો એકાએક જીવનમાં ચોક્કસ પ્રકારનું પરિવર્તન આવે. પણ પૂર્વવર્તી સંત સાહિત્યની અભિવ્યક્તિની લઢણનું સામ્ય કે કેટલીક પંક્તિઓનું સીધે સીધું સામ્ય માત્ર સાંભળવાથી હૃદય ઝીલી શકે નહીં. માટે ડૉ. માતાપ્રસાદ ગુપ્ત "કબીર ગ્રંથાવલી" ભૂમિકા પૃ-૪ ઉપર કહે છે તે ખૂબ વિચારણીય છે. "પ્રાય: યહ સમઝા જાતા હૈ કિ કબીર નિરક્ષર થે લિખને પઢનેસે ઉન્હેં કોઈ વાસ્તા નહીં થા સુન સુનાકર હી ઉન્હોંને જ્ઞાનાર્જન કિયા થા। કિન્તુ ઈસસે બઢકર નિરાધાર કથન કોઈ નહીં હો સકતા હૈ, યહ કબીરકી વિચાર ઔર અભિવ્યક્તિ શૈલીકા અધ્યયન કરનેસે પૂર્ણત: સ્પષ્ટ હો જાતા હૈ।"

કબીર સાહેબ તરફ વિદ્વાનોનું ધ્યાન આકર્ષિત થયું ઘણે ભાગે ઈ. સ. ૧૯૦૦ને અંતે જ. પરદેશી વિદ્વાનો અથવા તો ખાસ કરીને ઇસાઇ પાદરીઓ જેવા કે એચ. એચ. વિલ્સન કે જી. એચ. વેસ્ટકોટ કબીર પર સંશોધનાત્મક પુસ્તકો પ્રગટ કરીને સૌનું ધ્યાન વીસમી સદીના

એકદમ પ્રારંભમાં દોરી રહ્યા હતા. ઈ. સ. ૧૯૧૫માં કવિવર રવિન્દ્રનાથ ટાગોરે "Hundred Poems of KABIR" પુસ્તક પ્રકાશિત કરીને હિન્દી સાહિત્યના વિદ્વાનોનું ધ્યાન કબીર સાહેબ તરફ આકર્ષેલું લાગે છે. કારણ કે ત્યાર પછી જ પંડિત અયોધ્યાસિંહ ઉપાધ્યાયે "કબીર વચનાવલી"નું પ્રકાશન કર્યું છે. બાબુ શ્યામસુંદરદાસે ઈ. સ. ૧૯૨૫માં, ડૉ. રામકુમાર વર્માએ ઈ. સ. ૧૯૩૬ થી ૪૦ દરમ્યાન અને ઈ. સ. ૧૯૪૧માં આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીએ કબીર સાહેબનાં પદોનું સંકલન કરીને અભ્યાસપૂર્ણ ભૂમિકાઓ સાથે "કબીર ગ્રંથાવલી", "સંતકબીર" તથા "કબીર" ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. તેઓ દ્વારા થયેલા પ્રકાશનોથી કબીરવાણી વિશ્વવિદ્યાલયોના પ્રાંગણમાં ગૂંજતી થઈ હતી. પરિણામે વિદ્યાર્થી જગતમાં રમૈની સિવાયનું સાહિત્ય ખૂબ જ પ્રચલિત બની જવા પામ્યું હતું. સાખી અને પદોનો પ્રભાવ સામાન્ય માણસ સુધી પથરાયલો જણાય છે. પરંતુ તે સિવાયનું સાહિત્ય જન માનસમાં અમાન્ય ઠર્યું અને તે તરફ એક પ્રકારનો ઉપેક્ષાભાવ પણ દૃઢ થતો ગયો.

કબીરવાણીનાં સંકલન કાર્ય માટે વિદ્વાનોએ 'ગુરૂ ગ્રંથસાહેબ'ને આધાર તરીકે માન્યો છે. એટલું જ નહીં પણ સંવત ૧૫૬૧ તથા સંવત ૧૮૮૧ની બે જુની હસ્તપ્રતોનો આધાર પણ તેમણે સ્વીકાર્યો છે. 'ગુરુ ગ્રંથસાહેબ'માં ૨૨૮ પદો અને ૨૪૩ સાખીઓ કબીર સાહેબને નામે પ્રસિદ્ધ થયાં છે. એમાં રમૈનીઓનો તો ઉલ્લેખ પણ નથી. સંભવ છે કે બીજું ઘણું સાહિત્ય ગુરૂ શ્રી અર્જુનદેવને કબીર સાહેબના નામે હાથ લાગ્યું હશે પણ તેમાંથી તેમને જે યોગ્ય લાગ્યું હશે તેટલાંનું જ તેમણે સંકલન કર્યું હશે. તેથી 'ગુરુગ્રંથ સાહેબ'માં પ્રગટ થયેલું કબીર સાહિત્ય સંપૂર્ણ માની શકાય નહીં. તેજ રીતે વિદ્વાનોને પ્રાપ્ત થયેલી બે જૂની હસ્તપ્રતોમાં ૮૦૯ સાખીઓ, ૪૦૩ પદો અને ૭ રમૈનીઓ સંગ્રહિત થયેલી છે. એનાથી ભિન્ન થઈ ડૉ. પારસનાથ તિવારીએ જુદે જુદે સ્થળેથી કુલ ૮૦થી પણ વધુ હસ્તપતો એકત્ર કરીને ૧૬૦૦ પદો, ૪૫૦૦ સાખીઓ અને ૧૩૪ રમૈનીઓની માહિતી પૂરી પાડી છે. તેમણે પોતાની રીતે વૈજ્ઞાનિક ઢબે ચકાસણી કરીને માત્ર ૨૦૦ પદો, ૭૪૪ સાખીઓ અને ૨૦ રમૈનીઓને જ કબીરકૃત ઠેરવી છે. તેમનો આ નિર્ણય દાદુપંથની અને નિરંજન પંથની હસ્તપ્રતોને જ આધારે થયો છે. તેથી તેમનો આ માપદંડ પણ કબીરવાણીને બરાબર ન્યાય આપી શકતો નથી.

"બીજક" ગ્રંથમાં કુલ ૮૪ રમૈનીઓ છે પરંતુ "બીજક" ગ્રંથ ખાસ કરીને હિન્દી સાહિત્યના વિદ્વાનોથી ઉપેક્ષિત જ રહેવા પામ્યો છે. "બીજક" ગ્રંથ કબીર સાહેબનો મૌલિક ગ્રંથ ગણાય છે. જી. એચ.

વેસ્ટકોટે 'Kabir & Kabir Panth' પુસ્તકમાં તો એટલે સુધી કહ્યું છે કે કબીર તત્વજ્ઞાનને સમજવા માટે બીજક એ એક પ્રામાણિક ગ્રંથ છે. છતાં હિન્દી સાહિત્યના વિદ્વાનો પર "બીજક" ગ્રંથમાં જણાતી કેટલીક સંદિગ્ધતાઓને કારણે વેસ્ટકોટના વચનની અસર થયેલી નહીં.

બીજી બાજુ સાંપ્રદાયિક સંકુચિતતાને કારણે કબીરપંથી વિદ્વાનોનું કટ્ટરતા ભર્યું વલણ બીજકગ્રંથને સર્વમાન્ય બનાવવામાં નડતર રૂપ પણ થતું હતું. પંથી વિદ્વાનો ગ્રંથને વધારે પડતો પવિત્રતાનો ઓપ આપતા હતા તે કટ્ટરતાનું જ એક પાસુ હતું. તેઓના એવા વલણને કારણે "બીજક" ગ્રંથ સર્વમાન્ય થઇ શકયો નહિ અને સામાન્ય જન સમુદાયમાં આદરની ભાવના જગાડી શકયો નહીં. માત્ર કબીરપંથીઓ તેને વેદ તરીકે પૂજતા હતા અને તેનું વારંવાર પારાયણ પણ કરતા હતા. તેથી માત્ર કબીરપંથીઓ પૂરતો જ તે ગ્રંથ છે એવી છાપ ઉપસી હતી.

જોકે ત્યાર પછી છેલ્લા બે દાયકામાં ડૉ. શુકદેવસિંહ, ડૉ. વાસુદેવ-સિંહ, ડૉ. જયદેવસિંહ જેવા અદ્યતન હિન્દી સાહિત્યના વિદ્વાનોએ ખુબ જહેમત લઇ સંદિગ્ધતાની શેવાળ હટાવી કબીર બીજકને સમજવા સ્તુત્ય પ્રયાસ કર્યો છે. ખરેખર ત્યાર પછી "બીજક" એક સર્વમાન્ય ગ્રંથ બનીને પ્રચાર પામી રહ્યો છે તે એક હકીકત છે. કબીર વાઙમય ખંડ–૨ના પૃ–૧૧ પર ડૉ. જયદેવસિંહ સ્પષ્ટતા કરે છે કે "કબીર કે દાર્શનિક સિદ્ધાંતો કા સારતત્વ 'બીજક'મેં હિ ઉપલબ્ધ હૈ. બીજક કા અર્થ હૈ ગુપ્ત ધન બતાનેવાલી સૂચિ." આ દષ્ટિએ વિચારવામાં આવે તો 'બીજક'ની રમૈનીઓ મહત્વની બની જાય છે. અગાઉ આપણે જોઇ ગયા કે ડૉ. પારસનાથ તિવારીએ કુલ ૧૩૪ રમૈનીઓમાંથી માત્ર ૨૦ને પ્રમાણિત ગણી છે. તે જ રીતે ડૉ. માતાપ્રસાદ ગુપ્તે માત્ર સાત રમૈનીઓને અને ડૉ. પુષ્પપાલસિંહે ૪૭ રમૈનીઓને પ્રમાણિત ગણીને 'કબીર ગ્રંથાવલી'માં સંગૃહિત કરી છે. તે બધી રમૈનીઓ પર નજર કરતાં જણાય છે કે તેમાંની ઘણી ખરી રમૈનીઓ બીજકની રમૈનીઓ સાથે સીધી યા આડકતરી રીતે મળતી આવે છે. તેથી મેં માત્ર 'બીજક'ની જ રમૈનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરી આ લઘુગ્રંથ તૈયાર કરવા પ્રયાસ કર્યો છે.

"બીજક"માં રમૈનીનો પરિચય કાવ્યના એક પ્રકાર તરીકે થાય છે. તેમાં વપરાયલા છંદનું નામ પણ રમૈની જ છે. જાણીતા ચોપાઈ છંદ જેવું તેનું માપ છે. ચોપાઈની પંદર માત્રા તો રમૈનીની સોળ માત્રા એટલો જ તફાવત છે. દરેક પદને અંતે સાખી જરૂરી માનવામાં આવી છે. તે સાખી ઘણે ભાગે જાણીતા દોહા છંદમાં જ હોય છે. કેટલા ચરણ

પછી સાખીનું સ્થાન હોવું જોઈએ તે માટે કોઈ ચોક્કસ ધોરણ માન્ય રાખવામાં આવ્યું લાગતું નથી. આ સિવાય કબીર સાહેબે "બીજક"માં રમૈની શબ્દને સ્તુતિ કે પ્રાર્થનાના અર્થમાં પણ પ્રયોજ્યો છે. (જુઓ રમૈની-૪)

જે પદોમાં જગતમાં જન્મેલા જીવોના રમણ-ભ્રમણનું વિવેચન કરવામાં આવ્યું હોઈ તેને પણ રમૈની કહેવામાં ઔચિત્ય રહેલું છે. રમૈનીને માધ્યમ બનાવી સૃષ્ટિકર્તા અને સૃષ્ટિ રચના સંબંધી વિચારો, માનવ શરીરના મહિમા સંબંધી વિચારો તથા આત્માના ઉદ્ધાર સંબંધી વિચારો ખુબ જ પ્રભાવક રીતે અભિવ્યકત થયા છે. અભિવ્યકિતમાં સ્વાનુભૂતિનું ઓજસ ઠેર ઠેર ઝળહળ્યા કરે છે. એમાં તત્કાલીન સામાજિક રૂઢિઓનું અને ધાર્મિક પ્રપંચોનું પણ સરસ ચિત્ર રજૂ થયું છે. હિન્દુ અને મુસલમાનોની એકતા માટેના કબીર સાહેબના પ્રયાસોનું દર્શન પણ રમૈનીઓમાં થયાં કરે છે. ઢોંગી સાધુઓ, કાજી, પીર અને સન્યાસીઓના ધતીંગોને ખુબ જ અસરકારક રીતે ખુલ્લાં પાડવામાં આવ્યા છે. અંધ વિશ્વાસોમાં ડૂબેલી પ્રજા ઉપર ધર્મને નામે ધર્મગુરૂઓ દ્વારા આચરવામાં આવેલા ભ્રષ્ટાચારોને ખુલ્લા પાડી કોઈની પણ આંખ ઊઘડી જાય તેવી ચેતના સભર વાણીમાં ચેતવણી તથા સમ્યક્ પ્રકારનું માર્ગદર્શન કબીર સાહેબ દ્વારા ભારતને મળ્યું છે. કબીર સાહેબને યુગપુરૂપ તરીકે કેમ વર્ણવવામાં આવે છે તેની પ્રતીતિજનક માહિતી પણ આ પદોમાંથી સહૃદય વાચકને મળી રહેશે.

ઈ. સ. ૧૯૮૭ના ફેબ્રુઆરી માસમાં કબીરવાણી સમજવા માટે કુલ પાંચ ગ્રંથો તૈયાર કરી આપવા મેં અમેરિકાના ભકત સમાજને વચન આપ્યું હતું તે આધારે આ બીજો લઘુગ્રંથ ઈશ્વરની કૃપાથી તૈયાર થઈ શકયો છે તે જણાવતાં આનંદ થાય છે. કબીર સાહેબના સિદ્ધાંતો, માન્યતાઓ અને વિશેષતાઓ સામાન્ય માણસ સરળ રીતે સમજી શકે તે દષ્ટિ મેં આ ગ્રંથ તૈયાર કરવા પાછળ રાખી છે. ભાષા, પાઠ નિર્ધારણ જેવા જટિલ પ્રશ્નો તરફ ખાસ લક્ષ આપ્યું નથી. જો કે સામાન્ય માણસને એ જટિલ પ્રશ્નો સાથે કાંઈ સંબંધ પણ નથી. વળી વધારામાં સમયનો અભાવ અને સ્થળ સંકોચની મર્યાદા પણ ખરી. છતાં વિશ્વ વિદ્યાલય વારાણસીના કબીરવાઙ્ગમયના પ્રકાશનથી મને આ અંગે ઘણી મદદ મળી છે તે સાભાર જાહેર કરું છું.

આ ગ્રંથ તૈયાર કરવામાં મેં નીચેના ગ્રંથોનો આધાર લીધો છે તે સાભાર જણાવતાં આનંદ અનુભવું છું.

(૧) કબીર ગ્રંથાવલી—ડૉ. માતાપ્રસાદ ગુપ્ત

(૨) „ —ડૉ. પુષ્પપાલસિંહ

(૩) „ —ડૉ. પારસનાથ તિવારી

(૪) સંત કબીર—ડૉ. રામકુમાર વર્મા

(૫) કબીર—આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી

(૬) કબીર વાઙગમય ખંડ-૧—ડૉ. જયદેવસિંહ તથા ડૉ. વાસુદેવ સિંહ

(૭) કબીર કાવ્ય કોશ—ડૉ. વાસુદેવસિંહ

(૮) કબીર કી વિચારધારા—ડૉ. ગોવિંદ ત્રિગુણાયત

(૯) સ્વામી હનુમાન પ્રસાદ કૃત કબીર બીજક

(૧૦) સ્વામી બ્રહ્મલીન કૃત કબીર બીજક

(૧૧) કબીર બીજક—ડૉ. શુકદેવસિંહ

અમેરિકાના ભકત સમાજે આ ગ્રંથશ્રેણી તૈયાર કરવાની જવાબદારી સોંપીને મને સદ્ગુરુ કબીર સાહેબના સાહિત્યને ફરી વાંચી વિચારી સમજવાની સ્વાધ્યાયની સોનેરી તક આપી તેથી સમાજનો હું ઋણી છું.

વળી ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન મુ. યશવંતભાઈ શુકલે આ લઘુગ્રંથને માટે પુરોવચન લખી આપી મને ખુબ પ્રોત્સાહન આપ્યું છે. તેથી યે વિશેષ આ લઘુગ્રંથના મૂલ્યને તેમણે વધારી દીધું ગણાય. વ્યકિતગત રીતે તેમણે મને કેટલાંક અગત્યનાં સૂચનો કરી ઉપયોગી માર્ગદર્શન પણ આપ્યું છે તે અત્રે સાનંદ નોંધ કરતાં આભારની લાગણી અનુભવું છું.

૩૦ નવેમ્બર ૧૯૮૯

ઇશ્વરભાઇ પ્ર. પટેલ

# અમૃતનું આચમન

## શ્રી યશવન્ત શુક્લ

દક્ષિણ ગુજરાતમાં વસતા પાટીદારોનો એક નકો કબીરપંથી છે અને તે ભકતસમાજને નામે ઓળખાય છે. એ જાણીને ગુજરાતના સમાજ-જીવનમાં મધ્યકાલીન સાધનાધારાના એક પ્રવાહે કેવું પરિવર્તન આણી દીધેલું તેની પ્રતીતિ થાય છે. આ પાટીદારો પૈકી ઘણાની અટક પણ ભકત હોય છે અને ભકતસમાજના બધા સભ્યો પરસ્પરને મળે ત્યારે 'રામકબીર' બોલીને પોતાનો હેતભાવ પ્રગટ કરે છે. બારડોલીમાં થોડાક મહિના ઉપર ભકત સમાજનું સંમેલન મળેલું ત્યારે આ સમાજના પ્રત્યક્ષ દર્શનનો સુયોગ મળેલો, તે વખતે જેમનો પરિચય લાભ પામ્યો તેમાં આ 'કબીર રમૈની સુધા'ના સંપાદક શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ પણ હતા. પણ ત્યારે મને ખબર નહિ કે કબીર સાહેબની રમૈનીઓનું સંપાદન થવાનું છે, અમેરિકાનો શ્રી રામકબીર ભકત સમાજ તેનું પ્રકાશન કરવાનો છે. અને આ પ્રકાશન માટે મારે પુરોવચન પણ લખી દેવાનું છે. મારા અધિકાર કરતાં ભકત સમાજના મિત્રોનો સ્નેહ મને આ લખવા પ્રેરે છે. એ મારે આરંભમાં જ કહી દેવું જોઈએ.

કબીરની આગળ રામ શબ્દ મુકવાનું ઔચિત્ય તો એ સમજાય છે કે કબીરવાણીમાં રામ શબ્દ વારંવાર પ્રયોજાતો રહ્યો છે. કબીર સાહેબ રામાનંદના શિષ્ય હતા એ વાત બાજુ પર મુકીએ અને ઠેસ વાગતા 'રામ'નો ઉદ્‌ગાર નીકળ્યો એ કિવદન્તીના તથ્યની ચર્ચા પણ ન કરીએ. કબીરવાણીના મરમી વિદ્વાન સ્વ. ક્ષિતિ મોહન સેન એ કિવદંતીનું તથ્ય સ્વીકારવાના મતના નથી—જેમ કબીર સાહેબ માતાના ગર્ભવાસમાં ઉછર્યા નહોતા કે અવતર્યા પછી એમને તળાવકાંઠે બ્રાહ્મણ માતાપિતાએ મુકી દીધા હતા વગેરે કિવદન્તીઓને પણ અનેક વિદ્વાનો કપોલકલ્પિત માને છે. એ એક હકીકત છે કે કબીર સાહેબ જન્મે મુસલમાન પીંજારા હતા, અને એજ હકીકત ભારતની આધ્યાત્મિક સાધના ધારાનું અસાધારણ દૈવત પ્રગટ કરે છે. ભારતના મધ્યકાલીન સંતોમાં અનેક સંતો એવા થઈ ગયા, જેઓ કહેવાતી ઉચ્ચ વર્ણના નબીરાઓ ન હતા. રવિદાસ મોચી હતા, દાદુ વણકર હતા, નામદેવ દરજી હતા. હજી વધારે દષ્ટાન્તો આપી શકાય, પણ આટલા પૂરતા થશે. આ સંતોએ જે આધ્યાત્મિક ઉચ્ચતા

ખીલવી તેણે પુરવાર કરી આપ્યું કે આત્માને નાતજાત કે ઊંચનીચ ભાવ નથી હોતા અને સત્યનો ઉન્મેષ જેના અંતરમાં સત્યને પામવાની વ્યાકુળતા હોય તેની ચેતનામાં પ્રગટી શકે છે. કબીર સાહેબને આ સંદર્ભમાં મૂલવીએ તો ભારતની ચેતનાને સમૃદ્ધ કરવામાં અને જન હૃદયમાં ઉદાર જીવન-મૂલ્યો સીંચવામાં તેમનો કેવડો મોટો ફાળો હતો તે સમજાશે. આજે જ્યારે દુનિયા નાની થતી આવે છે ત્યારે ધર્મનું પ્રાણતત્વ એ જમાનામાં કેવું નીખરી આવ્યું હતું તેનો ખ્યાલ કરતાં વિસ્મય થાય છે. ધર્મની આધુનિક વિભાવનાને જાણે કબીર સાહેબ, દાદુ, રવિદાસ આદિ સંતોની વાણી તાળી આપે છે. સાથે સાથે એ પણ સમજાય છે કે વેદ ઉપનિષદ, તંત્રો, અને મધ્યકાલીન ધર્મધારાનો એક સંળગ પ્રવાહ જાણે કે ભારતમાં વહેતો રહ્યો છે. ભારતીય ધર્મ ભાવનાની આજ વિશેષતા છે, ભલે પછી અનેક સામ્પ્રદાયિક, આળપંપાળો ભોળાં શ્રદ્ધાળુ નરનારીઓને વીંટળાઈ વળી હોય અને તેમને આધાર અને આશ્વાસન પૂરાં પાડતી હોય.

કબીરના સંતત્વોનો મહિમા એવડો મોટો હતો, તેમની વાણીનું ઓજસ અને વિચારની વિલક્ષણતા એ પ્રકારના હતાં કે જગોજગ તેના પડઘા ઉઠેલા અને કબીર સાહેબની પોતાની રચનાઓને તેમને નામે ચઢેલી અન્યની અઢળક રચનાઓથી છૂટી પાડવામાં સંશોધન મૂલક પરિશ્રમ કર્યા વિના છૂટકો થાય તેમ નથી. જ્યારે મુદ્રણકળા નહોતી અને ઘણું ખરું સાહિત્ય કર્ણ પરંપરાને આધીન રહેતું તે જમાનામાં જીવી ગયેલા કબીર સાહેબ નિરક્ષર હતા કે નહિ એ નવરાઓનો પ્રશ્ન ભલે ચર્ચાતો રહે, પણ એક વાત નિર્વિવાદ છે કે કબીર સાહેબ 'બહુશ્રુત' હતા. એટલે કે અનેક સંતોની ધાર્મિક વાણીનો અને તેમની પૂર્વેના ભારતીય ધર્મ સાહિત્યની પરંપરાનો સંસ્કાર તેમની ચેતનાએ ઝીલ્યો હતો. તેમ છતાં તેમની નિજી ધર્મ ભાવના તારવવી અઘરી નથી.

કબીર સાહેબની શ્રદ્ધા લાગલી પરમ તત્વમાં આરોપાઈ છે અને સૃષ્ટિ રચના થવા પૂર્વે પણ જે તત્વ વિલસતું હતું, જે સર્વ સૃષ્ટ પદાર્થોનું આદિ કારણ છે તેની સાથે એમણે સંબંધ જોડયો છે. પરિણામે પોથાંથોથાં વ્રત, પૂજા, તીરથ, યાત્રા, શાસ્ત્રો, પુરાણો, મંદિર, મસ્જિદ, માતા, મહાદેવ, બધું તેમને મતે મિથ્યા આળપંપાળ છે. જો પરમ તત્વ સાથે જ સંબંધ જોડયો હોય તો વિશ્વનું જે આદિ કારણ છે. તે જ આપણી પોતાની ઉત્પત્તિનું પણ કારણ છે. તે અને આપણે જુદાં નથી. એ કક્ષાએ અખો કહે છે તેમ "ધ્યાતા ધ્યેય સમરસ વહે'.

આ તત્વને માટે પોતાનાં પદોમાં કબીર સાહેબ, રામ, સારંગપાણિ વગેરે શબ્દો પ્રયોજતા દેખાય તો ધાર્મિક પરંપરામાંથી તેમણે ઉપાડેલા શબ્દો સામાન્ય જનોની સમજને પુષ્ટ કરવા માટેની લીલા છે એમ જ સમજવાનું છે. કબીરનો 'રામ' એ દશરથનો પુત્ર નથી પણ સામાન્ય લોકોએ જેનામાં દેવત્ત્વનું આરોપણ કર્યું છે, તેનામાં પરમ તત્વનું આરોપણ કરીને કબીર સાહેબ લોકોની શ્રદ્ધાનો સહારો લે છે. બાકી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ શ્રેષ્ઠ કોટિના પુરાણોક્ત દેવો પણ માયામાં લપેટાયેલા છે એમ કહેતાં કબીર સાહેબને કશો સંકોચ નડયો નથી. હિંદુ ધર્મની પુરાણ કથાઓનો નિર્દેશ કરીને પણ તેઓ સ્થાપે છે તો પોતાનો જ વિશિષ્ટ મત.

જે કબીર સાહેબનાં ગીતો, ભજનો અને અન્ય પદોમાં પડેલું છે તે જ આ સંપાદનમાં સમાવાયેલી ૮૪ રમૈનીઓમાં પણ પડેલું છે. બીજક અને રમૈનીઓ નિ:સંશય કબીર સાહેબનું પોતાનું રચેલું પ્રમાણભૂત સાહિત્ય છે એવો વિદ્વાનોનો સર્વ સામાન્ય મત છે, એ જોતાં રમૈનીઓ તરફ વિદ્વદ્વર્ગનું અને લોકોનું સવિશેષ ધ્યાન જવું ઘટે છે. આ દષ્ટિએ આ પ્રકાશન રમૈનીઓને લોકસુલભ બનાવવાનો ઉપકારક હેતુ સિદ્ધ કરે છે.

રમૈનીઓનો બીજકમાં જ સમાવેશ થયો છે. એમાં ૮૪ રમૈનીઓ છે જો કે પ્રમાણભૂત રમૈનીઓની સંખ્યા વીસેક જેટલી છે એમ કહેવાથી માંડી કેટલાક વિદ્વાનોએ ૧૨૦નો આંકડો પણ ઠરાવેલો છે. તેમ છતાં આ સંપાદનમાં મુકાયેલી ૮૪ રમૈનીઓ અત્યંત પ્રમાણભૂત છે એવા મોટા ભાગના વિદ્વાનોના અભિપ્રાયનો આશ્રય લેવો યોગ્ય થશે.

રમૈનીઓ ૧૬ માત્રાના ચોપાઇ છંદમાં રચાયેલી છે અને આઠેક રમૈનીઓને બાદ કરતાં બધી રમૈનીઓને અંતે દોહરામાં રચાયેલી સાખી મૂકેલી હોય છે. આ સાખીઓ મૂકવાનું રહસ્ય એ છે કે જાણે કોઇ ત્રાહિત વ્યકિતએ રમૈનીઓ રચી દીધેલી હોય એવો આભાસ પેદા થાય. અર્થાત્ રમૈનીના વકતવ્યને પરિપુષ્ટ કરવા માટે કબીરની સાખી અથવા સાક્ષી ટાંકવામાં આવેલી હોય એવો આ રૂપરચનાનો સંકેત છે. આ કેવળ ટેકનીક છે, ગમત છે. બાકી રમૈનીઓનું સમગ્ર કર્તૃત્વ કબીર સાહેબનું જ છે એમાં શંકા નથી.

બીજક એ જો કબીરજીની પ્રમાણભૂત રચના છે તો ખુદ બીજકમાં કબીરજીએ સાખીઓને સૌથી અધિક પ્રમાણભૂત ગણવાની વ્યવસ્થા કરેલી છે કેમ કે બીજકની પોતાની પ્રમાણભૂતતા માટે રમૈનીઓની સાખીઓનો

હવાલો આપવામાં આવ્યો છે એટલે કે કબીરજીના સિદ્ધાંતોની સૌથી આધારભૂત જાણકારી મેળવવાનું સાધન સાખીઓ છે.

આટલી ભૂમિકા પછી રમૈની શબ્દનો અર્થ શો હશે તેની ચર્ચા કરવી પ્રસ્તુત થશે. રમ્ ધાતુ ઉપરથી રમૈની શબ્દ કબીરજીએ પ્રયોજ્યો હશે કે એમના ઉપર પડેલી વિવિધ ભાષાઓની સંસ્કાર છાયાઓમાંથી આ શબ્દ એમને સૂઝી ગયો હશે તે કહેવું કઠણ છે. શ્રી ઈશ્વરભાઈ પટેલે 'રમૈની'નો અર્થ 'સ્તુતિ' એવો ઘટાવેલો છે અને એ માટે એમણે ૪ થી રમૈનીનો હવાલો પણ આપેલો છે. એમના વિશેષ સમર્થનમાં ૫૧મી રમૈનીનો પણ નિર્દેશ કરી શકાશે, ત્યાં તો 'રમૈની'નો અર્થ ચોકખો 'સ્તુતિ' જ બેસી જાય છે. સંભવ છે કે કવિ અખો જેમ છ ચરણની પોતાની ચોપાઈઓને છપ્પા કહે છે. અને તેમાં પણ વિવિધ ખંડો પાડી તેને 'અંગ'નું શીર્ષક આપે છે, અથવા ભોજો પોતાના પદોને 'ચાબખા' કહે છે તે પ્રમાણે કબીરજીએ જેમ મનમાં સ્ફુરતું જાય તેમ કહેવાતું જાય એ પ્રકારની મુક્ત અભિ યક્તિ માટે 'રમૈની' શબ્દનો આશ્રય લીધો હોય એ પ્રમાણે વિચારીએતો 'રમૈની'નો અર્થ 'રમણ' પણ લઈ શકાશે. વિદ્વાનોએ વિના ચર્ચાએ સહજ ભાવે આ શબ્દ સ્વીકારી લીધો છે તેથી સહેજે એવું અનુમાન બંધાય કે 'રમૈની' એટલે 'મનની મોજ' એવો અર્થ અભિપ્રેત હશે.

કબીરજીએ પ્રારંભે જે મૂળ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે તત્વજ્ઞાનનો પણ મૂળ પ્રશ્ન છે. આ સઘળું ઉત્પન્ન થયું તેની પહેલાં કોની હસ્તી હતી ? તે જ પરમ તત્વ, પરમાત્મા, વિશ્વનું આદિ કારણ, સરજનહાર છે અને એ શબ્દથી વર્ણવ્યો જાય તેમ નથી.

આ જે કંઈ ઈન્દ્રિયો કે મનથી અનુભવાય છે. તે ભંગુર છે, માયાની નીપજ છે, અને એને જ વાસ્તવિક ગણીને ચાલનારા ભવાટવિમાં અટવાય છે. વિવિધ પેરે, ફરી ફરીને, આજ વાત ઉપર કબીરજી ઠોક પાડે છે.

> નારી એક સંસાર હિ આઈ,
> માય ન વાકે બાપ હિ ભાઈ
> ગોડ ન મુડ ન પ્રાણ અધારા
> તામહ ભમરિ રહા સંસારા (રમૈની-૭૨)

આ રમૈનીને અંતે જે સાખી મૂકેલી છે તેમાં કબીરજી અવળવાણીનો આશ્રય લે છે.

મૂસબિલાઈ એક સંગ, કહુ કૈસે રહી જાય,
અચરજ સંતો દેખહુ, હસ્તી સિંઘહી ખાય.

માયાને છેડા ફાડી આપી લાગલું આત્મતત્વ જ જો ધ્યાન વિષય બનવાનું હોય તો આ સંસારના ભેદમૂલક વ્યવહારો આપોઆપ મિથ્યા ઠરે. જ્યાં હું-તું નો ભેદ ટકવાનો ન હોય ત્યાં અહંકાર ઊભો જ રહી ન શકે અને સર્વત્ર અભેદની-પ્રેમની-જ પ્રતીતિ થાય. તો પછી હિંદુ, મુસ્લિમ, બ્રાહ્મણ, ભંગી એવા ભેદ તો ટકી શકે જ નહિ, રમૈની-૬૨ માં કબીરજીએ ભેદમૂલક આળપંપાળોની ભારે ઠેકડી ઉડાવી છે.

કબીર સાહેબની ભાષા લાઘવયુક્ત, મર્માળી અને તેજસ્વી હોવાથી એની ભારે ચોટ અનુભવાય છે. પ્રાસરચના તેમને સહજ છે. ચોપાઈમાં જાણે તેઓ ભાવાવેશમાં આવી ને અર્ધોક્તિઓથી સર્જન કરતા હોય એમ સમજાય છે. આથી સંપાદકને ભાવાનુવાદમાં વચ્ચે કૌંસમાં અર્થવિસ્તાર કરીને પૂર્ણ અર્થ પ્રગટાવવા વિશેષ પ્રબંધ કરવો પડ્યો છે. કદાચ કબીરજી પોતાના શ્રોતાઓની સમજણને ઉદારતાથી ઘટાવી લેતા હોય એમ પણ બને. રમૈનીઓમાં તેઓ ભૂમિકા આપે છે. અને સાખીઓમાં તેઓ પોતાનો નિષ્કર્ષ આપે છે. આમ રમૈનીઓની સાખીઓનું અસાધારણ મહત્વ પ્રતીત થાય છે. જાણે કે આખી ચર્ચાને કબીરજી સાખીઓમાં વાળી લેતા ન હોય. એમણે પોતે જ અન્યત્ર આ સાખીઓનો મહિમા કર્યો છે. એ જો ધ્યાનમાં લઈએ તો સાખીઓ વિના રમૈનીઓ અપૂર્ણ રહી જાય.

કબીરજી અચ્છા કટાક્ષકાર છે એ તો રમૈનીઓથી પણ સમજાય છે, આપણા કવિ અખા ઉપર આ બાબતમાં કબીરજીનો પ્રભાવ હોય તો તે અશક્ય નથી.

કબીરજી જપ, તપ, વ્રત, પૂજા, પાઠ, હોમ, હવન આદિ બાહ્યોપચારનો ઉપહાસ કરતા લાગે, એના મિથ્યાત્વ ઉપર હથોડા લગાવતા લાગે, તો પણ પરમાત્મતત્વ સાથે હૃદય મનને જોડવા માટે નામસ્મરણનો તેઓ ઓછો મહિમા કરતા નથી. મનુષ્યને ભાષા વર્યા પછી સંજ્ઞાઓ વિના તેને ચાલ્યું નથી. અને પરમાત્મ તત્વનું જ કંઈ વર્ણન કરીએ તેમાં અધૂરપ તો આવે જ, કેમકે એ સ્વયં અવર્ણ્ય છે. તેમ છતાં વ્યવહાર અને ભાષાકીય સંજ્ઞાઓ જો માણસને વળગ્યાં જ છે તો કબીરજી રામ શબ્દ વારંવાર પ્રયોજીને સાધકોનો માર્ગ સરળ કરી આપે છે. જો કે તેઓ પોતે તો સાચો સહજ સમાધ ભક્તીમાં અનુરક્ત છે.

આ રમૈનીઓનો ભાવાર્થ સરળ ગુજરાતીમાં સામેના પાનામાં આપવો અને અધિક વિવરણ પાદટીપોમાં કરવું એ પદ્ધતિ સંપાદકે સ્વીકારી હોવાથી સામાન્ય શ્રેયાર્થી વર્ગને અને જિજ્ઞાસુઓને બંનેને કબીરવાણીનો લાભ મળી શકશે. કબીરજીની વાણીનો ભાવાર્થ આપવામાં સંપાદકે શબ્દ ને વળગી રહેવા કરતાં અંદરનો ગૂઢાર્થ પ્રતીત કરાવવા ઉપર સવિશેષ ધ્યાન આપ્યું છે. પાદરીપોનાં વિવરણો એકંદરે ભાષ્યરૂપ છે અને સંપાદકની પોતાની વિદ્વતા અને સૂઝ એમાં પ્રગટ થાય છે. તુલનાત્મક અધ્યયનનો એ ઉત્તમ પરિપાક બની રહે છે. કેમકે એમણે વેદ, ઉપનિષદ ગીતા વગેરેમાંથી આધારો આપીને કબીરસાહેબનું મનોગત પ્રગટ કર્યું છે આમ એમની પોતાની શ્રધ્ધા ભક્તિનું શ્રેષ્ઠ ફળ એમણે જિજ્ઞાસુઓને ધર્યું છે

ઉચિત રીતે જ સંપાદકે સંગ્રહના નામકરણ માટે 'કબીર રમૈની સુધા' શબ્દનો પ્રયોગ કર્યો છે. કબીરવાણીનું અમૃત પાન કરવા માટેનુ ઈજન જાણેકે શ્રેયાર્થીઓનું એમણે આપ્યું છે. શ્રેયાર્થીઓ આ તક નહિ જ ચૂકે એમ માનીએ.

૫, શ્રદ્ધા સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ–૩૮૦૦૦૯

卐

## રમૈની-૧

જીવરૂપ એક અંતર બાસા, [1]અંતર જોતિ કીન્હ પરગાસા
[2]ઈચ્છારૂપી નારી અવતરી, તાસુ નામ [3]ગાયત્રી ધરી...૧
તેહિ નારીકે પુત તીનિ ભાઉ, બ્રહ્મા, બિસ્નુ મહેસર નાંઉ
તબ બ્રહ્મા પૂછલ મહતારી, [4]કો તોર પુરુષ કેકરિ તુમ નારી...૨
તુમ હમ હમ તુમ અવર ન કોઇ, તુમહિં સે પુરુષ હમહિં તોરી જોઇ...૩

**સાખી :** બાપ પૂતકી એકૈ નારી, એકૈ માય બિયાય
[5]ઐસા પૂત સપૂત ન દેખા, બાપહિ ચીન્હૈ ધાય.

---

૧ આ રમૈનીમાં કબીર સાહેબે સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રશ્ન છેડયો છે. બહુ માર્મિક રીતે ચર્ચીને તેમણે સૃષ્ટિની ઉત્પત્તિના પ્રમુખ કારણ તરીકે ઇચ્છા, તૃષ્ણા કે વાસના રહેલી છે એવી સ્વાનુભૂતિ રજૂ કરી છે. જો કે રમૈનીનો મુખ્ય ઉદ્દેશ સૃષ્ટિની ઉત્પત્તિ અંગે ચર્ચા કરવાનો નથી. રમૈનીનો મુખ્ય ઉદ્દેશ તો જીવ જગતમાં જન્મીને કેવી રીતે માયામાં રમે છે, ભમે છે તથા મૂળભૂત કર્તવ્યને કેવી રીતે ભૂલે છે તેનું સ્મરણ કરાવવાનો જ છે.

૨ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા આત્મતત્ત્વ શાંત સ્થિતિમાં હતું. પરંતુ ઇચ્છા તો એકાએક જન્મી તેના પ્રત્યાઘાત રૂપે શાંત સ્થિતિ અશાંત બની ગઈ. આ ઈચ્છા કોની ? કબીર સાહેબ કહે છે કે અન્તરજયોતિની. અંતરજયોતિ એટલે શુદ્ધ ચેતન બ્રહ્મ. આ બ્રહ્મ જયારે ઈચ્છારૂપી માયાની ઉપાધિ સ્વીકારે છે ત્યારે તે સૃષ્ટિ રચનામાં પ્રવૃત્ત બને છે.

૩ કબીર સાહેબ માયાને ગાયત્રી પણ કહે છે. ગાયત્રી તો ખરેખર એક છંદનું નામ છે. એ છંદને ત્રણ લીટીઓ હોય છે. તેમાં અક્ષરો ચોવીસ હોય છે. માયાનું એમાં સરખાપણું દેખાય છે. માયાને ત્રણ ગુણો હોય છે. સત્ત્વ, રજ ને તમ. તે જ રીતે તત્વો ચોવીસ હોય છે; પ્રકૃતિ, મન, બુદ્ધિ, અહંકાર, પૃથ્વી, તેજ, વાયુ, જળ, આકાશ, દશ ઇન્દ્રિયો ને પાંચ તન્માત્રાઓ. વળી ગાયત્રીનો અર્થ, ઉત્પત્તિશાસ્ત્રની દષ્ટિએ, ભગવાનના ગુણગાન ગાનારનું રક્ષણ કરનારી શકિત તરીકે પણ ઘટાવવામાં આવે છે. માયા પણ ભગવાનનું શરણું પકડનારનું રક્ષણ કરે છે.

માયા મારી છે ખરે તરવી આ મુસ્કેલ,
તરી જાય છે તે જ જે મારું શરણ ગ્રહેલ.
(સરળ ગીતા અ. ૭)

(પરમાત્માએ) એક શરીર નિર્માણ કર્યું અને તેમાં જીવરૂપે વાસ કર્યો. હૃદયમાં (ચેતનાનો) પ્રકાશ કર્યો. પછી (મનમાં) ઈચ્છારૂપી નારીનો ઉદય થયો કે જેનું નામ ગાયત્રી રાખવામાં આવ્યું...૧

ત્યાર પછી તે નારીને બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ નામે ત્રણ પુત્રો જન્મ્યા. (એક દિવસ) બ્રહ્માએ પોતાની માતાને પૂછ્યું કે તારો પતિ કોણ ? અને તું કોની પત્ની છે ?...૨

તે વેળા માતાએ જવાબ આપ્યો કે અહીં મારા ને તમારા વિના બીજું તો કોઈ જ નથી. તેથી તું જ મારો પતિ ને હું તમારી સ્ત્રી છું.

**સાખી :** પિતા અને પુત્રની એક જ સ્ત્રી અને તે એક સ્ત્રીમાંથી પિતા ને ત્રણ પુત્રો જન્મ્યા. (એ એક મોટું આશ્ચર્ય છે.) એવો કોઈ સુપુત્ર હજી સુધી જણાયો નહીં કે જે પોતાના પિતાને દોડીને ઓળખી લઈ શકે !

---

૪ બ્રહ્મા ને માયા વચ્ચેનો સંવાદ ઘણું કહી જાય છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એ ત્રણે દેવો માયાનું પરિણામ ગણાય છે. તેથી ત્રિદેવોની ભક્તિ માયાની જ ભક્તિ ગણાય. તેવી ભક્તિથી જીવનો ઉદ્ધાર થતો નથી એવું કબીર સાહેબ સૂચન કરે છે. માયાને બદલે પરમાત્માની ભક્તિ કરવામાં આવે તો જ જીવનું કલ્યાણ થાય છે. બીજા એક પદમાં પણ જીવને ઉદ્દેશીને કબીર સાહેબ સરસ એક વાત રજૂ કરે છે. 'ગર્ભાવાસમેં ભક્તિ કબૂલી, બાહાર આ કે તુંને કયા કિયા ?" જન્મ ધારણ કરીને જીવ માયાની મોહિનીમાં જ રમવા લાગે છે. તેને માયા મીઠી જ લાગ્યા કરે છે. તેથી પોતાની કરેલી કબૂલાત પણ તે ભૂલી જાય છે. જ્યારે યાદ આવે ત્યારે તે ભક્તિ કરે છે ખરો પણ તે તો માયાની જ ! પુત્ર પુત્રીની ઈચ્છાથી, સંપત્તિ મેળવવાની ઈચ્છાથી કે દુઃખો દૂર કરવાની ઇચ્છાથી ભક્તિ કરવામાં આવે છે. પરમાત્માની તો કોઈ ભક્તિ કરતું જ નથી.

૫ બ્રહ્મા જેવા બ્રહ્મા પણ પોતાના આદિ અંતને જાણતા નથી હોતા તો પછી પરમાત્માને તો ક્યાંથી જાણી શકે ?

કબીર સંપ્રદાયના વિદ્વાનોમાં આ રમૈનીના ક્રમ માટે મતભેદ છે. કેટલાક વિદ્વાનો આ રમૈનીને બીજા ક્રમે મૂકે છે ને આ પુસ્તકમાં બીજા ક્રમે મૂકેલી રમૈનીને પ્રથમ ક્રમે મૂકે છે. એવા મતભેદથી વાચક વર્ગને ખાસ લાભ થતો નથી. વળી ક્રમ બદલવાથી અર્થમાં પણ તફાવત પડતો નથી તેથી આપણે વિવાદથી અળગાં રહેવાનુ પસંદ કરીએ છીએ.

## રમૈની - ૨

અંતર જોતિ [૧]સબદ એક નારી, હરિ બ્રહ્મા તાકે ત્રિપુરારિ
તે તિરિયે ભગ લિંગ અનંતા, તેઉ ન જાને આદિ ઓ અંતા....૧
બાખરિ એક વિધાતા કિન્હા, ચૌદહ ઠહર પાટ સો લિન્હા
હરિ હર બ્રહ્મ મહતો નાઉં, તિન્હ પુનિ તીનિ બસાવલ ગાઉં...૨
તિન્હ પુનિ રચલ ખંડ બ્રહ્મંડા. [૨]છવ દરસન છાનવે પાખંડા
પેટે કાહુ ન વેદ પઢાયા, સુનુતિ કરાય તુરુક નહિ આયા....૩
[૩]નારી મો ચિત ગર્ભ પ્રસૂતી, સ્વાંગ ધરે બહુતૈ કરતૂતી
તહિયા હમ તુમ એકૈ લોહૂ, એકૈ પ્રાન બિયાયૈ મોહૂ.....૪
એકૈ જની જના સંસારા, કવન જ્ઞાન છે ભયઉ નિનારા
ભૌ બાલક ભગ દ્વારે આયા, ભગ ભોગીકે પુરુષ કહાયા....૫
[૪]અવિગતિકી ગતિ કાહુ ન જાની, એક જીભ કિત કહૌં બખાની
જો મુખ હોય જીભ દસ લાખા, તો કોઇ આય મહન્તો ભાખા.....૬

**સાખી :** કહહિં કબીર પુકારિકે, ઇ લેઉં વ્યવહાર
[૫]**રામ નામ જાને બિના બૂડી મુવા સંસાર.**

---

૧ ભગવાનના મુખેથી જે પ્રથમ શબ્દ નીકળ્યો તે ઓમકાર છે. પાછળ સત્તાવીસમી રમૈનીમાં સ્પષ્ટતાં કરતાં કબીર સાહેબ કહે છે, કે સમગ્ર સંસારનો વિસ્તાર માત્ર ઓમકાર રૂપી એક જ બીજમાંથી થયો છે. આ બીજ તે માયાનું જ એક રૂપ છે. જે કાંઇ વ્યકત સ્વરૂપે દેખાય છે તે માયાનું જ પરિણામ છે. ઓમકાર પણ એક શબ્દ જ છે. તેથી શબ્દને કબીર સાહેબ માયાના પ્રતીક તરીકે લેખે છે.

૨ ભારતીય તત્વજ્ઞાનની મૂખ્ય છ શાખાઓ તે બૌધ્ધ, જૈન, ન્યાય, વૈશેષિક, સાંખ્ય અને જૈમિનીય. આ છ દર્શનશાસ્ત્રોમાંથી અનેક મતમતાંતરો પેદા થયા અને પંથો કે સંપ્રદાયોમાં ભારત દેશ વિભકત થયો. કબીર સાહેબ એને છન્નુ પ્રકારના પાખંડ તરીકે વર્ણવે છે. દસ પ્રકારના સન્યાસી, બાર પ્રકારના યોગીઓ, અઢાર પ્રકારના બ્રાહ્મણો ને અઢાર પ્રકારની અન્ય જાતિઓ, શિયા-સુન્ની, ઈસાઈ-પારસી વિગેરે ચૌદ પ્રકારના શેખ લોકો તથા ચોવીસ પ્રકારના જૈનો એમ કુલ છન્નુ પ્રકાર થયા. આ તમામ ભેદો માનવે જાતે પેદા કર્યા છે. એ માટે પરમાત્મા જવાબદાર નથી.

૩ માતાના ઉદરમાંથી જનોઈ પહેરીને કોઇ જન્મતું નથી ને કોઈ સુન્નત કરાવીને આપોઆપ પ્રગટતું નથી. બ્રાહ્મણ ને મુસલમાનોના ભેદો તો સ્વાર્થીલોકોએ પોતાનું પેટ ભરવા માટે ઉભા કર્યા છે. બાકી સમસ્ત જગતમાં મનુષ્ય એક જ રીતે આવે છે. તેના શરીરમાં એક જ પ્રકારનું લોહી વહે છે. તેનો પ્રાણ પણ એક જ પ્રકારનો ધબકે છે. તેથી નાત-જાતસંપ્રદાયોના ભેદો માટે મનુષ્ય પોતે જ જવાબદાર છે. આ અંગે વિચાર કરીને દરેક જીવે માનવધર્મની મહત્તા સ્વીકારવી જોઇએ. દયા, દાન, ક્ષમા, સંતોષ એ માનવધર્મના પાયામાં રહેલાં છે. ભગવાને માત્ર માનવનેજ બુદ્ધિ આપી છે. તેથી માનવે બુદ્ધિનો ઉપયોગ કરી આ સત્ય સમજી લેવાની જરૂર છે. બાકી માનવે ઉભા કરેલા ભેદો માનવને અવળે રસ્તે દોરી જાય છે માનવ જન્મના મહિમાને તે સમજી શકતો નથી. બુધ્ધિનો ઉપયોગ ન કરવાને કારણે તે મિથ્યા પ્રવૃત્તિમાં

(સૃષ્ટિની ઉત્પતિ પહેલાં) પ્રકાશ સ્વરૂપ પરમાત્મા અને માયારૂપી સ્ત્રી દ્વારા બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ઉત્પન્ન થયા. પછી તે ત્રણેમાંથી અનંત જીવોની સૃષ્ટિ પેદા થઈ. છતાં તે જીવોને પોતાના આદિ ને અંતની ખબર રહી નહિ. ૧
ત્યાર પછી વિધાતાએ બ્રહ્માંડ રૂપી ઘર નિર્માણ કર્યું. તેના પણ ચૌદ ભાગ કરી ચૌદ ભુવનોની રચના ગોઠવી. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એ ત્રણ દેવોના નામ મહત્વના ગણાય છે. એ ત્રણે દેવોએ પોતપોતાના સ્થાન (બ્રહ્મલોક, વૈકુંઠ ને કૈલાસ) બનાવ્યા. ૨
પછી તે ત્રણે દેવોએ નવખંડ પૃથ્વી, છ દર્શનો અને છન્નુ પ્રકારના પાખંડોની રચના કરી. છતાં કોઈ બ્રાહ્મણ માતાના ગર્ભમાં વેદભણીને આવ્યો નથી અને કોઈ મુસલમાન સુન્નત કરાવીને જન્મ્યો નથી. ૩
એતો માયા રૂપ નારીમાં મગ્ન રહેનારાઓનું કરતૂત છે. તેથી જ તેઓ જન્મમરણના ચક્રમાં ફર્યા કરે છે. ખરેખર તો સર્વના શરીરમાં એક જ પ્રકારનું લોહી ને એક જ પ્રકારનો પ્રાણ વ્યાપીને રહેલ છે. ભેદ પ્રપંચ તો મોહ પેદા થયા પછી પેદા થયા. ૪
ખરેખર તો એક જ માયારૂપી સ્ત્રીએ આખો સંસાર બનાવ્યો છે. ભલા તમને એવું કયું જ્ઞાન મળ્યું કે જેને કારણે તમે હિન્દુ ને મુસલમાન રૂપે જુદા થયા! ખરેખર તો સર્વેજનો માતાની યોનિ દ્વારા અહીં આવે છે ને સંસારના ભોગો ભોગવીને જન્મમરણના ચક્રમાં ઘુમે છે. ૫
સંસારના ભોગોમાં રત રહેનારા કોઈએ પણ પરમાત્માની ગતિ જાણી નથી. મેં જાણી છે પણ મને પરમાત્માએ એક જ જીભ આપી છે. તેના ગુણગાન પણ કેટલાં ગાઈ શકું? જો દસ લાખ જીભ આપી હોય તો કદાચ મહાન પુરુષ જ તેનું વર્ણન કરી શકે! ૬

સાખી: કબીર પુકારી પુકારીને કહે છે કે માનવે જાતે જન્મ્યા પછી અજ્ઞાનતાથી પોતપોતાની સૂઝ પ્રમાણે આ (જાતિ વર્ણ વિગેરેનો) ભેદ ભરેલો વ્યવહાર વચમાં ખડો કરી દીધો છે. તેવો ભેદ ન તો જન્મ પહેલાં હતો કે નતો મૃત્યુ પછી રહેવાનો છે! સંસારના ભોગોમાં ડૂબેલા લોકો રામનામ જાણ્યા વિના જન્મ-મરણના ચક્રમાં ફર્યા જ કરે છે!

---

મગ્ન બની જાય છે ને પરિણામે મળેલો સોનેરી કિંમતી સમય વેડફી દે છે. જેટલી નાતો તેટલા દેવદેવીઓ ને તેટલા જ પૂજન વિધિના ધતિંગો. ખરેખર માનવ આ જ કારણે આજે પણ દુઃખી છે!

૪ જે જીવો ભોગમાં જ રમમાણ રહે છે તેને પ્રભુ નિરર્થક લાગે છે. પરમાત્માની વાતો તેને સમજાતી નથી. પ્રભુના અસ્તિત્વ માટે તેને ખાત્રી થતી નથી. જો કે પ્રભુ અગમ્ય હોવાથી સરળતાથી જાણી શકાતા નથી એ વાત સાચી. તેથી જ તો કબીર સાહેબ અહીં અવિગતિ શબ્દનો ઉપાગ કરી પ્રભુના અગમ્ય મહિમાનું ગાન કરી રહ્યા છે. બુધ્ધિના ઉપયોગથી પ્રભુને જાણી શકાય છે પણ તેનું વર્ણન કરી શકાતું નથી.

૫ અજોડ, અનુપમ, અદ્વિતીય ને અવિગત એવા રામ રૂપી પરમાત્મા તત્વને જાણ્યા-સમજ્યા વિના સૌ કોઈ વિનાશને માર્ગે જાય છે. ચિંતન-મનન ને નિદિધ્યાસન દ્વારા તે સમજી શકાય છે. સમજ્યા વગર જે કોઇ આ સંસારમાં રત રહે છે તે પશુ સમાન જ છે. બુદ્ધિનો ઉપયોગ માત્ર પશુ જ નથી કરી શકતો!

## રમૈની ૩

[1]પ્રથમ અરંભ કવનકો ભયઉ, દૂસર પ્રગટ કીન્હ સો ઠયઉ
પ્રગટે બ્રહ્મ વિષ્ણુ શિવ શકિત, પ્રથમે ભકિત કીન્હ જીવ ઉકિત...૧
પ્રગટે પવન પાનિ ઓ છાયા, બહુ વિસ્તારક પ્રગટી માયા
પ્રગટે અંડ પિંડ બરભંડા, પ્રિથિમી પ્રગટ કીન્હ નવખંડા...૨
પ્રગટે સિદ્ધ સાધક સન્યાસી, ઈસભ લાગી રહૈ અવિનાશી
પ્રગટે સુર નર મુની સભ ઝારી, તિહિકે ખોજ પરે સબ હારી...૩

**સાખી :** જીવ શિવ પ્રગટે સભૈ, [2]વે ઠાકુર સબ દાસ
કબીર અવર જાને નહીં, રામ નામકી આસ.

---

૧ ઈસ્લામ ધર્મમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ખુદાના મોઢામાંથી 'કુન' શબ્દ નીકળ્યો એટલે આખી દુનિયાની ઉત્પત્તિ થઇ. તેજ રીતં બાઇબલમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિ અંગે આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

In the begining was the word;
The word was with God.
And the word was God.

ટૂંકમાં શબ્દમાંથી સુષ્ટિની ઉત્પત્તિ થઈ એવી અન્ય ધર્મમાં પણ માન્યતા પ્રવર્તે છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે શબ્દબ્રહ્મમાંથી બધું પેદા થયું છે એવો કબીર સાહેબે ઉલ્લેખ કરેલો છે. યોગવાસિષ્ટ નામના આપણા શાસ્ત્રગ્રંથમાં પણ બ્રહ્મની વ્યાખ્યા 'સ્પન્દા સ્પન્દાત્મક્ બ્રહ્મ' એવી કરવામાં આવી છે. બ્રહ્મના બે લક્ષણો અહીં જણાવ્યા છે. સ્પન્દ એટલે ગતિશીલ ને અસ્પન્દ એટલે સ્થિર. બ્રહ્મ સ્થિર હોય ત્યારે કશું જ પેદા ન થઇ શકે. અસ્થિર બને એટલે કે ગતિશીલ બનં ત્યારે જ સર્જનાત્મક કાર્યનો પ્રારંભ થાય છે.

૨ બ્રહ્માથી સૃષ્ટિનો આરંભ થયો પણ બ્રહ્મા શેમાંથી પેદા થયા? પરબ્રહ્મની ઇચ્છા બ્રહ્મા પેદા થયા એવો ખુલાસો કરવામાં આવે છે. એનો અર્થ એ થયો કે સર્વનું મૂળ તો પરબ્રહ્મ જ છે. તો શા માટે તેવા પરબ્રહ્મની ભકિત ન કરવી? સંસાર સાગર પાર કરવો હોય અથવા તો મનુષ્યે પોતાનું કલ્યાણ કરવું હોય તો એકમાત્ર પરબ્રહ્મ પરમેશ્વરની જ ભકિત કરવી જોઇએ.

પ્રથમ કોનાથી આરંભ થયો? બીજું, સર્વનો જ્યાંથી આરંભ થયો તે સ્થાન કયું? (જવાબ એક જ છે) કે સૌ પ્રથમ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પોત પોતાની શકિત સાથે પેદા થયા અને તેમણે પોતાને જીવ સમજી (પરમાત્માની) ભકિત કરી...૧

પવન, પાણી ને અગ્નિ (એ ત્રણ તત્ત્વો) નો ઉદ્ભવ થયો. તેમાંથી ખૂબ વ્યાપક એવું આકાશ પેદા થયું. (પછી તે સૌમાંથી) સર્વ વ્યાપક માયાનો જન્મ થયો. તે માયામાંથી પશુ, પક્ષી, મનુષ્ય વિગેરે (અંડજ, પિંડજ, સ્વેદજ, જરાયુજ) પ્રાણી સૃષ્ટિ પેદા થઈને (તેમને વસવા માટે) નવખંડ પૃથ્વીનો જન્મ થયો...૨

સિદ્ધ સંતો, સાધના કરવાવાળા સાધુઓ અને સન્યાસીઓ પણ પ્રગટ થયા. સુર, નર, મુનિ બધાં જ સૃષ્ટિના આદિકાળમાં પ્રગટ થયાં. તે સૌ અવિનાશી પરમાત્માની ખોજમાં લાગી ગયા પરંતુ હાર્યા. પરમાત્મા તો કોઈથી જાણી શકાયા નહીં...૩

**સાખી :** જીવ શિવ સર્વે માયામાંથી પેદા થયા તેથી તેઓ (પરમાત્માના) દાસ માત્ર છે. કબીર રામનામ સિવાય બીજું કાંઈ જાણતો નથી.

---

મુસલમાનો એક જ દેવમાં માનતા હતા. જ્યારે તે સમયે હિન્દુઓ અનેક દેવદેવીઓમાં માનતા હતા. પરિણામે હિંદુઓની ઠઠ્ઠા મશ્કરી કરવાની અને આકરી ટીકા કરવાની મુસલમાનોને પૂરી તક મળતી. તેથી ટંટા ઝઘડા થતા. વળી મુસલમાનોના હાથમાં રાજ્યસત્તા હોવાથી હિન્દુઓને ભારે નુકશાન સહન કરવું પડતું તેથી મુસલમાનોનો પ્રભાવ ઓછો કરવા અને હિન્દુઓમાં ખુમારી પ્રગટાવવા હિન્દુઓ એક જ પરમાત્મામાં માને તે અનિવાર્ય હતું. ધીમે ધીમે કબીર સાહેબ સૃષ્ટિ રચનાની વિચારણાની સાથે સાથે અનેક દેવદેવીઓનું ખંડન અને એક જ પરમાત્મ દેવનું મંડન કરતા જાય છે. કબીર સાહેબને માત્ર રામતત્ત્વમાં જ રસ છે. બીજું જાણવામાં બિલકુલ રસ નથી. ઉત્પત્તિની કથા જાણવાથી પણ શો ફાયદો? ત્રિદેવોના ગુણગાનથી પણ શો લાભ? જેનાથી સર્વ જગ ચેતનવંતુ રહે છે તે પરબ્રહ્મ સ્વરૂપ રામ જ કબીર સાહેબને તો પ્રિય છે. બીજા એક પદમાં પણ તેમણે કહ્યું છે

> મારૂં મન માન્યું રમતા રામસું
> ભજી લો ને સર્જનહાર જી...

જે રામ કણ કણમાં રમી રહ્યા છે ને સર્વને નવજીવન અર્પી રહ્યા છે તે રામ જ સૃષ્ટિનો સર્જનહાર છે ને તેથી તેની જ ભકિત કરવાની લગની મનુષ્યને લાગવી જોઈએ. એજ સાચો કલ્યાણ પંથ છે.

# રમૈની ૪

[૧]પ્રથમ ચરન ગુરૂ કીન્હ વિચારા, કરતા ગાવૈ સિરજનિહારા
[૨]કરમહિ કરિ કરિ જગ બૌરાયા, [૩]સગતિ ભગતિ લૈ બાંધિની માયા..૧

[૪]અદબુદરૂપ જાતિ કી બાનિ, ઉપજી પ્રીતિ રમૈની ઠાની
ગુનિ અનગુનિ અરથ નહિ આયા, બહુ તક જને ચીન્હિ નહિ પાયા.. ૨

[૫]જો ચીન્હે તા કો નિર્મલ અંગા, અન ચીન્હે નલ ભયે પતંગા...૩

**સાખી :** ચીન્હિ ચીન્હિ કા ગાવહૂ, બાની પરી ન ચીન્હ,
[૬]આદિ અંત ઉતપતિ પ્રલય, આપૂહી કહી દીન્હ.

---

૧ સૃષ્ટિની ઉત્પત્તિ પછીના પ્રથમ તબક્કામાં બ્રહ્માને વિચાર આવ્યો કે ખરેખર પ્રત્યેક જીવોએ જેણે સૃષ્ટિની રચના કરી છે તેજ સર્જનહારનું ગુણગાન ગાવું જોઇએ. પરંતુ જીવ જન્મીને તરત જ માયાની મોહિનીમાં ફસાય જાય છે. પરિણામે મિથ્યા પ્રવૃત્તિઓ અને બીજાં ભ્રાંત વિચારોમાં સમય વેડફી દે છે. બીજાં અનેક દેવદેવીઓને સૃષ્ટિના કર્તા માનીને તેની સેવા પૂજા કરવામાં મગ્ન પણ બની જાય છે.

૨ કર્મકાંડી બ્રાહ્મણોએ વેદના કર્મકાંડનો જ મહિમા ગાયો ને જ્ઞાનકાંડને વિસારી દીધો. એક તરફી પ્રવૃત્તિનો પ્રવાહ ચાલુ કર્યો. કર્મકાંડથી જ જીવનો ઉદ્ધાર થાય છે એવું ભોળા લોકોને તેમણે સમજાવ્યું. પરિણામે કર્મ કરી કરીને થાકી ગયા તો પણ ઉદ્ધાર તો થયો જ નહિ. નાના મોટા અનેક હોમ-હવન-યજ્ઞ-યાગ કર્યા, અનેક આહૂતિઓ પણ અર્પણ કરી પરંતુ મનુષ્યની ઉત્ક્રાંતિ તો થઇ જ નહીં. જન્મ મરણના ચક્રથી મુક્ત થવું તેજ સાચી ઉત્ક્રાંતિ.

૩ શક્તિની ભક્તિ એટલે માયાની ભક્તિ. દેવીની ભક્તિ. દેવીની ભક્તિનો પ્રચાર થતાં તેમાં બલિ ચઢાવવાની પ્રથા પડી ને ઘર કરી ગઇ. પરિણામે ભક્તિને નામે ઘાતકી કાર્યો થવા લાગ્યા હતા. સ્વર્ગ મેળવવાની લાલચે મનુષ્ય માયાની ભક્તિ કરવામાં ફસાયા.

સૃષ્ટિની શરૂઆતના પ્રથમ ભાગ તરીકે બ્રહ્માજી જેવા ગુરૂએ (સર્વ જીવોના હિત માટે) આ સૃષ્ટિના સર્જનહાર પરમાત્માનો વિચાર કર્યો. (પરંતુ પરમાત્મા અગમ્ય હોવાથી કોઇને સમજાયા નહિ) તેથી કર્મકાંડ કરી જગતના લોકો ગાંડા બની ગયા. શક્તિને ભક્તિના (ભ્રાંત) વિચારોથી માયાએ સર્વને બાંધેલા રાખ્યા...૧.

પછી તે લોકોએ અનેક પ્રકારની વાણી પ્રવાહિત કરી. તે સાંભળીને લોકો જુદી જુદી સ્તુતિ કરવા લાગ્યા. સગુણ નિર્ગુણના વેદના અર્થ કોઇને સમજાયા નહિ....૨

જેને (વેદના અર્થો) સમજાયા તે નિર્મળ બની અમર થઈ ગયા અને જેને ન સમજાયા તે સર્વે પતંગિયાની માફક બળીને ભસ્મ થયા...૩.

**સાખી :** મેં જાણી લીધા છે, મેં જાણી લીધા છે એવું કહેનારા લોકોને પણ ખરેખર વેદવાણીનો અર્થ સમજાયો નથી. તેવા મિથ્યા જ્ઞાનથી તેઓ જાતેજ જન્મમરણના ચક્રને સિદ્ધ કરે છે.

---

૪ પેટ ભરવાના ધંધા કરવાવાળા ધર્મ ધુરંધરોએ અનેક પ્રકારની વાણીની રચના પણ કરી. તેવી વિવિધ વાણીથી અજ્ઞાની ને ભોળા લોકો છેતરાયા. તેવી માયામય વાણીને સમજી શક્યા નહિ. પરિણામે તેમના લક્ષમાં પરમાત્માને બદલે માયા જ રહી. અહીં રમૈની એટલે સ્તુતિ અથવા તો પ્રાર્થના. માયાની સ્તુતિ કરવાનું તેમને ગમ્યું.

૫ જે સમજી શક્યા તે પોતાના આત્માનું કલ્યાણ સાધી શક્યા. તેવી સમજથી ને જ્ઞાનથી તેમના તન-મન નિર્મલ બન્યા. તન ને મનની પવિત્રતા વિના રામની કૃપા પામી શકાતી નથી. પવિત્ર પુરૂષો જ રામનું દર્શન કરવા માટે કૃપાપાત્ર બને છે. તેથી રામતત્ત્વની સમજ સંસાર સાગર પાર કરવા માટે મહત્ત્વની ગણાય છે.

માણસ ભ્રાંતિથી ને મિથ્યાભિમાનથી 'હું જાણું છું, હું જાણું છું.' એવો પ્રયાસ કર્યા કરે તેથી શું વળે? તેવા જ લોકો શાસ્ત્રગ્રંથોના વચનોના અવળા અર્થ કરી નવા નવા પંથો ને સંપ્રદાયો ઊભા કરતા રહે છે. તેઓ જાતે મુક્ત તો થઈ શકતા જ નથી અને અન્ય ભોળા લોકોને પણ મુક્તિથી વંચિત રાખે છે.

# રમૈની-૫

કહે લો કહોં જુગનકી બાતા. [1]ભૂલે બ્રહ્મ ન ચીન્હે બાટા
હરિહર બ્રહ્મા કે મન ભાઇ, [2]બિવિ અચ્છર લે જુગતિ બનાઇ-૧
બિવિ અચ્છરકા કીન્હ બંધાના, અનહદ શબ્દ જોતિ પરમાના
અચ્છર પઢિ ગુનિ રાહ ચલાઈ, સનક સનંદન કે મન ભાઈ-૨
વેદ કિતેબ કીન્હ વિસ્તારા, ફૈલ ગયલ મન અગમ અપારા
ચહું જુગ ભગતન બાંધલ બાટી, [3]સમુજી ન પરી મોટરી ફાટી-૩
ભૌં ભૌં પ્રિથિમી દસુ દિસિ ધાવૈં, અસ્થિર હોય ન ઔષધ પાવૈં
હોય ભિસ્ત જો ચિત ન ડોલાવૈ, ખસમહિ છાંડિ કે દોજક ધાવૈં-૪
[4]પૂરવ દિસા હંસ ગતિ હોઇ, હૈ સમીપ સંધિ બૂઝે કોઇ
ભગતા ભગતિક કીન્હ સિંગારા, બૂડી ગયલ સબ માંઝલ ધારા-૫

**સાખી :** બિન ગુરૂ જ્ઞાને[5] દુંદભો. ખસમ કહી મિલિ બાત
જુગ જુગ કહવૈયા કહૈ, કાહુ ન માની બાત.

---

૧ કબીર સાહેબ બ્રહ્મદેવને ભૂલા પડેલા દેવ તરીકે ગણે છે અને તેમના થકી જે વિચારસરણી પ્રચલિત થઇ તે વિનાશને માર્ગે લઈ જનારી નીવડી એવું સ્પષ્ટ કહે છે. માયા રૂપી સ્ત્રીના મોટા પુત્ર તે બ્રહ્મા. તેથી સહેજે માયાની અસર બ્રહ્મા પર થઈ હતી એમ કહી શકાય. માયા ભૂલ તો કરાવે જ. ગીતામાં પણ બ્રહ્મદેવ અને બ્રહ્મલોક વિષે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે.

બ્રહ્મલોકને લોક સૌ બીજા કેંક કહ્યા,
તેમાં જન્મ મરણ થતાં, તે ના અમર ગણ્યા (સરળ ગીતા, અ, ૮)

બ્રહ્મત્વનો ઘમંડ રાખનાર બ્રહ્મદેવ પણ પુનર્જન્મના ફેરામાંથી નિવૃત્ત થઇ શક્યા નથી એવું જ્ઞાનેશ્વરે પણ ગીતામાં સમજાવ્યું છે. આ દૃષ્ટિએ બ્રહ્મદેવ અને બ્રહ્મ લોક બંને ઉત્પત્તિને વિનાશને આધીન છે.

૨ બિવિ અક્ષર એટલે બે અક્ષરનો એક શબ્દ. "રામ" શબ્દ બે અક્ષરનો ગણાય, પરંતુ ' ઓમ" શબ્દ ખરેખર તો ત્રણ અક્ષરનો છે. અ, ઉ ને મ એ ત્રણ અક્ષર ભેગા થઈને ઓમ શબ્દ બન્યો છે. ગીતામાં ઓમ શબ્દને એક જ અક્ષરનો ગણાવ્યો છે. ઓમ ઇતિ એકાક્ષરં બ્રહ્મ. છતાં ગરૂડ પુરાણમાં ઓમને બે અક્ષરનો ગણાવ્યો છે.

સકારશ્ચ હકારશ્ચ લોપયિત્વા પ્રયોજયેત ।
સન્ધિ ચ પૂર્વરૂપોત્થમ્ તતોડસૌ પ્રણવો ભવેત્ ।।

અર્થાત્ સોહમ્ શબ્દમાંથી "સ" ને "હ" નો લોપ કરી દેવામાં આવે તો "અ" ને "મ" બે જ અક્ષરો બાકી રહે છે, જે સંધિના નિયમ પ્રમાણે જોડાતાં ઓમ્ શબ્દ બને છે.

૩ સનક ને સનંદન બ્રહ્માજીના માનસ પુત્રો ગણાય છે. તેથી તેઓને પણ બ્રહ્માજીની બે અક્ષરની શબ્દ જાળ ગમી ગઈ અને તેનો ફેલાવો કરવામાં પ્રવૃત્ત થયા. વેદ વિગેરે શાસ્ત્ર ગ્રંથોના મનમાન્યા અર્થઘટનો કરી અનેક રીતે તેનો વિસ્તાર કરવામાં આવ્યો. ઓમ્ શબ્દની ઉત્પત્તિ વિષે કહેવામાં આવ્યું કે

ઘણા યુગોની વાતને શી રીતે કહેવી? સાક્ષાત બ્રહ્માજી પણ ભૂલમાં પડયા અને લોકોને સાચું માર્ગદર્શન ન આપી શકયા. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને બે અક્ષરની યુકિત બનાવી તે ખૂબ ગમી ગઈ!-૧

તેથી તેઓએ બે અક્ષરની યુકિતનું બંધારણ ઘડયું ને અનહદ શબ્દના શ્રવણને તથા ચિત્તમાં થતા પ્રકાશનાં દર્શનને મહત્વ આપ્યું. સનક સનંદન જેવા ઋષિઓને પણ તેઓની વાત ગમી અને જુદો જ પંથ ચલાવ્યો.-૨

ત્યાર પછી વેદ અને કુરાન જેવા ગ્રંથોનો ખૂબ વિસ્તાર થયો અને તેઓનો મત અગમ્ય ને અપાર બની ગયો. ચારે યુગના લોકો એ રીતે બંધનમાં પડયાં. આખરે સહુની અજ્ઞાનરૂપી પોટલી ફાટી ગઈ.-૩

ત્યારથી જ અજ્ઞાની લોકો પશુની માફક ભેં ભેં કરતા આ પૃથ્વી પર દસે દિશાઓમાં ભટકી રહ્યા છે. તેઓ અસ્થિર મનને કારણે મુકિતરૂપી ભવરોગનું ઔષધ પામી શકયા નહિ. જો તેઓનું મન સ્થિર હોત તો જરૂર તેઓ મોક્ષનું સ્વર્ગ સુખ મેળવી શકયા હોત! અત્યારે તો ખરેખર તેઓ ભગવાનને ભૂલીને બંધનરૂપી નરક તરફ જ દોડી રહ્યા છે!-૪

વિવેક જાગે તો જીવની ગતિ પ્રભુ તરફ થાય. ભાગ્યે જ કોઈને પ્રભુ તો હૃદયમાં સૌથી પાસે જ છે એવું જ્ઞાન થાય છે. અજ્ઞાની લોકો સાચે જ ભકિતને કૃત્રિમ રીતે શણગારીને આખરે સંસારની મઝધારે ડૂબી ગયા.-૫

**સાખી:** ગુરુના જ્ઞાન વિના દ્વંદ્વોનો ભય રહે છે ને આ જ પ્રભુ છે એવી મિથ્યા ભ્રાંતિમાં ડૂબી જવાય છે. દરેક યુગમાં મહાપુરુષોએ સાચું માર્ગદર્શન તો આપ્યું જ છે પણ કોઈએ તેને ધ્યાનમાં જ લીધું નથી.

---

ઓંકારશ્ચાથ શબ્દશ્ચ દ્વાવેતૌ બ્રહ્મણઃ પુરા ।
કંઠમ્ ભિત્વા વિનિર્જાતૌ તસ્માન માંગલિકાવુભૌ ।।

અર્થાત ઓમ્ને અથ એ બે શબ્દો બ્રહ્માજીના કંઠને ભેદીને સહજ રીતે પ્રગટ થયા તેથી બંને મંગલ કારક ગણાય છે. માટે તેનો વારંવાર ઉચ્ચાર કરવાની પ્રથા પડી. લોકોને બ્રહ્માની વાણી આ રીતે ભેળવી ગઇ. જે ઉપાસકો બ્રહ્મલોકમાં જાય તે મોક્ષના સુખથી વંચિત થઇ જાય છે. તેઓ ફરી જન્મ લે છે જ્યારે તેઓને ખબર પડે છે કે બ્રહ્મદેવની તેઓએ કરેલી ઉપાસના વ્યર્થ નીવડી મોટરી ફાટી એટલે છેલ્લે ફાંડો ફૂટયો!

૪ પૂર્વ દિશા એટલે પ્રભુ તરફનો માર્ગ. હંસ એટલે વિવેકી પુરૂષ. દૂધને પાણી જુદું કરી દૂધને પીનાર હંસ ગણાય. સંસારમાં પ્રભુનું પરમ તત્ત્વ અને માયા બંને રહેલાં છે. દરેકના શરીરમાં પ્રભુ છે જ. તેથી પ્રભુ સૌથી નજીક ગણાય છતાં તે પ્રભુના મિલન માટે કોઇ ઝંખતું નથી. જે ઝંખે છે ને તપે છે તે હંસ પુરૂષ. બીજાં બધાં માયાના દાસ. માયાની જ ભકિત કરનારા. પુત્રની, સંપત્તિની, પદની, પ્રતિષ્ઠાની. સિદ્ધિની, મોહિની સ્વરૂપની પ્રાપ્તિ માટે ભક્તિ કરનાર માયાની જ ભક્તિ કરે છે એમ કહેવાય. પ્રભુની ભકિત કરનાર તો હંસપુરુષ.

૫ યુગે યુગે સંતપુરૂષો પ્રગટે છે ને જગતને સાચું માર્ગદર્શન આપે છે. પરંતુ અજ્ઞાની લોકો સુખદુઃખ, હર્ષશોક, રાગદ્વેષ, કામક્રોધ વિગેરે દ્વંદ્વોમાંથી બહાર નીકળી શકતા નથી. તેઓ પોતાના શરીરમાં રહેલા પરમાત્માનો પરિચય પણ કરી શકતા નથી. સંતપુરૂષોના વચનોને લક્ષમાં લઇ ઉપાસના ને આરાધના કરનાર હંસપુરૂષો તો ભાગ્યે જ જોવા મળે છે!

## રમૈની-૬

[1]બરનહું કવન રુપ ઓ રેખા, દૂસર કવન આહિ જો દેખા
ઓઓંકાર આદિ નહિ વેદા, તાકર કવન કહહુ કુલ ભેદા-૧

[2]નહિ તારાગન નહિ રવિ ચંદા, [3]નહિ કછુ હોત પિતા કે બિંદા
નહિ જલ નહિ થલ નહિ સ્થિર પવના, કો ધરે નામ હુકુમ કો બરના-૨

નહિ કછુ હોત દિવસ અરુ રાતી, તાકર કહહુ કવન કુલ જાતી-૩

**સાખી :** સુન્ન સહજ મન સુમિરતે, પ્રગટ ભઈ એક જોતિ
તાહિ પુરૂષ બલિહારી મૈં, નિરાલંબ જો હોત

---

૧ કબીર સાહેબ ધીમે ધીમે દેવતા ભકિતનું ખંડન કરીને એક માત્ર પરમાત્માની ભકિત જ સાચી ભકિત છે એવું ખંડન કરી રહ્યા જણાય તે. જે પરમાત્મા છે તે તો નિરાકાર છે. શાસ્ત્રગ્રંથો તેનું વર્ણન કરતાં કહે છે: અશબ્દમ્, અસ્પમ્, અવ્યયમ ! તેનું કોઇ રૂપ જ નથી, તેનો કોઇ આકાર જ નથી. સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં પરમાત્મ તત્ત્વ એકમાત્ર હતું. તેના સિવાય અન્ય કાંઈ હતું જ નહિ તેથી તેને કોઇએ જોયું હોય તેમ કેવી રીતે કહી શકાય ? ઉપનિષદ્ પણ કહે છે કે નાન્યદ્દતોઽસ્તિ દ્રષ્ટ (બુ. ૩-૮-૧૧) અર્થાત્ તેનો કોઇ દ્દષ્ટા જ ન હોતો. તેની પાસે વાણી, મન, પહોંચી શકતા નથી તેથી તેના કુળ કે જાતિના ભેદો પણ કોણ કહી શકે ?

૨ પ્રભુ તો **સ્વયં** પ્રકાશિત તત્ત્વ રૂપે સર્વને વ્યાપીને રહેલા છે. ઉપનિષદ્ કહે છે.

ન તંત્ર સૂર્યો ભાતિ ન ચન્દ્ર તારકં
ને મા વિદ્યુતોભાન્તિ કુતોઽયમગ્નિ ।
તમેવ ભાન્તમ્ અનુભાતિ સર્વમ્
તસ્ય ભાસા સર્વમ્ ઇદમ્ વિભાતિ ।। (કઠ. ૨-૫-૧૫)

પ્રભુના સ્થળે સૂર્ય, ચંદ્ર, તારા કે વીજળી કશું જ પ્રકાશતું નથી. તો અગ્નિની તો વાત જ **શી** કરવી ? ખરેખર તો તેના પ્રકાશથી જ સર્વ કાંઈ પ્રકાશે છે. ગીતા પણ શાખ પૂરે છે:

અગ્નિ સુરજ ચંદ્ર ના જેને તેજ ધરે
જન્મ-મરણથી મુકત તે મારું ધામ ખરે
(સરળ ગીતા, અ-૧૫)

(જે પરમાત્મ તત્વ છે) તેનું વર્ણન હું કેવી રીતે કરું? (સૃષ્ટિની રચના થઈ તે પહેલા) બીજું કોણ હાજર હતું કે જેણે તેને જોયું હોય? તે સમય વેદ તો શું પણ વેદોના આદિમુલ ઓંમકાર પણ નહિ હતો! એવી સ્થિતિમાં તે પરમાત્માનો ભેદ કેવી રીતે કહી શકું?–૧

કારણ કે તે વખતે તો તારાગણ, સૂર્ય, ચંદ્ર, પાણી, પૃથ્વી, પવનં કે પિના ને પિતાનું વીર્ય કશું જ ન હતું. પરમાત્મા તો એકલા જ હતા તેથી હુકમ પણ કોના પર કરે કે જે એનું વર્ણન કરી શકે!

તે વખતે દિવસરાતના ભેદો પણ ન હતા તેથી પરમાત્માનું કુળ કે જાતિ વિષે પણ કોણ કહી શકે?

**સાખી :** જે જીવ વિષયનો આધાર છોડી પોતાના મનને સહજ સમાધિમાં સ્થિર બનાવે છે તે જીવના હૃદયમાં પરમાત્મા જ્યોતિ સ્વરૂપે પ્રગટ થાય છે તેવા પુરુષને મારા ધન્યવાદ.

---

અર્થાત્ પરમ તત્ત્વ પોતે જ પ્રકાશિત હોવાથી તે જ્યાં જ્યાં હાજર છે ત્યાં ત્યાં પ્રકાશ જ પ્રકાશ છે. તેના આધારે જ સર્વ કાંઇ ચેતનવંતુ જણાય છે. તેને અન્ય આધારની જરૂરત નથી.

૩ બિંદા એટલે વીર્યનું બુંદ. વીર્યના બુંદની સાથે પિતાની કલ્પના કરવી જ પડે. પિતાની કલ્પના કરવામાં આવે તો તેનો ચોક્કસ આકાર હોય જ. માનવ દેહ ધારી પિતા કે પશુ દેહધારી પિતા રૂપ રંગવાળા ચોક્કસ આકારવાળા હોય છે. પરંતુ સૃષ્ટિની ઉત્પત્તિ વેળાએ તેવા કોઈ પિતા કે માતા ન હતા. હોત તો તેના વીર્યથી પેદા થનાર ચોક્કસ આકાર ધારણ કરત. પરંતુ તેવું બન્યું નથી. પરમાત્મા તો અ શરીરી છે. તે મનુષ્ય જેવા આકારવાળા નથી. ઉપનિષદ પણ કહે છે.

અશરીરં શરીરેષુ અનસ્થેષુ અવસ્થિતમ્ ।
મહાન્તં વિભુમ્ આત્માનં મત્વા ધીરો ન શોચતિ ।।

(કઠ. ૧–૨–૨૨)

અર્થાત્ શરીરોમાં શરીર વિનાના અને અસ્થિરોમાં સ્થિર એવા મહાન પરમાત્મા ને જાણીને જ્ઞાનીઓ દુ:ખી થતા નથી. તેવા પ્રભુને જ રામ કહેવાય.

૪ તેવા રામનું ભજન કરવામાં આવે તો મન શુદ્ધ બની જાય છે. મનમાંથી તમામ કચરો નીકળી જાય તેવી સ્થિતિને સહજ શૂન્ય કહેવામાં આવે છે. કબીર સાહેબ બીજી રીતે તેને સહજ સમાધિની અવસ્થા પણ કહે છે. તેવા મનવાળા મહાપુરુષને કબીર સાહેબ ધન્યવાદ આપે છે. તેવા પુરૂષ જ નિરાલંબની સ્થિતિમાં છે એમ કહેવાય. વિષયનું આલંબન હોય ત્યાં સુધી મન સહજ શૂન્યની સ્થિતિમાં મુકાતું નથી. તેથી નિરાલંબ સ્થિતિ એટલે નિર્વિષય સ્થિતિ.

## રમૈની-૭

[1]તહિયા હોતે પવન ન પાની, તહિયા સિષ્ટિ કવન ઉતપાની
તહિયા હોત કલી નહિ ફૂલા, તહિયા હોત ગરભ નહિ મૂલા-૧

તહિયા હોત ન વિદ્યા વેદા, તહિયા હોત શબ્દ નહિ એદા
તહિયા હોતે પિંડ ન બાસૂ, નહિ ઘર ઘરનિ ન પવન અકાસૂ-૨

તહિયા હોત ગુરૂ નહિ ચેલા, ગમ્મ અગમ્મ ન પંથ દુહેલા-૩

**સાખી :** [2]અવિગતિ કી ગતિ કા કહોં જાકે ગાંવ ન ઠાંવ
ગુનહિ બિહૂના પેખના, કા કહિ લીજૈ નાંવ

---

૧ પૃથ્વી, પાણી, પવન, અગ્નિ ને આકાશ એ પંચ મહાભૂતના તત્વો તથા કળી, ફૂલ, વીર્ય ને ગર્ભ વિગેરે આ દેખાતા જગતની રચનામાં જરૂરી જણાતા પદાર્થ તત્વો પણ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ તે પહેલાં ન હતા. આ શરીર પણ ન હતું ને તેના નિવાસસ્થાન માટે જરૂરી બ્રહ્માંડ પણ ન હતું. ત્યારે વેદો પણ ન હોતા ને કોઈ પણ પ્રકારની વિદ્યા પણ નહોતી. તેથી ગુરુ ચેલાના ભેદો પણ નહોતા. સગુણ-નિર્ગુણના મુશ્કેલ પંથો સંપ્રદાયો પણ નહોતા. ત્યારે તો માત્ર આત્મતત્વનું જ અસ્તિત્વ હતું.

તો પ્રશ્ન થશે કે ઉત્પત્તિ કેવી રીતે થઈ? આ પ્રશ્ન આજે પણ આપણને મુંઝવે છે. છતાં કબીર સાહેબ તો ઉચ્છાને ઉત્પત્તિના કારણ તરીકે આગળ કરી દે છે તે આપણે પહેલી રમૈનીમાં જોઈ ગયા. ઈચ્છા એ માયાનું પ્રથમ પરિણામ છે. માયાના સ્પર્શ માત્રથી ઈચ્છા ઉદ્‌ભવી અને સૃષ્ટિની ઉત્પત્તિ થઈ એવું તારણ કબીર સાહેબની વાણીમાંથી આપણને પ્રાપ્ત થાય છે.

૨ અવિગતિ એટલે અગમ્ય. જે જાણી શકાય નહિ તે. પ્રભુ-પરમાત્મા અવિગતિ છે. કોઇથી જાણી શકાતા નથી તેથી પ્રશ્ન થાય છે કે તો પછી તેને શા માટે જાણવા પ્રયત્ન કરવો જોઇએ? તે હંમેશ ગુણ વિનાની સ્થિતિમાં જ હોય તો તેનું દર્શન કેવી રીતે થઈ શકે? શા માટે માનવે પોતાનો કિંમતી સમય

સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા ન હતો પવન કે ન હતું પાણી તેથી સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન કરી શકાય? ને વખતે કળી કે ફૂલ પણ ન હતું ને ગર્ભ કે મૂળ કારણ વીર્ય પણ ન હતું!-૧

તે વખતે કોઇ પણ પ્રકારની વિદ્યા પણ ન હતી ને વેદો પણ ન હતા. શબ્દાદિ રચના પણ ન હતી અને કોઇપણ પ્રકારની વેદના પણ ન હતી. કોઈ શરીર પણ ન હતું ને તેનું નિવાસ સ્થાન પણ ન હતું. પૃથ્વી, આકાશ, પાતાળ કે પવન કશું જ ન હતું.-૨

તે વખતે કોઈ ગુરુ પણ પણ ન હતા ને કોઈ ચેલા પણ ન હતા. જાણ અજાણ કોઇ પંથ સંપ્રદાયો પણ ન હતા.

**સાખી :** જેનું નામ કે ઠામ કશું જ નથી તેવા પરમાત્મ તત્ત્વ વિષે કહું પણ શું? જેનો પરિચય માત્ર ગુણ વિના જ થઇ શકે છે તેને કયા નામે બોલાવી શકાય?

---

તેને જાણવા ને તેનાં દર્શન કરવા વ્યતીત કરવો જોઇએ? કબીર સાહેબ કહે છે કે તેને જાણવા પ્રયત્ન કરનારને મતમતાંતરનો અનુભવ થાય છે. તેને વિવિધ પ્રકારના અનુભવો થવાથી તે ભ્રાંત બની જાય છે. તેનું તે નામ પણ આપી શકતો નથી. તેનું તે ઠેકાણું પણ બતાવી શકતો નથી.

તેથી કબીર સાહેબ આગલી રમૈનીમાં કહી ગયા કે મનને સહજ શૂન્ય બનાવી દેવામાં આવે તો તેનો સ્પષ્ટ સાક્ષાત્કાર થાય છે. તેનું સ્પષ્ટ દર્શન થાય છે. મનને સત્વ, રજ ને તમના ગુણોથી વેગળું બનાવવું અનિવાર્ય થઈ પડે છે. તેને અમન પણ કહેવામાં આવે છે. મન પોતે મન જ ન રહેતું હોય તેવી સ્થિતિને અમન કહેવાય. સામાન્ય સ્થિતિ ઓળંગીને અસામાન્ય સ્થિતિમાં મન પહોંચે ત્યારે તે સહજ શૂન્ય થયેલું જણાય ને તેવી અવસ્થામાં તેનું સ્પષ્ટ દર્શન થાય છે. મનને શુદ્ધ બનાવ્યા વિના જેણેજેણે પ્રયત્નો કર્યા તેણે તેણે જુદા જુદા મતોની સ્થાપના કરી છે ને વિવાદ ઉભો કર્યો છે.

પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી તે પુરૂષ સર્વજ્ઞ ને સર્વ શક્તિમાન બની જતો હોય છે. એકને જ જાણવાથી સર્વ જાણી શકાતું હોવાથી જીવને તેનાં દર્શન કરવાની સહજ ઈચ્છા થાય છે. તેથી પરમાત્માની પ્રાપ્તિ માટે સર્વ કાંઈ ત્યાગી દેવા તે તૈયાર થઇ જાય છે.

## રમૈની-૮

તત્વમસિ [1]ઇનકે ઉપદેશા, ઇ ઉપનિષદ કહૈ સંદેશા
ઇ નિશ્ચૈ ઇન્હકે બડભારી, વાહિક બરન કરૈ અધિકારી—૧
[2]પરમ તત્ત્વકા નિજ પરમાના, [3]સનકાદિક નારદ સુખમાના
જાગબલિક ઓ જનક સંવાદા, દાતાત્રેય વહૈ રસસ્વાદા—૨
વહૈ રામ વસિષ્ઠ મિલિ ગાઈ, વહૈ ક્રિસ્ન ઉધો સમજાઈ
વહૈ બાત જો જનક દિઢાઈ, દેહ ધરે [4]વીદેહ કહાઈ—૩

**સાખી** : કુલ મરજાદા ખોય કે, જીવત મુવા ન હોય
દેખત જો નહિ દેખિયા, અદિષ્ટ કહાહૈ સોય

---

૧ ઇનકે ઉપદેશા એટલે વિદ્વાનોનો ઉપદેશ; જે વ્યકિત નિરાલમ્બ અવસ્થા પ્રાપ્ત કરે છે, જે વ્યકિત મનને નિર્વિષય ને નિાવકલ્પ કરીને શૂન્ય બનાવી દે છે, જે વ્યકિત પોતાના શરીરમાં રહેલા આત્માનું દર્શન કરી સઘળે આત્મતત્ત્વની પ્રતીતિ કરે છે તે વ્યકિતનો ઉપદેશ "તે તું જ છે" એવો હોય છે. તેઓ જે કહે છે તે શાસ્ત્રવાણીનો જ સંદેશો હોય છે. ઉપનિષદો જે જ્ઞાનનો સંદેશો આપે છે તે પણ તે જ છે.

૨ પરમતત્ત્વનો જો પુરાવો જોઇતો હોય તો દરેક માનવે શરીરમાં જે આત્મા રહેલો છે તેનો સાક્ષાત્કાર કરવો જોઇએ. આત્મા પોતેજ પરમતત્ત્વ એટલે બ્રહ્મસ્વરૂપ છે. અનુભવી પુરૂષોએ અનુભવ કરીને આ નિર્ણય કર્યો છે.

૩ સનકાદિ એટલે સનક વિગેરે. સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર એ બ્રહ્માના માનસપુત્રો ગણાય. વળી યોગશાસ્ત્રમાં આત્માના ચાર મૂખ્ય લક્ષણોના નામો પણ સનક, સનંદન. સનાતન અને સનત્કુમાર ગણાવવામાં આવ્યા છે. સનક એટલે અનાદિ. સનંદન એટલે આનંદસ્વરૂપ. સનાતન એટલે અમર. સનત્કુમાર એટલે નિત્ય યુવાન, જેને અજર કહેવામાં આવે છે.

અનુભવી પુરૂષોએ પોતાના શરીર પર પ્રયોગો કરીને આત્માના અસ્તિત્વનો નિર્ણય કર્યો હતો. શરીરમાં રહેલો આત્મા અને શરીરની બહાર રહેલું ચૈતન્ય એક જ સ્વરૂપના છે એવો પણ તેમણે અનુભવ કરીને જાહેર કર્યું હતું. નારદ મુનિએ ને શુકદેવ યોગીએ આત્મતત્વનો સાક્ષાત્કાર કર્યો

અમે જ એવું કહીએ છીએ એવું નથી, ઉપનિષદ્ પણ એજ સંદેશો આપે છે; વિદ્વાનો પણ 'તત્વમસિ' કહીને એજ ઉપદેશ આપે છે. વેદાન્તીઓનો પણ એવો જ દૃઢ નિર્ણય છે. માત્ર અધિકારી લોકો જ તેનું વર્ણન કરી શકે છે.–૧

પરમતત્વ પોતે જ પ્રમાણ સ્વરૂપ હોય છે તેથી જ સનકાદિક ઋષિઓએ, નારદ જેવા મુનિઓએ, શુકદેવ જેવા યોગીઓએ, યાજ્ઞવલકય જેવા મહર્ષિઓએ જનક જેવા જ્ઞાનીઓએ અને દત્તાત્રેય જેવા ભાગવતોએ તેનો પરિચય કરી બ્રહ્માનંદનો રસા સ્વાદ ચાખ્યો હતો.—૨

તેથી જ ગુરૂ વસિષ્ઠે રામને મળીને પરમતત્વનું ગુણ ગાન ગાયું હતું, શ્રી કૃષ્ણે પોતાના પરમમિત્ર ઉદ્ધવને તેનું જ્ઞાન સમજાવ્યું હતું અને દેહ હોવા છતાં વિદેહી કહેવાતા રાજા જનકે પોતાના હૃદયમાં દઢ પણે સતત અનુભવ્યું હતું.

**સાખી** : તેવા અધિકારી જ્ઞાની પુરુષો પોતે કુળનું અભિમાન છોડી દઈને વિદેહ અવસ્થામાં જીવતા હોય છે! તેવા પુરુષની દૃષ્ટિમાં સંસાર દેખાતો હોવા છતાં નથી દેખાતો! તેમની દૃષ્ટિમાં સઘળો પ્રપંચ અદૃષ્ટ હોય છે!

---

હતો અને તે દ્વારા શરીરની બહાર વ્યાપેલ પરમતત્વ જેને ભાગવતમાં ચેતન પુરૂષ તરીકે ઓળખાવવામાં આવેલ છે તેની સાથે એકતાનો અનુભવ કરેલો. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં યાજ્ઞવલ્કય ને જનક રાજા વચ્ચે સંવાદ થયેલો તેમાં પણ આજ આત્મતત્વની વાત કરવામાં આવી છે. ભગવાન દત્તાત્રેયનો અનુભવ પણ એવો જ હતો. યોગવાસિષ્ઠ રામાયણમાં ગુરૂ વસિષ્ઠ અને રામ વચ્ચે સંવાદ થયેલો તેમાં પણ આત્મતત્વનો જ મહિમા ગાવામાં આવ્યો છે. શ્રીમદ્ ભાગવતમાં શ્રી કૃષ્ણે પોતાના મિત્ર ઉધ્ધવને પણ આત્મતત્વનો મહિમા સમજાવેલો છે.

૮ વિદેહ એટલે દેહ વગરની સ્થિતિ. દેહ હોય છતાં દેહ નથી એવા આત્મભાવમાં સદા મગ્ન રહેવું તેને વિદેહ કહેવામાં આવે છે. કુલ અભિમાન એટલે સમગ્ર અભિમાન એવો અર્થ ઘટાડવો જોઇએ. અજ્ઞાનતાથી હું આત્મા નથી પણ શરીર છું, પ્રાણ છું, હાથ પગ છું વિગેરે માનવું તેને અભિમાન કહેવામાં આવે છે. આવું બધું જ અભિમાન ચાલ્યું જાય ત્યારે વિદેહ અવસ્થામાં પ્રવેશ થાય. એ અવસ્થામાં હું દેહ નથી પણ આત્મતત્વ છું એવો ભાવ વ્યાપકપણે રહેલો હોય છે. આ આત્મતત્વ સાધારણ રીતે દેખાતું નથી તેથી તેને અદષ્ટ કહેવામાં આવે છે. પરંતુ જે વિદેહ અવસ્થામાં સ્થિત કરે છે તે આત્મતત્વને સર્વત્ર સ્પષ્ટ રીતે નિહાળે છે.

# રમૈની-૯

[1]બાંધે અષ્ટ કષ્ટ [2]નવ સૂતા, જમ બાંધે અંજની કે પૂતા
જમ કે [3]બાહન બાંધિની જની, બાંધે સિષ્ટિ કહાં લૌ ગની....૧
બાંધે દેવ તેંતીસ કરોરી, સંવરત લોહ બંધ ગૌ તોરી
[4]રાજા સંવરૈ તુરિયા ચઢી, [5]પંથી સવરૈ નામ લે બઢી...૨
[6]અરથ બિહૂના સંવરૈ નારી, પરજા સંવરે પુહુમી ઝારી...૩

**સાખી :** બન્દિ મનાય ફલ પાવહીં, બન્દિ દિયા સો દેય
[7]કહે કબીર તે ઉબરે, નિસુ દિન નામહિ લેય.

---

૧ માત્ર પ્રેમ રૂપી રસાયણ પીનાર જ પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે ને સંસાર સાગર પાર કરી ધન્ય બની શકે છે. પરમાત્મા સિવાય બીજાં બધાં પદાર્થોમાં જેને રસ છે તે તેવા પદાર્થોની પ્રાપ્તિની જ કામના કરતા હોવાથી કદી પણ કામનાની તૃપ્તિ કરી શકતા નથી અને આખરે સંસાર સાગરમાં ડૂબી જાય છે. કામનાવાળા જીવો સાધના પણ કરે છે ને ભક્તિ પણ કરે છે. પરંતુ તેઓ આઠ પ્રકારની સિદ્ધિઓ ને નવ પ્રકારની નિધિઓની મોહિનીમાં અધવચ્ચે જ ફસાય પડે છે. પરિણામે તેઓ માયાની સત્તા હેઠળ જ જન્મમરણના ચક્રમાં ઘૂમ્યા કરે છે.

૨ આઠ પ્રકારની સિદ્ધિઓ : અણિમા, લઘિમા, ગરિમા, મહિમા, પ્રાપ્તિ પ્રાકામ્ય, ઇશિત્વ અને વશિત્વ. નવનિધિ એટલે કુબેરના નવ ભંડારોની તમામ સમૃદ્ધિ. આ આઠ પ્રકારની સિદ્ધિઓ ને નવ પ્રકારની સિદ્ધિઓ મહામુશ્કેલીથી પ્રાપ્ત થતી હોવાથી કષ્ટદાયક તો છે જ. પરંતુ તે બીજા એક અર્થમાં આત્મકલ્યાણ સાધવાના અર્થમાં-બાધારૂપ નીવડતી હોવાથી સાધકને માટે કષ્ટ આપનારી પણ ગણાય.

૩ કામ, ક્રોધ ને લોભ તથા મદ, મત્સર ને મોહ એ છ દુર્ગુણો યમરાજના વાહનો ગણાય. એકલા માનવને જ નહીં પણ દેવલોકોને પણ આ દુર્ભાવો બંધનમાં જકડે છે. વિધ વિધ પ્રકારની કામનાઓ હૃદયમાં જગાડયા કરે છે અને જીવને ઉપાધિગ્રસ્ત રાખી લોખંડી બંધનમાં બાંધી દે છે.

૪ રાજા એટલે યોગના રાજમાર્ગ પર યાત્રા કરનાર યોગી. પરંતુ અહીં જ્ઞાની પુરૂષના અર્થમાં શબ્દનો ઉપયોગ થયેલો લાગે છે. જો કે તુરિયા એટલે સમાધિ અર્થ કરવાથી યોગીને લાગુ પડે છે અને તુરિયાને ચોથી અવસ્થા તરીકે ગણવાથી જ્ઞાનીને લાગુ પડે છે. આપણે જે અર્થ કરીએ તે, પણ રમણ વડે તે પોતાની મંઝિલે પહોંચે છે તે વાત નક્કી જ.

આઠ સિદ્ધિ અને નવ નિધિએ યોગીઓને, યમરાજે માયાના પુત્રોને તથા યમરાજના વાહને જન્મમરણ શીલ સર્વ જીવોને વાસનારૂપી દોરડાથી છૂટી ન શકાય તે રીતે બાંધી દીધા છે. ખરેખર તો સૃષ્ટિમાં કોણ બંધાયલું નથી એની ગણતરી કરવી જ મુશ્કેલ છે.–૧.

તેત્રીસ કરોડ દેવલોકો પણ બંધનમાં પડ્યા છે. માત્ર ભકત લોકો જ પ્રભુના નામના સ્મરણથી જન્મમરણના લોખંડ જેવા મજબૂત બંધનને તોડી શકયા છે. જ્ઞાની લોકો સ્મરણ વડે તુરિયાવસ્થામાં પ્રવેશ કરી અને મોક્ષમાંર્ગી લોકો માત્ર નામ સ્મરણના આધારે સંસાર સાગર પાર કરી જાય છે –૨

એટલું જ નહીં પણ ધન વગરની ગરીબ સ્ત્રીઓ અને અનેક વિધ બીજા દુ:ખોથી પીડિત અન્ય પ્રજા પણ નામ સ્મરણનો આધાર લઈ પરમ પદને પામે છે.-૩

**સાખી :** બંધનમાં પડેલા લોકો યજ્ઞયાગ વિગેરે સકામ ક્રિયાઓ કરી સ્વર્ગને મેળવે છે. જે જીવાત્માએ જેવું દાન કર્યું હોય તેવું જ તેને ફળ મળે છે. તેથી કબીર કહે છે કે માત્ર તે જ જીવ પોતાનો ઉદ્ધાર કરી શકે છે કે જેણે પ્રભૂના નામનું હંમેશ સ્મરણ કર્યું હોય !

---

૫ પંથ એટલે માત્ર મોક્ષની ઈચ્છાથી ભકિત કરનારો વર્ગ. તેવો વર્ગ પણ નામ સ્મરણને આધારે જ સંસાર સાગર તરી જાય છે.

૬ ગરીબ બિચારી સ્ત્રી પૈસા વિના શું કરી શકે? શુદ્ર લોકો પૈસે ટકે પણ પછાત ગણાતા. તેઓ બ્રાહ્મણ વર્ગની વિધિઓનો ઉપયોગ ન કરી શકતા. તેવી પછાત પડી ગયેલી પ્રજા પણ જો નામ સ્મરણનો આધાર લે તો પરમ પદની પ્રાપ્તિ કરી શકે છે તેવી ખાત્રી કબીર સાહેબ અહીં આપે છે. ગીતામાં **શ્રી** કૃષ્ણે પણ એવા જ પ્રકારનું અભય વચન આપેલું છે :

પાપી સ્ત્રી ને શુદ્ર યે ગુણ મારા ગાશે,
લેશે મારૂ સ્મરણ તો ઉત્તમ ગતિ થાશે.

પુહુમી ઝારી એટલે પૃથ્વીલોકથી જુદી જુદી પ્રકારની આધિ વ્યાધિથી પીડાની પ્રજા, જેમાં ગરીબ ને પતન પામેલા વર્ગની ખાર. ગણતરી થાય.

૭ જે જીવ બંધનમાં પડેલો તે બંદી. સ્વર્ગ સુખની કામનાથી ભકિત કરનારો વર્ગ મોટો હોય છે. સકામ ભકિતથી સ્વર્ગ મળશે પણ પ્રભુ મળશે નહિ. પ્રભુ તો નિષ્કામ ભાક્તથી જ મળે. રાત દિવસ નિષ્કામ ભાવે પ્રભુના નામનું સ્મરણ કરનાર પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે.

## રમૈની-૧૦

રાહી હૌ [1]પિપરાહી બહી, કરગી આવત કાહુ ન કહી
આઇ [2]કરગી હૌ અજગૂતા, જનમ જનમ જમ પહિરે બૂતા...૧
બૂતા પહિરિ જૂમ કીન્હ સમાના, તીન લોકમેં કીન્હ પયાના
બાંધે બ્રહ્મા વિષ્ણુ મહેસૂ, સુર નર મુનિ ઔ બાંધિ ગનેસૂ...૨
બંધે પવન પાવક ઔ નીરુ, [3]ચાંદ સુરજ બંધે દોઉ બીરુ
સાંચ મંત્ર બાંધે સતી ઝારી, અમ્રિત વસ્તુ ન જાનૈ નારી....૩

**સાખી :** અમ્રિત વસ્તુ જાનૈ નહીં, મગન ભયે સતી લોય
કહ હિં કબીર [4]કામો નહીં, જીવહિં મરન ન હોય.

---

૧ સકામ કર્મોની ઉપાસના કરવાવાળા મુસાફિર તે રાહી. કબીર સાહેબ ધીમે ધીમે નિષ્કામ ભક્તિનો મહિમા ગાવા માંગે છે તેથી સકામ ભક્તિની મર્યાદા આ રમૈનીમાં બતાવી રહ્યા છે.

વેદ-ઉપનિષદ્ જેવા શાસ્ત્રગ્રંથોમાં પીપળાના ઝાડને કામનાના પ્રતીક તરીકે વર્ણવ્યું છે. દા. તયોરન્ય : પિપ્પલં સ્વાદ્વત્તિ । પીપળાના પાંદડાંની માફક ચિત્તની ચંચલ વૃત્તિઓ સકામ કર્મની ઉપાસના કરવાવાળા સાધકને સંસારમાં જ ખેંચી જતી હોય છે. સંસાર સાગરને પેલે પાર પહોંચવા માટે તો સાધકે સકામ કર્મોની ઉપાસના એટલે કે સકામ ભકિતનો પ્રારંભ કર્યો હોય છે. પરંતુ તેવા પ્રકારની ભક્તિથી ચચળ ચિત્તને વધારે ચંચળ બનવાની તક મળતી હોય છે. એક કામના પૂર્ણ થાય તો તરત જ બીજી અનેક કામનાઓ ચિત્તમાં જાગતી હોય છે ને પરિણામે કામનાઓની તૃપ્તિ અર્થે જ સાધકે પોતાનો કિમતી સમય વેડફી દેવો પડે છે. પીપળાના ઝાડનાં પાંદડાંની સ્થિતિ પણ એવી જ હોય છે. એકમાંથી અનેક પાંદડાંની પીલવણી ચાલ્યા જ કરતી હોય છે. તેથી ચિત્તની ચંચલ વૃત્તિઓ પીપળાના ઝાડનાં પાંદડાં જેવી ને જેટલી છે એવું અહીં પિપરાહી શબ્દ દ્વારા સૂચવાયું છે.

૨ સકામ કર્મના ઉપાસકને સ્વર્ગના સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ તેવું સુખ મર્યાદિત સમયે સમાપ્ત થઇ જતું હોય છે. તેથી તેવા જીવે ફરીથી આ જગતમાં જન્મ લેવો પડે છે. સકામ ભકિત કરનારને આ સત્યનો ખ્યાલ હોતો નથી. તેવા સાધકે તો કાયમી મુકિત મળશે એવી આશાથી ઉપાસનાનો આરંભ કરેલો હોય છે. પરંતુ તેવા સાધકની મહેનત ગાંચીના બળદ જેવી છે તેનું ભાન ફરીથી જન્મ ધારણ કરે છે ત્યારે જ થાય છે. સંસાર સાગરને પેલે પાર પહોંચવાને બદલે સકામ ભકિત મઝધારથી પણ આગળ જવા દેતી નથી. બલકે જે કિનારેથી પ્રારંભ કરેલો તે જ કિનારે પાછો લઈ આવે છે. અહીં કરગી એટલે કિનારો. તેજ કિનારો જોઇને તે આશ્ચર્ય પામે છે.

૩ આજના વિજ્ઞાનની જેમ કબીર સાહેબ પણ ચંદ્ર-સૂર્યનો ઉલ્લેખ કરે છે. આજે ખગોળશાસ્ત્રીઓ એવું અનુમાન કરે છે કે ચંદ્ર દિનપ્રતિદિન વધારે ને વધારે ઠંડો થતો જાય છે. સૂર્યની ઉષ્ણતા પણ ધીમે ધીમે ઘટતી જ

એ રીતે સકામ ક્રિયાઓ કરાવાવાળા લોકોની ચચલ ચિત્તની વૃત્તિઓ સંસારના પ્રવાહમાં પ્રવાહિત થઈ. કિનારો નજીક આવી રહ્યો છે એવું કોઈએ પણ તેઓને કહ્યું નહિ. કિનારો આવ્યો ત્યારે જ તે લોકોને ભારે આશ્ચર્ય થયું. જન્મ જન્માંતર સુધી યમરાજના પાશમાં પોતે બંધાયા છે તેનું ભાન થયું.–૧

સકામ કર્મની ઉપાસના પોતે યમરાજ સમાન હોય છે. (મૃત્યુ લોકમાં જ કે તે ફળદાયી બને છે એવું નથી.) તે તો ત્રણે લોકમાં ફળદાથી બને છે. માણસો, સાધના કરનારા મુનિઓ, મોટા ગણાતા દેવલોકો, દેવોના અધિપતિ ગણાતા બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ જેવા ત્રિદેવો, એટલું જ નહીં પણ સર્વના સંકટ હરનાર ગણપતિ પણ સકામ કર્મની ઉપાસનાથી બંધાય છે.–૨

ખુદ પૃથ્વી, પાણી, પવન, અગ્નિ જેવા પંચમહાભૂતો બંધાય છે. વીર ગણાતા ચંદ્ર ને સૂર્ય જેવા દેવો પણ સકામ કર્મની ઉપાસનાથી બંધનમાં પડે છે. મંત્ર પોતે સાચો હોવા છતાં કામનાથી ઉપાસના કરનારને સંપૂર્ણ-પણે બાંધી દે છે. કામનાથી ભરેલી સ્ત્રી ખરેખર અમર વસ્તુને જાણી શકતી નથી –૩

**સાખી :** સકામ કર્મની ઉપાસના કરવાવાળા તમામ લોકો દેવતાઓની ભકિત કરવામાં મશગુલ બની ગયા છે. તેઓને અમૃત સમાન પરમાત્માની જાણ નથી હોતી. જો તેઓ કામના રહિત થઈને પરમાત્માને ભજે તો જન્મ મરણથી મુક્ત બની જ જાય છે.

---

જાય છે. એક દિવસ એવો આવશે કે સૂર્ય પણ ઠંડો થઈ જશે. ત્યારે સૃષ્ટિમાં ભારે પરિવર્તન આવી જશે. કબીર સાહેબ ચંદ્ર-સૂર્યને પણ આવન જાવન કરનારા એટલે કે સર્જન વિસર્જનની પ્રક્રિયાવાળા ગણે છે. કબીર સાહેબનો આ મત આજે પણ એટલો જ જાણે કે સાચો લાગે છે.

૪ "કહ હિં કબીર કામો નાહીં" દ્વારા કબીર સાહેબ ચિત્તને કામના વિનાનું બનાવવા માટે સૂચન કરે છે. નિષ્કામ કર્મની ઉપાસના જ જીવને સાચી દિશામાં ઉત્ક્રાંત કરે છે. ગીતામાં સાતમાં અધ્યાયમાં કહ્યું છે :

કામના ભર્યા કે જનો નિયમ ઘણા પાળી
અન્ય દેવતાને ભજે. સ્વભાવને ધારી.

ચિત્ત કામનાવાળું હોય ત્યારે પરમાત્માનું મહત્ત્વ તેને લક્ષમાં આવતું નથી. જ્યાં સુધી કામના પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને જંપ વળતો નથી. પરંતુ એક કામના પૂર્ણ થઇ ન થઈ ત્યાં તો બીજી કામના ઉદ્ભવે છે ને પરિણામે જીંદગી ભર તેને પરમાત્માની યાદ આવતી નથી. પોતાની કામના પૂર્ણ થાય તે માટે તે જુદા જુદા દેવોની ઉપાસના કરવા મંડી પડે છે ને અનેક નિયમો, વ્રતો કરી થાકી જાય છે. છતાં સત્ય તેને સમજાતું નથી કે

અલ્પબુદ્ધિ એ ભકતના ફળનો થાય વિનાશ
દેવ ભજયે દેવો મળે, મને ભજયે મુજ પાસ. (સરળ ગીતા અ-૭/૨૩)

અર્થાત્ કામનાવાળું મન દેવના ભકિત તરફ વળી જાય છે જ્યારે નિષ્કામ મન પરમાત્માની ભકિત તરફ જ વળે છે અને પરમ સુખની પ્રાપ્તિ કરી શકે છે.

## રમૈની ૧૧

આંધરિ ગુષ્ટિ સિષ્ટિ ભઈ બૌરી, [1]તીનિ લોક મહ લાગિ ઠગોરી
બ્રહ્મા ઠગો નાગ સંહારી, દેવતન સહિત ઠગો ત્રિપુરારી...૧
રાજ ઠગોરી બિસ્નુહી પરી, ચૌદહ ભુવન કેર ચૌધરી
આદિ અંત જાકિ જલકન જાની, તાકર ડર તુમ કાહેક માની...૨
વૈ ઉતંગ તુમ જાતિ પતંગા, જમ ઘર કિય ઉ જીવ કો સંગા
નીમ કીટ જસ નીમ પિયારા, વિષ કો અમ્રિત કહત ગવારા...૩
વિષ કે સંગ કવન ગુન હોઇ, [1]કિંચિત લાભ મૂલ ગો ખોઇ
વિષ અમ્રિત ગૌ એકહિ સાની, જિન જાના તિન વિષ કરી પાની...૪
[2]કહા ભયે નર સૂધ બે સૂઝા, બિનુ પરિચય જગ મૂઢ ન બૂઝા
મતિ કે હીન કવન ગુન અહઇ, લાલચ લાગે આસા રહઇ...૫

**સાખી :** મુવા હૈ મરિ જાહુગે, મુવે કિ બાજી ઢોલ
સપન સનેહી જગ ભયા, રહિ [3]સહિદાની બોલ

---

૧ ત્રણે લોકમાં માયાનો જ પ્રભાવ જણાય છે. પૃથ્વીલોકમાં આપણે તો માયાની અપૂર્વ સત્તાનો અનુભવ કરીએ જ છીએ. પરંતુ સ્વર્ગલોકમાં પણ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ જેવા દેવાધિદેવના સ્થાનોમાં પણ માયાની અસર થતી હોય છે. આ બાબતમાં કબીર સાહેબ સર્વને સાવધાન બનાવે છે. ખૂબ સુંદર એવી પોતાની દીકરી સરસ્વતિને જોઇને ખુદ બ્રહ્મા એક દિવસ કામ વિવશ બનેલા. બચવા માટે સરસ્વતિ મૃગલીનું રૂપ લઇને ભાગવા માંડે છે ત્યારે બ્રહ્મા મૃગનું રૂપ લઇને પાછળ દોડેલા. તે સ્થિતિમાં શંકરે બ્રહ્માને બાણ મારીને અટકાવેલા. તેજ રીતે ભગવાન શિવ પણ પાર્વતીની હાજરીમાં કામમોહિત થયેલા તે માયાનો જ પ્રવાહ હતો. એકવાર વિષ્ણુ ભગવાનને દેવોને અમૃત પીવડાવવા માટે મોહિની સ્વરૂપ ધારણ કરેલું. અસુરો ત્યારે કામમોહિત થયેલા ને અમૃત ભૂલી ગયેલા. આ જાણીને શિવ ભગવાન પાર્વતી સાથે લાવલશ્કર લઇને વિષ્ણુ પાસે આવે છે ત્યારે વચમાં એક બાગમાં અતિશય સુંદર રૂપ જોઇને શિવ પોતે કામાંતુર બનેલા ને તેની પાસે જઇને કામચેષ્ટા કરવા લાગેલા. ત્યારે તે સુંદર સ્ત્રીનું રૂપ અલોપ થઈ જાય છે ને તેને બદલે વિષ્ણુ ભગવાન પ્રગટ થાય છે. અરે! વિષ્ણુ ભગવાને વારંવાર અવતાર લેવા પડે છે તે પણ માયાના જ ખેલ ગણાય છે. આ રીતે ત્રણે લોકમાં માયાની જ સત્તા પ્રવર્તે છે તેનો ખ્યાલ કબીર સાહેબ અહીં આપી રહ્યા લાગે છે.

૨ "કહા ભયે નર સુધ બેસૂઝા" એ લીટીમાં "કહા ભયે નર શુદ્ધ વિશુદ્ધ" એવો પાઠ પણ પ્રચલિત છે. સુધ બેસુઝ એટલે સમજુ અણસમજુ અથવા તો ભણેલો કે અભણ એવા અર્થમાં સમજવું. આજે તો ભણેલા પણ આત્મામાં માનતા નથી. આત્મા દેખાતો નથી એટલે તેનું અસ્તિત્વ જ નથી એવું તારણ તર્ક કરીને કરે છે. આતમતત્ત્વનો જેને પરિચય થયો હોય તે જ તેની અનુભૂતિ જણાવી શકે. આત્મતત્વનો અનુભવ ભણેલો હોય તેને જ થાય એવું પણ નથી. અભણ હોય તેને ન જ થાય એવું પણ નથી. ખુદ કબીર સાહેબ નિરક્ષર હતા છતાં તેમને આત્મ સાક્ષાત્કાર થયેલો. anitHlHl

માયાથી અંધ બનેલા લોકોની વાતમાં આખી દુનિયા પાગલ બની છે. ત્રણે લોકમાં એવી ઠગાવાની ક્રિયા ચાલુ છે. બ્રહ્મા ઠગાયા, નાગોનો સંહાર થયો અને દેવગણો સહિત મહાદેવ પણ ઠગાયા.-૧

ચૌદ ભુવનના સ્વામી ગણાતા વિષ્ણુ પણ માયાથી છેતરાયા છે. ખરેખર જેણે સંસારના આદિ ને અંત પાણીના બુદ્‌બુદ્ જેવા ક્ષણિક જાણ્યા છે તેણે (માયાથી) ઠગાવાનો ડર શા માટે મનમાં રાખ્યો છે?-૨

માયાના વિષય પદાર્થો અગ્નિની જ્યોત જેવા છે અને કામી જીવો પતંગિયા સમાન છે. તેવા જીવોનો સંગ યમરાજને ઘરે જ જાય છે. જે રીતે લીંબડાના કીડાને કડવો લીંબડો મીઠો જ લાગે છે તે રીતે માયાથી અંધ બનેલા અજ્ઞાની જીવો ઝેરને અમૃત માની ગ્રહણ કરે છે.-૩

સંસારમાં વિષ ને અમૃત એક થઈ ગયા જાણ્યા છે તે વિવેકી જીવ અમૃતને પણ વિષ સમજી ત્યાગી દે છે. તેને ખબર છે કે ઝેરના સંગમાં અમૃત પણ ઝેર જ બની જાય છે. તેવા અમૃતને મેળવવાથી તો જન્મથી મળેલું સ્વરૂપનું મૂળભૂત ધન પણ નાશ પામે છે.-૪

આ સંસારમાં જ્યાં સુધી આત્માનો પરિચય થતો નથી ત્યાં સુધી સૌ કોઇ મૂઢ ગણાય છે. કોઇને પણ સાચી સમજ પ્રગટ થતી નથી. પછી તે ભણ્યો હોય કે અભણ હોય તેથી યે શું? બુદ્ધિ વિના તેવાને આત્માના કયા ગુણનું ભાન થઇ શકે? તે તો લાલચમાં ને ખોટી આશામાં બેસી રહેતો હોય છે.

**સાખી :** ભૂતકાળમાં મરી ગયા છે ને ભવિષ્યમાં પણ મરી જવાના છે. આજે પણ મરવાના ઢોલનગારાં વાગી રહ્યા છે છતાં આખું જગત સ્વપ્નપ્રેમી બની ગયું છે. ખરેખર (કોઈને ખબર નથી કે) મર્યા પછી તો અહીં વાણીની નિશાની જ રહી જાય છે!

---

અનુભૂતિ તત્વત: થાય પછી અનુભવ કરનારની ભાવસમૃદ્ધિ ઉદાત્ત બની જતી હોય છે. તેથી તેનું દર્શન વિશિષ્ટ પ્રકારનું ગણાય છે, આપણા જમાનાના શ્રીરામ કૃષ્ણ દેવ વાતચીત કરતાં કરતાં ભાવ સમાધિમાં ડૂબી જતા તે એક જગપ્રસિદ્ધ હકીકત છે. તેવી વ્યક્તિ લોભ-લાલચ કે મોટી આશામાં કદી ફસાતી નથી. જો "શુદ્ધ વિશુદ્ધ" એ પાઠ સ્વીકારવામાં આવે તો પણ અર્થ બંધબેસતો થઈ શકે એમ છે. છૂત અછૂત એવા અર્થમાં શુદ્ધ વિશુદ્ધ શબ્દો વપરાતા હોવા જોઇએ. કબીર સાહેબ અગાઉ કહી જ ગયા છે કે એવા ભેદો માનવે સર્જેલા છે. આત્મ પરિચય વિના મુક્તિ છૂત અછૂત કોઇને પણ મળતી નથી.

૩ બોલ એટલે વાણી. માણસ મરી જાય પછી તેની નિશાનીમાં માત્ર તેની વાણીની યાદ જ રહી જાય છે. ખરાબની ખરાબ વાણી ને સારાની સારી વાણી. લોકો મૃત્યુ પછી વાણીના આધારે જ મૂલ્યાંકન કરતા હોય છે. જેણે પોતાના સ્વરૂપનો પરિચય કરી લીધો હોય તેની વાણીમાં વાસ્તવિકતાનું સ્પષ્ટ દર્શન હોય છે. તે મિથ્યા વાતોમાં ફસાતો નથી. બલકે તેની વાણીમાં એવું બળ છે કે તેને સાંભળનારનું કલ્યાણ થઈ જાય છે.

આ રમૈનીમાં કબીર સાહેબ આત્મદર્શન કે આત્મવિદ્યાથી જ સર્વનું કલ્યાણ થાય છે તેવી સ્વાનુભૂતિ રજૂ કરે છે.

## રમૈની-૧૨

[1]માટી કે કોટ પષાન કા તાલા, સોઇ વન સોઇ રખવાલા
સો વન દેખત જીવ ડેરાના, [2]બ્રાહ્મન વૈષ્ણવ એક હી જાના...૧
જૌં રે કિસાન કિસાની કરઈ, ઉપજૈ ખેત બીજ નહિ પરઈ
છાંડિ દેહુ નર ઝેલિક ઝેલા, બૂડે દોઉ ગુરૂ ઔ ચેલા...૧
તીસર બુડે [3]પારધ ભાઇ, જિન બન ડાહો દાવા લગાઈ
ભૂંકિ ભૂંકિ કૂકર મરિ ગયઉ, કાજ ન એક સિયારસે ભયઉ...૩

**સાખી :** મૂસ બિલાઇ એક સંગ, કહુ કૈસે રહી જાય
સંતો અચરજ દેખહુ, [4]હસ્તી સિંઘ હી ખાય

---

૧ આ સ્થૂળ શરીરને માટીનો કિલ્લો કહ્યો. પૃથ્વીતત્ત્વનો ભાગ શરીરમાં રહેલો હોવાથી શરીરનો કિલ્લો માટીનો બનેલો ગણાય. સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ શરીર રહેલું છે તેને પથ્થરનું તાળું કહ્યું. પથ્થરનું એટલા માટે કે તેનો વિનાશ સ્થૂળ શરીર સાથે થતો નથી. સ્મશાને સ્થૂળ શરીર રાખ બની જાય પણ સૂક્ષ્મ શરીર બળતું નથી. સૂક્ષ્મ શરીર વૈચારિક સ્વરૂપનું ગણાય કારણ કે તે વાસનાનું બનેલું છે. વાસના મનમાં રહેલી હોય છે. તેથી અહંકાર અને મન સૂક્ષ્મ શરીરના મુખ્ય અંગો ગણાય. આ સૂક્ષ્મ શરીરને કારણે જ આખો સંસાર પેદા થયો હોય છે. વળી સંસાર સાગરમાંથી ઉગરવું હોય તો પણ સૂક્ષ્મ શરીર જ ઉપયોગી બને. તેથી જ ઉપનિષદમાં પણ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે મન એજ મુક્તિનું કારણ છે અને બંધનનું પણ કારણ છે. કબીર સાહેબે પણ સાખી પ્રકરણમાં કહ્યું જ છે કે "મન કી હારે હાર હૈ, મન કી જીતે જીત." ભગવદ્ ગીતામાં પણ એજ વાત કરવામાં આવી છે.

જે મનને જીતે સદા, મિત્ર બને છે તે,
પોતાનો શત્રુ બને મન ના જીતે જે. ( સરળ ગીતા અ-૬/૬ )

૨ કોઇ જન્મથી ઊંચ નથી ને કોઇ પહેરવેશથી મોટો ગણાતો નથી. કબીર સાહેબના સમયમાં બ્રાહ્મણ લોકો જન્મથી જ ઊંચી જાતના ગણાતા અને તેથી તે પ્રકારનું માનપાન મેળવતા. વૈષ્ણવો તિલક કંઠી બાંધી પોતાના અલગ ચોકો બનાવતા ને પોતે બધું જાણે છે તેવો ડોળ કરતા. તેથી કબીર સાહેબ આ રમૈનીમાં ઢોંગી ધુતારા ગુરૂ લોકોના પ્રતીક તરીકે "બ્રાહ્મણ વૈષ્ણવ" શબ્દનો પ્રયોગ કરે છે. તે જમાનામાં બ્રાહ્મણ લોકો ને વૈષ્ણવ લોકો ન ખાવાનું ખાતા ને પીતા તથા ન કરવાનું કરતા અચકાતા નહિ. તેઓ કર્મથી નીચ કોટિના ગણાય તેવા હતા. ઢોંગી ગુરૂઓ જ્ઞાનની મોટી મોટી વાતો કરી શિષ્યોને આકર્ષતા અને અંદર ખાનેથી ભોગ વાસનામાં ડૂબેલા રહેતા. તેવા ગુરૂના સમાગમથી કોઇને લાભ થતો નહિ. મનુષ્ય જન્મનો કિમતી સમય ખોટી રીતે વેડફાય જતો. તેવા ગુરૂ ને તેવા ચેલાથી સાવધાન બનવાની શીખામણ અહીં આપવામાં આવી છે.

(સૂક્ષ્મ) શરીર રૂપી નગરીની ફરતે (સ્થૂળ) શરીરરૂપી પાંચ મહાભૂતનો કોટ ચણવામાં આવ્યો છે ને (મુખ્ય દરવાજે) અભિમાનરૂપી તાળુ મારવામાં આવ્યું છે. તે જ (સૂક્ષ્મ શરીર) સંસારરૂપી વનનું કારણ છે અને તે જ રક્ષે પણ છે. જીવને વનમાં ડર લાગે છે ત્યારે તે બ્રાહ્મણ કે વૈષ્ણવ ગુરુ જ ગણાય તેવું માનીને તેની પાસે જાય છે.–૧

પરંતુ (તેવા ખોટા ગુરુઓ પાસેથી) જીવને સત્ય જ્ઞાનરૂપી બીજની પ્રાપ્તિ ન થતી હોવાંથી જેમ બી વિના ખેડૂત ધાન મેળવી શકતો નથી તેમ જીવની મહેનત વૃથા નીવડે છે. તેથી હે માનવ! તું ખોટી ખેંચતાણ છોડી દે કેમ કે તેવા ખોટા ગુરુચેલાઓ પણ સંસારમાં બૂડી જ ગયા છે.–૨ પોતાના શિકાર માટે વનને જ આગ લગાડતો હોવાથી તેવા ગુરુઓ પણ પણ સંસાર પાર કરી શકયા નથી. તેવા ગુરુઓ રૂપી શિયાળથી અજ્ઞાની જીવ રૂવી કૂતરાઓ ભૂંકિ ભૂંકિને મરી ગયા તો પણ મુકિતનું કાર્ય થઈ શકતું નથી.–૩

**સાખી :** ઉંદર ને બિલાડી એક સાથે કેવી રીતે રહી શકે? હે સંતજનો!
આશ્ચર્ય તો જુઓ કે હાથી સિંહને ખાઇ રહ્યો છે!

---

૩ પારધ એટલે શિકારી. ઢોંગી ગુરૂઓ હતા તો અજ્ઞાની છતાં જ્ઞાની હોવાનો ડોળ કરતા. તેઓ પોતાના પેટ ભરવાના ધંધા તરીકે શિષ્યોને છેતરીને શિષ્યોની સંખ્યા વધારવાનું કામ કરતા જેથી સરવાળે તેમની આવક મોટી થઈ શકતી. આવી ક્રિયાને કબીર સાહેબ શિકારી શબ્દના ઉપયોગથી સચોટ રીતે વર્ણવે છે. શિકારી લોકો જંગલમાં મગના શિકાર માટે નીકળે ત્યારે કેવા કેવા પ્રપંચ કરે છે તેનો ખ્યાલ કરવામાં આવે તો ઢોંગી ગુરૂઓની ભયાનકતા સમજી શકાય. શિકારી ન જ ફાવે તો જંગલને પણ દવ લગાડી પોતાનો શિકાર મેળવે છે એ ખરેખર ભયંકર રીત ગણાય. અનેક નાના મોટા જીવજંતુઓ પણ એમાં હોમાય જાય. નિર્દોષ પ્રાણીઓનો ઘાતકી રીતે વિનાશ કરવામાં આવે તે માનવને શોભા આપે એવી રીત નથી. તે જ રીતે ઢોંગી ગુરૂઓ નિર્દોષ ભોળા અજ્ઞાની લોકોને છેતરીને તેઓનો ભવ બગાડે તે પણ માનવને શોભાસ્પદ નથી. ઢોંગી ગુરૂઓ જેમ કહે તેમ ચેલાઓ કરે છતાં નથી તેમને જ્ઞાન પ્રાપ્ત થતું કે કે નથી તેમને મુકિત મળતી. તેમની સ્થિતિ રહેજ પણ સુધરતી નથી. બલકે બગડતી હોય છે. તેથી ચેલાઓ કૂતરા જેવા છે. રાતના અંધારે શિયાળ ભૂંકવા માંડે એટલે ગામમાં રહેતા કૂતરાઓ પણ ભૂંકવા માંડે. પછી શિયાળ ભૂંકતા બંધ પડે છે છતાં કૂતરાઓ ભૂંકવાનું બંધ કરતા નથી. આવી ક્રિયાથી નથી કંઈ શિયાળને લાભ થતો કે નથી કંઈ કૂતરાઓને લાભ થતો.

૪ મૂસ એટલે ઉંદર અને બિલાઈ એટલે બિલાડી. બિલાડી ઉંદરનો શિકાર કરે જ. તેથી સાથે રહી શકે નહિ એવું કહેવામાં આવે છે. પણ ભોળા અજ્ઞાની ચેલાઓ ઉંદર સમાન હોવાથી બિલાડી જેવા ઢોંગી ગુરૂઓ સાથે રહે છે તે મોટું આશ્ચર્ય છે. આ જ વાત કબીર સાહેબ હાથી ને સિંહના રૂપકથી વધારે વિગતે સમજાવવા પ્રયત્ન કરે છે. હાથી સિંહને ખાય છે એવું ચિત્ર આશ્ચર્ય પમાડે છે. હકીકતે સિંહ બળવાન હોવાથી હાથીને ખાતો હોવો જોઇએ. આ પદમાં મન હાથીના જેવું છે ને જીવાત્મા સિંહના જેવો છે. એવું આડકતરી રીતે જણાવ્યું છે. મન માયામય હોવાથી જીવાત્મા અનંત શકિતનો ભંડાર હોવા છતાં મનને ભરોસે વિનાશ નોતરે છે તે હકીકત કબીર સાહેબે જણાવી છે,

# રમૈની-૧૩

નહિ પરતીતિ જો યહ સંસારા, [1]દરબકી ચોટ કઠિન કૈ મારા
સો તો સસૈ જાઇ લુકાઇ, કાહૂ કે પરતીતિ ન જાઇ....૧
ચલે લોગ સભ મૂલ ગવાઇ, જમકી બાઢી કાટિ નહિ જાઇ
આજુ કાજ જિવ કાલ્હિ અકાજા, ચલે સુ લાદ્દિ દિગંતર રાજા...૨
[2]સહજ બિચારે મૂલ ગવાઇ, લાભ તે હાનિ હોય રે ભાઇ
ઓછી મતિ ચંદા ગૈ અથઈ, ત્રિકુટી સંગમ સ્વામી બસઇ...૩
તબહીં બિસ્નુ કહા સમુજાઇ, મિથુન આઠ તુમ જીતહુ જાઇ
તબ સનકાદિક તત્ત બિચારા, જો ધન પાવહિં રંક અપારા....૪
[3]જો મરજાદ બહુત સુખ લાગા, યહિ લેખૈ સબ સંસય ભાગા
દેખત ઉતપતિ લાગુ ન બારા, એક મરૈ એક કરૈ બિચારા...૫
મુયે ગયે કી કાહુ ન કહી, જૂઠી આસ લાગિ જગ રહી...૬

**સાખી :** જરત જરત સે બાંચહુ [4]કાહે ન કરહુ ગોહારિ
વિષ વિષયા કે ખાયહુ, રાતિ દિવસ મિલિઝારિ

---

૧ 'દરબ' એટલે દ્રવ્ય-ધન. મહાભારતના સમયે મનુષ્યને જેટલી ભૂખ હતી તેટલી મધ્યકાળમાં એટલે કે કબીર સાહેબના કાળમાં પણ હતી અને આજે આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરવાની તૈયારીમાં છીએ ત્યારે પણ ભૂખ છે જ. બલકે ભૂખ પહેલાં કરતા વધી છે એમ કહીએ તો ચાલે ધન મેળવવાની ઇચ્છામાં મનુષ્ય અનેક પ્રકારના અકસ્માતોનો ભોગ બને છે અને મરણને શરણ થઇ જાય છે. છતાં તે કદી વિચારતો નથી કે પોતે શા માટે દોડાદોડ કરે છે? શું ધન મર્યા પછી પણ સાથે આવે છે ખરૂં? ખરેખર તો ધન અહીં જ રહી જાય છે ને મનુષ્ય વિદાય થઇ જાય છે! કબીર સાહેબ જેવા અનેક સંતો ને અનુભવી પુરૂષો મનુષ્યને ચેતવણી આપે છે છતાં તેની જરા પણ અસર મનુષ્યને થતી નથી એ કેટલી બધી કરૂણતા છે. અનુભવી પુરૂષોના વચન પર વિશ્વાસ ન જાગે ત્યાં સુધી બધું વ્યર્થ જ ગણાય. વિશ્વાસ જાગશે ત્યારે જ મનુષ્ય પોતાની દિશા બદલશે.

૨ પોતાના સ્વરૂપનું ભાન તે મનુષ્યનું મૂળ ધન ગણાય. તે ધન મેળવવામાં આવે તો યમનું બંધન છૂટી જાય. જન્મ મરણના ફેરા ટળી જાય પરંતુ ધનના લોભમાં માનવ મૂળ ધન પણ ગુમાવી છે એટલું જ નહીં પણ લાભ થવાને બદલે નુકશાન જ થાય છે. વારંવાર મનુષ્ય શરીર મળતું નથી. આ સોનેરી તક ફરીવાર મળતી નથી એવો વિચાર આવે તો જ નુકશાનને બદલે લાભ મેળવવા તરફ મનુષ્ય ગતિ કરી શકે. મનુષ્ય શરીરમાં બુદ્ધિ ભગવાને આપેલી હોવાથી તેનો ઉપયોગ કરવામાં તેનું કલ્યાણ થાય છે. પશુપંખીમાં બુદ્ધિ નથી તેથી તેઓની પાસે શી અપેક્ષા રાખી શકાય! મનુષ્યની જવાબદારી આ દૃષ્ટિએ પણ વિશેષ પ્રકારની ગણાય. બીજી યોનિમાં સ્વરૂપનું જ્ઞાન મેળવી શકાતું નથી તેથી ઉત્ક્રાંતિ થતી નથી.

૩ વિષ્ણુ ભગવાન ગુરૂના પ્રતીક તરીકે ગણવામાં આવે છે ને સનકાદિ ઋષિઓ શિષ્યોના પ્રતીક તરીકે મનાય છે. ગુરૂના ઉપદેશ પ્રમાણે ચાલવાથી શિષ્યનું કલ્યાણ જ થાય છે તેમાં બે મત નથી. પરંતુ જો શિષ્ય માત્ર તે પ્રમાણે વિચારતો જ થાય, પણ તે પ્રમાણે આદર્શનો અમલ ન કરે તો સમાજમાં ભલે તેની પ્રતિષ્ઠા વધે પણ તેનું કલ્યાણ થતું નથી. ગુમાનમાં તે માને

આ સંસારને પરમાત્માની સાચી વાતમાં વિશ્વાસ નથી કારણ કે સૌને ધન પ્રાપ્તિની લગન લાગી છે. તે ધન ખરેખર અંતે લુપ્ત થવાનું છે, સાથે આવવનું નથી, એવો વિશ્વાસ જાગ્યો નથી-૧,

બધાં જ લોકો આત્મતત્ત્વનું મૂળ ધન ગુમાવીને ચાલ્યા જાય છે. કોઈથી યમરાજની વૃદ્ધિ કાપીને અટકાવી શકાતી નથી આ મનુષ્ય શરીરમાં જ તે શકય છે, બીજી યોનિમાં તે બની શકશે નહિ તે સમજ્યા વિના મોટા મોટા રાજાઓ પણ કર્મનો બોજો લાદીને ચાલ્યા જતા હોય છે-૨.

ભ્રુકુટીમાં વસતા સ્વામી (આત્મદેવ)માં મન લય થવાને બદલે ઓછી બુદ્ધિવાળા લોકોનું મન ઈન્દ્રિયોમાં લય પામે છે તેથી આત્મા રૂપી મૂળ ધન વ્યર્થ ગુમાવવું પડે છે અને પરિણામે લાભ કરતા હાનિ વધારે થાય છે-૩.

તેવી દશામાં વિષ્ણુએ આઠ પ્રકારના મૈથુન પર વિજય પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો. ત્યારે સનકાદિક ઋષિઓએ આત્મતત્ત્વ પર વિચારણા કરીને ગરીબને અપાર ધન મળવાથી આનંદ થાય તેવો પરમાનંદ પ્રાપ્ત કર્યો-૪.

તેવા આનંદ ભોગવનારાથી કીર્તિ પણ વધી અને તેવા પ્રકારના વિચારથી સૌ સંશયો નાશ પામ્યા તેવો સંતોષ પણ અનુભવ્યો પરંતુ જોત જોતામાં તેમનો પણ જન્મ થયો. એક મરે ને એક વિચારે તે પ્રમાણે જન્મમરણના પ્રવાહમાં પ્રવાહિત થયા-૫

જે મરી ગયા તેની વાત કોઈએ યાદ કરી નહિ અને જૂઠી આશામાં તેઓ સૌ સંસારમાં જ રહે છે.

**સાખી :** હે સંસારી જીવો! તમે લોકો રાતદિવસ હળીમળીને વિષયોનું વિષ જ ખાયા કરો છો. શા માટે પરમાત્માની પ્રાર્થના કરતા નથી? માતાના ગર્ભના અગ્નિમાંથી જરૂર બચી જશો.

---

લે છે કે તેને જ્ઞાનની પ્રાપ્તિ થઇ ગઈ છે પણ હકીકતે જુદું જ હોય છે. સમયે તેની કસોટી થાય છે ત્યારે ખબર પડે છે. તેની અધૂરપનો ખ્યાલ આવે છે. સંપૂર્ણ જ્ઞાન આત્મદર્શન વિના મળતું નથી. આત્મદર્શન નિષ્કામ થયા વિના શકય નથી. તેથી કામના વિનાની સ્થિતિ મેળવવા ભગવાનના નામનું સ્મરણ અથવા પ્રાર્થના કરવી આવશ્યક મનાય છે.

૪ ગોહારિ એટલે પ્રાર્થના. ગીતામાં ચાર પ્રકારના ભકતોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અર્થાર્થી, દુઃખાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની આ ચારે પ્રકારના ભકતો પ્રાર્થના દ્વારા પોતપોતાની મનોકામના પૂર્ણ કરે છે. આ ચારે ભકતો પૈકીમાં જ્ઞાની ભક્ત પરમાત્માને વ્હાલો ગણાય છે કારણ કે તે પોતાના મનને ચોવીસે કલાક પ્રભુમાં જોડેલું રાખે છે જ્યારે બાકીના ત્રણે પ્રકારના ભકતો પોતાની મનોકામના પૂર્ણ થતાં જ પરમાત્માને ભૂલી જાય છે. જ્ઞાની જન નિષ્કામ હોવાથી પરમાત્માનો સાચો ભકત બની શકે છે જ્યારે બીજા કામનાવાળા હોવાથી કામચલાઉ ભકત ગણાય છે. કબીર સાહેબ આ પદમાં અર્થાર્થીને ધ્યાનમાં રાખીને સૂચના કરે છે. બીજા એક પ્રસિદ્ધ ભજનમાં પણ કબીર સાહેબ આ અંગે સ્પષ્ટીકરણ કરે જ છે. "સંતત સંપત સુખ કે કારણ, જાસે ભૂલ પરી ભજો રે ભૈયા રામગોવિંદ હરિ!" જ્યારથી સંપત્તિને, ધનને જ માત્ર સુખનું કારણ માન્યું છે ત્યારથી આ જગત અવળે માર્ગે ગતિ કરી રહ્યું છે. સવળે માર્ગે જવું હોય તો તેણે ભગવાનના નામનું સ્મરણ કરવું જ પડશે. ભજો રે ભૈયા રામગોવિંદ હરિ.

# રમૈની-૧૪

બડ સૌ પાપી આહિ ગુમાની, પાખંડ રૂપ છલે નર જાની
બામન રૂપ છલેઉ બલિરાજા, બ્રાહ્મન કીન્હ કવનકો કાજા...૧
બ્રાહ્મન હી સબ કીન્હી ચોરી, [1]બ્રાહ્મણ હી કો લાગલ ખોરી
બ્રાહ્મન કીન્હો ગ્રંથ પુરાના, કૈસહુ કે મોહિ મનુષ્ય જાના...૨
એક સે બ્રહ્મે પંથ ચલાયા, એક સે હંસ ગોપાલ હિ ગાયા
એક સે સિંભુ પંથ ચલાયા, એક સે ભૂત-પ્રેત મન લાયા...૩
એક સે પૂજા જૈનિ બિચારા, એક સે નિહુરિ નિમાજ ગુજારા
[2]કોઈ કાહુ કા હટા ન માના, જૂઠા ખસમ કબીર ન જાના...૪
તન મન ભજિ રહુ મોરે ભકતા, સત્ત કબીર સત્ત હૈ વક્તા
આપુહિ દેવા આપુહિ પાતી, આપુહિ કુલ આપુહિ હૈ જાતી...૫
સર્વ ભૂત સંસાર નિવાસી, આપુહિ ખસમ આપુ સુખબાસી
કહઈત મોહિ ભયલ યુગ ચારી, કાકે આગે કહૌં પુકારી...૬

**સાખી :** સાંચહિ કોઈ ન માનઇ, જૂઠા કે સંગ જાય
જૂઠ હિ જૂઠા મિલિ રહા. અહમક [3]ખેહા ખાય

---

૧ આ આખા યે પદમાં કબીર સાહેબે ઢોંગી ગુરૂઓને લક્ષમાં રાખીને બ્રાહ્મણો પર પ્રહારો કર્યા છે. ભગવાનની વાતો બ્રાહ્મણો કરે તેજ સાચી એવું તે વખતે મનાતું. બ્રાહ્મણ સિવાય કોઇને જ્ઞાનનો જાણે કે અધિકાર જ નહોતો. તેથી બ્રાહ્મણો પર બધો અપયશ ઢોળી દેવામાં આવ્યો છે. બલિરાજા જેવા રાજાને વામન રૂપ ધારણ કરીને બ્રાહ્મણના વેશે ખુદ ભગવાને છેતરામણ કરી હતી તે શું સૂચવે છે? છેતરવાની ઈચ્છા થઇ તો ભગવાને બ્રાહ્મણનું જ રૂપ લેવું પડયું! તેથી બ્રાહ્મણને જશ મળતો નથી એમ સમજવું? ખરેખર બ્રાહ્મણોથી ભલાઈના કામો થયા નથી એમ કેવી રીતે કહી શકાય! અહીં તો કબીર સાહેબે ઢોંગી ગુરૂઓના પ્રતીક તરીકે બ્રાહ્મણોનો ઉપયોગ કર્યો છે ને પોતાની રીતે કડક આલોચના કરી છે. તેઓ સ્પષ્ટ કરવા માંગે છે કે જે સત્ય પરમાત્મા છે તે કદી છેતરવાનું કાર્ય કરતા નથી. છેતરવાની ક્રિયા સાથે તો માત્ર માયાને જ સંબંધ છે. પરમાત્મા તો અનંત શક્તિશાળી છે. તે ધારતે તો સંકલ્પ માત્રથી બલિરાજાને શિક્ષા કરી શકયો હોત!

૨ કબીર સાહેબના સમયે હિન્દુ સમાજ અનેક પંથ સંપ્રદાયોમાં અને જાતિઓમાં વિભક્ત થયેલો હતો. જેણે જેણે પંથ ને સંપ્રદાયો સ્થાપ્યા તેણે તેણે આખા સમાજની કરોડરજ્જુ તોડી નાંખવાનું જ કાર્ય કર્યું છે તેનો અફસોસ આજે પણ આપણને થાય છે. એ રીત રસમને કારણે જ હિન્દુ સમાજ એકતા સ્થાપી શકયો નથી. કબીર સાહેબને પણ આ બાબતમાં રંજ હતો તે આ પદમાં કડક આલોચનાના રૂપે વ્યક્ત થયો જણાય છે. ઘણા યુગપુરૂષોએ અને સંતોએ પોતપોતાના સમયે ઢોંગી ગુરૂઓની સ્વાર્થી નીતિને પડકારી પણ છે અને મનાઈ પણ ફરમાવી છે. પરંતુ કોઇએ પણ તેમની વાત ધ્યાનમાં લીધી નથી તે એક હકીકત છે. પરમાત્મા તો એક જ છે પણ ઢોંગી ગુરૂઓએ પોતાના પેટ ભરવાના H'Hl

તેઓ (ઢોંગી ગુરુઓ) મોટા પાપી ને અભિમાની લોકો છે. તેઓ અનેક પ્રકારના બનાવટી રૂપો ધારણ કરીને ભોળા લોકોને જાણી બૂઝીને છેતરે છે.

વામન રૂપ ધરીને બલિરાજાને પણ છેતર્યો હતો. ખરેખર તે બ્રાહ્મણોએ (ગુરૂઓએ) કોનું પાધરું કામ કર્યું છે?

બ્રાહ્મણોએ જ બધી ચોરી કરેલી. માટે બ્રાહ્મણને જ બધા દોષો લાગ્યા છે.

કોઈપણ પ્રકારે મનુષ્ય સમાજ અમને સમજે એ હેતુથી તેઓએ પુરાણ ગ્રંથોની રચના કરેલી -૨.

એક પુરાણ ગ્રંથને આધારે બ્રહ્માએ પોતાનો કર્મમાર્ગ ચલાવ્યો, એક ગ્રંથને આધારે વિષ્ણુએ વૈષ્ણવોનું ગાન ચાલુ કર્યું, એક ગ્રંથને આધારે શંભુએ શિવપંથની સ્થાપના કરી અને એક ગ્રંથને આદારે ભૂતપ્રેતમાં મન લગાવવાનો ઉપદેશ કોઈએ આપ્યો -૬.

એક ગ્રંથને આધારે જૈનોએ પોતાના વિચારો ફેલાવ્યા, એક ગ્રંથને આધારે કોઈએ નમીને નમાજ પઢવાનું ચાલુ કરાવ્યું. કોઇએ કોઈનું માન્યું નહિ અને કબીરે તો આવા કોઇ જૂઠા ઈશ્વરની વાતોને માની જ નહિ-૪.

માટે હે મારા ભક્તજનો! તમે કબીર જ સત્ય પરમેશ્વરની સત્ય વાતો કહી રહ્યા છે તે સમજીને શરીર અને મનથી હમેશા ભકિત કર્યા કરો. તમે પોતે જ દેવ, પત્ર, વંશ અને ઉત્તમ જાતિ છો-૫.

સત્ય પરમાત્મા તો સર્વ પ્રાણીમાત્રમાં ઠેર ઠેર વ્યાપીને રહેલા છે. તમે પોતે આત્મા સ્વરૂપે ઈશ્વર છો અને નિત્ય સુખસ્વરૂપ છો. આ સત્ય વાત મેં ચારે યુગોથી કરી છે. આજે ખરેખર કોની આગળ તે જ વાત પુકારીને કહું?-૬

**સાખી** : આ જગતમાં સાચી વાત કોઈ માનતું જ નથી, બધાં જૂઠાના સાથીદારો છે. જૂઠાની સાથે જૂઠા મળીને ખરેખર મૂર્ખ લોકો ધૂળ ફાકી રહ્યા છે.

---

વિકસાવવા પરમાત્મા અનેક છે તેવા સ્વરૂપે ભોળા લોકોને સમજાવવા અનેક પંથ-સંપ્રદાયોની સ્થાપના કરી છે ને પોતપોતાની રીતે પોતપોતાનું શાસ્ત્ર પણ રચ્યું છે.

૩ પંથ ને સંપ્રદાયોના મહંતો જે શીખવે છે ને ઉપદેશ આપે છે તે ધૂળ સમાન જ છે. આખરે અનુયાયી વર્ગના હાથમાં કાદવ જ રહે છે. આત્મતત્ત્વનું મોતી તેમને હસ્તગત થતું જ નથી. કારણ કે પંથ ને સંપ્રદાયો ચલાવવા માટે તેમણે માયાવી તરકીબો જ રજૂ કર્યા કીધી હોય છે. ઉત્સવો ને તહેવારો રૂપે ધન જ એકઠું કર્યા કીધું હોય છે. ધન ને સંપત્તિ વધે તેની જ યોજના તેઓએ કરી હોય છે. પરિણામે માયાના ખેલ જ તેમાંથી અનુયાયી પાસે કરાવ્યા હોય છે. એક ગૃહસ્થી પોતાનું ઘર ચલાવવા જેવા પ્રપંચો કરે છે તેવા જ પ્રપંચો મહંતો ને મહાધીશો કરતા હોય છે તેની કોણ ના પાડી શકશે?

માટે આત્મતત્ત્વનું ધન પ્રાપ્ત કરવું હોય તો પંથ સંપ્રદાયોની ભ્રામક વાતોમાંથી પહેલાં તો મુક્ત થવાની આવશ્યકતા છે એવું કબીર સાહેબ અહીં સ્પષ્ટ કરવા માંગે છે.

# રમૈની-૧૫

ઉનઈ બદરિયા પરિગો સંઝા, [1]અગુઆ ભૂલે બનખંડ મંઝા
પિય અંતે ધૂનિ અંતે રહઇ, ચૌપરિ કામરિ માથે રહઇ...૧

**સાખી :** [2]કુલવા ભાર ન લે સકે, કહે સખિન સોં હોય
જોં જોં ભીંજે [3]કામરિ તોં તોં ભારી હોય!

---

૧ એક સુંદર રૂપક દ્વારા કબીર સાહેબે આ રમૈનીમાં સાધકને ઉપયોગી એવી વાત થોડા શબ્દોમાં ઘણી કહી દીધી ગણાય. જીવને વૃદ્ધાવસ્થા દરમ્યાન જ પોતાનાથી થયેલી મોટી મોટી ભૂલોનું ભાન પ્રગટે છે તે એક મોટી કરૂણતા છે. તે અવસ્થામાં એક તો પોતે ખોટા માર્ગદર્શકોના ફંદામાં ફસાયેલો તેનું જીવને દુઃખ હોય છે ને બીજું, પોતે સ્હેજ પણ આત્મકલ્યાણ ન કરી શકવાનો તેની ભારે વ્યથા થતી હોય છે. પોતે પ્રિયતમ પ્રભુથી ઘણા દૂર ફેંકાઇ ગયાનો અનુભવ તેને ખૂબ વ્યથિત કરી નાંખે છે.

૨ વિધ વિધ પ્રકારના વિષય પદાર્થોના ઉપયોગથી માનવના મન અને ઇન્દ્રિયો નિર્બળ બને છે તે એક હકીકત છે. ભારે કાર્ય ન થઈ શકે તે તો સમજ્યા પણ હલકું ગણાતું કાર્ય પણ ન થઈ શકે તે કેવી નિર્બળતા ગણાય? મોજ મઝામાં પડેલા માલેતુજાર લોકોને ઉંબરામાં પડેલા એક નાના પથ્થરને ઉચકવા માટે મજૂરની જરૂર પડતી હોય છે તે આપણે ક્યાં નથી જાણતા? નિર્માલ્ય બનેલું મન ફરિયાદો કરીને થાકી જતું હોય છે!

સાંજ પડી ગઇ અને આકાશ તો કાળાં વાદળોથી છવાઇ ગયું ! આગળ ચાલતા માર્ગદર્શકો જંગલમાં રસ્તો ભૂલી પણ ગયા !

એક બાજુ પ્રિય ને પ્રિયતમા વચ્ચેનું અંતર ઘણું લાંબુ રહી ગયું ને બીજી બાજુ ચાર પડવાળી ઓઢેલી કામળી માથા પર લેવી પડી !

**સાખી :** ફૂલનો ભાર પણ ન સહી શકનારી પ્રેમિકા રડી રડીને પોતાની સખીને ફરિયાદ કરવા લાગી કે જેમ જેમ કામળી ભીની બને છે તેમ તેમ તે તો વધારે ભારે બનતી જાય છે.

---

૩ કેવી સુંદર રૂપક કથા ! અનેક પ્રકારની કામનાઓ અને તે દ્વારા કરેલી ઉપાસનાઓ જીવને આખરે ભારરૂપ જ થઈ પડે છે. સાંજ પડી ગઈ હોય, કાળી ઘનઘોર ઘટાનો વ્યાપી વળેલો અંધકાર ડરાવતો હોય, મૂશળધાર વરસાદથી શરીર કુટવાતું હોય, કહેવાતા ગુરૂઓ પોતે જ ભર જંગલમાં ભૂલા પડીને રસ્તો શોધતા હોય, શરીર પર ઓઢેલી કામળી વરસાદના પાણીથી ભીંજાઇને વજનદાર થતી હોય ત્યારે મુસાફરને કેવી અકળામણના અનુભવ થતો હશે તેનો ખ્યાલ કરી જુઓ. મુસાફરને પોતાની મંઝિલ દૂર તો જણાતી જ હતી તેમાં આવી મુશ્કેલીઓ તેનામાં એવો ઘેરો વિષાદ જગવે છે કે તે પોતે ઉદ્વિગ્ન મન વડે કશી જ પ્રગતિ કરી શકતો નથી. પોતે ઓઢેલી કામળી ભીંજાતી ભીંજાતી પોતાને વજનદાર લાગવા માંડે છે ને છેવટે તેને નીચે બેસાડી દે છે. એક પણ ડગલું પોતે આગળ ન જઇ જકે તેવી સ્થિતિમાં મુકાય જાય છે. તે વખતે તેનું અરણ્ય રૂદન કોણ સાંભળે ! "ચૌપરિ કામરિ" એટલે ચાર પડવાળી કામળી કે જે ઓઢવાથી શરીરનું સંપૂર્ણપણે રક્ષણ થાય છે એવા વિશ્વાસથી મુસાફરીનો પ્રારંભ કરવામાં આવ્યો હોય છે. પરંતુ અંતે તો કામળી રક્ષણ કરી શકતી નથી બલકે તે કામળી ફેંકી દીધા વિના તેનો છુટકારો પણ થતો નથી. કેવી દશા ? કેવી [illegible] ?

## રમૈની-૧૬

ચલત ચલત અતિ ચરણુ પિરાના, હારિ પરૈ તહ અતિ રિસિયાના
ગ ગંધર્વ મુનિ અંત ન પાયા, હરિ [1]અલોપ જગ ધંધે લાયા...૧
[2]ગહની બંધન બાત ન સૂઝા, થાકિ પરૈ તબ કિછુવો ન બૂઝા
ભૂં પરે જીવ અધિક ડરાઈ, રજની અંધકૂપ હોઇ આઈ...૨
મ યા મોહ ઉહાં ભરપૂરિ, દાદૂર દામિની પવનહું પુરી
બરસૈ તપૈ અખંડિત ધારા, [3]રૈનિ ભયાવનિ કિછુ ન અધારા...૩

**સાખી :** સબૈ લોગ જહંડાઇયા, અંધા સબૈ ભુલાન
[4]કહા કોઈ ના માનહીં, એકૈ માહિં સમાન

---

૧ આપણી સ્થૂળ આંખો વડે પરમાત્મા દેખાતા નથી અને સ્થૂળ ઇન્દ્રિયો વડે અનુભવી શકાતા નથી તેથી પરમાત્માને સમજવા અતિ મુશ્કેલ છે. તેથી જ ગીતામાં કહ્યુ છે :

ચરાચર બધા જીવની બહાર અંદર છે,
સૂક્ષ્મ ખૂબ છે એટલે અગમ્ય તે પ્રભુ છે.
સમાન રૂપે સર્વમાં વસી રહ્યા પ્રભુ તે,
તેને જે જોતાં સદા, જોતાં સાચુ તે. (સરળ ગીતા અ-૧૩)

પ્રભુ અગમ્ય છે છતાં તે સર્વમાં સમાન રૂપે રહેલા છે તે એક હકીકત છે. સત્પુરૂષોનો તેવો અનુભવ હોવાથી માન્યતાને ટેકો મળે છે. છતાં પરમાત્માને સમજવા પ્રયત્ન કરનારને પરમાત્માની વાતો સરળતાથી સમજાતી નથી. દેવો. ગાંધર્વો ને મુનિઓ પણ જેના અંત ને આદિ જાણી શકયા નથી તો બનાવટી ગુરૂઓ તો કયાંથી જાણી શકે ને સમજી શકે ? તેવા ગુરૂઓની વાણીમાં શ્રદ્ધા રાખનારા માયાના ફંદામાંથી બહાર નીકળી શકતા નથી તેની ચેતવણી કબીર સાહેબ અહીં આપે છે.

૨ જીવને બંધન જાણે કે ગમી જતું હોય છે. તેથી તેને બંધનમાં પડવાનો સ્વભાવ થઇ જાય છે. મનમાં રહેલી કામના અથવા તો આસક્તિ બંધનનું કારણ છે એમ ઉપનિષદ પણ કહે છે. 'યોગવાસિષ્ઠ'માં પણ ગુરૂ વસિષ્ટે માર્ગદર્શન આપતાં કહ્યું છે કે

સુચિરાભ્ય સ્તભાવં તુ વાસના ખચિતં મન : ।
યત્ર તત્ર ભ્રયત્ સ્વર્ગ નરકાદિ પ્રપશ્યતિ ।।

અર્થાત્ વાસનાથી કે કામનાથી ભરેલું મન જીવને અહીં તહીં કે સ્વર્ગ નરકના મિથ્યા સુખદુ:ખોમાં ભમાવ્યા કરે છે. તેથી મનમાં ઉદ્‌ભવતી કામનાને નિર્મૂળ કરવાની ખાસ જરૂર છે. મન કામના રહિત બને તો જ સ્થિર બની શકે ને પરમાત્માનો અનુભવ કરી શકે. ને તો જ મુકિતનું સુખ પણ પામી શકે. તેથી ગુરૂ વસિષ્ટે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે :

ચાલતા ચાલતા પગો ખૂબ દુ:ખવા લાગ્યા અને થાકીને જયારે પડી જવાયું ત્યારે જીવને ક્રોધ ચઢયો. દેવો, ગંધર્વો ને મુનિઓ જેના આદિ ને અંત જાણી શકયા નથી એવા અદષ્ટ હરિ વડે આખું જગત ઉપાધિમાં પડયું-૧.

બંધનમાં પડવાની ટેવ પડી ગયેલી હોવાથી બંધન ગહન છે તેની સૂઝ પડી નહીં. થાકીને પડી જવાયું ત્યારે પણ કોઇને તે અંગે સમજ પડી નહીં. ભૂલ થઈ જાય ત્યારે જીવ ખૂબ ગભરાય છે. અજ્ઞાન રૂપી અંધારી રાત અંધારા કુવા જેવી ભયાનક લાગે છે-૨.

એવી અજ્ઞાન રૂપી અંધારી રાતમાં માયા ને મોહનો ખૂબ પ્રભાવ પથરાયેલો હોય છે. દેડકાંઓનું રૂદન, વીજળીના ચમકારા ને પવનના સુસવાટા ત્યાં પૂરતા પ્રમાણમાં હોય છે. ત્યાં તાપની ગરમી અને અખાડ વરસતી વરસાદની ધારા વડે રાત્રી, બચવાનો કોઇ આધાર ન જણાતાં ખૂબ ભયંકર લાગે છે.

**સાખી :** એક જ માયાના લતે આંધળા બનેલા સર્વ લોકો માયાથી છેતરાયા હોય ત્યાં અમારા જેવાનું કહેલું કોઇ માનતું નથી તે એક (દુ:ખદ) હકીકત છે.

---

સ્વયં કર્મ કરોત્યાત્મા સ્વયં તત્ફલમશ્નુતે ।
સ્વયં ભ્રમતિ સંસારે સ્વયં તસ્માત્ વિમુચ્યતે ।।

મનમાં રહેલી વાસના જીવને કર્મમાં જોડે છે ને તે કર્મનું ફળ જેવું મળે તેવું તે ભોગવે છે. એવાં કર્મ કરેલાં હોય તો સંસારમાં ડૂબે પણ ખરો ને એવાં કર્મ કરેલાં હોય તો મુકિત પામે ય ખરો. ગીતા પણ કહે છે કે

કર્મ અને કર્તૃત્વ ને કર્મફળ તણો યોગ,
પ્રભુ કરે નહીં, એ બધો પ્રકૃતિનો છે ભોગ.
પાપ પુણ્ય કોઇ તણું ઇશ્વર ના ખાયે
જીવ ભર્યા અજ્ઞાનથી તેથી મોહાયે. (સરળ ગીતા અ-૫/૧૪-૧૫)

૩ આગલી રમૈનીનું રૂપક આ રમૈનીમાં પૂર્ણ પણે ખીલ્યું હોય તેમ જણાય છે. માયા ને મોહ અંધારી રાત્રીની ભયાનકતાના સર્જક પરિબળો છે. પતન પામેલા જીવોનુ વ્યથાપૂર્ણ રૂદન, ઢોંગી ગુરૂઓના આંખને આંજી દેનારા ચમકારાઓ અને કામના-વાસનાના તાંડવ તોફાનો ઊભા કરતા પવનો ભયંકરતાને વધારી દેતા હોય છે. દુ:ખોના અગ્નિની અસહ્ય ગરમી અને વ્યથાપૂર્ણ વેદનાનો વરસાદ જયાં સતત થયા કરતો હોય ત્યાં જીવની શી દશા થાય ! જીવને ત્યાં કોણ બચાવે ? ઢોંગી ગુરૂઓ પર વિશ્વાસ રાખવાથી તો એવી દશા થઇ !

૪ સત્પુરૂષોના વચનો પર શ્રદ્ધા જ કયાં છે ? આ જગતમાં તો જૂઠા લોકોની જ બોલબાલા છે. સાચું કહેવા જાય તો તે વ્યકિત ફાંસીને માચડે ચઢે છે. ઈસુ જેવાને તો જીવતા ખીલા ઠોકી દેવામાં આવ્યા છે. આ જગતના લોકો તો નિષ્ઠુર છે. તેઓને સત્યની કાંઈ ગમ જ નથી. અજ્ઞાનની અવસ્થામાં જ જન્મે છે ને મરે છે. કબીર સાહેબની વ્યથા સાખીમાં બહુ જ સચોટ રીતે વ્યકત થઈ છે.

## રમૈની-૧૭

જસ જીવ આપુ મિલૈ અસ કોઇ, બહુત[1] ધર્મ સુખ હિદયા હોઈ
જાસોં બાત રામકી કહી[2], પ્રીતિ ન કાહૂ સોં નિરબહી-૧
એકૈ ભાવ સકલ જગ દેખી, બાહર પરૈ સો હોય[3] બિબેકી
વિષય મોહકે ફંદ છુડાઈ, જહઁા જાય તહઁા કાલ કસાઇ-૨
અહૈ[4] કસાઈ છૂરી હાથા, કૈસહુ આવૈ કાટોં માથા
માનુષ બડા બડા હોય આયા, એકૈ પંડિત સભૈ પઢાયા-૩
[5]પઢના પઢહુ ધરહુ જનિ ગોઇ, નહિ તો નિશ્ચય જાહુ બિગોઇ-૪

**સાખી** [6]સુમિરન કરહૂ રામકા, છાંડહુ દુઃખકી આસ
તર ઉપર ધરિ ચાપિહૈં, કોલ્હૂ કોટિ પચાસ

---

૧ કબીર સંપ્રદાયના કેટલાક વિદ્વાનો ધર્મ શબ્દ દ્વારા ધર્મદાસને સંબોધન કરવામાં આવ્યું છે એવું પુરવાર કરવા પ્રયત્ન કરે છે. કબીર સાહેબ ધર્મદાસને આ જ પદમાં શા માટે યાદ કરે? બીજા કોઇ પદમાં ઉલ્લેખ પણ પ્રાપ્ત થતો નથી. વળી ધર્મદાસ અને કબીર સાહેબના સમયમાં પણ મોટું અંતર હોવાનું સાબિત થયું છે. નહીં તો યે દોઢસો વર્ષના સમય ગાળાનું અંતર હતું એવું મનાય છે. તેથી ધર્મદાસને સંબોધન કર્યું હોય એવું માની શકાય એમ નથી. અહીં ધર્મ શબ્દનો વિશેષ અર્થ કર્યો હોય એમ જણાય છે. અમરકોશને આધારે વિચારીએ તો ધર્મ શબ્દના અનેક અર્થ થાય છે. તેમાં પુણ્ય પણ એક અર્થ થાય છે. અહીં પુણ્યની ભાવના અભિપ્રેત હોય એમ જણાય છે.

૨ વિષય પદાર્થોને પોતાની કામનાની પરિતૃપ્તિ માટે મેળવવાની હંમેશા પેરવી કરનારા જીવોને રામતત્ત્વ વિશદતાથી સમજાવવામાં આવે તો પણ તેઓના હૃદયમાં રામ વિષે પ્રીતિ જન્મતી નથી એ એક હકીકત છે. રામ-કથા અનેકવાર સાંભળી હોવા છતાં આપણા હૃદયમાં પણ રામ વિષે પ્રીતિ ક્યાં જન્મી છે? મન જ્યાં સુધી વિષય પદાર્થોની કામનાથી ભરેલું હોય ત્યાં સુધી કથા શ્રવણની ખાસ અસર થતી નથી. મનમાંથી કામનાઓ ખાલી થાય તો જ જીવ પરમાત્મા તરફ અભિમુખ થાય ને પ્રીતિ જન્મે.

૩ વિવેકી પુરૂષ તેને જ કહેવાય કે જેને સારા નરસાનું, સાચા ખોટાનું, હિત અહિતનું ભાન હોય છે અને જે સત્ય છે તેને પામવાની કોશિશમાં રહે. સમસ્ત જગતમાં માયાનો એક સરખો પ્રભાવ પથરાયલો હોવા છતાં જ્યારે વિવેક જાગે છે ત્યારે હૃદયમાં માયા મોહની પકડ જરૂર ઢીલી પડે જ છે તે પણ એક હકીકત છે.

(અવિવેકી) જીવને તેના જેવો બીજો કોઇ (અવિવેકી) જીવ મળે તો તેને તે મોટું પુણ્યકાર્ય મ નતો હોવાથી હૃદયમાં સુખનો અનુભવ કરે છે. તેવા ર કીને મેં જેને જેને રામની વાત કહી છે તેનં તેને રામ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો નથી જાણાતો–૧

આખું જગત એક જ માયાવી ભ્રાત્રમાં ડૂબેલુ' જણાય છે. ભાગ્યે જ કોઇ તે ભાવથી અલિપ્ત થઇ પોતાને વિવેકી ગણાવે છે. તેવો વિવેકી પુરુષ પોતાની જાતને વિષયના મોહના ફંદામાંથી મુક્ત કરે છે ખરો પરંતુ કસાઈ જેવા ગુરુના હાથમાં ફસાય જાય છે-૨

એવા ગુરુઓ કસાઈરૂપી છરી હાથમાં રાખીને બેઠા હોય છે. જેવા કોઇ આવે તેવા જ તેઓ તેનું માથુ જ કાપી નાંખે છે. તેઓ મોટા બનીને જગતમાં આવે છે પણ એક જ પંડિતે સૌને ભણાવ્યા લાગે છે-૩

વાંચવાને જાણવા જેવા (વેદ ઉપનિષદ આદિ) ગ્રંથો વાંચો ને ભણો અને જે કાંઇ જાણ્યુ' હોય તે છૂપાવીને ન રાખતાં બીજાને શીખવો, નહિ તો ખરેખર બધું જ નષ્ટ થઈ જશે-૪

**સાખી :** સુખદુ:ખની આશા છોડીને રામ તત્ત્વનું નિત્ય સ્મરણ કરો, નહીં તો કાળરૂપી કોલુ, નીચે અને ઉપર બે પથ્થરોની વચ્ચે ક્ષણમાં ચગદી નાંખશે.

---

૪ વિવેકી પુરૂષ સ્વતઃ માયા ને મોહના ફંદામાંથી પોતાની જાતને મુક્ત કરવા ગંભીરપણે મહેનત કરે છે. તેને થોડી સફળતા મળે પણ ખરી પરંતુ જગતમાં કસાઇ જેવા ઘાતકી બનાવટી ગુરૂઓ અનેક હોવાને કારણે તેના પ્રભાવ હેઠળ તરત જ તે પુરૂષ આવી જતો હોવાથી તેના હૃદયમાં જાગેલો વિવેક બહુ ફળદાયી નીવડી શકતો નથી. તેવા ગુરૂઓ પોતાના શિષ્યોની સંખ્યા વધારવા લાલચ ભરેલી માયાજાળ ફેલાવતા જ રહે છે. અનેક શિષ્યો તે માયાજાળના શિકાર પણ બને છે. મોટા નામવાળા ખૂબ પ્રતિષ્ઠા પામેલા ગુરૂઓ પણ શિષ્યોને મૂડવા સિવાય બીજું કશું કરતા નથી.

૫ શુદ્રોથી ને સ્ત્રીથી વેદ ન વાંચી શકાય અથવા તો વેદનું જ્ઞાન ન લઇ શકાય એવી માન્યતાનું અહીં ખંડન કરવામાં આવ્યું હોય એમ લાગ્યા વિના રહેતું નથી. જાણ્યા પછી બીજાને તે કહેવાય પણ નહિ એવી પ્રથાનું પણ અહીં ખંડન કરવામાં આવ્યું છે. કબીર સાહેબ તો કહેવા માંગે છે કે શીખવા જેવું બધું જ શીખી લેવું જોઇએ ને એ બાબતમાં સૌને સરખી તક મળવી જોઇએ. શીખી લીધા પછી તે સર્વને જણાવવાની અને શીખવવાની મહેનત પણ કરવી જોઇએ ને તો જ જ્ઞાનનો ફેલાવો પણ થઇ શકે.

૬ ભગવાનના નામના સ્મરણનો મહિમા આ પદમાં ગાવામાં આવ્યો છે. સ્મરણ પણ બે પ્રકારે થતું હોય છે. એક તો મોઢેથી બોલીને અને બીજું તો મન દ્વારા. મનથી કરેલું સ્મરણ વધારે અસરકારક બને છે એવું અનુભવી પુરૂષોનું કહેવું છે. છતાં સ્મરણનો બીજો પ્રકાર નકામો છે એવું કહી શકાતું નથી. બંને પ્રકારના સ્મરણથી જીવના હૃદયમાં શુદ્ધિયજ્ઞ ચાલુ જ રહે છે ને આખરે પરિણામે પરમાત્માની અનુભૂતિ અવશ્ય થાય જ છે. સ્મરણ ન કરે તેવા મન વડે કલ્યાણ માર્ગ પર પ્રવાસ થઈ શકે નહિ.

## રમૈની ૧૮

[1]અદભુદ પંથ બરનિ નહિ જાઇ, ભૂલે રામ ભૂલિ [2]દુનિયાઇ
જો ચેતહુ તો ચેતહુ રે ભાઇ, નહિ તો જીવહિં જમ લે જાઇ–૧

સબ્દ ન માનૈ કથઈ જ્ઞાના, તાતે જમ દીયો હૈ થાના
[3]સંસૈ સાવજ બસૈ શરીરા, તિન ખાયો અનબેધલ હીરા–૨

**સાખી :** સંસય સાવજ દેહમેં, ખેલૈ સંગ [4]જુઆરિ
ઐસા ઘાયલ બાપુરા, જીવ હિં મારૈ ઝારિ.

---

૧ અદ્દભૂત પંથ એટલે અનેક સંપ્રદાયોમાં વહેંચાયલો મોક્ષનો માર્ગ. કોઈ કર્મથી જ મુક્તિ મળે છે એમ કહે છે તો કોઈ ભક્તિથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કહે છે. વળી ત્રીજા જ કોઇ જ્ઞાન વિના મુકિત નથી એવું સાબિત કરવા પ્રયત્ન કરે છે. ખરેખર મુકિત માટે એક માત્ર કર્મ પણ ઉપયોગી નથી અને એકલી ભકિત કે જ્ઞાન પણ પૂરતાં ગણાય નહિ. ત્રણેનો સમન્વય જીવનમાં સુખશાંતિને ખેંચી લાવે છે અને સમ્યક પ્રકારે મુક્તિ પ્રાપ્ત થાય છે.

૨ ભૂલિ દુનિયાઇ એટલે દુન્યવી વ્યવહાર પણ યોગ્ય રીતે તેવા સંપ્રદાયોમાં બદ્ધ થયેલા જીવો સાચવી શકતા નથી. ખરેખર તો જે રામને ભૂલે છે તે સર્વસ્વને ગુમાવે જ છે. પંથની કંઠી પહેરી હોય તેવા જીવો કાયમને માટે બંધનમાં પડે છે. કારણ કે કયું સાચું ને કયું ખોટું તે સાચવવામાં જીવ ગૂંચવાય છે ને આખરે અનેક પ્રકારના પ્રપંચો ખેલે છે. માણસાઇનો પણ ધ્વંસ થતો રહે છે. ભાઇ સાથે ભાઈ કે પિતા સાથે પુત્ર પણ સરખો વ્યવહાર અથવા તો સદ્વ્યવહાર જાળવી શકતો નથી. એના કારણ તરીકે સંશય રૂપી પંખીને કબીર સાહેબ જવાબદાર લેખે છે.

૩ જયાં સુધી મન સંશય ગ્રસ્ત હોય છે ત્યાં સુધી વિકાસના પંથે પ્રયાણ પણ થઈ શકતું નથી. ગીતા પણ કહે છે કે

અવિશ્વાસ શંકા હશે તે તો નષ્ટ થશે,
આ જગમાં તેને નહિ કોઇ સુખ મરશે. ( સરળ ગીતા અ–૪ )

શંકાગ્રસ્ત મન અશુદ્ધ ગણાય. ભગવાન પાસે પહોંચવા માટે તો શુદ્ધ મન જ જવાબદાર છે. શંકા વિહોણી મનની સ્થિતિ શુદ્ધ ગણાય. બેધલ હીરા

મોક્ષમાર્ગના અદભૂત પંથનું વર્ણન થઈ શકે એમ નથી કારણ કે તે પરમ તત્ત્વ રામને ભૂલાવે છે અને સાથે સાથે દુનિયાના સદ્વ્યવહારને પણ ભૂલાવે છે. તેથી ચેતવું હોય તો હે સાધક ભાઈબ્હેનો ચેતી જજો, નહિ તો યમ લઈ જ જશે–૧

સત્પુરૂષોના ઉપદેશને તો તેવા લોકો માનતા જ નથી બલકે પોતે જ્ઞાની હોવાનો ખેલ રચે છે તેથી તેનામાં યમરાજે બરાબર પોતાનું સ્થાન જમાવી દીધું છે–૨

**સાખી :** આ શરીર રૂપી પીંજરામાં શંકારૂપી શિકારી રહેલો છે ને જીવ તેની સાથે જુગાર રમવા મંડી પડે છે. શિકારીની લાલચમાં ફસાયલો બીચારો જીવ પુષ્કળ માર ખાય છે.

---

એટલે પાસા પાડયા વિનાના હીરા. જ્ઞાન, ભકિત ને કર્મથીજ હીરા પર પાસા પડે છે અને આ જગતના બજારમાં તેનું મૂલ્ય નક્કી થાય છે. તેથી શંકાખોર માનસ આત્મવિકાસ માટે બાધક છે.

૪ શંકાખોર માનસ મનની અશુદ્ધ અવસ્થા ગણાય છે. તેવી અવસ્થામાં કોઇને પણ સુખ પ્રાપ્ત થતું નથી. શંકા કુશંકા ઉદ્દભવતી રહે ત્યાં સુધી મનને જંપ વળતો નથી. તેવી સ્થિતિમાં હાથમાં આવેલી બાજી પણ એળે ચાલી જાય છે. જીવે જેનાથી સુખ મળશે એવું વિચારેલું હોય તેનાથી સુખને બદલે દુઃખ જ મળતું હોય તો તેનો જુગાર જીવને ભારે પડી જાય છે. આત્મા રૂપી હીરાને પાસા પાડવા માટે તેવી ભૂમિકા યોગ્ય ગણાતી નથી. સ્થિર મન વડે જ આત્મારૂપી હીરાને પાસા પડે છે અને અતિ કિમતી ગણાય છે. તેવી સ્થિતિનું વર્ણન કરતા ગીતા કહે છે.

શંકા છોડી જેમણે તજયું વળી અભિમાન,
તેને બાંધે કર્મ ના થયું જેમને જ્ઞાન. (સરળ ગીતા અ–૪)

અર્થાત્ જ્ઞાન-ભક્તિ ને કર્મનો સમન્વય માનવજાતિને અતિ ઉપયોગી છે એવું કબીર સાહેબ અહીં ભારપૂર્વક કહેવા માંગે છે. એકલો કર્મકાંડ નહીં, એકલી ભકિત નહીં અને એકલું માત્ર જ્ઞાન નહીં, ત્રણેનો સમન્વય જ માનવ જીવનને પ્રયાગ બનાવી શકે એવી કબીર સાહેબની વાણી વીસમી સદીના અંત ભાગે પણ સાચી જ લાગે છે.

## રમૈની-૧૯

[1]અનહદ અનુભવકી કરિ આસા, દેખો યહ [2]વિપરીત તમાસા
ઇહૈ તમાસા દેખહુ ભાઈ, [3]જહૅવા સુન્ન તહૅા ચલિ જાઇ-૧

સુન્નહિં બાંછા સુન્નહિં ગયઉ, હાથા છોડી બેહાથા ભયઉ
સંસય-સાવજ સબ સંસારા, કાલ અહેરી સાંજ સકારા-૨

**સાખી :** સુમિરન કરહુ રામકા, કાલ ગહે હૈ કેસ
ના જાનૌ કબ મારિ હૈ,[4] કા ઘર કા પરદેશ.

---

૧ અનહદનો અનુભવ એટલે અનાહત શબ્દનો અનુભવ. સાધકને પોતાની સાધનાના પરિણામ સ્વરૂપે અનાહત શબ્દ સંભળાતો હોય છે. તે શબ્દ એક સરખી રીતે એકધારો સંભળાતો હોવાથી એને અનાહત કહેવામાં આવે છે. આ અનાહત શબ્દનું શ્રવણ ખૂબ જ મધુર લાગતું હોવાથી યોગીઓ તેમાં આસકત બની જાય છે. દસ પ્રકારના શબ્દના નાદો શાસ્ત્ર-ગ્રંથોએ વર્ણવ્યા છે. ચિણિ, ચિંચિણી, ઘંટનાદ, શંખ, તંત્રા, તાલનાદ, વેણુ, મૃદંગ, ભેરીનાદ. આવા દસ પ્રકારે શબ્દના નાદ સાંભળવા યોગીઓ પરમાત્માને પણ ભૂલી જાય છે.

૨ વિપરીત તમાસો એટલો એકદમ ઉલટો દેખાવ. જીવ પોતે ચેતન સ્વરૂપ છે, પરમાત્મા સ્વરૂપ છે તે ભૂલી જતો હોય છે. પોતાના સ્વરૂપને ઓળખ-નાર યોગી પોતાને સંભળાતા માયાવી દસ પ્રકારના અનાહત નાદમાં આસકત બને જ નહીં. જે યોગીઓ માત્ર નાદ શ્રવણને જ મહત્ત્વ આપે છે તે યોગીઓ સરળતાથી આસકત બની જાય છે. નાદ શ્રવણની લોલુપતામાં પોતે પોતાના ચેતન સ્વરૂપને સદંતર ભૂલી જાય છે એ હકીકતનું વર્ણન કબીર સાહેબ વિપરીત તમાસા શબ્દ દ્વારા સચોટ રીતે કહે છે.

૩ સાધના દરમ્યાન નાદ સંભળાય તે સાહજિક ક્રિયા છે. નાદ સાંભળવો કાંઈ ગુનો નથી. પરંતુ તે નાદ શ્રવણની એક અવસ્થા જ છે એવું સમજવાની જરૂર છે. સાધકની આધ્યાત્મિક યાત્રા ત્યાં અટકી ન જવી જોઇએ. નાદ શ્રવણ તો માત્ર પોતાની આધ્યાત્મિક પ્રગતિની નિશાની છે એવું સમજનારા યોગીઓ નાદ શ્રવણની અવસ્થાને ઓળંગી જઈ શકે છે. પોતાની આધ્યા-

હે ભાઈઓ! અનાહત શબ્દના ઉપાસક યોગી લોકોનો વિપરીત તમાશો તો જુઓ. પોતે સ્વયં ચેતન સ્વરૂપ રામ નામનું સ્મરણ છોડીને અચેતન ગાજાના અનાહત શબ્દની આશામાં સાધનાગ્રસ્ત રહે છે. ખરેખર તેઓ જ્યાં ચેતનતત્ત્વનો અભાવ છે ત્યાં જ ચાલ્યા જાય છે-૧.

શૂન્યની ઈચ્છા કરાવવામાં શૂન્યમાં છેવટે ચાલ્યા જાય છે. પોતે પરમાત્માનો આધાર છોડીને નિરાધાર બની જાય છે. આખી દુનિયા સંશયનો શિકાર બને છે તેથી કાળરૂપી પારધી રાતદિવસ તેની પાછળ પડે છે ૨

**સાખી :** કાળરૂપી પારધીએ તમારી ચોટલી પોતાના હાથમાં પકડી રાખી છે. તે ક્યારે તમને મારી નાંખશે; ઘરમાં મારી નાંખશે કે પરદેશમાં મારી નાંખશે, તે કહી શકાય એમ નથી માટે હમેશા રામનું નિત્ય સ્મરણ કરો,

---

ત્મિક યાત્રા આગળ ને આગળ ચાલુ રાખી શકે છે. તેવા યોગીઓને સ્પષ્ટ સમજ છે કે આ નાદ શ્રવણ તો એક પ્રાકૃતિક અવસ્થા માત્ર છે. નાદ તો અચેતન પ્રકૃતિનું જ પરિણામ ગણાય છે. તેમાં આસક્ત થવાથી યોગી પોતાની આધ્યાત્મિક યાત્રા અટકાવી દે છે. પરિણામે તેવા યોગીઓનો અંત પ્રકૃતિમાં જ લય થવાથી પરમાત્મ દર્શન વિનાનો થાય છે. પરમાત્માના સાક્ષાત્કાર વિના સાધના અધુરી જ રહે છે. અહીં શૂન્ય એટલે ચેતન તત્ત્વનો અભાવ. તેવી સ્થિતિ એટલે પ્રકૃતિમાં જ લય પામવું. પ્રકૃતિમાં લય પામેલા યોગીઓ ફરીથી જન્મમરણના ફેરામાં અટવાવા લાગે છે.

૪ મનુષ્યનો અંત ક્યારે ને ક્યાં આવે છે તે કોણ જાણતું હોય છે? મૃત્યુ ગમે તેનું થતું હોય છે ને ગમે ત્યારે થતું હોય છે. ગરીબ હોય કે તવંગર હોય, બાળક હોય કે યુવાન મૃત્યુ કોઈના તરફ પક્ષપાત કરતું નથી. ઘરમાં હોય કે બહાર હોય, દેશમાં હોય કે પરદેશમાં હોય મત્યુ કોઈની પરવાહ કરતું નથી. જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્ય થાય જ છે એમાં લેશમાત્ર પણ શંકા કરવાની જરૂર નથી. શંક-કુશંકાના વમળમાંથી બહાર નીકળીને મનુષ્યે બુદ્ધિપૂર્વક વિચાર કરવાની જરૂર છે. પોતે માનવ તરીકે જ શા માટે જન્મ્યો? શા માટે આ જ ઘરમાં ને આ જ મા-બાપના કૂખે જન્મ્યો? શા માટે બળદ કે હાથી કે કૂતરા કે સાપ રૂપે નહિ? આવા વિચારો કરનારને જ આખરે માનવ જન્મ સોનેરી અવસર તરીકે સમજાય છે ને તેવા જ માનવો હંમેશ રામના સ્મરણમાં નિમગ્ન બને છે.

## રમૈની-૨૦

અબ કહુ રામ નામ અવિનાસી, હરિ તજિ જિયરા કતહું ન જાસી
જહાં જાહુ તહાં હોહુ પતંગા, અબ જનિ જરહુ સમુજિ વિષસંગા-૧

રામ નામ લૌલાય સુ લીન્હા, [2]ભ્રિંગી કીટ સમુજિ મન દીન્હા
ભવ અતિ ગરૂવા [3]દુઃખ કરી ભારી, કરુ જિય જતન જૂ દેખુ વિચારી-૨

મન કી બાત હૈ [4]લહરિ બિકારા, તુહિ નહિ સૂઝે બાન ન પારા-૩

**સાખી :** ઇચ્છા કે ભવ સાગરે, બોહિત રામ અધાર
કહૈ કબીર હરિ સરન ગહુ, [5]ગોવચ્છ ખુર વિસ્તાર.

---

૧ જીવ પોતે ભગવાનનો અંશ છે તે ભૂલી જાય છે. તેથી જ તે ભગવાન સિવાયની વાતોમાં રમમાણ રહે છે. જુદા જુદા વિષય પદાર્થોની પ્રાપ્તિ માટે તે પોતાનું સમસ્ત જીવન વેડફી નાંખે છે. ચોવીસે કલાક વિષય પદાર્થોની સ્મૃતિમાં પરમાત્માની સ્મૃતિ જાગતી નથી. તેને યાદ આવતું જ નથી કે પોતે આત્મસ્વરૂપ છે, પોતે ભગવાનનો પ્રતિનિધ છે ! હવે ફરીથી આ વેળા માનવનો જન્મ મળ્યો છે તો હે જીવ ! તું ચેતી જા અને પોતાના સ્વરૂપને ઓળખી લે. વિષય પદાર્થોમાંથી મનને હટાવી હટાવી લે ને અવિનાશી રામનાં જોડી દે ! વિષય-વાસના વિનાનું મન જ રામ નામનાં લીન થઈ શકે છે તે સત્ય તરફ કબીર સાહેબ અંગુલિ નિર્દેશ કરે છે.

૨ કીટ ભ્રમટ ન્યાય એટલે તન્મયતાથી પ્રાપ્ત થતી સિધ્ધિનો સિદ્ધાંત. કીટ એટલે કીડો અથવા ઇયળ. ભમરી તે ઈયળને પોતાના ઘરમાં પૂરી રાખે છે ને થોડી થોડી વારે તેને ડંખ માર્યા કરે છે. જેટલી વાર ડંખ મારે તેટલી વાર તે ઇયળ ભમરીનો જ વિચાર કરે છે. આ રીતે વારંવાર એક જ પ્રકારની ક્રિયાથી તે ઈયળ ભમરીના વિચારોમાં તન્મય બની જાય છે ને અંતે ઈયળ પોતે જ ભમરી બની જાય છે. જીવ એવી જ કાળરૂપી પારધીનો વિચાર કરી રામના નામનું સ્મરણ-ચિંતન કર્યા કરે તો તે પોતે રામમય બની જાય છે. તેને પોતાના સ્વરૂપનો સંપુર્ણ ખ્યાલ આવી જાય છે

હે જીવ! હવે તો અવિનાશી રામનું નામ તો લે, હવે હરિને છોડીને ક્યાંય પણ જઈશ નહિ. તું જ્યાં જશે ત્યાં વિષયના સંગમાં પતંગની માફક બળી મરશે. માટે હવે વિષયનો સંગ કરી બળી મરીશ નહિ–૧

જે રામ નામમાં પ્રેમપૂર્વક લીન બની જાય છે તે કીટ ભ્રમર ન્યાય પ્રમાણે તેનું મન રામમય થઈ જતું હોવાથી તે સાક્ષાત રામ બની જાય છે. સંસાર સ્વભાવે જ ભારી મનાયો છે તેમાં દુ:ખો ઉમેરાતાં વધારે ભારી બની જાય છે. માટે હે જીવ! જરા વિચાર કરીને જે કાંઇ કરવું ઘટે તે કર–૨

આ તો મનની વાત છે કે જ્યાં વૃત્તિઓ રૂપી લહરીના વિકારો પેદા થયા જ કરે છે. તેનો કોઈ અંત જ નથી. હે જીવ! શું તને એટલી પણ સમજ પડતી નથી?-૩

**સાખી :** ઈચ્છામાંથી પેદા થયેલા આ સંસારરૂપી સાગરમાં રામનામનો આધાર જ નાવડી સમાન છે. માટે કબીર કહે છે કે હે જીવ! તું રામનું શરણ પકડી લે કે જેથી આ સંસાર ગાયના પગની ખરી જેવડો નાનો તરી શકાય તેવો લાગશે.

---

૩ સંસાર સ્વભાવે ભારી ગણાયો છે. જ્યાં સુધી મનનું અસ્તિત્વ છે ત્યાં સુધી સંસાર ભારી જ લાગશે. અનેક વાસનાઓ–ઈચ્છાઓ મનમાં પેદા થતી રહે છે ને પરિણામે જીવ તેને મેળવવામાં પોતાની પ્રવંચી જાળ ફેલાવે છે. તેને જ આપણે સંસાર કહીએ છીએ. આ જ વાસના-ઈચ્છાએ.થી સંસાર ભારેખમ બની જાય છે. વાસના–ઈચ્છા અનુસાર જીવ અહીં તહીં ભટકી અનેક પ્રકારના પ્રયત્નો કરે છે ને પરિણામે દુઃખોની જ પ્રાપ્તિ કરે છે. સુખ મળેલું જણાય છે પણ તે તો ક્ષણિક જ! ક્ષણવારમાં તો તે જ સુખ દુઃખમાં પલટાય જાય છે. આ પ્રકારના દુઃખોથી પણ સંસાર વધારે પડતો ભારી બની જતો હોય છે.

૪ મન સ્થિર હોય તો મનમાં સંકલ્પ-વિકલ્પ જાગતા નથી. કોઈ વૃત્તિ કે વિચારો ઉદ્‌ભવતા નથી. પરંતુ અસ્થિર મનમાં જ વૃત્તિઓના તરંગો પેદા થયા કરે છે તે એક હકીકત છે. બલકે વૃત્તિઓના તરંગો પેદા થાય એ જ મનનો વિકાર છે. એવા જ મનને સંતો અશુધ્ધ મન કહે છે. મનની અશુધ્ધિ સમજી લેવામાં આવે તો સંસાર સરળ બની જાય છે.

૫ ગો એટલે ગાયને વચ્છ એટલે વાછરડો. ખુર એટલી ખરી. ગાયના વાછરડાની નાની ખરી જેવો સંસાર, સરળતાથી તરી શકાય એવો બની જાય છે તે મનની ઊંચી અવસ્થાનો નિર્દેશ કરે છે. મન સ્થિર બને તો સંસાર સાગર તરી શકાય તેવો જણાય છે. સ્થિર ન બને ત્યાં સુધી સંસાર ખુબ જ વિશાળને અઘરો લાગે છે.

# રમૈની-૨૧

બહુત દુઃખ હૈ દુઃખકી ખાની, તબ બચિહો જબ રામહિં જાની
રામહિં જાની[1] જુકિત જો ચલઈ, જુકિત હિં તે ફંદા નહિ પરઈ-૧
જુકિતહિં જુકિત ચલા સંસારા,[2] નિશ્ચય કહા ન માનુ હમારા
કનક કામિની ઘોર પટોરા, સંપતિ બહુત રહૈ દિન થોરા-૨
[3]થોરહિ સંપતિ ગૌ બૌરાઈ, ધરમરાયકી ખબરિ ન પાઇ
દેખિ ત્રાસ મુખ ગૌ કુંભિલાઇ, અમ્રિતધોખે ગૌ વિષ ખાઈ-૩

**સાખી** : મૈં સિરજોં, મૈં મારહૂ, મૈં જારો, મૈં ખાંવ
જલથલમેં હી રમિ રહોં મોર [4]નિરંજન નાંવ

---

૧ યુકિતપૂર્વક ચાલવું જો ભગવાનનો ભકત હોંશિયાર ગણાય છે. આપણે ત્યાં ભગવાનનો ભકત એટલે ભોળો, ઓછું સમજનારો, મુફલિસ જેવો હશે એવી કલ્પના કરવામાં આવે છે. પરંતુ બારમા અધ્યાયમાં ગીતામાં ભકતનું લક્ષણ જણાવતા કહે છે કે

વ્યથા તેમ તૃષ્ણા નથી, દક્ષ શુદ્ધ છે જે
ઉદાસીન સંસારથી, પ્રિય છે મુજને તે.

દક્ષ એટલે ચતુર-હોંશિયાર. તે જાણે છે કે ઈચ્છાઓ કરવાથી દુઃખની જ પ્રાપ્તિ થાય છે. તેથી તે ઇચ્છાઓ કરતો નથી અને દુઃખી પણ થતો નથી. તેણે મનને ઇચ્છાઓ વિનાનું કરી દીધું હોવાથી તે શુદ્ધ મનવાળો ગણાય છે. શુદ્ધમનવાળાને જ પરમાત્મ તત્વનો પરિચય થઈ શકે છે. સંસારને તે બરાબર સમજી લેતો હોવાથી તેમાં આસકિત કરતો નથી. તે પોતાનું પ્રારબ્ધ પુરેપુરી સમજદારીથી અને હોંશિયારીથી ભોગવે છે. તે સંસારમાં રહીને કર્મો કરે છે પણ તે કર્મો એને બંધનરૂપ થતાં નથી કારણ કે તેણે કર્મ કરવાની કુશળતા પ્રાપ્ત કરી હોય છે. બીજા અધ્યાયમાં યોગઃ કર્મસુ કૌશલમ્ એવું કહ્યુ છે તે આવા જ સંદર્ભમાં. સંસારમાં રહે છતાં તેના મનમાં સંસાર ન રહે તેવી યુકિતને યોગ કહ્યો છે. આ દૃષ્ટિએ ભગવાનનો ભકત સાચો યોગી હોય છે. યુકિત એટલે પણ યોગ.

૨ સંસારી લોકો પણ પ્રપંચો કરે છે તેને પણ કબીર સાહેબ કટાક્ષમાં યુકિત જ કહે છે. તે પોતાની જાતને ખુબ જ હોંશિયાર માને છે. ને પૃથ્વીના પાર્થિવ પદાર્થોને પ્રાપ્ત કરવામાં એવો તો રચ્યો પચ્યો રહે છે કે

આ સંસારમાં દુઃખ અપાર છે. આ સંસાર તો દુ:ખની ખાણ છે. સંસારના દુ:ખથી તે જ બચી શકે કે જેણે રામને જાણ્યા હાય. રામ તત્ત્વને જાણનારા યુક્તિપૂર્વક જીવતા હાવાથી સંસારના બંધનમાં પડતા નથી.-૧

આ સંસારમાં પ્રત્યેક જીવ પોતપોતાની રીતે પ્રપંચો કરીને યુક્તિપૂર્વક જીવે છે. અમારા જેવા જાણકારાનું કોઇ કહ્યું માનતું નથી. બધાં જ સુવર્ણ, સ્ત્રી, જરીમખમલના રેશમી વસ્ત્રો, ઘોડાઓ વિગેરે અનેક પ્રકારની સંપત્તિ એકત્ર કરવામાં પડયા છે, પરંતુ તેઓનું જીવન તો થોડુંક જ બાકી રહ્યું છે!-૨

અજ્ઞાની જીવ થોડી સંપત્તિમાં પાગલ બની જાય છે. તેને યમરાજની સ્હેજ પણ ખબર પડતી નથી. જેને પડે છે તેનું મોઢું ભયથી ત્રાસી સુકાય જાય છે. તેને ખાત્રી થઈ જાય છે કે તેણે અત્યાર લગી અમૃતને બદલે અજ્ઞાનતાથી વિષ જ ખાયા કર્યું છે-૩

**સાખી** : હું જ સર્જન કરું છું વિનાશ કરું છું; હું જ જલાઉં છું ને હું જ ખાય જાઉં છું; જલ થલમાં હું જ વ્યાપકપણે રમી રહ્યો છું તેથી મારું નામ નિરંજન છે.

---

તે પોતાની જાતને ભૂલી જાય છે. ખરેખર તો મનુષ્યનું મહત્વ પોતાની જાતને ઓળખવામાં રહેલું છે. દરેકના શરીરમાં પરમાત્મ તત્વ રહેલું છે ને તેનો પરિચય કરીને માનવ જન્મ કૃતાર્થ કરવો જોઇએ એવું સંતો વારંવાર કહે છે. પરંતુ પોતાની જાતને ભૂલી જનાર આ સત્યને પરખવામાં ઉણો ઉતરે છે. પરિણામે સદ્‌ગુરૂ કબીર સાહેબ જેવા અનુભવી સત્પુરુષોનો પણ તે લાભ લઇ શકતો નથી.

૩ 'થોર હિ સંપતિ' એટલે આત્મતત્વના પ્રમાણમાં તદ્દન અલ્પ, તુચ્છ એવી સંપત્તિ. બીજી દૃષ્ટિએ વિચારીએ તો ગમે તેટલી સંપત્તિ ભેગી કરવામાં આવે તો પણ સાચું સુખ મેળવવામાં તે થોડી પણ ઉપયોગમાં આવતી નથી. છતાં તેવી સંપત્તિ ભેગી કરવામાં મોંઘું માનવજીવન પુરુ થાય છે ને સાચા સુખથી છેવટે તો વંચિત રહી જવાય છે. જીવનની શરૂઆતમાં સુખ મેળવવાના હેતુથી સંપત્તિ ભેગી કરવાનો પ્રયત્ન આદરેલો પણ અંતે ખબર પડી જાય છે કે એતો ભ્રમ જ હતો. ખરેખર તો સુખને બદલે દુઃખ જ ભેગું કર્યું હોય છે.

૪ અગાઉની રમૈનીમાં કાળરૂપી પારધીના રૂપકથી કબીર સાહેબ આ જ વાત આપણને સમજાવી દીધી છે. કાળરૂપી પારધી તે જ અહીં નિરંજન. સામાન્ય રીતે આપણે યમરાજના નામથી પરિચિત છીએ. યમરાજને જ અહીં નિરજનની પદવી આપી છે. અજ્ઞાની મનુષ્યને સમજાવવા માટે કબીર સાહેબ આવી પરિભાષાનો ઉપયોગ કરતા લાગે છે. મૃત્યનો ભય બતાવવાથી પણ જો જીવ પરમાત્મા તરફ અભિમુખ બને તો કલ્યાણકારી છે એવી એની પાછળ દૃષ્ટિ રહેલી છે.

## રમૈની-૨૨

[1]અલખ નિરંજન લેખઇ ન કોઈ, જેહિ [2]બંધે બંધા સભ લોઇ
જેહિ જૂઠે બંધા સો અયાના, જૂઠા બચન સાંચ કરિ જાના–૧
ધંધા બંધા કિન્હ બેવહારા, [3]કરમ બિબરજિત બસૈ નિનારા
ષટ આશ્રમ ષટ દર્શન કીન્હા, ષટરસ બસ્તુ ખોટ સબ ચિન્હા–૨
[4]ચારિ બિરિછ છવ સાખ બખાનૈ, વિદ્યા અગિનિત ગનૈ ન જાનૈ
ઔરો આગળ કરૈ બિચારા, તે નહિ સૂજે બાર ન ·ારા–૩
[5]જપ તીરથ વ્રત કીજે પૂજા, દાન પુન્ન કીજે બહુ દૂજા–૪

**સાખી :** [6]મંદિલ તો હૈ નેહકા, મતિ કોઈ પૈઠે ધાય
જો કોઈ પૈઠે ધાયકે, બિન સિર સેતી જાય.

---

૧ અલખ એટલે લક્ષમાં ન આવે તેવા. નિરંજન એટલે યમરાજ, સરળતાથી આ સ્થૂળ આંખો યમરાજને જોઈ શકતી નથી. મૃત્યુ વખતે ઘણે ભાગે મનુષ્ય બેભાન અવસ્થામાં હોય છે. તેથી યમરાજનું દર્શન તેને કેવી રીતે થઇ શકે?

૨ તે યમરાજ કર્મ કર્યા હોય તે પ્રમાણે જીવને સ્વર્ગમાં કે નરકમાં સ્થાન આપે છે. કર્મના બંધનથી સર્વ કોઈ બંધાયું છે. આ બધી કપોલ કલ્પિત વાતોને સાચી માની લઇને જીવ સ્વર્ગ ને નરક વચ્ચે ઝોલા ખાતો રહે છે.

૩ ધંધા એટલે પ્રવૃત્તિશીલ. જે માણસ ગણી પ્રવૃત્તિઓ કરતો હોય તે સ્વાભાવિક રીતે અનેક પ્રકારના કર્મો કરતો રહે છે. જે સારાં કર્મો કરે છે તેને તેવું જ ફળ મળે છે. જે ખરાબ કરે છે તેને ખરાબ જ ફળ મળે છે. સારાં કર્મ કરનારને સ્વર્ગ ને ખરાબ કર્મ કરનારને નરક મળે છે. એક સોનાની બેડીના બંધનમાં બંધાય છે બીજો લોખંડની બેડીના બંધનમાં બંધાય છે. પરંતુ જે જ્ઞાની છે, સમજુ છે તે તો નિષ્કામ બની જાય છે ને એવી રીતે કર્મ કરે છે કે કોઈ પણ પ્રકારનું બંધન તેને થતુ નથી. તેની દશા ન્યારી જ રહે છે. કર્મ કરવાની તેની કુશળતા તેને નિત્ય મુક્ત અવસ્થામાં મૂકી દે છે. એટલે પ્રવૃત્તિ કરવાનો બાધ નથી પણ પ્રવૃત્તિ નિષ્કામ ભાવે કરવી જોઇએ કે જેથી બંધન નિર્માણ થઈ શકે નહીં.

યમરાજ આંખે દેખાતો નથી તેથી કોઈ તેને જાણતું નથી. તેના બંધનથી જ સર્વ કોઈ બંધનમાં પડયું છે. અજ્ઞાની લોકોએ અસત્ય વચનને સત્ય માની લઈને નકામા બંધનો ઉભા કર્યા છે. —૧

ધંધા કરીને જેણે કર્માદિ વ્યવહારો કર્યો તે બંધનમાં પડયા. જેણે કર્માદિ વ્યવહારો ન કર્યાં તે તો ન્યારા જ છે. છ આશ્રમ ને છ દર્શન બનાવ્યા અને મિથ્યા વસ્તુને સત્ય સમજીને સંસારી લોકો છ રસવાળા ભોજનમાં આસકત બન્યા.—૨

ચાર વૃક્ષ રૂપી વેદો તથા તેની છ શાખાઓ સંસારમાં પ્રસિદ્ધ છે. અગણિત પ્રકારની વિદ્યા છે એવું મનાયું છે, બીજાં ઈતિહાસ, પુરાણ, આગમ આદિનો પણ એમાં વિચારપૂર્વક સમાવેશ કર્યો છે. પરંતુ તે તમામ શાસ્ત્રોની વિદ્યાનો કોઈ અંત જ નથી!—૩

મંત્રજપ, તીર્થસેવન, વ્રત પાલન, પૂજા પાઠ, દાન પુણ્ય વિગેરે સર્વે સાધનો ભલે કરવામાં આવતા પરંતુ સાચી જ્ઞાન-ભકિતનો ઉદય નહીં થાય ત્યાં સુધી મુકિત પ્રાપ્ત થતી નથી.

**સાખી :** આ તો પ્રેમનું મંદિર છે એમાં સમજ્યા વિના પ્રવેશ થઈ શકતો નથી. જે સમજ્યા વિના પ્રવેશ કરે છે તે માથુ કપાવીને વિનાશ જ વ્હોરે છે.

---

૪ ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ ને સામવેદ એવા ચાર પ્રકારના વેદોને કબીર સાહેબે વૃક્ષની ઉપમાં આપી. વૃક્ષ લોકોપયોગી ગણાય અને એની મળતી સેવા પાછળ કોઈ બદલાની ભાવના જ નહીં. તાપે તપેલો છાંયે બેસે કે ભૂખ્યો ફળ ખાય તેની પાછળ વૃક્ષની કોઈ કામના જ નહીં. બેસે તોયે આનંદ ન બેસે તોયે આનંદ. ફળ ખાય તો યે આનંદ ને ન ખાય તો યે આનંદ. એટલે આ ચારેવેદો પણ મનુષ્યોને એવો જ સંદેશો આપે છે એવું આડકતરી રીતે આપણને સમજાય છે. આ ચાર વેદોમાં અગણિત પ્રકારની વિદ્યા જણાવવામાં આવી છે. પરંતુ એ વિદ્યાનો ઉપયોગ ચોકકસ પ્રકારની કામનાની તૃપ્તિ માટે કરવામાં આવે તો એક પ્રકારનું બંધન નિર્માણ થાય છે. વિદ્યા કેવી રીતે વાપરવામાં આવે તેના પર જ મનુષ્યની ઉત્ક્રાંતિનો આધાર રહેલો છે.

૫ જપ, તીરથ, વ્રત, પૂજા, દાન કે પુણ્ય—કામનાથી કરવામાં આવે તો જીવને બાધક થાય છે ને નિષ્કામ ભાવે કરવામાં આવે તો સાધક થાય છે.

૬ આ શરીરરૂપી મંદિરમાં પ્રેમ-ભક્તિ જાગી જાય તો તેનો ઉદ્ધાર થઇ જાય છે. પ્રેમ-ભક્તિ વિના જે કોઈ આ મંદિરમાં પ્રવેશ કરે છે તે જન્મમરણના ચકાવામાં ઘુમ્યા કરે છે. તેનો કદિ ઉધ્ધાર થતો નથી. અહીં 'મતિ' શબ્દ જ્ઞાનનું પણ સૂચન કરે છે. સમજીને, જાણીને જે પ્રવેશ કરે છે તેનો ઉદ્ધાર થાય છે નહીં તો વિનાશ જ થાય છે. માથા વિનાનો પ્રવેશ એટલે મુકિત વિનાનો પ્રવેશ. તેથી જ્ઞાન અને ભકિત બંનેની આવશ્યકતા અહીં કબીર સાહેબે દર્શાવી જણાય.

# રમેની-૨૩

અલપ સુખ દુઃખ આદિ ઔ અંતા, મન ભુલાન મૈગર [1]મૈમતા
[2]સુખ બિસરાય મુક્તિ કહે પાવૈ, પરિહરિ સાંચ જૂઠ નિજ ધાવૈ...૧

અનલ જોતિ ડાહૈ એક સંગા, નયન નેહ જસ જરૈ પતંગા
[3]કરુ વિચાર જેહિ સબ દુઃખ જાઇ, પરિહરિ જૂઠા કેર સગાઈ...૨

[4]લાલચ લાગે જનમ સિરાઇ, જરા મરન નિયરાયલ આઈ...૩

**સાખી :** ભ્રમ કરિ બાધલ ઇ જગ, યહિ બિધિ આવૈ જાય
માનુષ જન્મહિં પાય નર, [5]કાહે કે જહંડાય.

---

૧ મૈમંતા એટલે મદમાં મસ્ત. હાથી મદમાં મસ્ત હોય છે. તેવી રીતે મન મિથ્યા અભિમાનમાં મસ્ત હોય છે. તેથી તે વિષયોનું સેવન ઝંખે છે અને ક્ષણિક સુખની પ્રાપ્તિમાં મનુષ્ય જન્મનો ઉદ્દેશ ભૂલી જાય છે.

૨ ક્ષણિક સુખના મોહમાં શાશ્વત સુખ ભુલાઈ જતું હોય છે. પોતાના સ્વરૂપની પહેચાનથી જે સુખ પ્રાપ્ત થાય છે તે શાશ્વત સુખની ભૂમિકા છે. તે દ્વારા મુક્તિની પ્રાપ્તિ થાય છે, જેથી જન્મમરણના ચકરાવામાં જીવને આવવું પડતું નથી. એને જ શાશ્વત સુખ કહેવામાં આવે છે. જયાં સુધી જન્મમરણની સ્થિતિ છે ત્યાં સુધી ક્ષણિક સુખ સિવાય બીજું કાંઇ નથી.

૩ પદાર્થ વિષયોના સંગમાં જીવને અગ્નિની જવાળા જેવું જલન અનુભવવું પડે છે. પોતાને મનગમતી વસ્તુ ન મળે તો જીવને ક્રોધનો અનુભવ થાય છે. ક્રોધથી શક્તિનો હ્રાસ થાય છે. બેટરીના છ પાવરમાં જેટલી વીજળી શકિત છે તેટલી એક જ ક્ષણમાં જીવની શકિત વપરાય જાય છે. તેથી જીવે ગુસ્સો ન કરવો જોઇએ. ગીતા પણ કહે છે.

ધ્યાન ધર્યાથી વિષયનો, સંગ છેવટે થાય
સંગ કર્યાથી કામ ને ક્રોધ પછીથી થાય.
ક્રોધ થકી સંમોહ ને વિવેકનો પણ નાશ,
અંતે બુદ્ધિ નાશ ને તેથી થાય વિનાશ. ( સરળ ગીતા અ-૨ )

વિષયના સંગમાં રહેવાથી જીવ પોતાની જાતનો કેવી રીતે વિનાશ કરી શકે છે તેનો ક્રમબદ્ધ નકશો અહીં આપવામાં આવ્યો છે. વારંવાર વિષયોના વિચાર કરવાથી મનમાં વિષયો તરફ આસકિત પેદા 414 છે.

આ સંસારમાં સુખ ઓછુ ને જન્મ મરણને કારણે દુ:ખ વધારે છે છત હાથી જેવું મદમસ્ત મન વિષય સુખમાં એ બધું ભૂલી જાય છે, જીવ પોતાના સ્વરૂપનું સુખ ભૂલીને મુક્તિ કેવી રીતે પામી શકે? જીવ સત્યને છોડીને અસત્ય તરફ જ દોડયા કરે છે!

તેથી જીવને તેવી મિથ્યા પ્રવૃત્તિ અગ્નિની જવાળાની માફક સળગતી જ્યોતને દેખીને પતંગિયા બળી મરે છે તેમ સળગાવી મૂકે છે માટે હે જીવ મિથ્યા સંબંધોનો ત્યાગ કરી તું એવો વિચાર કર કે જે દ્વારા તમામ દુ:ખ દૂર થઈ જાય.

વિષય સુખની ખોટી લાલચમાં હે જીવ! તારું જીવન વ્યર્થ વીતી રહ્યું છે. ઘડપણ ને મોત નજીક આવી રહ્યા છે તેનો તો તું વિચાર કર!

**સાખી** : (ખોટામાં સાચાની) ભ્રાંતિ થવાથી આખું જગત બંધનમાં પડયું છે. અનાદિકાળથી બધાંની આવન જાવન ચાલ્યા કરે છે. હે માનવ! (જરા વિચાર તો કર) મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા છતાં તું શા માટે છેતરાયા કરે છે?

---

આસક્તિ પેદા થાય એટલે તેને પ્રાપ્ત કરવાની કામના જાગૃત થાય છે. કામના જાગૃત થયા પછી જો પ્રતિકૂળ પરિસ્થિતિ જન્મે તો મનમાં અવશ્ય ક્રોધ પેદા થાય છે. ક્રોધમાં જીવ સમતા ગુમાવે છે ને પરિણામે સારા નરસાનો ખ્યાલ તે કરી શકતો નથી. ભગવાને આપેલી સદ્‌બુદ્ધિનો તે ઉપયોગ પણ કરી શકતો નથી. એ રીતે નાશને પંથે તે આગળ વધે છે. પરંતુ જો સદ્‌બુદ્ધિનો ઉપયોગ પહેલેથી જ કરવામાં આવે તો તેની કલ્યાણના પંથે પ્રગતિ થાય છે. આ દૃષ્ટિએ બુદ્ધિ અતિ અગત્યનું સાધન ગણાય. તેના સમુચિત ઉપયોગ માટે કબીર સાહેબ અહીં સૂચન કરે છે.

૪ લાલચ વિષયોમાં ડૂબેલાને જ થાય. યુવાનીમાં ભગવાનનું ભજન કરવાનું કોઈ કહે તો ઘડપણમાં કરવાનો વાયદો કરે છે કારણ કે તેને વિષયોનું સુખ લલચાવે છે. ઘડપણ આવે ત્યારે નથી તે ગોવિંદનું ભજન કરી શકતો કે નથી તે શાશ્વત સુખની પ્રવૃત્તિ કરી શકતો.

૫ 'કાહે કો જહંડાય' એટલે શા માટે છેતરાય. મનુષ્યને ભગવાને બુદ્ધિ પણ આપી છે. બીજા જીવ-જંતુઓને કે પ્રાણીઓને બુદ્ધિ આપી નથી હોતી એટલે તેઓ ગમે તેમ વર્તે તો ક્ષમ્ય ગણાય છે. પરંતુ મનુષ્યને બુદ્ધિ મળી હોવા છતાં તે ગમે તેમ વર્તે તો તે અક્ષમ્ય ગણાય છે. ખરેખર તો બુદ્ધિનો ઉપયોગ ન કરે ત્યાં સુધી માનવ માનવ બની શકતો નથી. તે પશુ સમાન જ ગણાય છે. મનુષ્ય બુદ્ધિનો સદુપયોગ કરશે તો વિષયોથી કદી છેતરાશે નહીં. તે પોતાનું આત્મકલ્યાણ સારી રીતે સાધી શકશે.

# રમૈની–૨૪

[1]ચંદ ચકોર સી બાત જનાઇ, માનુષ [2]બુધિ દીન્હી પલટાઇ
[3]ચારિ અવસ્થા સ્વપ્નો કહઈ, જૂઠો ફુરો જાનત રહઈ–૧

મિથ્યા બાત ન જાને કોઈ, યહિ બિધિ સિગરે ગયલ બિગોઇ
[4]આગે દૈ દૈ સભનિ ગમાયા. માનુષ બુધિ સપનેહુંનહિ પાયા–૨

[5]ચૌતિસ અચ્છર નિકલૈ જોઇ, પાપ પુન્ન જાનેગા સોઇ–૩

**સાખી :** [6]સોઇ કહતે સોઇ હોઉગે, નિકરિન બાહર આઉ
હૌં હજૂર ઢાઢો કહૌં, ધોખે ન જન્મ ગમાઉ.

---

૧ ચકોર પક્ષી ચંદ્ર સાથે પ્રેમ કરે છે. તેવી કપોલ કલ્પિત વાતો જોડી કાઢીને પૌરાણિક કથાકારો ઢોંગી ગુરૂઓના પરિવેશમાં લોકોને કથા સંભળાવતા. તેવી વાતો સાંભળીને લોકો ગેરમાર્ગે દોરાતા. તેવી વાતોથી સદ્‌ગુણોની વૃદ્ધિ થતી નહીં બલકે સૌના હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહ મત્સર જેવા દુર્ભાવો વધતા રહેતા.

૨ માનુષ બુધ્ધિ એટલે વિવેક બુધ્ધિ બુધ્ધિનું દાન માત્ર મનુષ્યને જ કુદરતે આપ્યું છે. તેથી બુધ્ધિનો સદુપયોગ કરવાની જવાબદારી મનુષ્યની પોતાની છે. કુદરતના અવિરત ચાલતા ચક્રમાં વિઘ્નો ન ઉભા થાય તેની વિચારણા બુધ્ધિનો સદ્ઉપયોગ કરવાથી જ થઇ શકે. પોતાના અને વિશ્વના કલ્યાણમાં કઇ વસ્તુ ઉપયોગી છે ને કઈ બીનઉપયોગી છે તેનો ખ્યાલ હોવો મનુષ્ય માત્ર માટે જરૂરી છે.

૩ જીવન એક સ્વપ્ન સમાન છે. એવી વિચાર સરણીમાં માનવાવાળા લોકો જીવનની ચાર અવસ્થાઓને બાળપણ, કૌમાર્ય યુવા અને વૃધ્ધાવસ્થાને સ્વપ્ન સમાન મિથ્યા માને છે ખરા પણ અંદર ખાનેથી તેઓનું જીવન તપાસવામાં આવે તો જેને તેઓ મિથ્યા માનતા હોય છે. તેને તેઓ સત્ય માનતા હોય તેમ જણાય છે. તેઓ બોલે છે. જુદું ને કરે છે જુદું. તેઓના જીવનમાં ત્યાગ તો જણાતો હોતો નથી. તેઓ હમેશા ભોગ પરાયણ જીવન જીવતા હોય છે. વૈભવ વિલાસમાં તેઓ એવા તો રચ્યા–વચ્યા હોય છે કે તેઓને પોતે શો ઉપદેશ આપતા રહ્યા છે તેનું ભાન રહેતું નથી.

(તે ઢોંગી ગુરુઓએ) ચંદ્ર ને ચકોર જેવી (કપોલ કલ્પિત) વાતો સમજાવીને ભોળા લોકોની બુદ્ધિને ફેરવી નાંખી! ચારે અવસ્થાને તેઓ સ્વપ્ન સમાન મિથ્યા કહે છે ને (અંદર ખાનેથી) તેઓ મિથ્યા પદાર્થોને સત્ય સમજીને સદા ઉપભોગ પણ કર્યા કરે છે.—૧

ખરેખર તો મિથ્યા વાતને (તેઓ) કોઈ જાણતું જ નથી. આવી રીતે તેઓ સર્વ વિનાશ પામ્યા. આગળ (ફળ) મળી રહેશે તેવી આશામાં લોકોએ બધું જ ગુમાવી દીધું. કોઈને માનવ બુદ્ધિ સ્વપ્નમાં પણ સૂઝી નહિ!—૨

(તેઓની) ચોત્રીસ અક્ષરોની શબ્દજાળથી જે કોઇ નીકળશે તે જ પાપ અને પુણ્યને બરાબર સમજી શકશે—૩

**સાખી :** જે કહેશો તે થશો. તેથી શા માટે શબ્દજાળમાંથી બહાર નીકળતા નથી? (મદદની જરૂર હોય તો) હું હાજર જ છું, તમારી સામે ઊભો રહીને કહી રહ્યો છું કે હે જીવો! ભૂલમાં પડી આ (મૂલ્યવાન) જન્મ ન વ્યતીત કરો.

---

૪ 'આગે' એટલે આગળ, હવે પછી. આ જન્મમાં નહીં મળે તો આવતા જન્મમાં ફળ જરૂર મળશે એવો ઢોંગી ગુરૂઓને ઉપદેશ સાંભળી ભોળા લોકો પોતાને મળેલા કિંમતી સહાય ને શકિત વગર વિચાર્યે વેડફી દે છે. ભૂતભાવિના ખોટા ખ્યાલોમાં પોતાને મળેલો સુંદર વર્તમાન તેઓ નથી સમજી શકતા. બુધ્ધિશાળી મનુષ્ય તે જ છે કે જે વર્તમાનને જ બરાબર સમજે અને યથાયોગ્ય કરે.

૫ ચોત્રાસ અક્ષરની અહીં વાત કરી છે તે શબ્દજાળના પ્રતીક તરીકે જ સમજવી યોગ્ય લેખાશે. સંસ્કૃત વર્ણમાળા અનુસાર છાસઠ અક્ષરો થાય છે અને વર્તમાન હિંદીભાષાના વ્યાકરણ પ્રમાણે ૫૧ અક્ષરો થાય છે. બિહાર તરફ પ્રચલિત મૈથિલી ભાષામાં ચોત્રીસ અક્ષરો હોય છે એવી બ્રહ્મલીનમુનિએ નોંધ કરી છે તે જો સત્ય હોય તો કબીર સાહેબ બિહાર તરફના હોવાનું અનુમાન સાચું માની શકાય. વળી શાસ્ત્રો કહે છે કે મન અને વાણી પરમાત્મા સુધી પહોંચી શકતા નથી તો શા માટે વાણી વિલાસ કરી ભોળા અજ્ઞાની લોકોને શબ્દ જાળમાં ફસાવવા જોઇએ એવો પણ ચોત્રીસ અક્ષરના કથન પાછળનો ધ્વનિ છે. એવું સ્પષ્ટ થાય છે.

૬ જેવું ઈચ્છો તેવું થશે એવી પણ એક કહેવત છે. માનવ જીવન પર મનનો જ સંપૂર્ણ પ્રભાવ હોય છે. તે સત્યને આધારે આ કહેવત સત્ય લાગે છે. મનમાં જેવી ઈચ્છા પેદા થાય છે તેવું જ મનુષ્ય કરતો જણાય છે તેથી તે જેવી ઇચ્છા રાખે તેવું તે પામે છે એવું કહેવામાં કશી ભૂલ થતી નથી. કબીર સાહેબ કહેવા માંગે છે કે સારી જ ઇચ્છાઓ કરીએ, સારા જ વિચારો કરીએ તો આપણાથી સારાં જ કૃત્યો થશે ને સુખ શાંતિના ફળો મળશે.

## રમૈની-૨૫

[1]ચૌંતિસ અચ્છર ઇહૈ બિસેખા, સહઔં નામ યહી મેં દેખા
ભૂલિ ભટકિ નર ફિરિ ઘટ આયા, હો અજાન સો સભનિ ગમાયા-૧

ખોજહિં બ્રહ્મા બિસ્નુ શિવ શક્તિ, [2]અમિત લોગ ખોજહિં બહુ ભક્તિ

ખોજહિં ગન ગંધ્રપ મુનિ દેવા, અમિત લોગ ખોજહિં બહુ સેવા-૨

**સાખી :** જતી સતી સબ ખોજહિં, [3]મનહિ ન માનૈ હારિ
બડ બડ જીવ ન બાંચિ હૈ કહહિં કબીર પુકારિ.

---

૧ આગલી રમૈનીમાં ચોત્રીસ અક્ષરની શબ્દ જાળની વાત કબીર સાહેબે આ રમૈનીમાં ફરીથી વિશદતાથી ચર્ચી છે આધુનિક હિન્દી ભાષાની વર્ણમાલા પર વિચાર કરવામાં આવે તો અક્ષરો એકાવન થાય છે. સોળ સ્વર ને તેત્રીસ વ્યંજન મળીને ઓગણપચાસ અને અનુસ્વાર ને વિસર્ગ એ બેના ઉમેરો થાય તો એકાવન અક્ષરો થાય છે. છતાં કબીર સાહેબ માત્ર ચોત્રીસ અક્ષરની જ વાત કરે છે તેનો અર્થ એ પણ થઇ શકે તેમના જમાનામાં ચોત્રીસ અક્ષરની જ વર્ણમાલા હોવી જોઇએ. ભાષા વિજ્ઞાનનો વિકાસ ત્યાર પછી ઘણો થયો છે એટલે આધુનિક ભાષાઓની વર્ણમાલાની સંખ્યામાં વધારો થયો ગણાય.

વર્ણમાલાના અક્ષરો ભલે ચોત્રીસ જ ગણાય પણ તેમાંથી અસંખ્ય શબ્દો બને છે તેની કોણ ના કહી શકશે ? ભગવાનના હજારો નામો પણ આ વર્ણમાલાને આધારે જ બન્યા છે ને ? માત્ર સ્થૂળ દૃષ્ટિએ વિચાર કરનારા વાણી વિલાસમાં સરી પડતા હોય છે અને જેને માટે હજાર નામો બનાવ્યા હોય છે તેને તેઓ ભૂલી જતા હોય છે. એક જ શબ્દનો અર્થ કરવામાં સંખ્યાવાદીઓ બે ભાગમાં વહેંચાય ગયેલા તે જાણીતી વાત છે. ઇશ્વરઃ અસિદ્ધઃ એ સૂત્રનો અર્થ બે રીતે કરવામાં આવ્યો. ઇશ્વર છે એવું સિદ્ધ કરી શકાતું નથી માટે ઇશ્વર નથી એવું કહેનારાનો એક વર્ગ તે નિરીશ્વરવાદી અને ઇશ્વર છે પણ તેને સિદ્ધ કરી શકાતો નથી એવું કહેનારા લોકો ઇશ્વરવાદી ગણાયા. આમ નિરીશ્વર સાંખ્યવારી ને સેશ્વર સાંખ્યવાદીના ભેદ પડી ગયા. આવી શબ્દજાળમાં મોટા મોટા લોકો પણ ફસાયા છે તેથી

ચોત્રીસ અક્ષરની શબ્દજાળની આજ વિશેષતા છે કે તેમાંથી હજારો નામ બની રહ્યા દેખાય છે. તેમાં ભૂલો પડેલો જીવ અનેક યોનિઓમાંથી ભટકી ભટકી ફરી પાછો માનવ શરીરમાં આવ્યો છે પરંતુ હજી પાત્ર અજ્ઞાન હોવાથી બધું જ ગુમાવી દેશે-૧

(ભૂલા પડેલા) બ્રહ્મ, વિષ્ણુ, શિવ, દુર્ગા, કાલી વિગેરે શકિતનાં સ્વરૂપો તથા ગણગંધર્વ, મુનિઓ, દેવો અને અનેક લોકો ભકિત દ્વારા તથા પૂજા સેવા દ્વારા પરમાત્મ તત્વને બહાર જ શોધી રહ્યા છે.

**સાખી :** સન્યાસીઓ, સત્યવાદીઓ બધાં જ શોધીને થાકી ગયાં છે તથા મનથી હાર કબૂલતા નથી. કબીર પુકાર કરીને કહે છે કે મોટા મોટા લોકો પણ આ શબ્દજાળથી બચી શકયા નથી.

---

કબીર સાહેબ આ પદમાં છેલ્લે કહે છે કે "બડ બડ જીવ ન બાંચિ હૈ" અર્થાત્ મોટા મોટા લોકો પણ શબ્દજાળની માયામાં બચી શકયા નથી.

૨ "અમિત લોગ" એટલે અસંખ્ય લોકો. અનેક લોકો માનવ શરીર ધારણ કરીને અહીં ફરી વાર આવ્યા છે પરંતુ તેઓ મૂળભૂત અજ્ઞાન અવસ્થામાં છે. તેઓ ભકિત કરે છે ખરા પણ તેનું ફળ મળતું નથી. તેઓ પૂજા સેવા કર્મકાંડ કરે છે ખરા પણ તેનુંય ફળ તેમને મળતું નથી. કારણ એક જ છે જ્ઞાનનો અભાવ. કર્મ, ભકિત ને જ્ઞાનનો સમન્વય થાય તો જ ફળ મળે છે એવું કબીર સાહેબ કહી રહ્યા છે. એકલો કર્મકાંડ કે એકલી ભકિત કે એકલું જ્ઞાન આત્મ કલ્યાણને માટે પૂરતા ગણાય નહિ. કર્મની સાથે પૂરીપૂરી સમજદારી અથવા જ્ઞાન અને ભકિત બંને આવશ્યક છે. આ દૃષ્ટિએ જ્ઞાન, ભકિત ને કર્મનો ત્રિવેણી સંગમ થાય તો આત્મ કલ્યાણનું પ્રયાગ નિર્માણ થાય એવું સમજવું જોઇએ.

૩ મન હંમેશા બહિર્મુખ જ રહેતું હોય છે. સુખની શોધ તે બહાર જ શોધ્યા કરે છે. ખરેખર અંતર્મુખ મન ન થાય ત્યાં સુધી મનની શોધનો અંત આવતો નથી. પ્રત્યેક શરીરમાં પરમ ચેતનાના અંશ તરીકે જે આત્મતત્વ રહેલ છે તેની શોધ કર્યા વિના કોઇને વિજય પ્રાપ્ત થતો નથી. છતા બહિર્મુખ મન પોતાની ભૂલ કબૂલતું નથી તેથી આવન જાવનના ફેરા ચાલ્યા જ કરે છે. માટે દરેક જણે મનને અંતમુખ બનાવવા પ્રયત્ન કરવો જાઇએ એવું કબીર સાહેબ કહી રહ્યા છે.

## રમૈની-૨૬

આપુહિ કરતા ભયે [1]કુલાલા, બહુ બિધિ બાસન ગઢૈ કુંભારા
બિધિને સબઇ કીન્હ એક ઠાઉં, જતન અનેક કે બને કનાઉં-૧
[2]જઠર અગિ.ને મંહ દિય પરજાલી, તામહ આપુ ભયે પ્રતિપાલી
બહુત જતન કરી બાહર આયા, તબ સિબ સકિત નામ ધરાયા-૨
ઘરકા સુત જો હોય અયાના, તાકે સંગ ન જાહિં સયાના
[3]સાંચી બાત કહી મૈં અપની, ભયા દિવાના ઔર કિસપની-૩
ગુપત પ્રગટ હૈ અકૈ મુદ્રા, [4]કાકો કહિયે બ્રાહ્મન શુદ્રા
જૂઠ ગરબ ભૂલો મતિ કોઈ, હિન્દુ તુરુક જૂઠ કુલ દોઈ-૪

**સાખી :** જિન યહ ચિત્ર બનાઇયા, સાંચા સુતરધાર
કહંહિ કબિર તે જન [5]ભલે લે ચિત્રવત નિહાર.

---

૧ બ્રહ્મા કુંભારની માફક સૃષ્ટિ રચનાનો કારભાર સંભાળે છે. જેમ કુંભાર એક જ માટીમાંથી અનેક પ્રકારના આકારોવાળા વાસણો બનાવે છે તેમ એક જ પ્રકૃતિમાંથી જુદા જુદા રંગવાળા અને જુદા જુદા ઊંચાઈવાળા ને કદવાળા મનુષ્યોના શરીરો બન્યા છે. સૌના શરીરમાં પંચમહાભૂતના તત્વો સરખા છે.

૨ એટલું જ નહીં પણ બ્રહ્માએ સર્વ માનવ શરીરોને જીવન માટે ક્ષમતાવાળા બનાવવા ગર્ભની ભઠ્ઠીમાં નાંખી દીધા હોય છે. એટલે ત્યાં પણ શકિત આપનાર ને રક્ષણ કરનાર એક જ તત્વ રહેલ છે. બધાં જ માતાના ગર્ભ દ્વારા જ જગતમાં જન્મ લે છે. આવવાની રીતમાં પણ ભિન્નતા જણાતી નથી.

૩ કબીર સાહેબ પોતાના સમયના પ્રશ્નોની માર્મિક છણાવટ આ પદમાં કરી છે. અગાઉ રમૈની-૨ માં પણ માનવ માત્રની એકતાનો મુદ્દો આપણે વિચારી ગયા છીએ. અજ્ઞાની માનવો વર્ણ ને જાતિના ભેદોમાં અટવાય જાય છે ને પોતાની જાતનું અવમૂલ્યાંકન કરે છે. પોતાના સ્વરૂપને ભૂલી જઇને વર્ણ ને જાતિના ભેદોમાંથી ઉભા થયેલા અનેક વિધ દુઃખોમાં પોતે નાશ પામે છે. સમજુ માણસો વર્ણ ને જાતિના ભેદોને ઓગાળી નાંખે છે. પોતે સમજે છે કે વર્ણ ને જાતિ માનવોએ જ બનાવી છે. કુદરતે તો સર્વના શરીરમાં એક જ પ્રકારનું લોહી બનાવ્યું છે ને એક જ માતાના ગર્ભ દ્વારથી જ જન્મ

જેવી રીતે કુંભાર (માટીમાંથી) અનેક પ્રકારના વાસણો ગઢે છે તેવી રીતે સ્વયં બ્રહ્મા આ સૃષ્ટિના કર્તા બન્યા છે. બ્રહ્માએ બધી સામગ્રી એક જગ્યાએ એકત્ર કરી અને બહુ જ સંભાળપૂર્વક અનેક પ્રકારના શરીરરૂપી વાસણો બન્યા જ કરે છે—૧
જઠરના અગ્નિમાં ત્યાર પછી તે સૌ વાસણોને પકવવા માટે નાંખી દીધા અને ત્યાં પણ બ્રહ્મા સ્વયં રક્ષણકર્તા થયા. ત્યાર પછી બહુ સંભાળપૂર્વક તે સૌ બહાર આપ્યા ને તેઓએ શિવ તથા શકિત એવા (અનેકવિધ) નામો ધારણ કર્યા—૨
ઘરનો જ પુત્ર જો અજ્ઞાની હોય તો જ્ઞાની પિતા તેના સંગની ઈચ્છા કરતા નથી. મેં એવી (અનેકવાર) સાચી વાત કરી છે છતાં તમે બીજાની સ્વપ્ન સમાન મિથ્યા વાતો સાંભળીને પાગલ બનો છો (તે મોટું આશ્ચર્ય છે)—૩
કોઈ પણ મનુષ્ય, પછી ભલે તે ગુપ્ત હોય અથવા પ્રગટ હોય, એક જ મુખાકૃતિ વાળા હોય છે તેથી કોને બ્રાહ્મણ કહેવો ને કોને શૂદ્ર કહેવો? મિથ્યા અભિમાનમાં કોઈ ભૂલ કરશો નહિ, હિન્દુ અને મુસલમાન એ બે જાતિ પણ મિથ્યા જ છે—૪

**સાખી :** જેણે આ ચિત્ર બનાવ્યું છે તે જ સંસારનો સાચો સૂત્રધાર છે. તેથી કબીર કહે છે કે તે જ ડાહ્યો માણસ, ગણાય કે જે આ ચિત્રને આધારે ચિત્રકારના દર્શન કરી લે છે.

---

લે છે. ખરેખર જે ખોટી વાતો છે તેને તેઓ માનતા જ નથી અને તેવી વાતો મિથ્યા વાતો કરનારાના ફંદામાં ફસાતા પણ નથી. કબીર સાહેબની આ સત્ય વાત કોણ સમજી શકશે? મિથ્યા વાતોને મહત્વ આપી પાગલ થઈ જનાર કેવી રીતે સમજી શકશે?

૪ વર્ણ ને જાતિના ભેદો માનવે નિરર્થક ઉભા કર્યા છે. આવવા જવાનો સૌનો રસ્તો તો એક જ છે અને સૌની અંદર લાલ લોહી જ વહે છે પછી કોણ બ્રાહ્મણ ને કોણ શૂદ્ર? ઉપનિષદમાં પણ યાજ્ઞવલ્કય પોતાની પત્ની ગાર્ગીને સમજાવવા કહે છે કે જે જીવ પોતાના સ્વરૂપને સમજ્યા ને જાણ્યા વિના જાય છે તે કૃપણ (શૂદ્ર) ગણાય છે ને જે બરાબર સમજીને જાય છે તે બ્રાહ્મણ ગણાય છે. (બૃહ-૩-૨/૧૧) માટે વર્ણ ને જાતિના ભેદોને ખોટા માનવા જોઇએ. જન્મથી કોઈ બ્રાહ્મણ નથી ને કોઈ શૂદ્ર નથી. જન્મથી કોઈ હિન્દુ નથી ને કોઇ મુસલમાન નથી. જન્મ્યા પછી સંસ્કાર પ્રમાણે જનોઇ પહેરી બ્રાહ્મણ તરીકે કોઈ પોતાની જાતને ખપાવે છે તેથી તે સાચો બ્રાહ્મણ થઈ શક્તો નથી. ગર્ભમાંથી સુન્નત કરાવીને કોઈ મુસલમાન જન્મ લે છે ખરો?

૫ ભલો માણસ તે જ ગણાય કે જે ખોટી વાતોને ગણકારે નહીં અને પોતાના સ્વરૂપને સમજવા પ્રયત્ન કરે. ડાહ્યા માણસો કદી પણ પોતાની જાતને હિન્દુ કે મુસલમાનના બનાવટી ભેદોથી રંગતા નથી.

## રમૈની–૨૭

બ્રહ્મા કો દીન્હો બ્રહ્મંડા, [1]સાત દીપ પુહુમી નવ ખંડા
[2]સત્ત સત્ત કહી બિષ્ણુ દિઢાઇ, તીનિ લોક મંહ રાખિનિ જાઈ–૧

લિંગ રુપ તવ શંકર કીન્હા, ધરતી કીલિ રસાતલ દીન્હા
તબ [3]અષ્ટંગી રચલ કુમારી, તીનિ લોહ મોહ સબ ઝારી–૨

નામ દુતીય પારબતિ ભયઉ, તપ કરતે શંકર કહ દિયઉ
એકૈ પુરૂષ એક હૈ નારી, [4]તાતે રચનિ ખાનિ ભૌ ચારી–૩

સરમન બરમન દેવ રૂ દાસા, રજ સત તમ ગુન ધરતિ અકાસા–૪

**સાખી :** એક અંડ ઓમકાર તે, સબ જગ ભયા પસાર
હૈ [5]નારી સબ રામકી, અવિચલ પુરુષ ભતાર.

---

૧ જમ્બુ, કુશ, પ્લક્ષ, ક્રૌંચ, શાક, પુષ્કર અને શાલ્મલિ એ સાત દ્વીપોને ગણાવવામાં આવે છે. એ જ રીતે નવખંડ પૃથ્વી–ભારત, ઈલાવ્રત કિંપુરુષ, ભદ્ર, કેતુમાલ, હરિ, હિરણ્ય, રમ્ય અને કુશને ગણાવવામાં આવે છે.

૨ પાછળથી અઢાર પુરાણોની રચના થઈ તેમાં લિંગ પુરાણ, શિવ પુરાણ અને ભવિષ્ય પુરાણમાં થોડા ભેદ સાથે એક જ કથા જોવા મળે છે. એકવાર બ્રહ્મા અને વિષ્ણુએ બે દેવો અભિમાનથી સૃષ્ટિનો કર્તા કોણ તેની જાણે કે હરીફાઈ કરવા લાગ્યા. બ્રહ્મા પોતાની જાતને જ કર્તા માને છે. તો વિષ્ણુ પોતે જ કર્તા હોવાનો દાવો કરે છે. પરિણામે સહુનું મંગલ ઈચ્છનારા શિવને તેઓની કસોટી કરવા સાક્ષાત પરમેશ્વરે નિમણૂંક કરી. શિવે પોતાનીજાતને લિંગરૂપ બનાવી દીધી અને પૃથ્વીથી રસાતલ સુધી સ્થિરતાપૂર્વક શિવ તત્વ વ્યાપીને ગુપ્તપણે રહ્યુ. બ્રહ્માને વિષ્ણુને આ ચમત્કારની સમજ પડી નહિ. એના આદિને અંતની જે શોધ કરે તેને સૃષ્ટિના કર્તાનું બિરુદ મળે એવી શરત તેઓની માતાએ મૂકી. બ્રહ્મા અને વિષ્ણુ બંને કામે લાગી ગયા. થોડા સમય પછી બ્રહ્માએ આવીને ખોટી જાહેરાત કરી કે પોતે આદિને અંત જાણીને આવ્યો છે. વિષ્ણુએ પોતે સત્ય કહી દીધું કે આદિને અંતની જાણ મને નથી થઇ. પોતાની માતાને તેથી પ્રસન્નતા થઇ અને પિતાતુલ્ય પરમેશ્વરે ત્રણે ભુવનોની રક્ષા કરવાની જવાબદારી વિષ્ણુને સોંપી. આ કથાને લક્ષમાં લઇ કબીર સાહેબે સૃષ્ટિ રચનાનો

(પરમેશ્વરે) બ્રહ્માને બ્રહ્માંડની રચના કરવાની જવાબદારી સોંપી અને સાત દ્વીપો ને નવખંડ પૃથ્વીની રચના થઈ. તે વખતે વિષ્ણુએ સત્ય વચન કહીને વિશ્વાસને દૃઢ કર્યો ત્યારે તેને ત્રણે લોકની રક્ષાનું કાર્ય સોંપાયું–૧

તે વખતે (સૌ પ્રથમ) શંકરે પોતાની જાતને લિંગરૂપ કરી દીધી હતી અને રસાતલમાં ધરતી સરકી ન પડે તેથી (જાણે કે) ખીલો ઠોકી દીધો હતો. ત્યારે આઠ અંગવાળી એક કુમારીની ઉત્પત્તિ થઇ જેને જોઈને ત્રણે ભુવનના લોક મોહ પામી ગયા–૨

તેનું બીજું નામ પાર્વતી પણ કહેવાયું. તપ કરતા શંકરને તેની પ્રાપ્તિ થઇ હતી. ખરેખર તો એક જ પુરુષ અને એક જ નારીથી સ્થાવર જંગમ સૃષ્ટિની રચના થઇ છે–૩

ધરતી આકાશ જેવા પાંચ મહાભૂતની, સત્વ, રજ ને તમો ગુણ જેવા ત્રણે ગુણની અને શર્મા, વર્મા, દેવ અને દાસ જેવા ઉપાધિવાળા મનુષ્યોની રચના થઈ છે–૪

**સાખી :** ઓમકાર રૂપ એક ખંડમાંથી જ સમસ્ત જગતનો વિસ્તાર થયો છે. સૌના સ્વામી તો એકમાત્ર અવિનાશી પુરુષોત્તમ પરમેશ્વર જ છે, અહીં જે બાકીનું સર્વ છે તે તો પરમેશ્વરની માય જ છે.

---

મુદ્દો ઉભો કર્યો છે. ખરેખર સૃષ્ટિ કર્તા તો એક જ છે અને ત્રિદેવોને તે કર્તાએ જુદી જુદી જવાબદારીઓ જ સોંપી છે એવું કબીર સાહેબ સમજાવવા માંગે છે. હિન્દુઓ અનેક દેવમાં માનતા અને મુસલમાનો એક જ દેવમાં માનતા. તેથી બંને વચ્ચે વૈમનસ્ય રહેતું તેઓ વચ્ચે એકતા સ્થાપવાનું કાર્ય કબીર સાહેબને અનિવાર્ય લાગ્યું હોવાથી હિન્દુ, મુસલમાન સૌના કર્તા એક જ છે એવું પ્રતિપાદન કરવાનો હેતું રહેલો છે.

૩ 'ખાનિ ભૌ ચારી' એટલે ચાર પ્રકારની જીવ સૃષ્ટિની રચના. અંડજ, ઉદ્ભિજ, સ્વેદ જ ને જરાયુજ એ ચાર પ્રકાર છે. કોઈ ઇંડામાંથી જનમ્યું. કોઈ પાણીના ભેજમાથી જન્મ્યું, તો કોઈ પરસેવામાંથી જન્મ્યું. મનુષ્યો તો ગર્ભમાંથી જનમ્યા. હિન્દુ હોય કે મુસલમાન, કોઈ પણ માનવ એક જ રીતે જન્મ લઇને આ ધરતી પર આવ્યો છે. અને તે એક જ પરમેશ્વરની કૃપાથી આ ધરતી પર શ્વાસ લે છે.

૪ નારી એટલે માયા. ભગવાનની માયા સર્વ જગતમાં વ્યાપીને રહેલી છે. ઓમકારમાંથી આ જીવસૃષ્ટિનો બહુવિધ વિસ્તાર થયો છે તે માટે જવાબદાર માયા છે. સૃષ્ટિમાં જે કાંઇ છે તે માયાનું જ પરિણામ છે. તેનો રચયિતા પણ એક જ છે અને તેને આપણે સ્વામી કહીએ છીએ. તેણે માયાની મદદથી રચના કરી ગુપ્તપણે સર્વમાં વાસ કર્યો છે તેની જાણ અને પહેચાન આ જગતમાં કેટલાને છે!

# રમૈની–૨૮

[1]અસ જુલહાકા મરમ નજાના, જિન્હ જગ આનિ પસારિન્હિતાના
મહિ અકાસ દોઉ ગાડ ખદાયા, ચાંદ સુરજ દોઉ નરી બનાયા
સહસ તાર લે પૂરનિ પૂરી, અજહુ બિનબ કઠિન હૈ દૂરી
કહંહિ કબીર કરમ સે જોરી, સૂત–કુસૂત બિને ભલ [2]કોરી

---

૧ આ પહેલા ૨૯મી રમૈનીમાં કબીર સાહેબે સૃષ્ટિની રચનાનું રહસ્ય સમજાવવા કુંભાર અને માટીના રૂપકનો ઉપયોગ કર્યો છે. બ્રહ્મા રૂપી કુંભારે પ્રકૃતિ રૂપી માટીમાંથી અનેક આકારોનું સર્જન કર્યું અને તે તે આકારોમાં ચેતન સ્વરૂપે ઈશ્વર પોતે પ્રવેશ પામ્યા અને જીવસૃષ્ટિની રચનાને ગતિશીલ બનાવી. ઉપનિષદમાં પણ એવી જ સમજણ આપવામાં આવી છે.

"તત્સૃષ્ટ્વા તદેવાનુ પ્રાવિશત્" અર્થાત્ જીવસૃષ્ટિ કરીને બ્રહ્મ પોતે અંદર પ્રવેશીને રહયા. પરંતુ આ અંગે કોઇને જાણ થઇ નહીં. પ્રથમ બે રમૈનીમાં સ્પષ્ટ રીતે કબીર સાહેબે કહ્યું કે બ્રહ્મ, વિષ્ણુને મહેશને પણ સૃષ્ટિ કોણે રચી, કેવી રીતે રચીને કયારે રચી તેનું ભાન રહ્યું નહીં. ઋગ્વેદમાં જણાવ્યું છે કે "ક અધ્ધા વેદ, ક ઈહ પ્રવોચત્, કુત આજાતઃ, કુત ઈયં સૃષ્ટિઃ" વિગેરે (૧૦/૧૧/૧૨૯/૬) અર્થાત્ આ સૃષ્ટિ કોણે કરી તે જાણી શકે છે? અને જાણી શકે તો કોણ તેનું વર્ણન કરી શકે છે? સૃષ્ટિ રચનાનું આ પ્રકારનું રહસ્ય અગમ્ય ગણાયું છે. તે રહસ્યને કબીર સાહેબ અહીં આર્થિક રીતે સમજાવવા માટે બે રૂપકોનો ઉપયોગ કરે છે. કુંભાર અને માટીના રૂપકને ૨૯મી રમૈનીમાં સમજાવ્યા પછી આ રમૈનીમાં વણકર, તાણા–વાણા તથા વણાટ કરનારા યંત્રને ખ્યાલમાં રાખી કબીર સાહેબે સૃષ્ટિ રચનાના રહસ્યને સરળતાથી સમજાવવા પ્રયત્ન કર્યો છે.

કબીર સાહેબના સમયે કપડાં વીણનારી કોમને "જુલહા" તથા "કોરી" કહેવામાં આવતી હતી. તેથી તે બંને શબ્દોનો ઉપયોગ આ

એવા (ઈશ્વરરૂપી) વણકરનું રહસ્ય કોઈએ જાણ્યું નથી કે જેણે જગતમાં આવીને (માયારૂપી) તાણો ફેલાવી દીધો છે અને જેણે ધરતી અને આકાશ રૂપી બે ખાડાઓ ખોદાવી રાખ્યા છે તથા ચંદ્ર અને સુરજરૂપી બે નરી બનાવી છે—૧

હજારો તાર લઈને ભરણી પૂરી કરે છે છતાં વણવાનું કાર્ય કઠીન હોવાથી હજીયે પૂર્ણ થયું નથી. કબીર કહે છે કે શુભ તથા અશુભ કર્મોના તારને જોડી વણકર સારી રીતે વણ્યા જ કરે છે—૨

---

રમૈનીમાં કરવામાં આવ્યો છે. ઇશ્વર રૂપી વણકર આ શરીર રૂપી ચાદર વણ્યા જ કરે છે. માયાનો અથવા તો પ્રકૃતિનો તાણો ને વાણો બનાવીને શુભ-અશુભ કર્મ પ્રમાણે તેનું વણાટ કામ કર્યા કરે છે. વણાટ કરનારા યંત્રને ચલવવા માટે બે ખાડાની જરૂર હોય છે તેથી ધરતી અને આકાશના બે ખાડાઓ બનાવી રાખ્યા છે. જેના પર તાર વીંટવામાં આવે છે તે નલી તો ચંદ્ર અને સુરજની બનાવી છે. આ રીતે એક વિરાટ યંત્ર દ્વારા ઈશ્વર રૂપી વણકર આ સૃષ્ટિની રચનાનું કાર્ય સનાતન કાળથી કર્યા જ કરે છે. હજી પણ તે પૂર્ણ થયું નથી! આ યંત્ર, યંત્રનો ચલવનારને વપરાતી સામગ્રી ગુપ્ત હોવાથી સૌ તે માટે અગમ્ય છે.

૨ "જુલહા" તથા "કોરી" શબ્દોનો ઉપયોગ રૂપકને અનુરૂપ કર્યો છે. દૃષ્ટાંત આપી સમજાવવાની રીત હોય છે. ખરેખર કબીર સાહેબ કોળી જુલાહા જાતિના હતા એવી કલ્પના આ રૂપકને આધારે ન કરી શકાય. કેટલાક વિદ્વાનોએ એવી કલ્પના કરીને કબીર સાહેબની જાતિ નક્કી કરવા પ્રયત્ન કર્યા છે તે યોગ્ય ન ગણાય. કવિ કે લેખક દૃષ્ટાંતનો ઉપયોગ પોતાની અભિવ્યક્તિને વધારે વિશદ ને સચોટ બનાવવા માટે કરે તેથી તે દૃષ્ટાંત કે તેમાં વપરાયલા શબ્દો તેની જીવન કથાના અંશો છે એવી કલ્પના કેવી રીતે કરી શકાય?

આ રમૈનીને અંતે સાખી જણાતી નથી. કબીર સાહેબે તો લખી જ હશે. પરંતુ ઉતારો કરનારા લહિયાઓની શરત ચુકને કારણે સાખી અદૃશ્ય છે. આ રીતે ૩૨, ૪૨, ૫૬, ૬૨, ૭૦ અને ૮૧ રમૈનીમાં પણ સાખી જણાતી નથી.

# રમૈની-૨૯

[1]બજાહુતે ત્રિને ખિનમેં હોઇ, ત્રિન તે બજા કરૈ પુનિ સોઇ
નિઝરુ-નિરુ [2]જાનિ પરિહરિયા, કરમક બાંધલ લાલચ કરિયા-૧

કરમ ધરમ મતિ બુદ્ધિ પરિહરિયા, [3]જૂઠ નામ સાંચ લૈ ધરિયા
રજ ગતિ ત્રિવિધ કીન્હ પર ગાસા, કરમ ધરમ બુદ્ધિ કેર બિનાસા-૨

[4]રવિકે ઉદય તારા ભૌ છિના, ચર-બીહર દોનોમેં લીના
[5]વિષકે ખાયે વિષ નહીં જાવૈ, ગારુડ સો જો મરત જિયાવૈ-૩

**સાખી :** [6]અલખ જો લાગી પલક મોં, પલક હિ મેં ડસિ જાય
[7]વિષહર મંત્ર ન માનહિ, ગારુડ કાહ કરાય ?

---

૧ સત્ત્વગુણનો જયારે મન પર પ્રભાવ હોય છે ત્યારે મન ખૂબ આનંદિત હોય છે ત્યારે મન ખૂબ કોમળ બની જાય છે. બીજાનું દુઃખ પણ તે જોઈ ન શકે એવું થઇ જાય છે. તે દશામાં તે દયાના ભાવથી દ્રવિત બની જાય છે. પરંતુ જો મન પર તમો ગુણનો પ્રભાવ હોય ત્યારે તે જડ જેવું કઠણ બની જાય છે. ત્યારે તેનામાં દયા ઉપજતી નથી. તે ક્રૂર બની જાય છે. આ રીતે મનની અવસ્થા સતત બદલાતી રહે છે કારણ કે તે ચંચળ છે.

૨ ઝરણાનું પાણી ચલાયમાન છે એક સ્થળે સ્થિર રહી શકે નહીં. એનો સ્વભાવ વહેવાનો છે. તેવી જ રીતે મનનો સ્વભાવ પણ ચંચળ છે, અસ્થિર છે. તેવા મન વડે ઉત્થાન થઈ શકે નહીં. સાચી ઉત્ક્રાંતિ થઈ શકે નહીં. તેવા પ્રકારની સમજ હોવાથી સંતો મનને સ્થિર બનાવવા પ્રયત્ન કરે છે. સ્થિર મન વડે જ પરમાત્મ દર્શનની શકયતા નિર્માણ થાય છે. ક્ષણ ક્ષણ વિચાર કરવાનો અથવા તો સંકલ્પ વિકલ્પ કરવાનો મનનો સ્વભાવ જુદી જુદી દિશાઓમાં માનવને ભટકાવે છે અને એની શકિતનો દુર્વ્યય કરાવે છે. તેથી ઉત્થાન માટે સ્થિરતા અનિવાર્ય છે.

૩ અસ્થિર મન સારા નરસાનો ખ્યાલ યથાયોગ્ય સમયે કરી શકતું નથી. મનમાં જાગેલાં તરંગોથી તે ઘસડાયા કરે છે ને વ્યથિત બને છે. છતાં પણ તેવી સ્થિતિને તે સત્ય જ માને છે. તેથી મિથ્યા પ્રવૃત્તિમાં વ્યય થતી માનવની શકિતનો બચાવ કરી શકાતો નથી.

૪ વ્યય થતી શકિતનો બચાવ ત્યારે જ કરી શકાય કે જયારે સમજ પ્રગટે. સમ્યક પ્રકારનું જ્ઞાન પ્રગટે. વિવેક જ્ઞાન જાગૃત થાય એટલે મન સત્ય તરફ જ અભિમુખ રહેવા પ્રયત્ન કરે છે એવી અનુભવી મહાપુરૂષોની વાણી છે. મિથ્યા પ્રવૃત્તિઓમાં ચંચળ મન શ્રમિત બને છે, થાકી જાય છે ત્યારે તેને જો માર્ગદર્શન મળે તો મન પોતાની દિશા બદલવા તૈયાર બની જાય

વજ્ર જેવું કઠણ (મન) ક્ષણમાં તૃણ જેવું કોમળ બની જાય છે અને તૃણ જેવું કોમળ (મન) ક્ષણવારમાં વળી પાછું વજ્ર જેવું કઠણ થઈ જાય છે. સ્વર્ગ સુખની લાલચમાં તેવું મન કર્મના દોરડે બંધાયલું રહે છે. ઝરણાંના પાણીના પ્રવાહના જેવું તે અસ્થિર હોય છે તેથી સમજીને (યોગીઓ) તેનો નિરોધ કરે છે—૧

જ્યારે તેવા અસ્થિર મનમાં મગ્ન રહેનારા લોકો કર્મ ધર્મ વિષયક વિવેક બુધ્ધિનો ત્યાગ કરી જે મિથ્યા છે તેને સત્ય માનવાની ચેષ્ટા કરે છે. રજો ગુણ તે મનને ત્રણે લોકમાં ઉચીનીચી ગતિ કરાવે એવું જણાય છે. ખરેખર કર્મ-ધર્મ વિષયક વિવેક બુધ્ધિનો વિનાશ થઈ ગયો હોય છે!-૨

સૂર્યના ઉદયથી તારાઓનું તેજ ક્ષીણ થઈ જાય છે. જડ અને ચેતન બંનેમાં વ્યાપક પણે રહેલ પરમાત્મ તત્ત્વનો અનુભવ થાય છે. ખરેખર ઝેર ખાવાથી ઝેર જતું નથી. સાચો ગારુડી તે જ કહેવાય કે જે મરેલાંને જીવતદાન આપે-૩

**સાખી :** જાગૃતિ અવસ્થામાં ન દેખાતું મન આંખોમાં રહેતું હોય છે તેથી ક્ષણવારમાં તે જીવને ડસી જતું હોય છે. ઝેર ઉતારવાના મંત્રમાં (જીવને) શ્રધ્ધા જ ન હોય તો ઝેર ઉતારવાવાળો ગારુડી પણ શું કરે ?

---

છે. મન પોતાની સ્થિરતા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બને તેને જ આપણે યોગ પણ કહીએ છીએ.

૫ વાસના ભોગવ્યેથી તૃપ્ત થતી નથી. જેમ જેમ ભોગવવામાં આવે તેમ તેમ તે તો વધતી જ રહે છે. વાસના એકમાંથી અનેક રૂપો ધારણ કરતી રહે છે ને જીવ તેને પ્રાપ્ત કરવામાં સમસ્ત જીવન વેડફી નાંખે છે. છતાં પણ તેને સંતોષ થતો નથી. છેવટે તો અતૃપ્તિનો જ અનુભવ થાય છે. માટે વાસનાના ઝેરમાંથી મુકત થવું હોય તો રામ નામનો મંત્ર નિરંતર જપવાની જરૂર છે. રામ નામના નિરંતર સ્મરણથી એક દિવસ ચંચળ મન સ્થિર બની જાય છે ને સત્યનો સાક્ષાત્કાર થાય છે.

૬ કહેવત છે કે દેખ્યાનું ઝેર. ન દેખાય ત્યાં સુધી મનમાં શાંતિ. જેવું દેખાય તેવી મનમાં અશાંતિ. એટલે જાગૃતિ અવસ્થામાં મનનો નિવાસ નજરમાં હોય છે એવું કબીર સાહેબ સૂચવે છે. વિષયી પદાર્થો દેખાતો ન હોય ત્યાં સુધી મન શાંતિનો અનુભવ કરે છે. જેવો તે પદાર્થ દેખાય તેવું જ મન અશાંતિ અનુભવે છે. તે પદાર્થોને મેળવવાની ઝંખનામાં વ્યસ્ત બને છે. ન મળે ત્યાં સુધી જંપ વળતો નથી. મન આ રીતે જીવને ડંસતું હોય છે. એના ઝેરનો નશો જીવને એવો ચઢે છે કે કદી પણ સત્યનું દર્શન થઈ શકતું નથી.

૭ સત્યના દર્શન કરવાની ઈચ્છા જાગે તો જ સત્પુરૂષોના વચનોમાં શ્રદ્ધા કે વિશ્વાસ જાગે છે. શ્રદ્ધા જાગ્યા પછી જ મન ધીમે ધીમે સ્થિરતા ધારણ કરે છે. કોઈ ગુરૂના શરણે બેસી જવાની તે તૈયારી કરી દે છે. મનની તેવી સારી અવસ્થામાં ગુરૂ બીજારોપણ કરે છે ને આખરે માનવ સારું ફળ પ્રાપ્ત કરે છે. ગારૂડી એટલે ઝેર ઉતારવાવાળો ગુરૂ. તે ગુરૂ શિષ્યને તેની શ્રદ્ધા અનુસાર ને સ્વભાવ અનુસાર મંત્ર આપે છે. તે મંત્રના રટણથી મનની અવસ્થામાં પરિવર્તન આવે છે.

## રમૈની-૩૦

ઔ ભૂલે [1]ષટ દર્શન ભાઇ, પાખંડ ભેષ રહા લપટાઇ
જીવ શિવકા આહિ ન સૌના, [2]ચારિઉ વેદ ચતરગુન મૌના-૧
[3]જૈનિ ધરમકા મરમ ન જાને, પાતી તોરિ દેવ ઘર આને
દવના મરુઆ ચંપા કુલા, [4]માનહુ જીવ કોટિ સમતૂલા-૨
[5]ઔ પૃથિવીકે રોમ ઉચારે, દેખત જનમ આપનો હારે
[6]મન્મથ બિંદુ કરે અસરારા, અલપૈ બિન્દુ ખસૈ નહિ દ્વારા-૩
તાકર હાલ હોય અથકૂચા, છવદરશનમેં જૈનિ બિગૂરચા-૪

**સાખી :** [7]જ્ઞાન અમર પદ બાહિરે, નિયરે તે હૈ દૂરિ
જો જાનૈ તિહિ નિકટ હૈ, રહા સકલ ઘટ પૂરિ

---

૧ કબીર સાહેબના સમયમાં સંસ્કૃતના પંડિતોની બોલબોલા હતી. તેઓની તર્કજાળમાં સમસ્ત પ્રજા સપડાયેલી હતી. મુખ્ય આસ્તિકો ને નાસ્તિકોના બે ભેદ પડી ગયેલા અને તેઓ વચ્ચે ભારે તકરારો થતી. તેને લક્ષમાં લઇને કબીર સાહેબ આ રમૈનીમાં બંને પક્ષકારોને ખુલ્લા પાડે છે. છ આસ્તિક દર્શનો ગણાતા હતા. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત. એ જ રીતે છ નાસ્તિક દર્શનો હતા. ચાર્વાક, સૌગાન્તિક, વૈભાષિક, યોગાચાર, માધ્યમિક અને જૈન. સૈત્રાન્તિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એ બૌદ્ધ ધર્મના ચાર ફાંટાઓ છે. એટલે ખરેખર તો ત્રણ જ દર્શનો નાસ્તિક ગણાય. ચાર્વાક, જૈન ને બૌદ્ધ.

૨ ચારે વેદોમાં પાખંડ મતને માટે કોઇ સ્થાન નથી. પાખંડ એટલે આડંબર. આસ્તિકો અને નાસ્તિકો બંને પ્રકારના લોકો બાહ્યાચારમાં સપડાયલા હતા. ટીલાં, ટપકાં, કંઠી, માળા તથા સફેદ, પીળાં, ભગવાં વિગેરે વેશો બાહ્યાચારના મુદ્દાઓ હતા. આસ્તિક હોય કે નાસ્તિક પણ જો તે સાંપ્રદાયિક આચાર વિચારમાં જ મગ્ન રહે ને આંતરિક પરિવર્તન જરા પણ ન કરે તો તેઓનું કલ્યાણ કદી થતું નથી. તેથી વેદો તેમના મતને ટેકો આપતા નથી.

૩ જૈન લોકો અહિંસાને ધર્મનું પરમ સ્વરૂપ ગણાવે પણ આચરણમાં તે પ્રમાણે તેઓ મૂકતા નથી. વનસ્પતિમાં કે ફુલોમાં પણ જીવ છે એવું તેઓ માને છે તે બરાબર છે પરંતુ તેમ માન્યા પછી વનસ્પતિનાં પાન કે ફુલો તેઓએ તોડવા ન જોઇએ. શરીરના રૂંવાટા ખેંચીને કાઢવાની તેમની પ્રવૃત્તિ પણ અહિંસા ધર્મનો ભંગ જ કરે છે.

અને હે ભાઇ! છ દર્શનશાસ્ત્રોમાં ભૂલા પડેલા ભેખધારીએ બાહ્યાચારમાં જ લપટાઇ રહ્યા છે તેથી જીવનું કલ્યાણ કરવાને બદલે તેઓ નાશ જ કરે છે. ચારે વેદ તેઓની માન્યતાથી ચારગણું મૌન ધારણ કરે છે–૧

જૈન વેશધારીઓ પોતાના ધર્મનું રહસ્ય જાણતા નથી હોતા. વનસ્પતિના પાન, મહુડાના તથા ચંપાના ફુલ કરોડો જીવોના જેવા જીવંત છે એવું માનવા છતાં તેઓ (જડ) દેવધરમાં (જીવંત) પાન ચઢાવે છે–૨

શરીરના રોમની માફક પૃથ્વીના રોમ જેવા વનસ્પતિનાં પાંદડાંને તેઓ તોડયા કરે છે અને જોત જોતામાં પોતાના (માનવ) જન્મને વેડફી દે છે પોતાના વીર્યને જરા પણ નીચે પડવા ન દે તેવી ચોકકસ પ્રકારની ક્રિયાઓ કરીને તેઓ પોતાના વીર્યને દુષિત કરે છે–૩

એવા ભ્રષ્ટાચારથી તેઓની દશા અધકચરી થઈ જાય છે. આ દૃષ્ટિએ છ દર્શનમાં જણાવેલા ભેખધારીઓમાં જૈનો વધારે મુંઝવણમાં પડયા છે–૪

**સાખી :** આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતા મોક્ષ સુખ વિનાના લોકોને માટે આત્મતત્ત્વ સૌથી નજીક હોવા છતાં બહુ દુર લાગે છે. જે આત્મજ્ઞાનથી સંપન્ન છે તેને માટે આત્મતત્વ સૌથી નજીક છે અને પ્રત્યેક શરીરમાં તે સંપૂર્ણ પણે વ્યાપીપણે રહેલું દેખાય છે.

---

૪ માનવના જીવો જેટલું જ મહત્ત્વ વનસ્પતિનાં પાંદડાંઓ કે ફુલોને જૈન લોકો આપે છે તે બરાબર છે. પરંતુ આચરણમાં તેઓ બદલાય જાય છે. આચાર ને વિચારમાં અંતર પડી જાય છે. પોતાના ધર્મ પ્રમાણે તેઓ જીવન જીવતા નથી. જીવને દુ:ખ ન થાય તેવું કાર્ય પણ ન કરવું એવું તેઓ માને છે. પણ હકીકતે જીવને દુ:ખ થાય તેવું કર્યા વિના તેઓ રહેતાં નથી. કેશને ખેંચીને કાઢવાથી પણ શું જીવને દુ:ખ ન થાય? પાણી ગરમ કરવાથી શું જીવ હિંસા ન થાય?

૫ માનવના શરીર પર જે રોમ–રુંવાટા છે તેવા રોમ–રુંવાટા ધરતીના શરીર પર વનસ્પતિના રૂપે રહેલાં છે. તેથી વનસ્પતિનો વિનાશ પણ ન કરવો જોઇએ.

૬ તેઓ પોતાની જાતને સંયમી ગણાવે છે. સંયમ વિના આત્મદર્શન થઇ શકે નહિ એ વાત સાચી છે. પરંતુ તેઓ સંયમ કરવાનો ડોળ જ કરે છે. મનથી તેઓ વિષય વાસનાની મઝા માણ્યા સિવાય રહેતા નથી. વજ્રોલી જેવી ક્રિયાઓ દ્વારા તેઓ વીર્યનું સ્ખલન થાય તેવો પ્રયત્ન કરે છે પણ માનસિક રીતે તો તેઓ સંભોગ કરે જ છે. તેથી તેમની દશા અધકચરી જ ગણાય તેઓ પોતાની જાતનો સંપૂર્ણ વિકાસ કરવામાં ઊણા ઉતરે છે એમ જ કહી શકાય.

૭ કબીર સાહેબ આ રીતે બાહ્યાચારમાં માનવાવાળા આસ્તિક અને નાસ્તિક લોકોને જ્ઞાન વિના મુક્તિ નથી એ સત્ય યાદ દેવરાવે છે. જ્યાં સુધી માત્ર બાહ્યાચાર જ કર્યા કરીશું ત્યાં સુધી આંતરિક વિકાસ થઇ શકશે નહીં. પથ્થર પર પાણી રેડવાથી પથ્થર પલળીને પોચો થતો નથી તેમ બાહ્યાચારથી આંતરિક વિકાસ થતો નથી. સમ્યક પ્રકારનું જ્ઞાન જ્યાં સુધી પ્રાપ્ત ન કરવામાં આવે ત્યાં સુધી બધી જ ક્રિયાઓ નિરર્થક બની રહે છે. શરીરમાં રહેલ આત્મતત્ત્વ સૌથી નજીક હોવા છતાં જ્ઞાન વિના દૂર જ લાગે છે એ વાત સાચી છે.

## રમૈની-૩૧

[1]સુમ્રિતિ આહિ ગુનન કે ચીન્હા, પાપ પુન્ન કે મારગ કીન્હા
સુમ્રિતિ બેદ પઢૈ અસરારા, પાખંડ રુપ કરૈ હંકારા-૧

પઢૈ બેદ ઔ કરૈ બંડાઈ, [2]સંસયગાંઠિ અજહુ નહિ જાઈ
પઢિ કે શાસ્ત્ર [3]જીવ વધ કરઈ, મૂંડિ કાટિ અગમન કે ધરઈ-૨

**સાખી :** કહંહિ કબીર પાખંડ તે, બહુતક જીવ સતાય
અનુભવ ભાવ ન દરસઇ, [4]જિયત ન આપુ લખાય

---

૧ શાસ્ત્રગ્રંથો બે પ્રકારના છે શ્રુતિગ્રંથોને સ્મૃતિ ગ્રથો. ચાર વેદોની ગણતરી શ્રુતિગ્રંથોમાં અને ઉપનિષદોની ગણતરી સ્મૃતિ ગ્રંથોમાં ગણવામાં આવે છે. ઋષિઓને પરાવાણી સાક્ષાત સંભળાયલી સમાધિ દશામાં અને તે વાણીને ગ્રંથસ્થ કરવામાં આવી ચારવેદોમાં તેથી તેને શ્રતિગ્રંથો કહ્યા. તે પરાવાણીની યાદ જાગતાં ફરીથી તેના પર જે વિચાર વિમર્શ થયો તે સ્મૃતિગ્રંથો કહેવાયા. સ્મૃતિગ્રંથોમાં સત્વ, રજને તમ એ ત્રણ ગુણોના પ્રભાવ વિશે સારા પ્રમાણમાં ચિંતન થયું છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામા પણ કહ્યું છે કે "ત્રૈગુણ્યાવિષયા વેદા" અર્થાત્ વદોમાં ત્રણે ગુણોને લક્ષમાં રાખીને ચર્ચા વિચારણા થઈ છે.

૨ મધ્યયુગમાં બ્રહ્મણોનું વર્ચસ્વ હતું. વેદોનું જ્ઞાન બ્રાહ્મણ વર્ગ સિવાય બીજાને ભાગ્યે જ થતું. કારણ કે લોકોનો મોટો વર્ગ અભણ રહેતો. બધી ભાષા બ્રાહ્મણો સિવાય કોઇ જાણતું નહીં. તેથી બ્રાહ્મણ લોકો ગર્વથી પોતાની જાતને ઊંચી માનતા ને મનાવતા. તેઓ શ્રતિ-સ્મૃતિના ગ્રંથોનો અભ્યાસ કરીને પંડિત જરૂર થતા પરંતુ આચરણમાં કશું જ દેખાતું નહીં. ચંચલ ચિત્તમાં જે સંશયોની ગ્રંથીઓ બંધાયલી રહેતી તેનું છેદન તો થતું જ નહીં. તેમનો આત્મ વિકાસ થતો જ નહીં. તેઓ જન્મે બ્રાહ્મણ ભલે ગણાવે પણ કર્મે તો શુદ્રથી પણ અધમ કોટિના હતા.

૩ જીવ હિંસા પોતે કરતા ને બીજા પાસે કરાવતા. દેવીને બલિ ચઢાવવાની પ્રથા તેઓની ધંધાકીય હોંશિયારીમાંથી ઉદ્ભવેલી એવું વિદ્વાનો માને છે. ભોળા લોકોને મનોરથો પૂર્ણ કરવા તેઓ જીવહિંસાની સસ્તી રીતો બતાવતા પરિણામે તેઓ તાજામાજા થઇને રહેતા અને ભોળા અજ્ઞાન લોકોને ધર્મનું આચરણ કર્યાનો સંતોષ થતો. એ કારણે આત્મિક વિકાસ ન તો બ્રાહ્મણોનો થતો કે ન તો અન્ય પ્રથનો થતો. દેવને કે દેવીને

સ્મુતિ વિગેરે શાસ્ત્રગ્રંથોમાં ગુણોનું વર્ણન કર્યું છે અને તે આધારે પાપ-પુણ્યનો માર્ગ બતાવ્યો છે. પાખંડી લોકો તે શાસ્ત્રગ્રંથોને નિરંતર વાંચ્યા કરે છે અને અહંકારમાં મસ્ત રહે છે.–૧

તેઓ વેદોને વાંચે છે અને બડાઈ માર્યા કરે છે એટલું જ. તેઓના મનમાં સંશયરૂપી ગાંઠ નાશ પામી નથી હોતી! તેઓ તો એક તરફ શાસ્ત્ર વાંચે છે ને બીજી તરફ જીવ હિંસા કરે છે. તેઓ માથું કાપીને દેવની સામે ધરી દે છે.–૨

**સાખી :** કબીર કહે છે કે તેવા પાખંડી લોકો અનેક જીવોની હત્યા કરતા હોય છે. જીવતા જીવતા તેઓએ આત્માને જાણ્યો નથી હોતો તેથી તેઓમાં આત્મભાવનાં દર્શન થતાં નથી.

---

બલિ ચઢાવવાની પ્રથા તે સમયથી બંગાળ, બિહારને ઓરિસ્સા જેવા રાજ્યોમાં ખૂબ ફાલી ફૂલી હતી. આજે પણ તે ચાલુ રહી છે તેની કોણ ના. કહી શકશે!

૪ "અનુભવ-ભાવ" એટલે અનુભવ થયા પછી જ આત્મા પ્રત્યે ભાવના જાગે છે તે. સાધકને આત્માનો બૌધ્ધિક પરીચય થયા પછી રહેજે તેનામાં આત્મ શ્રધ્ધા જાગે છે. આતમ ભાવના કર્યા કરે તો તેને અનેક વિધિ અનુભવો પણ થતા રહે છે. અનુભવોથી આત્મભાવ દૃઢ બને છે. ધીમે ધીમે દેહભાવ ઓછો થતો જાય છે. એ રીતે આંતરિક વિકાસની યાત્રા સત્વ ગુણમાં સ્થિર બનેલા સાધકની ચાલ્યા કરતી હોય છે. એક દિવસ મનની એવી ઊંચી અવસ્થા પર તે સ્થિર થઈ શકે છે કે જેને કારણે ભૂતમાત્રમાં સર્વ સ્થળે ને સર્વ સમયે તે સાધકને આત્મ તત્વનાં દર્શન થાય છે. શ્રીમદ્ શંકરાચાર્ય પણ બ્રહ્મમયી દૃષ્ટિ કરીને સાધક પોતાની આંતરિક વિકાસની યાત્રા પરિપુર્ણ કરે છે એવું "વિવેકચૂડામણિ" ગ્રંથમાં જણાવે છે. પરંતુ જે સત્વમાં સ્થિર થાય તેને "અનુભવ ભાવ" જાગૃત થતો હોય છે. ન થાય તેને આત્મવિચાર પણ થતો નથી. માત્ર શાસ્ત્ર ગ્રંથના વાચન-મનનથી શું વળે? ને ખરેખર આત્મવિકાસ જેનો થતો હોય છે તેને જીવવધની પ્રવૃત્તિ કેવી રીતે ગમે? તે દેવ-દેવીના બાહ્ય પુજાના વમળમાં શા માટે બધ્ધ બની રહે? તે બાહ્યાચારમાં રમમાણ થતો પણ નથી ને બાહ્યાચારથી છેતરાતો પથ નથી. બાહ્યચારના પાપડને તે જાહેર રીતે વખોડે છે ને હિમ્મતથી પોતાનો આત્મવીકાસ ચાલુ રાખે છે. જો બ્રાહ્મણો શ્રીમદ્ શંકરાચાર્ય કહે તે પ્રમાણે પોતાની દૃષ્ટિ બ્રહ્મમયી કરી શકતા હોય તો જીવ વધ કરીને માથું દેવીના ચરણે મૂકવાનો પ્રસંગ ઉભો થાય જ નહિ! મધ્યયુગમાં બ્રાહ્મણો તે રીતે વર્ત્યા જણાતા નથી તેથી કબીર સાહેબે આ રમૈનીમાં બાહ્યચારમાં રમમાણ રહેલા પંડિતવર્ગની આકરી ટીકા કરી છે.

# રમૈની–૩૨

અંધ સો [1]દરપન વેદે પુરાના, [2]દરબી કહા મહારસ જાના
[3]અસ ખર ચંદન લાદૈ ભારા, પરિમલ બાસ ન જાને ગંવારા–૧

કહંહિ કબીર ખોજૈ અસમાના, સોનમિલા જિ હ જાય ગુમાના–૨

---

૧ આ નાના સરખા રમૈનીના પદમાં કબીર સાહેબે શાસ્ત્રગ્રંથો મોઢે કરી લીધા હોય છતાં અજ્ઞાની હોય તેવા પંડિતોને લક્ષમાં લઇને કાવ્યમય રીતે તેઓની વૃથા પ્રવૃત્તિઓને ખુલ્લી પાડી છે અને સદુપદેશ પ્રદાન કર્યો છે કે જયાં સુધી પંડિતો વિનમ્ર બનીને પોતાના શરીરની અંદર પરમાત્મ તત્વને શોધવા ન પ્રયત્ન કરશે ત્યાં સુધી તેઓને કલ્યાણકારી જ્ઞાન પ્રાપ્ત થશે નહિ.

ઘણા પંડિતો એવા છે કે જેમને ચારે વેદોને અઢારે પુરાણો કંઠસ્થ હોય. તે કારણે તેઓ અભિમાનથી સમાજમાં પોતાની જાતને મોટી પણ લેખાવતા હોય છે. પરંતુ ખરેખર તેઓ મહાન હોતા નથી. તેઓ અજ્ઞાન અવસ્થામાં જ હોય છે. તેઓમાં વિકારો ઓછા થવાને બદલે વધતા જ રહે છે. તેથી તેઓ ઉચ્ચ કુળમાં જન્મેલા હોવા છતાં નીચ જ ગણાય છે. કારણ કે તેમને પરમાત્માનાં દર્શન થયેલાં હોતાં નથી. આંધળા માણસની સામે જેમ દર્પણ ધરવાની ક્રિયા વૃથા અથવા તો નકામી જ ગણાય છે તેમ તેઓની શાસ્ત્રગ્રંથોના વાચનની પ્રવૃત્તિ નિરર્થક માનવી જોઇએ. તેઓ ભલે અક્ષર જ્ઞાનથી સંપન્ન પંડિતો હોય પરંતુ તેમની અંતરની આંખ ઉઘડેલી નથી હોતી. તેથી કહેવામાં આવ્યું છે કે

યસ્ય નાસ્તિ સ્વયં પ્રજ્ઞા શાસ્ત્રં તસ્ય કરોતિ કિમ ?
લોચનાભ્યાં વિહીનસ્ય દર્પણઃ કિં કરિષ્યતિ ॥

અર્થાત્ જેની અંતરની આંખો ઉઘડી જ નથી તેને શાસ્ત્રનો લાભ કેવી રીતે મળે ? આંધળા માણસોને દર્પણ ધરવાથી શો લાભ ? શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ શ્રી કૃષ્ણે અર્જુનને આજ સંદર્ભમાં પોતાના સ્વરૂપનું દર્શન કરાવતી વેળાએ કહ્યુ છે.

તારી આંખે ના તને દેખાશે મુજ રૂપ,
દેવી આપું આંખ હું, જો તું દિવ્ય સ્વરૂપ.

સત્પુરૂષો આને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલો બુદ્ધિયોગ કહે છે અર્જુનને બુદ્ધિયોગની પ્રાપ્તિ થઇ તેથી તેને પરમાત્મ સ્વરૂપનો સંપૂર્ણ ખ્યાલ આવી ગયો હતો.

૨ દરબી એટલે ગામઠી ભાષામાં કડછી. દૂધપાકમાં કડછી લાંબા સમય સુધી રહે છતાં દૂધપાકના સ્વાદનું તેને જ્ઞાન થતું નથી. તેવીજ રીતે [illegible]

ચાર વેદો અને અઢાર પુરાણોના ગ્રંથો અજ્ઞાની લોકો માટે આંધળા માણસની સામે ધરેલા દરપણ જેવા ગણાય. કડછી દૂધપાકનો સ્વાદ કેવી રીતે જાણે? જેવી રીતે ચંદનનો ભાર વહન કરવા છતાં ગધેડાને ચંદનની સુવાસનો ખ્યાલ હોતો નથી તેવી રીતે મુર્ખા લોકો શાસ્ત્રગ્રંથો વાંચતાં હોવા છતાં તેઓને ગ્રંથોમાં રહેલા રહસ્યનું ભાન હોતું નથી-૧

કબીર કહે છે કે મુર્ખા લોકો પરમાત્મ તત્વને આકાશમાં હોય તેમ બહાર જ શોધ્યા કરે છે તેથી તેઓને એવું જ્ઞાન પ્રાપ્ત થતું નથી કે જે મળતા તેઓનું અભિમાન દુર થઈ જાય-૨

---

કલાક શાસ્ત્ર ગ્રંથોનું પોપટ પારાયણ કરનારને કે સાંભળનારને પરમાત્મ તત્ત્વનું જ્ઞાન થતું નથી. મુક્તિ ઉપનિષદમાં આવા જ પ્રકારનો એક શ્લોક છે.

અધીત્ય ચતુરો વેદાન્ સર્વશાસ્ત્રાણ્યનેકશઃ ।
બ્રહ્મતત્વં ન જાનાતિ દર્વી પાકરસં યથા ॥

અર્થાત્ ચારે વેદોને તમામ પ્રકારના શાસ્ત્રો વાંચ્યા કરે છતાં જેની પ્રજ્ઞા ખુલી નથી તેવા મૂઢ માણસો બ્રહ્મતત્વને ઓળખી શકતા નથી. જેવી રીતે દૂધપાકના સંપર્કમાં સતત રહ્યા છતાં કડછી દૂધપાકના સ્વાદનું મૂલ્ય કદી પણ જાણી શકતી નથી તેવી રીતે મૂઢ માણસો સતત અભ્યાસ કરતા જણાય છતાં બ્રહ્મને જાણી શકતા નથી.

૩ કબીર સાહેબ પોપટ પારાયણ કરનારા પંડિતોને ગધેડા સાથે સરખાવે છે. શ્રીમદ્ ભાગવતમાં પણ એવી જ સરખામણી કરીને કહેવામાં આવ્યું છે કે જેવી રીતે ગધેડો સતત ચંદનની લાકડીઓનું વજન ખેંચ્યા કરે છે છતાં તે ચંદનની સુગંધનું મૂલ્ય તે જાણતો નથી હોતો તેવી રીતે જે પંડિતો સતત વેદોનો તથા શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કર્યા કરે છે છતાં સાર શબ્દના રહસ્યની તેઓને જાણ થતી નથી.

૪ તેવા પોપટ પારાયણી પંડિતો પરમાત્મ તત્વને બહાર જ શોધ્યા કરે છે. 'અસમાના' શબ્દ આસમાન શબ્દનું અપભ્રંશ રૂપ ગણાય. તેઓ આસમાનમાં એટલે આકાશમાં પરમાત્મા રહેલા હોય તેવી રીતે તીર્થોમાં, મંદિરોમાં કે ગહન એકાંતોમાં શોધ્યા કરે છે. ખરેખર, પરમાત્મા તો પ્રત્યેકના શરીરમાં રહેલા છે. જરા નિશ્ચિંત થઇ પોતાના શરીરમાં અંતર્મુખ ન બને ત્યાં સુધી જીવ પોતાનું કલ્યાણ સાધી શકતો નથી. અંતર્મુખ બન્યા પછી જ સતત સાધનામય રીતે જીવન જીવનાર પરમાત્મ તત્વનો સાક્ષાત્કાર પામી શકે છે અને પોતાના જન્મને કૃતાર્થ કરી શકે છે. જ્યાં સુધી અંતર્મુખ ન થાય અને માત્ર બહિર્મુખ થઇને તીર્થોમાં કે મંદિરોમાં પરમાત્માને શોધે ત્યાં સુધી અનેક જન્મો વીતે તો પણ તેનો દા'ડો વળતો નથી. માત્ર શાસ્ત્રગ્રંથોના અભ્યાસથી તેઓમાં ગુમાનની એટલે કે અહંકારની જ માત્રા વધે છે અને તે એટલે સુધી વધે છે કે તેની આડમાં પરમાત્મા નિત્ય સંતાયલા જ રહે છે. અસમાનાનો બીજો અર્થ પણ થઈ શકે. અસ એટલે એવું માના એટલે પદ. એવું પદ પ્રાપ્ત થયું નથી કે જેની પ્રાપ્તિથી અભિમાન પણ દૂર થઈ જાય.

## રમૈની-૩૩

એદકી પુત્રી હૈ[1] સ્મ્રિતિ ભ્રાઈ, સો જેવરિ કર તેતહિ આઇ
આપુહિ બરિ આપુન ગર બંધા, જૂંઠા મોહ કાલ કો ફંદા-૧

બંધા બંધવત છોરિ ન જાઇ, [2]વિષયરૂપ ભૂલી દુનિયાઇ
હમરે લખત સકલ જગ લુટા, દાસ કબીર [3]રામ કહી છૂટા-૨

**સાખી :** રામહિ રામ પુકારતે, [4]જિભ્યા પરિગો રોંસ
[5]સૂધા જલ પીવે નહીં ખોદિ પિયન કો હોંસ

---

૧ સ્મૃતિ ગ્રંથો વેદોને અનુસરે છે તેથી તેની ઉત્પત્તિ વેદમાંથી જ થયેલી એવું માની શકાય. શ્રુતિ હોય કે સ્મૃતિ હોય માત્ર કર્મકાંડને જ મહત્ત્વ આપવામાં આવે છે ત્યારે જીવ સકામ કર્મોની ઉપાસનામાં સહેલાઈથી ડૂબી જાય છે. તેથી ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને ચેતવણી આપતા સ્પષ્ટ કહ્યું કે

ત્રિગુણાત્મક છે વેદ તો ગુણાતીત તું થા,
દ્વંદ્વરહિત ને શુદ્ધ ને જ્ઞાની યોગી થા. (સ. ગી. અ-૨)

કારણ કે

વેદવાદમાં રત થયા કામી ચંચલ લોક,
જન્મમરણ ફલ આપતાં કર્મ કરે છે કોક.
સ્વર્ગ ચાહતા તે સદા મધુર વદે છે વાણ
ભોગવાસનાથી ગણે ઉત્તમ કે ના આન.
ભોગ મહીં ડૂબી ગયું ચંચલ મન જેનું,
સમાધિમાં જોડાય ના મન કદી યે તેનું. (સરળ ગીતા)

અર્થાત્ કર્મકાંડના વિભાગમાં જણાવેલા નિયમો આખરે સાધકને વિષય ભોગ તરફ જ ખેંચી જાય છે. સ્વર્ગ સુખની પ્રાપ્તિની ઝંખનામાં જીવને પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઇ જાય છે. દુર્લભ માનવ દેહનો સદુપયોગ કરવાને બદલે તે માત્ર ભોગમાં જ ડૂબી જાય છે. ભોગરત મનમાં અનેક કામનાઓ જાગતી જ રહે છે. અને તેની પ્રાપ્તિમાં તે સદા રમમાણ રહે છે. તેથી કહ્યું કે

યોગવૃત્તિ તો હોય છે એક લક્ષવાળી
યોગહીન બુદ્ધિ ઘણા હોય ધ્યેયવાળી

સમાધિમાં જોડવા માટે એક જ ધ્યેયવાળી બુદ્ધિની આવશ્યકતા ઉભી થાય છે. મોક્ષનું એક જ ધ્યેય અથવા પરમાત્મ તત્વની પ્રાપ્તિનું એક જ લક્ષ

સ્મૃતિ (ગ્રંથો) તો વેદોની પુત્રી છે અને હે ભાઈઓ, તે તો હાથમાં (સકામ) કર્મો રૂપી દોરડું હાથમાં લઈને જ આવી છે! સ્વયં પોતે સકામ કર્મોનો સ્વીકાર કરીને પોતાના ગળામાં તે દોરડું ભેરવી દે છે, સકામ કર્મો મોહ જન્ય હોવાથી સમય જતા બંધનરૂપ થઈ જાય છે.–૧

(જીવ) સકામ કર્મોના બંધનમાં બંધાતા બંધાય જાય છે પરંતુ પછી તો તેમાંથી છૂટી શકાતું નથી. સકામ કર્મોના વિષયોમાં આખી દૂનિયા ભુલી પડી છે. મારી હાજરીમાં આખું જગત લુંટાઈ રહ્યું છે. કબીર કહે છે કે માત્ર હું જ રામ સ્મરણથી છુટી શક્યો છું.–૨

**સાખી** : (સકામ કર્મવાદીઓ) રામ રામ પુકારીને થાકી જાય છે અને જીભ પર આંટણ પડી જાય છે છતાં છુટી શકતા નથી. શુધ્ધ ગંગાજલ પીવાને બદલે તેઓ કૂવો ખોદીને શુધ્ધ જલની પ્રાપ્તિની ઝંખના કરે છે.

---

હોવું જરૂરી છે. અનેક ધ્યેયમાં મન વિભાજિત થઇ જાય તો સિદ્ધિ હાંસલ કરી શકે નહીં તે એક હકીકત છે.

૨ મુંડક ઉપનિષદ્‌માં બે પ્રકારની વિદ્યા ગણાવી છે. પરા અને અપરા. વેદો, છંદ, નિરૂક્ત, જ્યોતિષ વિગેરે શાસ્ત્રોમાંથી પ્રાપ્ત થતી વિદ્યાને અપરાવિદ્યા કહી છે. જ્યારે પરા વિદ્યા તો તેને જ ગણાવી શકાય છે કે જેના દ્વારા પરમાત્મ તત્વનો જ બોધ થાય. જીવના કલ્યાણમાં માત્ર અક્ષરજ્ઞાન પૂરતું ન ગણાય અંતરનો વિકાસ સાથે સાથે થવો જરૂરી છે. સદ્‌ગુણોની વૃદ્ધિથી થઇ શકે. તેથી અપરા વિદ્યાની પ્રાપ્તિ પછી પરા વિદ્યાની પ્રાપ્તિ માટે જીવે તપવું પડે છે, ખમવું પડે છે. અપરા વિદ્યામાં જીવ પારંગત ભલે હોય પણ તેનું મન જ્યાં સુધી નિર્વિષયી ન બને ત્યાં સુધી પરા વિદ્યાની તેને ઝાંખી પણ થતી નથી. વિષયોના ભોગમાં આખી દુનિયા ઉંધે રસ્તે જઇ રહી છે તેની ચેતવણી અહીં આપવામાં આવી છે.

૩ મનને નિષ્કામ બનાવી, નિર્વિષયી બનાવી, રામ નામના સ્મરણમાં મન ડૂબેલું રાખવાથી પરમાત્મ પ્રાપ્તિનું એક જ ધ્યેય સિદ્ધ થાય છે તે કબીર સાહેબ અનુભવને આધારે અહીં કહી રહ્યા છે.

૪ જેનું મન નિષ્કામ બન્યું નથી પરંતુ સકામ જ રહ્યું હોય તેવો જીવ આખું જીવન રામ સ્મરણ કર્યા કરે તો પણ તેનું કલ્યાણ થતું નથી. તેની જીભ ભલે રામ રામ રટયા કરે પણ તેનું મન વિષયોમાં જ ડૂબેલું રહે છે તેથી રામની પ્રાપ્તિ થતી નથી. પોપટને જેમ રામ બોલવાની ટેવ પડી જાય છે તેમ તેવા જીવને રામ રામ કહેવાની ટેવ પડી ગઇ હોય છે.

૫ "સુધા જલ" એટલે શુદ્ધ ગંગાજલ પ્રત્યેક શરીરમાં આતમરામ છે જ છતાં તેની ખોજ કરવાને બદલે વિષયી જીવ તીર્થોમાં કે મંદિરોમાં શોધે તે કેવું ગણાય? પોતાની પાસે વહેતા ગંગા જલને છોડીને કૂવો ખોદી ગંગાજલ પીવાની મહેનત કરનારા જેવું કબીર સાહેબ ગણાવે છે.

# રમૈની-૩૪

પઢિ પઢિ [૧]પંડિત કરૂ ચતુરાઇ, [૨]નિજ મુકિત મોહિ કહહુ બુઝાઇ
[૩]કહૅં બસૈ પુરુષ કવન સો ગાંઉ, પંડિત મોહિ સુનાવહુ નાંઉ-૧

ચારિ બેદ બ્રહ્મૈ નિજ ઠાના, [૪]મુકિતક મરમ ઉનહું નહિ જાના
[૫]દાન-પુન્ન ઉન બહુત બખાના, અપને મરન કી ખબરિ ન જાના-૨

એક નામ હૈ અગમ ગભીરા, તહૅંવા અસ્થિર દાસ કબીરા-૩

**સાખી :** [૬]ચિઉંટિં ના જહેં ચઢિ સકૈ, [૭]રાઇ ના ઠહરાય
[૮]આવા ગમનકી ગમ નહીં, [૯]તહેં સકલો જગજાય

---

૧ અપરા વિદ્યામાં પારંગત લોકો પોતાને પંડિત ગણાવે છે અને જુદી જુદી દલીલો કરીને હોંશિયારી પ્રગટ કરે છે. પરંતુ ખરેખર તેઓ હોંશિયાર હોતા નથી.

૨ તેઓને મુકિત કયારે મળે ? કેવી રીતે મળે ? તેની પણ ખબર હોતી નથી. મરણ પછી જ મુકિતના ભ્રમમાં તેઓ પોતાનું જીવન વેડફી દે છે.

૩ તેઓ જે દેવદેવીઓની ઉપાસના કરે છે તેનો પણ તેઓને સાચો ખ્યાલ હોતો નથી. તે દેવ કયાં વસે છે ને તેના ગામનું નામ શું તે તેઓ સમજાવી શકતા નથી.

૪ ચારે વેદોને ફરીથી બ્રહ્માજીએ સ્થાપ્યાં પણ બ્રહ્માજીને પણ સાચી મુકિતનું રહસ્ય સમજાયું નહિ. તેમણે દાન પુણ્યની ઘણી બધી વાતો વર્ણવી પણ તેનું ફળ કયારે મળે ? મરણ પછી મળે તો મરણ પછી શું થાય છે. તેની તેઓને ખબર છે ? ખરેખર તો જીવન જીવતા જ મુકિત પ્રાપ્ત કરી લેવી જોઇએ. જીવન મુકત દશા જ સાચી અવસ્થા છે. પડિતોએ ફાલતું વાતોમાં વધારે રસ લઈ તેના સિદ્ધાંતોનું ખંડન મંડન કરવામાં જ પોતાની ચતુરતાનો ઉપયોગ કર્યો પણ પરમાત્મ તત્વનો સાચો બોધ તો પ્રાપ્ત કર્યો જ નહીં.

૫ દાન-પૂણ્યના ખૂબ વખાણ કર્યા એટલે પાપોનું ખંડન કર્યું ને પૂણ્યોનું મંડન કર્યું પાપ પુણ્યોની ભ્રામક જાળ પાથરીને પંડિતોએ પોતાની હોંશિયારી પ્રગટ કરી. ખરેખર, સદ્ગુણોની વૃદ્ધિ તરફ, આંતરિક વિકાસ

હે પંડિતો! તમે (અપરા વિદ્યાને) વાંચી વાંચીને પોતાની ચતુરાઈ જણાવી રહ્યા છો તો મને કહો તો ખરા કે તમારી પોતાની મુકિત ક્યારે થશે? જેની તમે ઉપાસના કરો છો તે પુરૂષ કયાં વસે છે? તે સ્થળનું નામ શું? હે પંડિતો તેનું નામ તો સાંભળાવો!–૧

ચારે વેદોને બ્રહ્માજીએ પોતાની રીતે સ્થાપ્યા પરંતુ મુકિતનો મર્મ તો તેમણે પણ જાણ્યો નથી. દાન પુણ્યના ખુબ વખાણ કર્યા પણ તેમણે પોતાના મરણનો ખ્યાલ પણ કર્યો નહીં.–૨

એક નામ અગમ્ય છે ગંભીર છે ત્યાં દાસ થઈને કબીર સ્થિર થયો છે.–૩

**સાખી :** જ્યાં કીડી ચઢી શકતી નથી નં રાઈનો દાણો ઠરી શકતો નથી અને જન્મ મરણનું કોઈને જ્ઞાન નથી ત્યાં આખું જગત ગતિ કરી રહ્યું છે.

---

તરફ લક્ષ આપ્યું નહીં અને મરણ પછી મુકિત મળે છે એવા ભ્રમમાં જીવન પૂર્ણ કર્યું. મરણ શા માટે થાય છે અથવા તો જન્મ મરણ કેવી રીતે થાય છે. તેની સૂઝ તેમને પ્રગટી નહીં.

૬ ચિઉટિ એટલે કીડી. મનના પ્રતીક તરીકે કીડીને ગણવી.

૭ રાઈને બુદ્ધિના પ્રતીક તરીકે ગણવી.

૮ આવા ગમન એટલે જન્મ મરણ. જન્મ અને મરણનો ચકરાવો કેવી રીતે થયા કરે છે તેની જાણકારી તેઓને (પંડિતોને) નથી. જો હોત તો સ્વર્ગ નરકની વાતોના કરત. સકામ ઉપાસનાનો માર્ગ બતાવત નહીં. તેઓએ સ્થાપિત કરેલા સિદ્ધાંતો પરથી લાગે છે કે તેઓને સમ્યક પ્રકારની જ્ઞાનની ઉપલબ્ધિ થઈ ન હોતી.

૯ પ્રલય કાળે સર્વ સંસારીઓ જ્યાં વિશ્રામ લે છે તે સ્થળ. થોડો વિશ્રામ લઇ ફરીથી જન્મ લે છે અને પોતાની વાસના પ્રમાણે ગતિ કરે છે. આમ અજ્ઞાન અવસ્થામાં એક સરખી ગતિ થયા કરે છે. ઉપનિષદ્ પણ જણાવે છે કે સર્વાઃ પ્રજાઃ અહરહઃ ગચ્છન્ત્ય એતં બ્રહ્મલોકમાં જાય છે પરંતુ બ્રહ્મને ન જાણતા હોવાથી પાછા જન્મ ધારણ કરે છે.

જયાં મન પહોંચી શકતું નથી, બુદ્ધિ જેનું માપ કરી શકતી નથી તેવા પરમાત્મા તત્વની જાણકારી વિના જન્મ મરણના ચકરવામાંથી મુકિત પ્રાપ્ત થતી નથી. માટે પંડિતોએ ચતુરાઈ છોડી પોતાની બુદ્ધિને પરમાત્મ તત્વના એક ધ્યેયવાળી જ બનાવવી જોઇએ.

## રમૈની-૩૫

પંડિત ભૂલે [1]પઢિ ગુનિ વેદા, [2]આપુ અપનપૌ જાનુ ન ભેદા
સંજા તરપન ઔર [3]ષટ કરમા, ઈ બહુરુપ કરહિં અસધરમા–૧

[4]ગાયત્રી જુગ ચારિ પઢાઈ, પૂછહુ જાય મુકતિ કિનપાઇ?
[5]અવર કે છિયે લેત હૌ સીંચા, તુમતે કહહુ કવન હૈ નીચા ?–૨

ઇ ગુન ગરબ કરી અધિકાઈ, અધિકે ગરબ ન હોઈ ભલાઈ
જાસુ નામ હૈ ગરબ પ્રહારી, સો કસ ગરબહિં સકૈ સહારી–૩

**સાખી :** કુલ મરજાદા ખોય કે, ખોજિનિ પદ નિરબાન
અંકુર બીજ નસાય કે, ભયે [6]વિદેહી થાન.

---

૧ બ્રાહ્મણો સંસ્કૃત શીખી શકતા અને અન્યને ભણાવી શકતા. તેઓ પોતાની જાતને પંડિત ગણાવી સમાજમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા. તેવા પંડિત વર્ગને અનુલક્ષીને કબીર સાહેબે આ રમૈનીમાં તેઓની મિથ્યા પ્રવૃત્તિઓની આલોચનાં કરી છે. વેદો ભણી ગણીને તેઓ પંડિત બની જતા પણ કર્મથી તેઓ નીચ જ રહેતા. માંસ ભક્ષણાદિમાં રત રહી તેઓ જીવ હિંસાને પ્રોત્સાહન આપતા.

૨ માત્ર પુસ્તકિયા જ્ઞાનથી આત્માનું કલ્યાણ થતું નથી. દુર્ગુણોમાંથી મુક્ત બની સત્ય ગુણમાં સ્થિર થયા વિના કલ્યાણ પંથે આગળ વધી શકાતું નથી. પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર એ કલ્યાણ પંથની આખરી મંઝિલ ગણાય. પંડિત લોકો સમાજમાં મોટા ગણાતા પણ ખાનગી જીવનમાં દુરાચારી હતા. દુર્ગુણોમાં કાયમ રહેવું તેમને ગમતું. તેથી તેઓમાં ગુણ વિકાસ થતો નહીં અને પરિણામે તેઓને પોતાના સ્વરૂપનો પરિચય પણ થતો નહીં. કબીર સાહેબ આત્મ જ્ઞાનને જ મહત્ત્વ આપે છે તે આ પદમાં વધુ સ્પષ્ટ થાય છે.

૩ દરેક મનુષ્યે છ પ્રકારના કર્મો નિત્ય નિયમ તરીકે કરવા જોઇએ એવું પંડિત લોકો ભણાવતા. સ્નાન, સંધ્યા, પૂજા, તર્પણ, જપ અને હોમહવન. વેદો ભણવા ને ભણાવવા, ધન લેવું ને દાન આપવું તથા યજ્ઞ કરવો ને કરાવવો એ પ્રકારના કર્મોનું પણ મહત્ત્વ ગણાતું. આ પ્રકારે પંડિતો બાહ્યાચારનો મહિમા ગાતા રહેતા અને મદમાં ચકચૂર બની પતન પામતા,

૪ બ્રાહ્મણ વર્ગમાં ગાયત્રી મંત્રનો જપ નિયમિત રીતે થયા કરતો. પરંતુ તે પણ બાહ્યાચારમાં જ ખપી જતો. પથ્થર પાણીમાં નિત્ય સ્નાન કર્યા કરે

પંડિત લોકો વેદો વાંચી વિચારીને પણ ખોટે માર્ગે છે. તેઓ પોતાના સ્વરૂપનું રહસ્ય જાણી શકયા નથી. સંધ્યા, તર્પણ તથા છ પ્રકારના કર્મો અને બીજાં અનેક ધાર્મિક [ યાઓ તેઓ ભલે કર્યા કરતા હોય !–૧
તેઓ ચાર યુગથી ગાયત્રી મંત્રનો જાપ કરે છે તો પણ જઈને પૂછો કે મુકિત પ્રાપ્ત કરી છે ખરી? બીજાને સ્પર્શ થઇ જતાં પોતાના પર પાણીનો છંટકાવ કરનારા હે પંડિતો, તમારાથી અધિક નીચા બીજા કોણ હોય શકે ?-૨
એવા વર્ણજાતિના ગુણોનું અભિમાન વધારે પડતું કરો છો પણ વધારે અભિમાન કરવાથી કોઈનું કલ્યાણ થતું નથી. જે અભિમાનનો નાશ કરનારા પરમાત્મા છે તે તમારું અભિમાન કેવી રીતે સહન કરી શકશે ?–૩

**સાખી :** જેણે જાતિ અને કુળનું અભિમાન છોડીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી નિર્વાણ પદનું સંશોધન કર્યું છે તે જ સંસારના કારણભુત વાસનાના બીજાંકુરોનો નાશ કરી જીવતા જીવત વિદેહ મુકિતને પ્રાપ્ત કરે છે.

---

છતાં પણ પોચો તો થાય જ નહીં. તેમ બાહ્યાચારથી બ્રાહ્મણ વર્ગમાં ગુણ વિકાસ થતો નહીં. બાહ્યાચારના અભિમાનમાં બ્રાહ્મણવર્ગ ગળાડૂબ રહેતો હોવાથી મુક્તિથી તે વંચિત રહેતો. ગુણ વિકાસ થયા વિના મુક્તિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

૫ પંડિત વર્ગે છૂતાછૂતની ભાવના સમાજમા દૃઢ બનાવી હતી. શુદ્ર જાતિનો માણસ બ્રાહ્મણને અડી શકતો નહીં. જો ભૂલે ચૂકે સ્પર્શ થઈ જતો તો તે બ્રાહ્મણ પોતાના શરીર પર પાણી છાંટી પોતાની જાતને શુદ્ધ કરી લેવા પ્રયત્ન કરતો. છૂતાછૂતની આવી ભાવનાથી હિન્દુ સમાજ એકતા કેવી રીતે સ્થાપી શકે ? મુસલમાનોના હાથમાં સત્તા હોવાથી હિન્દુ સમાજમાં એકતાની ખૂબ અનિવાર્યતા હતી. તેથી કબીર સાહેબ વારંવાર હિન્દુ સમાજની આ ત્રુટીઓ પર પ્રહાર કરે છે અને એકતા નિર્માણ થાય તેવી ભૂમિકા રચવા પ્રયત્નશીલ બને છે.

૬ મુકિત બે પ્રકારની–વિદેહ મુકિત ને જીવન મુકિત. મરણ પછી જે મુકિત મળે તેને વિદેહ મુકિત કહેવ.માં આવે છે. પરંતુ સત્પુરૂષો વિદેહમુકિતને મહત્વ આપતા નથી. મર્યા પછી મુકિત મળે કે કેમ તેની શી ખાત્રી ! એના કરતાં જીવતાં જીવતાં મુકિત પ્રાપ્ત કરવી તે ઉત્તમ. જીવતા જીવત મુકિત પ્રાપ્ત કરવી તેને જીવન મુકિત કહે છે. દરેક મનુષ્યે સદ્‌ગુણોની વૃદ્ધિ કરી પોતાના સ્વરૂપનો પરિચય કરી લેવો જરૂરી ગણાવો જોઇએ. મરણ પછી મુક્તિ અપાવનારા ક્રિયાકાંડોમાં આસકત ન બનવું જોઇએ. તો જ વાસનાનો ક્ષય થઈ શકશે અને મુકિત પ્રાપ્ત કરી શકાશે.

# રમૈની-૩૬

જ્ઞાની ચતુર બિચચ્છન લોઇ, [1]એક સયાન સયાન ન હોઇ
દુસર સયાન કો મરમ ન જાના, ઉતપતિ પરલય રચનિબિહાના-૧

બાનિજ એક સભનિ મિલી થાના, નેમ ધરમ સંજમ ભગવાના
હરિ અસ ઠાકુર તેજિ ન જાઈ, બાલન ભિસ્ત ગાવ દુલહાઈ ૨

**સાખી** : તે નર કહંવા ચલિ ગયે, [2]જિને દિન્હા ગુરૂ ઘોંટિ ?
રામ નામ નિજુ જાનિકે, છાંડહૂ બસ્તુ ખોટિ.

---

૧ જ્ઞાનની સાત ભૂમિકાની શાસ્ત્રગ્રંથોમાં વાત કરવામાં આવી છે.-શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થા ભાવિની અને તુર્યગા. માનવમાં જ્ઞાનની ભૂખ જાગે ત્યારે સૌ પ્રથમ મનમાં શુભ ઈચ્છા જાગે છે કે બસ હવે પછી મારે મારી તમામ શકિત ઈશ્વરની પ્રાપ્તિમાં જ વાપરવી. આ જ્ઞાનની પ્રથમ ભૂમિકા ગણાય છે. જ્ઞાની લોકોએ પોતાની અકકલ હોંશિયારી વાપરીને ભોળાં લોકોને ભોળવવા જ્ઞાનની પ્રથમ ભૂમિકાની વાત કરી છે. બીજી ભૂમિકાનું રહસ્ય તેઓથી અજ્ઞાત છે. ખરેખર મનમાં ઇશ્વર પ્રાપ્તિની શુભ ઈચ્છા જાગે પછી તે પ્રકારના જ મનમાં વિચારો જગાડવા પ્રયત્ન કરવો જરૂરી છે. ચિંતન, મનન ને નિદિધ્યાસનની પ્રક્રિયાને જ્ઞાનની બીજી ભૂમિકા ગણવામાં આવે છે. જેમ જેમ મન એક જ વિચારમાં. ભગવાનની પ્રાપ્તિના એક જ લક્ષમાં, સ્થિર બનતું જાય તેમ તેમ મનની બહિર્મુખતા મટી જતી હોય છે. મનમાં રહેલી જડતા ઓગળી જતી હોય છે. તેને શાસ્ત્રકારો જ્ઞાનની ત્રીજી ભૂમિકા ગણાવે છે. તનુ એટલે પાતળું-સૂક્ષ્મ. સ્થૂળતા, જડતા અદ્રશ્ય થાય ત્યારે મન સૂક્ષ્મ બની ગયેલું ગણાય. તેવું મન સત્વગુણમાં સ્થિર બની શકે છે. સત્વગુણમાં સ્થિર બનવું એટલે ચોથી ભૂમિકામાં સ્થિર બનવું, પાંચમી ભૂમિકા એટલે મનની એકદમ શુદ્ધ અવસ્થા. મનમાં સ્હેજ પણ આસકિત નહીં. સત્વગુણમાં પણ આસકિત નહીં. એવા નિરાસકત ને નિષ્કાંમ મનમાં ઈશ્વર સિવાય બીજી કોઇ ભાવના જ ન જાગે તે મનની છઠ્ઠી ભૂમિકા ગણાય છે. પાર્થિવ પદાથો ભલે સામે પડયા હોય પણ તેના તરફ સ્હેજ પણ આસકિત નહીં જાગે. મન એકદમ ઉપરામ બની જાય. તેવી મનની ઊંચી અવસ્થાને કબીર સાહેબ ઉન્મૂની

હે જ્ઞાની, ચતુર અને વિચક્ષણ પંડિત લોકો, જ્ઞાનની એક ભૂમિકાની વાત કર્યાથી જ્ઞાની થઈ જવાતું નથી. જ્ઞાનની બીજી ભુમિકાનું રહસ્ય ન જાણનાર રાતદિવસ જન્મમરણના ચકરાવામાં ઘુમ્યા કરે છે-૧

(તમે બધા યે) નિયમ, સંયમ અને ધર્મથી ભગવાન મળે છે એવો એક પ્રકારનો વેપાર ચાલુ કર્યો છે. બાળકની માફક સ્વર્ગમાં વિષ્ણુ ભગવાન મળશે તેથી તેને કદી છોડવા નહીં એવાં ગીતો (લોકો પાસે) ગવડાવો છો!

**સાખી :** (તમે કહો છો તેવા) ગુરુઓએ જેને ભવરોગ દુર કરવા ઔષધિ પાયેલી તે લોકો ખરેખર ક્યાં ગયા? (જરા વિચારો તો ખરા!) પોતાનું સ્વરૂપ જ સાચો રામ છે તેવું સમજીને બધી ખોટી વાતો બંધ કરો.

---

અવસ્થા કહે છે. તેવી અવસ્થામાં સાધકને સર્વ સ્થળે સર્વ સમયે પરમાત્માની જ અનુભૂતિ થયા કરે છે. તેને જ્ઞાની પંડિતો તુર્યગા કહે છે.

આ રીતે, જ્ઞાનની સાતે ભૂમિકા પર આરોહણ કરનારને ભારે તપશ્ચર્યા કરવી પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ચતુર પંડિતોને તપશ્ચર્યા કરવી ક્યાંથી ગમે? તેઓ તો ભોગવિલાસમાં જ પડયા રહેવું પસંદ કરતા હોય છે. તેથી જ્ઞાનની માત્ર પ્રથમ ભૂમિકાની જ વાતો વહેતી કરીને તેઓ અટકી જાય છે. સાતે ભૂમિકા પરનું કઠીન આરોહણ તેઓ કરી શકતા ન હોવાથી તેઓ ધર્મને નિયમોમાં બાંધી દે છે અને ભોળાં અજ્ઞાન લોકોમાં એક પ્રકારનો વેપાર ચાલુ કરે છે.

૨ તેવા ઢોંગી બનાવટી પંડિત ગુરૂઓ અજ્ઞાન લોકોને ભોળવીને શિષ્યો બનાવે છે અને ભવરોગ દૂર કરવા ગાયત્રી મંત્ર જેવા મંત્રની દીક્ષા આપે છે. હકીકતે તેથી કોઇનું કલ્યાણ થતું નથી. ગુરૂઓ અને ચેલાઓ મુક્તિનું સુખ મેળવી શકતા નથી. તેઓ તો માત્ર કાલ્પનિક સુખમાં જ રમમાણ રહે છે. સ્વર્ગ-નર્કની કલ્પના અને સ્વર્ગમાં વિષ્ણુ ભગવાનના મિલનની કલ્પના ભોળાં લોકોને ગમી જતી હોય છે અને તેઓનો વેપાર પુરજોશમાં ચાલતો હોય છે. તેઓને આ રીતે ભોગ વિલાસ કરવાની ભૂમિકાં મળી જતી હોય છે. અહીં ગાયત્રી મંત્રનો વિરોધ રજુ થયો નથી પણ ઢોંગી ગુરૂઓ ગાયત્રી મંત્રની દીક્ષા આપી ભોળાં લોકોને છેતરે છે તેનો વિરોધ રજૂ થયો ગણાય.

## રમૈની–૩૭

એક [1]સયાન સયાન ન હોઇ, દુસર સયાન ન જાને કોઈ
તિસર સયાન [2]સયાન હિ ખાઇ, ચૌથ સયાન [3]તહાં લે જાઈ–૧

પંચયે સયાન જો જાનહુ કોઈ, છઠયે મા [4]સભ ગયલ બિગોઈ
સતયે સયાન જો જાનહુ ભાઇ, લોક [5]વેદમેં દેહુ દિખાઈ–૨

**સાખી :** [6]બીજક બિત બતાવઈ જો બિત ગુપ્તા હોઈ
શબ્દ બતાવૈ જીવકો બૂઝે બિરલા કોઇ

---

૧ જ્ઞાનની સાત ભૂમિકાઓ અહીં ઉલ્લેખ કર્યો છે. આગલી રમૈનીમાં સાતે ભૂમિકાને સમજાવવામાં આવી છે.

૨ જ્ઞાનને ખાય જવું એટલે જ્ઞાનનું સ્વરૂપ બદલાઈ જવું. તનુ માનસાએ જ્ઞાનની ત્રીજી ભૂમિકા ગણાય છે. જેમ જેમ સાધક તપશ્ચર્યા વડે ઉત્તરોત્તર વિકાસ કરતો જાય છે તેમ તેમ મન પાતળું બનતું જાય છે. અર્થાત તેવા મનમાં કામનાઓ કે ઇચ્છાઓ ભાગ્યે જ ઉદ્દભવે છે. ઈશ્વરના મિલનની ઝંખના સિવાય તેવા મનમાં કશું જ જાગતું નથી હોતું. ઈશ્વર પ્રત્યે અથવા આત્મસ્વરૂપ પ્રત્યે અપાર પ્રેમ જાગી ગયો હોવાથી દર્શનની જ અભિલાષા જ હોય છે. દર્શન કર્યા વિના મનને ચેન પડતું નથી હોતું. ભકિતનું એ ઉત્કૃષ્ટ સ્વરૂપ જાગે ત્યારે સમજવું જ્ઞાનનું જે સ્થુળ સ્વરૂપ હતું તે પરિવર્તન પામ્યું અને ઉદાત્ત સ્વરૂપે પ્રવાહિત થવા લાગ્યું. ઉદાત્ત મનમાં માહિતી સભર જ્ઞાનનો લેશ માત્ર પણ મોહ રહેતો નથી.

૩ ત્યાં લઇ જાય છે. એટલે જે મંઝિલે જવાનું નક્કી થયું છે તે મંઝિલે લઇ જાય છે. આધ્યામિક ક્ષેત્રની મંઝિલ આત્મસાક્ષાત્કાર ગણાય છે. ઉદાત્ત મન સત્વમાં સ્થિર બને પછી આત્મદર્શન તરફ જ તેની ગતિ રહે છે.

૪ જ્ઞાનની છઠ્ઠી ભૂમિકામાં મનની અવસ્થા અદ્ભુત પ્રકારની થઇ જાય છે. પૃથ્વીના પાર્થિવ પદાર્થો તો જેવા છે તેવા જ રહે છે પણ મનની એવી અદ્ભુત અવસ્થા થઇ જાય છે ત્યારે તે સર્વે પદાર્થો જાણે કે નથી એવો અનુભવ થાય છે. મન એટલું બધું આત્મદર્શનમાં એકાગ્ર બની જાય છે કે પોતાની આસપાસની તમામ દુનિયા તેને માટે નહિવત્ બની જાય છે. અથવા તો મનમાં દુયિનાનો સ્હેજ પણ પ્રભાવ અનુભવાતો નથી. મનની બહારની દુનિયા પોતાનો પ્રભાવ પાથરતી રહે પણ મનની ઊંચી અવસ્થામાં

જ્ઞાનની એક ભૂમિકાથી કોઈ જ્ઞાની થઈ શકતું નથી. જ્ઞાનની બીજી ભૂમકાનો તેવા અજ્ઞાની લોકોને ખ્યાલ હોતો નથી. ત્રીજી ભૂમિકામાં જ્ઞાન ખવાય જાય છે અને ચોથી ભુમિકા આત્મા તરફ લઈ જાય છે–૧

પાંચમી ભુમિકાનું જ્ઞાન તો કોઈકને જ હોય છે. છઠ્ઠી ભુમિકામાં તો સર્વે પદાર્થોનો નાશ થઈ જાય છે. સાતમાં ભુમિકા જાણતા હો તો હે ભાઈ, વેદમાં બતાવેલું રહસ્ય બતાવી દો.–૨

**સાખી :** જે ધન ગુપ્ત હોય છે તેને સાંકેતિક લેખ બતાવી દે છે તે રીતે કબીરની આ વાણી જીવાત્માને આત્માનું ધન બતાવી દે છે તેનો ખ્યાલ બહુ ઓછા માણસને છે.

---

દુનિયાનો અભાવ થઈ જાય છે. મતલબ કે માયાનો પ્રભાવ તેવી વ્યકિત પર થતો નથી. બલકે માયા તેની દાસી બનીને સેવા કરતી થઇ જાય છે.

૫ મનની ઊંચી અવસ્થાની વાત અથવા તો જ્ઞાનની અદ્દભૂત અવસ્થાનું વર્ણન વેદોમાં કરવામાં આવ્યું છે તે રહસ્યાત્મક હોવાથી સર્વને સમજાતું નથી. સોહમ્ અથવા તત્ ત્વમ અસિ વિગેરે શબ્દોમાં જ્ઞાનનું રહસ્ય જણાવ્યું છે પણ તે બધાથી અવગત થતું નથી. બધાં તેને કેવી રીતે સમજી શકે ? જે સાધના કરી હોય, સદ્દગુરૂનો સહારો પ્રાપ્ત કર્યો હોય અને તપશ્ચર્યાના બળે એક પછી એક શિખરો સર કરતો જતો હોય તેને જ વેદના રહસ્યાત્મક શબ્દો કે વાક્યો સંપૂર્ણ પણે સમય છે.

૬ બીજક શબ્દની વ્યાખ્યા અહીં કબીર સાહેબે કાવ્યાત્મક રીતે કરી છે. ધરતીમાં સોનુ ગુપ્ત પણે રહ્યું છે તે યંત્રોની સાંકેતિક લિપિ ઉકલી શકે અને ધરતીમાં છુપાયેલું સુવર્ણ શોધી શકે. માહિતી જ્ઞાન અને પુરૂષાર્થ બંને એ માટે અનિવાર્ય બની જાય છે. બીજક એવા પ્રકારનો એક ગ્રંથ છે કે જેમાં સાંકેતિક શબ્દો દ્વારા આત્મતત્વના અખૂટ ધનને બતાવ્યું છે. પણ કોણ જોઈ શકે ? કોણ જાણી શકે ? કોણ સમજી શકે ? વિરલ પુરૂષો જ જોઈ શકે છે ને સમજી શકે છે. જેણે સદ્દગુરૂનું શરણુ લીધું હોય, સર્વ સમર્પણ ભાવથી તપશ્ચર્યા કરી હોય તેવી વ્યકિતને બીજકનું મૂલ્ય સમજાય છે. તેવી વ્યકિત પોતાના સ્વાનુભવે કહી શકે છે કે બીજક એવો એક સાંકેતિક ગ્રંથ છે કે જેના અભ્યાસથી સાધકને આત્મતત્વનો સહેલાઈથી પરિચય થઈ શકે છે. આ વ્યાખ્યા બીજક ગ્રંથના હેતુને પણ ધ્વનિત કરે છે. આ ગ્રંથની રચના પાછળ કબીર સાહેબનો કોઈ લૌકિક આશય નહોતો. માત્ર આત્મ વિદ્યાનો પ્રચાર થાય તે જ એક હેતુ હતો. તેથી શાસ્ત્રગ્રંથોની આડ વાતોના આવરણોને હટાવીને બીજક ગ્રંથમાં આત્મતત્વની સીધી રજૂઆત કરવામાં આવી છે.

## રમૈની ૩૮

યહ વિધિ કહઉં કહા નહિ માના, [1]મારગમાંહિ પસારિનિ તાના
રાતિ દિવસ મિલિ જોરિન્હિ તાગા, [2]ઓંટત કાતત ભરન ન ભાગા—૧

ભરમૈ સભ જગ રહા સમાઇ, ભરમ છાંડિ કતહું નહિ જાઈ
પરચ ન પૂરિ, દિન હું દિન છીના, જહાં જાય તહાં [3]અંગ બિહૂના-૨

[4]જો મત આદિ અંત ચલિ આયા, સો મત ઉન સભ પ્રગટ સુનાયા—૩

**સાખી :** [5]વહ સંદેશ ફુર માની કૈ, લીન્હેઉ શીશ ચઢાય
સંતો હૈ સંતોષ સુખ, રહહુ તો હિદય જુડાય.

---

૧ જીવ સંસારમાં જન્મ લે છે. જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ જગત પ્રત્યેની, સંસારના સંબંધો પ્રત્યેની સભાનતા વધતી જાય છે. 'મારું તારું'ની માંગણી વધતી જાય છે. તે કારણે કામનાઓ, ઈચ્છાઓ પાર વિનાની જાગે છે ને તેની પ્રાપ્તિમાં તે પોતાનું સમસ્ત જીવન વ્યતીત કરે છે. આ ભાવ વ્યકત કરવા કબીર સાહેબ વણકરના ધંધામાં તાણા ને વાણાના રૂપકથી સકામ કર્મોની ઉપાસનાનો નિર્દેશ કરે છે.

૨ "ઓટ્ત કાતત"ના શબ્દના પ્રયોગથી કબીર સાહેબ જુદી જુદી વિધિઓની જાળમાં જીવ ફસાતો જાય છે તેનો નિર્દેશ કરે છે. જો મારી આ મનોકામના પૂર્ણ થશે તો હે દેવ તને સો શ્રીફળ ચઢાવીશ! મનોકામના પૂર્ણ થાય તો બ્રાહ્મણોને બોલાવી વિધિસર સો શ્રીફળ ચઢાવે છે. જો કોઇ કહે કે અગિયાર કુમળાં બાળકોને બલિ તરીકે ચઢાવશે તો તારી આ મનોકામના પૂર્ણ થશે તો ઘેલછામાં તે જીવહિંસા પણ કરે છે. કપાસમાંથી રૂ જુદુ પાડી. તેને પીંજી, તેને કાંતી સૂતર બનાવવામાં આવે છે. તે સૂતરના તાર એક મેક સાથે જોડી વણકર કપડું વણે છે. તેવી રીતે જીવ કામનાઓથી પ્રેરાઇને અનેક પ્રકારના સારા નરસા કર્મો કરે છે અને સફળતા નિષ્ફળતા પ્રમાણે સુખદુ:ખ ભોગવી આ જગતમાથી વિદાય લઈ લે છે. તેમાંથી તેનો છૂટકારો થતો નથી. પોતાએ જે કરવાનું છે તે કરી શકતો નથી અને કામનાઓની તૃપ્તિ અર્થે જ સમસ્ત જીવન વેડફી નાંખે છે. આ દીતે જીવ ફરી ફરી મરે છે ને ફરી ફરી જન્મે છે. કોઇ અંત જ આવતો નથી. આ દૃષ્ટિએ સકામ કર્મોની ઉપસનાથી જીવનો છૂટકારો થતો જ નથી. ત્યારે જ છૂટકારો થઈ શકે કે જ્યારે સદ્‌ગુરૂના સદુપદેશથી અંતર જાગી જાય ને વિવેક પ્રગટે.

આવી રીતે હું કહું છું પણ મારું તો કોઈ માનતું જ નથી. સંસારરૂપી માર્ગમાં સૌ કોઈ કામનાઓના તાણા પ્રસાર્યા જ કરે છે અને તેને રાત દિવસ (મોહના) વાણા સાથે જોડયા જ કરે છે. કપાસનું રૂ બનાવી તેઓ કાંત્યા કરે છે છતાં તેઓનો ભરમ ભાંગ્યો નથી-૧

આખું જગત આવા ભ્રમમાં જીવે છે. ભ્રમમાંથી કોઈ મુકત થવા રાજી નથી. મનોકામના પૂર્ણ થતી નથી અને આયુષ્ય ક્ષીણ થતું જાય છે. જ્યાં જાય છે ત્યાં તેઓ આધાર વિનાના થઈ જાય છે.-૨

જે મત પહેલેથી ચાલી આવ્યો છે તે મેં તેઓ સર્વને પ્રગટ થઈને સંભળાવી દીધો છે-૩

**સાખી :** હે સંતો! તે સંદેશ સત્ય માનીને તમે જો શિરોધાર્ય કરી લો તો સંતોષરૂપી સુખથી તમારું કલ્યાણ થશે.

---

૩ જ્યાં જ્યાં જાય એટલે કે જ્યાં જ્યાં જન્મ ધારણ કરે ત્યાં ત્યાં તે તેવા જ પ્રકારની કર્મની જાળ ગૂંથતો રહે છે. અંતકાળે કામનાઓની અતૃપ્તિ તેમના બીજા જન્મની કર્મજાળની ભૂમિકા બને છે. સકામ કર્મોની ઉપાસનામાં તે એટલો બધો મગ્ન બની જાય છે કે તેને પોતાના સ્વરૂપનો ખ્યાલ આવતો જ નથી. પોતાનું જે નિજી આત્મસ્વરૂપ છે તે તો ખરેખર એનો આધાર છે. પરંતુ તેની વિસ્મૃતિ થઈ જવાથી તે આધાર વિનાનો બની જાય છે.

૪ સનાતન કાળથી આવા જન્મ મરણની પ્રક્રિયાઓ ચાલ્યા જ કરે છે. સમયે સમયે સત્પુરૂષોએ પ્રગટ થઈને એમાંથી મુકત કેવી રીતે થવાય તેનું માર્ગદર્શન આપ્યા જ કર્યું છે. તે જ રીતે કબીર સાહેબ પણ મધ્ય યુગમાં પ્રગટ થઈને તેવું જ માર્ગદર્શન આપ્યું છે.

૫ પરંતુ લોકો તેવું માર્ગદર્શન લક્ષમાં લેતા નથી તે એક હકીકત છે. સત્પુરૂષોનો સંદેશ જમાને જમાને લોકો એક કાનેથી સાંભળીને બીજે કાનેથી કાઢી નાંખે છે. માત્ર થોડા જાગૃત લોકો તેના પર ચિંતન-મનન કરવા પ્રેરાઈ છે. જગત તેને સંતો કહે છે. તેવા અલ્પ વર્ગને સંબોધીને કબીર સાહેબ પોતાનો સંદેશ ફરીથી આપે છે. સંતોષ ત્યારે જ થશે જ્યારે હૃદયમાં સદ્‌ગુરૂનો સદુપદેશ ઉતરશે. મનમાં પેદા થતી કામનાઓ પર અંકુશ આવશે. ધીમે ધીમે મન અંતર્મુખ થતું જશે. જગતના વિષય પદાર્થોમાંથી હટતું જશે. કામનાઓ ઓછી થશે. સંતોષ ઉદ્‌ભવશે. ત્યારે જ સુખ શાંતિનો અનુભવ થશે અને મનને આત્મમાં જોડી શકાશે. એ રીતે જ જીવનું કલ્યાણ થઈ શકે. પરંતુ આજે આપણે એકવીસમી સદીમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છીએ ત્યારે સંતોષ કોને છે? અસંતોષની જવાળા તો ભડકે બળે છે ને દઝાડે છે. નવી નવી શોધો અસંતોષમાંથી જ પેદા થઈ છે તેથી અસંતોષનો મહિમા કરવામાં આવ્યો છે. તેથી તંગદિલી એટલી બધી વધી ગઈ છે કે જગતના સર્વનાશનો ભય પેદા થયો છે. શું કબીર સાહેબનો સંદેશો આ સંદર્ભમાં આજે પણ અગત્યનો ન ગણાય?

# રમૈની-૩૯

જિન [૧]કલમા કલિ માંહિ પઢાયા, કુદરત ખોજ તિનહુ નહિ પાયા
[૨]કરિમત કરમ કરૈ કરતૂતા, વેદ [૩]કિતેબ ભયે સબ રીતા-૧

[૪]કરમતે સોજુ ગરભ અવતરિયા, કરમત સો જો નામ હિ ધરિયા
કરમતે સુન્નતિ ઔર જનેઉ, હિન્દુ તુરુક ન જાનૈ ભેઉ-૨

**સાખી :** [૫]પાની પવન સંજોય કે, રચિયા યહ ઉત્પાત
સુન્નહિ સુરતિ સમાનિયાં, કાસો કહિયે જાત.

---

૧ અગાઉની રમૈનીઓમાં કબીર સાહેબે બ્રાહ્મણોને લક્ષમાં રાખીને બાહ્યાચાર અને મિથ્યાચારની ચર્ચા વિચારણા રજૂ કરી છે. હિન્દુઓમાં બ્રાહ્મણો સિવાય કોઇ ભણેલું ન હતું. તે જમાનામાં બ્રાહ્મણો જ ભણી શકતા. તેથી હિન્દુઓમાં થયેલી ફાટફુટ અને તે કારણે થયેલા પતન માટે બ્રાહ્મણોને જ જવાબદાર લેખવામાં આવે છે તેથી બ્રાહ્મણવર્ગને ધ્યાનમાં રાખીને વારંવાર કબીર સાહેબ ચાબખા લગાવે છે. તે જ રીતે મુસલમાનોમાં કલમા વાંચનાર વર્ગને લક્ષમાં લઇને અહીં કબીર સાહેબ બાહ્યાચારની નિરર્થકતા વર્ણવી રહ્યા છે. બ્રાહ્મણોમાં જેમ ગાયત્રી મંત્રનું મહત્વ તેમ મુસલમાનોમાં કલમા વાંચવાનું મહત્વ. ગાયત્રી મંત્રથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે એવું જેમ હિન્દુઓને શીખવવામાં આવ્યું તેમ કલમા પઢવાથી ખુદા મળે છે એવું મુસલમાનોને શીખવવામાં આવ્યું.

૨ કુરબાનીને નામે અને બલિદાનને નામે જુદી જુદી વિધિઓ કરે છે અને કરાવે છે તથા ભિન્ન ભિન્ન પ્રકારની કર્મની ઉપાધિઓ ઊભી કર્યા કરે છે. હિન્દુઓમાં જેમ સકામ કર્મોની ઉપાસના દ્વારા અનેક પ્રકારના બાહ્યાચારને મિથ્યાચાર આચરવામાં આવે છે તેમ મુસલમાનોમાં પણ મનોકામના પૂર્ણ કરવા જુદા જુદા ધતિંગો ઉભા કરવામાં આવે છે.

૩ વેદના કર્મકાંડને જ મહત્વ આપી બ્રાહ્મણોએ જેમ વેદનું મૂલ્ય ઓછું કરી દીધું તેમ મુસલમાનોએ પણ કુરાનની પ્રતિષ્ઠા ઘટાડી. જે પ્રણાલિકા શરૂઆતમાં જુદા જ હેતુથી શરૂ કરવામાં આવેલી તે પ્રણાલિકા પાછળ જતાં એવી તો રૂઢ બની જાય છે કે તેના આચરણનો કોઈ અર્થ જ રહેતો નથી. સાપ જાયને લીસોટા રહે તેવું બનવા પામે છે. તેથી ગ્રંથની રચના કરનારે જે હેતુથી રચના કરી હોય તે હેતુ જળવાતો નથી માટે તે રચના નિષ્ફળ થયેલી મનાય છે.

કળિયુગમાં પરમાત્માની ખોજ માટે જેણે કલમા વાંચવાનું શીખવ્યું તેને પણ પરમ તત્ત્વની પ્રાપ્તિ થઈ નહીં. કુરબાની, બલીદાન જેવી કર્મની વિધિઓ કરવા છતાં વેદની જેમ કુરાન જેવા બધા ગ્રંથો નિષ્ફળ નીવડયા–૧

જીવ કર્મ દ્વારા જ ગર્ભમાં અવતરે છે, કર્મ દ્વારા જ નામ ધારણ કરે છે, કર્મ દ્વારા જ સુન્નત અને જનોઇના સંસ્કારો આપવામાં આવે છે પણ એનું રહસ્ય ન તો હિન્દુ જાણે છે કે ન તો મુસલમાન જાણે છે–ર

**સાખી :** પાણી પવન જેવા પંચભુતોના તત્ત્વો વડે આ શરીરની રચના થઈ છે. એવા શરીરને દષ્ટિ સમક્ષ રાખીને વિચારવામાં આવે તો કોને કયી જાતિના છે તે કહી શકીએ?

---

૪ જીવનો ગર્ભમાં પ્રવેશ કર્મ વિના થતો નથી. માતા પિતાના રજોવીર્યને નિમિત્ત બનાવી વંશવૃદ્ધિની કામના સંભોગનું કર્મ કરાવે છે અને ગર્ભમાં જીવનું આગમન થાય છે. નવ દસ મહિના ગર્ભમાં રહ્યા પછી આ સૃષ્ટિમાં બાળક સ્વરૂપે અવતાર ધારણ કરે છે. જન્મ્યા પછી હિન્દુઓમાં બ્રાહ્મણ લોકો જનોઈના સંસ્કારો આપવા જુદી જુદી વિધિઓ કરે છે. તેજ રીતે મુસલમાનો સુન્નત કરાવવા માટે ચોકકસ પ્રકારનો ક્રિયાકાંડ કરે છે. આ સર્વ કાંઇ કર્મની જ જાળ છે. જનોઈ પાછળનું કે સુન્નત કરાવવા માટેનું જે રહસ્ય તે બાજુએ જ રહી જાય છે ને વિધિને જ મહત્વ આપી આચરણ કરવામાં આવે છે. આ રીતે વિધિની જડતા લોક માનસમાં વ્યાપક બનતી જાય છે. રહસ્ય જાણવાની પછી તો જડમાનસને ઇચ્છા પણ કયાંથી ઉદ્‌ભવે?

૫ પાની અને પવન શબ્દ દ્વારા કબીર સાહેબ અહીં પંચમહાભૂતોનો નિર્દેશ કરે છે. પાની એટલા માટે કે માતપિતાના રજોવીર્યનું આલેખન થઈ શકે અને પવન દ્વારા ચેતન તત્વનું, પ્રાણનું, મહત્વ દર્શાવી શકાય આ શરીરની ઉત્પત્તિનો બરાબર વિચાર કરવામાં આવે તો સૌના સરખાપણાનો ખ્યાલ આવી જાય. શરીરની નાશવંતતાનો વિચાર કરવામાં આવે તો પણ જવાની સૌની રીત પણ સરખી જ લાગે. દાટે તો માટીમાં ભળે ને બાળે તો રાખ થઇ જાય માટીમય બની જાય. ભેદ કયાં રહે! એ સંદર્ભમાં કોને હિન્દુ કહી શકાય ને મુસલમાન કહી શકાય? માટે જાતિના કે વર્ણના ભેદો નકામ, ગણાય. કબીર સાહેબ અહીં પણ માનવધર્મનું જાણે કે મંડન કરી રહ્યા હોય તેમ જણાય છે.

## રમૈની-૪૦

[1]આદમ આદિ સુધી નહિ પાઇ, [2]મામા હવા કહાં તે આઈ?
તબ નહિ હોતે તુરુક અરુ હિન્દુ, માયા કે રુધિર પિતા કે બિન્દુ-૧

તબ નહિ હોતે ગાય કસાઇ, [3]તબ બિસમિલ્લહ કિન ફરમાઇ
તબ નહિ હોતે કુલ ઔ જાતિ, દોજક ભિસ્ત કવન ઉતપાતી-૨

[4]મન મસલે કિ ખબરિ ન જાના, મતિ ભુલાન [5]દુઈ દીન બખાના-૩

**સાખી :** [6]સંજોગે કા ગુન રવૈ, બિનુ જોગે ગુન જાય
જિભ્યા સ્વાદ કે કારને, કીન્હે બહુત ઉપાય.

---

૧ આદમ એટલે સૃષ્ટિનો પહેલો માણુસ જેને હિન્દુઓ બ્રહ્મા કહે છે. કબીર સાહેબ અહીં અન્ય ધર્મોમાં જે માન્યતાઓ પ્રવર્તે છે તેને ખ્યાલમાં રાખીને સૃષ્ટિની ઉત્પત્તિની ચર્ચા છેડે છે.

૨ એવું કહેવાય છે કે ખુદાએ આ પૃથ્વીની ધૂળમાંથી એક આદમને બનાવ્યો. તેના નાકમાં શ્વાસ ફૂંક્યો એટલે તે જીવતો પ્રાણવાળો થયો. ત્યાર પછી ખુદાએ તેને ઊંઘમાં નાંખી દીધો. ત્યારે ખુદાએ પોતાની હાથચાતુરીથી એક સરસ આકૃતિ બનાવી. તેને સ્ત્રીનું રૂપ આપ્યું. પછી તેને પેલા આદમ પાસે મોકલી. આદમ તેને જોઇને મોહિત થયો અને આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. ખરેખર આ બધી કલ્પનાઓ જ છે. કોઇને પોતાની શરૂઆત કેવી રીતે થઈ તેનું જ્ઞાન નથી.

૩ "બિસ્મિલ્લાહ અર્રહમાન અર્રરહિમ" આ મંત્ર છે. મુસલમાનો આ મંત્રનો ઉપયોગ કોઈની કતલ કરતા પહેલાં કરે છે. ગાયને કાપતા પહેલાં આ મંત્ર બોલવાથી પરમાત્મા કતલ કરનારને ક્ષમા આપી દે છે એવી એક ભ્રાન્ત માન્યતા રહેલી છે. ખરેખર તો સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા કોઈ હતું જ નહીં તો આ મંત્ર ક્યાંથી આવ્યો? ભગવાને આ મંત્ર નથી આપ્યો પણ મનુષ્યે પોતાના પેટ ભરવાના ધંધા માટે આ મંત્રની શોધ કરી છે અને દુરાચાર આચરવામાં આવે છે.

આદમને પોતાની ઉત્પતિ કેવી રીતે થઇ તેની જાણકારી થઈ નહીં તે જ રીતે આદમની પવિત્ર સ્ત્રી ક્યાંથી આવી તે કોણ જાણે છે? સૃષ્ટિની શરૂઆતમાં ન હતી માતાની રજ કે ન હતી પિતાનું વીર્ય બિન્દુ, ન હતુ કોઈ હિન્દુ કે ન હતું કોઇ મુસલમાન-૧

ત્યારે ગાય પણ ન હતી ને ખાટકી પણ ન હતો. બિસમિલ્લહ કહીને ત્યારે (જિવહિંસા) કરવાનું કોણે ફરમાવ્યું? ત્યારે તો કોઇ કુળ કે જાતિ પણ ન હતી. સ્વર્ગ કે નરક તો પછી કોણે ઉત્પન્ન કર્યાં?-૨

મનની આ કરામત કોઈએ જાણી નહીં અને પરિણામે બુધ્ધિ ભુલી પડી અને બે જુદા જુદા ધર્મના વખાણ કરવા લાગી!

**સાખી** : બે ભેગા થાય તો ગુણની વૃદ્ધિ થાય ને બે છુટા પડે તો ગુણોનો નાશ થાય. ખરેખર તો જીભના સ્વાદને કારણે જિવ હિંસા જેવા અનેક પ્રકારના ઉપાયો શોધી કાઢવામાં આવ્યા છે.

---

૪ કુળ કે જાતિ, ગાય કે ખાટકી, હિંદુ કે મુસલમાન, સ્વર્ગ કે નરક એ સહુ મનની જ કલ્પનાઓ છે. સ્વાર્થાંધ માનવે પોતાના મનને મનાવવા માટે બધી કલ્પનાઓ કરી હશે. બાકી પરમાત્માએ આવા ભેદોનું સર્જન કર્યું નથી.

૫ 'દુઇ' એટલે બે. હિન્દુ ધર્મને મુસલમાન ધર્મ એવા બે ધર્મની વાતો માનવે પોતે સ્વાર્થ અને અહમ પોષ માટે ચાલુ કરી છે. ખરેખર ધર્મ તો એક જ હોય શકે અને તે માનવ ધર્મ.

૬ મન અનેક કલ્પનાઓ કરે ને બુદ્ધિ તેમાં ભૂલી પડે એ સ્થિતિ વિનાશની ગણાય. સંજોગે શબ્દ દ્વારા, સમ્યક પ્રકારે યોગ આચરવામાં આવે તો મન સંયમિત બની શકે છે ને બુદ્ધિ સર્જનાત્મક રીતે વિચારો કરી આત્મ વકાસમાં આગળ વધી શકે છે તેનું અહીં સૂચન છે. જો સંયામત ન કરવામાં આવે તો વિનાશને માર્ગે માનવની ગતિ થાય છે. જીભના સ્વાદમાં લોલુપ માનવી નવા નવા તર્કો કરી પોતાના લક્ષ્યને શોધી કાઢે છે. 'બિસ્મિલ્લાહ' મંત્ર ખુદાએ માનવને આપ્યો છે એવું અસત્ય કથન માંસાહારી લોકો જ કરી શકે. ખુદા જીવહિંસાને પ્રોત્સાહન આપે એવું કોણ કલ્પના કરી શકે?

# રમૈની-૪૧

અંબુકિ રાસિ સમુદ્રકી ખાઇ, રવિ સસિ [1]કોટી તેંતિસ ભાઈ
[2]ભંવર જાલમેં આસન માંડા, [3]ચાહત સુખ દુઃખ સંગન છાંડા–૧

[4]દુઃખકા મરમ ન કાહુ પાયા, બહુત ભાંતિ કે જગ ભરમાયા
[5]આપુહિ બાઉર આપુ સયાના, હૃદય બસૈ તેહિ રામ ન જાના–૨

**સાખી :** [6] તેઈ હરિ તેઈ ઠાકુર તેઈ હરિ કે દાસ
ના જમ ભયા ન જામિની, [7]ભામિની ચલી ઉદાસ

---

૧ સૂર્ય, ચંદ્ર વિગેરે તેત્રીસ કરોડ દેવતાઓની કલ્પના પુરાણોમાં કરવામાં આવી છે. દેવલોકો પણ ભોગવિલાસમાં જ રહેતા હોય છે. માનવોની જેમ તેઓને પણ સંસાર ભોગવવાની ઇચ્છા થતી હોય છે. તેથી દેવલોકો માનવો કરતાં ચઢિયાતા નથી.

૨ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ દુર્ભાવો વમળો જેવા ગણાય. સાગરમાં એવા વમળો ઘુમરડી મારતા ફરતા હોય છે. તેમાં તરનારો સાવચેત ન રહે તો તેને ડુબાડી દે છે. તેથી આ સંસાર રૂપી સમુદ્રમાં સતત ઘૂમતા રહેતા કામ, ક્રોધાદિ વમળોથી સંસાર પાર કરવા ઇચ્છતા જીવોએ સાવધાન બની જવું જોઈએ. એથી ઉલટું એ વમળોમાં જ સંસારીઓ સુખ મળશે એવી ઈચ્છાથી પોતાનો અડ્ડો જમાવે છે તે એક મોટું આશ્ચર્ય છે.

૩ માનવ માત્ર સુખની ઇચ્છાથી તમામ પ્રવૃત્તિઓનો પ્રારંભ કરતો હોય છે. પરંતુ તે એવા સાધનો પકડે છે કે જેના દ્વારા પીડા જ પ્રાપ્ત થાય છે. કાયમ દુઃખના દરિયામાં જ ડૂબેલા રહે છે.

૪ સુખ શું ને દુઃખ શું તે કોઈ જાણતું નથી. એકને જે સુખરૂપ લાગે છે તે બીજાને દુઃખરૂપ લાગે છે. ગમતી વસ્તુ મળે તો સુખ ને અણગમતી વસ્તુ મળે તો દુઃખ. આ રીતે સુખ ને દુઃખ સંસારમાં રહેલાં છે, બહાર નહીં. વળી પ્રત્યેક માનવની સુખદુઃખની વ્યાખ્યા પણ જુદી જુદી. તેથી સુખદુઃખ આત્મલક્ષી ગણાય. સુખદુઃખનું રહસ્ય જાણનાર કોઇ પણ પ્રકારની ભ્રાંતિથી ભરમાતો નથી. તેથી કબીર સાહેબે એક સાખીમાં કહ્યું કે

"મન કી હારે હાર હૈ મન કી જીતે જીત"

અર્થાત્ જે મનને કેળવી શકે છે, મન પર જે સંયમ સ્થાપી શકે છે તે આ જગતની બાજી જીતીને જાય છે અને જે સંયમ સ્થાપી શકતો નથી તે બાજી હારીને જાય છે.

પાણીનો વિશાળ જથ્થો જેમ સમુદ્રની ખીણમાં પુરાઈ રહે છે તેમ સૂર્ય, ચંદ્ર અને તેત્રીસ કરોડ દેવતાઓ સંસારરૂપી ખાઈમાં પડી રહે છે. હે ભાઈઓ, અજ્ઞાની લોકો સંસારના વમળોમાં સુખની ઈચ્છાથી પોતાનું સ્થાન જમાવે છે પરંતુ દુઃખ તેમનો પીછો છોડતું નથી.-૧

છતાં ય દુઃખનું રહસ્ય તો કોઇએ જાણ્યું જ નથી. આખું જગત અનેક પ્રકારની ભ્રાંતિઓથી ભરમાતું રહે છે. ખરેખર જીવમાત્ર પોતે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. સર્વના હૃદયમાં રહેલા અંતર્યામી રામને કોઈ જાણતું નથી.-૨

**સાખી :** તેજ હરિ છે, તેજ સ્વામી છે ને તેજ હરિનો દાસ પણ છે. (એવું જાણ્યા પછી) યમરાજનો ભય પણ રહેતો નથી અને અજ્ઞાનની અંધારી રાત પણ રહેતી નથી. આખરે માયારૂપી સ્ત્રી નિરાશ થઇ પાછી ફરે છે.

---

૫ હૃદયમાં રહેલા અંતર્યામી રામને જે જાણે છે તે જ્ઞાની અને જે જાણતો જ નથી તે અજ્ઞાની. એવી અવસ્થા માટે માનવ પોતેજ જવાબદાર ગણાય છે. જે ક્ષણે પડદો હટી જાય તે ક્ષણે જ્ઞાન સ્વયંભૂ અંતરમાંથી જ પેદા થાય છે ને રામની અનુભૂતિ થઈ જાય છે. પડદાઓ મન દ્વારા ઉભા થયેલા હોય છે. તે માટે માનવ પોતેજ જવાબદાર છે. પોતે આ શરીર છે ને નાશવંત છે એવું માને છે ત્યાં સુધી તે અજ્ઞાનની અવસ્થામાં સંસારના વમળોમાં ઘુમરાતો રહે છે ને ડૂબી જાય છે. પોતે શરીર નથી પણ આત્મા છે એવી અનુભૂતિ થાય તો તે અમર બની જાય છે.

૬ ગીતા પણ કહે છે કે "ઈશ્વર સૌના હૃદયમાં અર્જુન વાસ કરે,
તેના બળથી કર્મ સૌ આ સંસાર કરે."
આ રીતે જો પોતાના સ્વરૂપનો પરિચય થઈ જાય તો આત્માજ સર્વ દુઃખોનો હરનારો હરિ છે, ત્રણે ભુવનનો શાસક સ્વામી છે એવો સ્હેજે અનુભવ થાય છે. હનુમાને પોતાની ઓળખ રામને એ જ રીતે આપી હતી. જે તમે છો તેજ હું છું એમાં બે મત નથી. પરંતુ હું તમારો ભક્ત છું તેથી તમારો દાસ પણ છું.

૭ કોઇ સ્ત્રી પુરૂષને ફસાવવા વાયદા પ્રમાણે હાજર થઈ જાય પણ એણે ધારેલું તેવું વર્તન તે પુરૂષ ન આચરે અને એના ફંદામાં ન ફસાય તો તે સ્ત્રી નિરાશ થઇને પાછી વળે છે તેવી રીતે માયા જીવને ફસાવવા આ જગતમાં વિચરે છે પણ આત્મારામનો પરિચય થઈ જવાથી જીવ માયાના ફંદામાં ફસાતો નથી અને આખરે માયા પણ નિરાશ થઇને પાછી વળે છે.

# રમૈની-૪૨

જબ [1]હમ રહલ રહલ નહિ કોઈ, [2]હમરે માંહ રહલ સભ કોઈ
કહહુ રામ કવન [3]તોરિ સેવા, સો સમુજાય કહહુ મોહિ દેવા–૧

ફુર ફુર કહઉં મારુ સભ કોઇ, જૂઠહિ જૂઠા સંગતિ હોઇ
[4]આંધર કહઇ સભૈ હમ દેખા, તહં દિઢિયાર બૈઠિ મુખ પેખા–૨

યહિ વિધિ કહઉં માનુજો કોઈ, [5]જસ મુખ તસ જો હિદયા હોઇ
કહંહિ કબીર હંસ મુસકાઈ, [6]હમરે કહલે છુટિ હહો ભાઈ–૩

---

૧ "હમ" શબ્દ આત્મા માટે કબીર સાહેબે પ્રયોજ્યો છે. સૃષ્ટિની રચના થઈ તે પહેલાં આત્મા સિવાય કશું જ ન હતું એવું ઉપનિષદ્‌નું પણ વચન છે : આત્મા વા ઈદમેક એવાગ્ર આસીત્। નાન્યત્ કિંચનમિષત્। કબીર સાહેબ આત્મ તત્વને આગલી રમૈનીના સંદર્ભમાં યાદ કરે છે. હૃદયમાં જે રામ છે તે જ તો આત્મતત્વ છે. તે જ તત્વ સૃષ્ટિના પ્રારંભમાં હતુ.

૨ જો આત્મા જ એકલો સૃષ્ટિના પ્રારંભે હોય તો પ્રશ્ન થશે બીજું બધું ક્યાં હતું? તેથી કબીર સાહેબ કહે છે કે તે બધું આત્મામાં જ બીજરૂપે રહેલું હતું. જેમ જેમ સંજોગો ઉભા થતા ગયા તેમ તેમ જરૂરત પ્રમાણે તે બીજના અંકુરો ફૂટતા ગયા. મનુસ્મૃતિમાં પણ આ જ પ્રકારનો ઉલ્લેખ છે : આત્મૈવ દેવતાઃ સર્વાઃ સર્વામાત્મન્યવસ્થિતમ્। અર્થાત્ બધું જ આત્મામાં બીજરૂપે રહેલું હતું.

૩ જો એક માત્ર દેવ આત્મા જ હોય તો આત્મા સિવાય કશું હતું જ નહીં તો! પ્રશ્ન થશે કે સેવ્ય સેવકભાવ આવ્યો ક્યાંથી? દ્વૈતભાવ કેવી રીતે પેદા થયો? કોણે કોની પૂજા કરી હતી? જો આત્મા સિવાય બીજું કાંઈ જ ન હોય તો પ્રશ્ન ઉપસ્થિત જ ન થાય. બીજું કાંઈની કલ્પના કરવામાં આવે તો દ્વૈત પેદા થાય ને આતમરામની પૂજા કરનારો બીજો કોઈ દાસ બને. હનુમાને પોતાની ઓળખ આપતા જે કહેલું તે અહીં ફરીથી યાદ કરવાથી સમજાય જશે. ભગવાન રામને હનુમાન કહે છે કે આત્મભાવે તો તમારામાં ને મારામાં કશો જ ભેદ નથી. તમે જે છો તે જ હું છું. પરંતુ દેહભાવે હું તમારો દાસ છું. મતલબ કે મન દેહભાવમાં ગળાડૂબ રહે ત્યાં સુધી જુદાપણાનો અનુભવ થાય છે. આ દેહભાવ તો કલ્પિત જ ગણાય ને? કલ્પનાથી જ જુદાપણાનો અનુભવ કરવો પડે છે).

(સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા) જ્યારે હું હતો ત્યારે બીજું કોઈ ન હતું. મારામાં જ સર્વ કાંઈ સમાયલું હતું. હે રામ! મને સમજાવીને કહો કે ત્યારે તમારી કેવા પ્રકારની સેવા હતી?–૧

જેમ જેમ હું સત્ય કહું છું તેમ તેમ બધા મને મારવા દોડે છે. ખરેખર જુઠાની સાથે જુઠાનો મેળ બેસી જતો હોય છે. આંધળો કહે છે કે હું બધું જોઈ રહ્યો છું ત્યારે દૃષ્ટિવાળો બેસીને એનું મોઢું જોઈને વિચાર કરે છે કે આ શું કહી રહ્યો છે!–૨

જેવું મોંઢાથી બોલે તેવું આચરણ કરે તો હું આ જ પ્રમાણે સત્ય કહેવા તૈયાર છું. કબીર પ્રસન્ન થઈ કહે છે કે હે જિજ્ઞાસુ લોકો અમારું કહેલું માનશો તો તમોને જરૂર મુકિત મળશે–૩

---

૪ આંધળો માણસ કહે કે મેં બધું જોયું છે તો કોણ માને? આંખ વિના તો દેખી શકાતું નથી એ સહુનો અનુભવ હોવાથી આંધળા માણસના વચનમાં કોણ શ્રદ્ધા રાખીને સાચુ માને? છતાં જગતમાં અજ્ઞાનરૂપી આંધળા સદ્ ગુરૂના વચનોમાં અજ્ઞાનરૂપી આંધળા શિષ્યો વિશ્વાસ રાખી સત્ય માને છે અને તેથી જ તેઓ મુકિતના સુખથી વંચિત રહી જાય છે. જે સત્ય કહે છે તેના તરફ લોકોને સ્હેજ પણ વિશ્વાસ નથી બલકે રોષ પણ હોય છે. તેવી વ્યકિતને સજા પણ ભોગવવી પડે છે. ઈસુને ખીલા ઠોકી દેહાંત દંડની સજા થઇ હતી! મન્સૂરને ફાંસીની સજા ભોગવવી પડી હતી! મહાત્મા ગાંધીને ગોળી મારી ઠાર કરવામાં આવ્યા હતા!

૫ જેવું બોલે તેવું કરે નહીં તેથી આ જગતમાં અનેક પ્રકારની સમસ્યાઓ ઉભી થાય છે. વાણી અને વર્તનની એકવાકયતા હોય તો જ સદુપદેશ ફળે. નહીં તો સદુપદેશની હાંસી થાય. તેથી કબીર સાહેબ જિજ્ઞાસુ લોકોને ઉદ્દેશીને કહે છે કે જો તમે વાણી ને વર્તનની એકવાકયતા કરવાના હો તો હું તમોને સત્યનો ઉપદેશ આપવા ખુશી છું

૬ અમારું કહ્યું માનશો તો કાયમનો છુટકારો મળશે એવી ખાત્રી અહીં કબીર સાહેબ આપી રહ્યા છે. આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરવાની તૈયારીમાં છીએ ત્યારે કબીર સાહેબની શરત સર્વનું કલ્યાણ કરી શકે એવી અવશ્ય લાગે છે. જેવું બોલે તેવું આચરવામાં ન આવે તો દગા ફટકા સિવાય બીજું શું બની શકે? એકવીસમી સદીમાં માનવે સુખી થવું હોય તો વાણી ને વર્તન વચ્ચે એકતા રાખવી જ પડશે.

## રમૈની-૪૩

જિન્હ જિવ કીન્હ [1]આપુ બિસવાસા, નરક ગયે તેહિ નર કહિ બાસા
આવત જાત ન લાગહિ બારા, [2]કાલ અહેરી સાંજ સવારા–૧

[3]ચૌદહ વિદ્યા પઢિ સમુજાવૈ, અપને મરનકિ ખબર ન પાવૈ
[4]જાને જિવ કો પરા અંદેશા, જૂઠ હિ આય કહા સંદેશા–૨

**સાખી :** [5]ગુરુ દ્રોહી [6]મનમુખી, નારી પુરુષ વિચાર
તે ચૌરાસી ભરમિ હૈ, જૌં લૌ સસિ દિનકાર.

---

૧ આંતરિક વિકાસ જેમનો થયો જ નથી અને જેઓ માત્ર પુસ્તિકિયું જ્ઞાન જ ધરાવે છે તેવા બની બેઠેલા ગુરૂઓને લક્ષમાં લઇને અત્યાર સુધી કબીર સાહેબે ઘણી બધી વાતો કરી. હવે આ પદમાં અભિમાની માણસોને ધ્યાનમાં રાખીને કેટલીક સૂચનાઓ આપે છે. અભિમાની માણસ સ્વભાવે આપખુદ રહેવાનો. પોતે કહે તે જ સાચું એવા આગ્રહવાળો તે હોવાથી તે ગુરૂની આવશ્યકતાને પણ સ્વીકારવા તૈયાર થતો નથી. તેથી તેને આપબળે જ આગળ પ્રગતિ કરી શકે છે એવો વિશ્વાસ હોય છે. ખરેખર તેવો વિશ્વાસ તેને દગો દે છે. તેની પ્રગતિ તો થઈ શકતી જ નથી બલકે તેનું પતન થઇ જાય છે.

૨ કાળરૂપી શિકારી એવા માણસોનો સરળતાથી શિકાર કરે છે. તો પ્રશ્ન થશે કે કાળથી કોણ બચી શકે ? જે આત્મવિદ્યા જાણે છે તે જ કાળથી બચી શકે છે. બલકે તેવા સત્પુરૂષોના કાળ પર પ્રભાવ પથરાતો રહે છે. ગમે તેવા સમયનું તેવો પરિવર્તન પણ કરી શકે છે. પરંતુ જેઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન જ ધરાવે છે અને પોતાના અભિમાન પર જ જેઓ મુસ્તાક રહે છે તેઓ કાળ પર પ્રભાવ પાથરી શકતા નથી બલકે તેઓ કાળનો કોળિયો બની જાય છે.

૩ ચૌદ પ્રકારની વિદ્યા એટલે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદોની તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જયોતિષ ને છંદ એ વેદોના અંગોની અને ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર ને પુરાણોની વિદ્યા. ચૌદ પ્રકારની વિદ્યા જાણનારા હોવા છતાં તેઓને પોતાના મરણની ખબર પડતી નથી. મતલબ કે તેઓ પોતાના જન્મ મરણ શા માટે થાય છે તે સમજી શકતા rથી.

જે જીવ પોતાના અભિમાન પર વિશ્વાસ રાખે છે તે નરકમાં જ જાય છે ને નરકમાં જ કાયમનો વાસ કરે છે. જન્મ ને મરણ આવતા વાર લાગતી નથી કારણ કાળરૂપી શિકારી રાતદિવસ તેઓની પાછળ જ પડે છે.–૧

ચૌદ પ્રકારની વિદ્યા તેઓ ભલે ભણેલા હોય અને બીજાને તે સમજાવતા ફરતા હોય પરંતુ ખરેખર તેઓને પોતાના મરણની ખબર પણ પડતી નથી. તેઓ પોતાને જાણકાર માને છે છતાં તેઓ શંકાશીલ છે. તેવી સ્થિતિમાં પણ તેઓ જુઠો ઉપદેશ સંભળાવતા હોય છે.–૨

**સાખી :** જે જીવો ગુરૂનો દ્રોહ કરે છે અને સ્વચ્છંદ પણે આ જગતમાં જીવે છે તે પુરુષ હોય કે સ્ત્રી, જ્યાં સુધી સૂર્ય ચંદ્ર રહેશે ત્યાં સુધી ચોર્યાસી લાખ યોનિઓમાં ભટક્યા કરશે.

---

૪ તેવા માણસો શંકાશીલ બની જાય છે. શંકાથી તેઓ પીડાતા હોય છે. છતાં તેઓ બીજાના મનનું સમાધાન કરાવવા ઉપદેશો આપે છે તે કેવી વિચિત્ર વાત કહેવાય! શંકાથી પર થયા વિના બીજાની શંકા તેઓ કેવી રીતે નિર્મૂળ કરી શકે! તેઓના ઉપદેશ અસરકારક ન થતા હોવાથી કબીર સાહેબ તેને જૂઠાં કહે છે. તેઓ પોતાની જાતને જાણકાર ભલે ગણાવે પણ તેઓ ખરેખર શંકાઓના સુસવાટાભેર તોફાનોથી આંતરિક રીતે ખૂબ જ અશાંત હોય છે.

૫ અજ્ઞાનનો અંધકાર દૂર કરે તે ગુરૂ ગણાય. તેવા ગુરૂની આજ્ઞાને આધીન થઇને શિષ્ય પોતાનું આત્મકલ્યાણ કરી શકે છે. પરંતુ જે શિષ્યો ગુરૂની આજ્ઞાને આધીન થતા નથી અને ઉલટી જ ક્રિયાઓ કરવા મંડી પડે છે તેવા શિષ્યોને ગુરૂદ્રોહી કહેવામાં આવે છે. ગુરૂદ્રોહીનું કદી પણ આત્મ કલ્યાણ થઇ શકતું નથી એવું અનુભવી પુરૂષોનું વચન છે એથી ઉલટું જે શિષ્યો ગુરૂની આજ્ઞાને આધીન થઈને શરણાગતિ સ્વીકારે છે તે ગુરૂકૃપા પ્રાપ્ત કરે છે ને પોતાનો ઉદ્ધાર કરી શકે છે.

૬ મનમુખી એટલે મન કહે તેવું જ કરવામાં માનવાવાળા લોકો. તેવી અવસ્થા સારી ગણાતી નથી. તેવી અવસ્થા પશુવત્ અવસ્થા ગણાય. કૂતરો જતો હોય ને પાણી દેખીને પીવાની ઇચ્છા થઈ જાય તો તે પીવા માંડે છે, પિશાબની ઇચ્છા થાય તો ઉંચા પગ કરી પિશાબ કરવા મંડી પડે છે જયારે માણસ હોય તો તે પાણી સારૂં છે કે ખરાબ તેવો વિચાર કરે ને સમયની અનુકૂળતાનો પણ વિચાર કરે અને પછી જ પાણી પીવે. પ્રતિકૂળતા હોય તો પાંચ કલાક પાણી વિના પણ રહે. તે જ રીતે અન્ય ક્રિયાઓ પણ તે કરી શકે છે. તેથી મનમુખી માણસોને સામાન્ય રીતે સ્વચ્છંદી માણસો કહેવામાં આવે છે. મનમુખી અવસ્થા પાશવી અવસ્થા ગણાય.

## રમૈની–૪૪

કબહુ ન ભયઉ સંગ અરુ સાથા, [1]ઐસો જનમ ગમાયઉ હાથ

બહુરિ ન પૈંહો ઐસો થાના, સાધુ સંગ નહિ પહિચાના–૧

અબ તોર હોય [2]નરક મહબાસા, નિશદિન બસેઉ લબારૈ પાસા–૨

**સાખી :** જાત સબનિ કહં દેખિયા કહંહિ કબીર પુકાર
ચિતવા હોય તો ચેતિ લે [3]દિવસ પરતુ હૈ ધાર

---

૧ માનવ જન્મનો મહિમા સત્પુરૂષો ગાતા થાકતા નથી. તેથી જ તેઓ વારંવાર કહે છે કે "દુર્લભં ત્રયમેવવૈતત્ દેવાનુગ્રહ હેતુકમ્ ।
મનુષ્યત્વં મુમુક્ષત્વં મહાપુરૂષ સંશ્રય" ।।
એનો સરળ ગુજરાતીમાં આ રીતે અનુવાદ થઇ શકે –

દુર્લભ છે ત્રણે માત્ર ઇશ કૃપા વડે મળે,
મનુષ્યત્વ, મુમુક્ષત્વ, સંગ મહાપુરૂષનો.

મનુષ્ય જન્મ, મોક્ષની ઇચ્છા થવી અને મહાપુરૂષનો સમાગમ એ ત્રણે વસ્તુ ભગવાનની ઇચ્છાથી જ પ્રાપ્ત થતી હોવાથી દુર્લભ ગણાય છે. નિરાંતે વિચાર કરવામાં આવે તો આ સત્ય સમજાશે. મનુષ્ય સિવાયની યોનિઓમાં કર્મની સ્વતંત્રતા જણાતી નથી. તે બધી યોનિઓમાં જીવ વાસનાબળે જ કર્મો કરતા જણાય છે. જયારે માનવ તો પોતાની ધારણા પ્રમાણે કાર્ય કરતો જણાય છે. તેથી માનવને કર્મ કરવાની સ્વતંત્રતા મળી કહેવાય. વેદમાં પ્રાર્થના કરવામાં આવી છે કે દશે દિસાઓથી મારૂં મન સદ્‌વિચારોથી ઉભરાય રહો. મનમાં સારા વિચારો ઉદ્‌ભવશે તો સારાં કાર્યો થતાં રહેશે ને પરિણામે સૌનું કલ્યાણ થઇ શકે માટે માનવ જન્મનો મહિમા ગાવામાં આવે છે.

હરિની કૃપાથી માનવ જન્મ મળે તો છે પણ મનમાં વિષય પદાર્થોની પ્રાપ્તિની જ ઝંખના થયા કરતી રહે છે. અનેકવિધ આકર્ષક પદાર્થોની મોહિની મોક્ષની ઈચ્છા થવા દેતી નથી તેનો સહુ કોઇને અનુભવ તો છે જ. જો હરિની કૃપાથી મોક્ષની ઈચ્છા ઉદ્‌ભવે તો આસપાસનું વર્તુળ, જેને

હે જીવ! સત્પુરુષનો સંગ તથા સહકાર તેં કદી પણ પ્રાપ્ત કર્યો નથી. આવો મૂલ્યવાન માનવજન્મ તું હાથે કરીને ગુમાવી રહ્યો છે. માનવ શરીર જેવું સ્થાન તને વારંવાર મળશે નહિ કારણ કે તેં સત્સંગનો મહિમા જાણ્યો નથી.—૧

હે જીવ! તેં તો ઉલટું લબાડ ને જુઠા માણસોનો જ રાતદિવસ કુસંગ માણ્યા કીધો છે તેથી તારો તો નરકમાં જ વાસ ગણાય—૨

**સાખી :** કબીર પુકારીને કહે છે કે હે જીવ! એવી રીતે કુસંગમાં ફસાઈને બધાંને ખાલી હાથે જતા મેં જોયા છે તેથી તારે ચેતવું હોય તો અત્યારે જ ચેતીજા. અહીં તો ધોળે દિવસે ધાડ પડયા કરે છે.

---

સંતો કુસંગ કહે છે તે, કોઇને છોડવું ગમતું જ નથી હોતું. તેથી વર્તુળની વચ્ચે આવીને કોઈ સમર્થ સત્પુરૂષ આવીને વસે તો પણ જીવ તેને પારખી શકતો નથી અને તેના સમાગમનો લાભ લઈ શકતો નથી. જો તે લઈ શકે તો તેનું કલ્યાણ થઇ શકે છે.

૨ કુસંગનું પરિણામ એટલે દુ:ખ, યાતના અને અનેકવિધ ઉપાધિ. તે માટેનું પ્રતીક તે સ્વર્ગ. અગાઉ કબીર સાહેબ નરક ને સ્વર્ગની કલ્પના અંગે પોતાનો અભિપ્રાય જણાવી ગયા છે તે આધારે સ્વર્ગ-નરકના શબ્દોને આપણે પ્રતીકાત્મક ગણવા જોઇએ. સત્સગ અને કુસંગ અંગે તેમણે એક સાખીમાં સ્પષ્ટ કહ્યું જ છે :

કબીરા સંગત સાધકી હરે ઔર કી વ્યાધિ
સંગત બુરી અસાધકી, આઠોં પહોર ઉપાધિ

અર્થાત્ સારા માણસની સંગત બીજાના દુ:ખોનું નિવારણ કરી શકે છે જ્યારે ખરાબ માણસની સંગત આઠે પહોર ઉપાધિ કરાવનારી નીવડે છે. તેથી સત્પુરૂષોના સમાગમનો મહિમા અહીં ગાયો છે.

૩ "દિવસ પર તુ હૈ ધાર" શબ્દો દ્વારા વિષય પદાર્થોની મોહિનીમાં પડેલો જીવ આત્મ તત્ત્વ રૂપી અમૂલ્ય ધન મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી પણ લૂંટાવી દે છે ને ખાલી હાથે પાછો જાય છે તે દુ:ખદ ઘટના સચોટ રીતે વ્યકત કરવામાં આવી છે. ધાડપાડુઓ માટે દિવસનો સમય પ્રતિકૂળ ગણાય છતાં માનવ જીવનમાં અનેકવાર જાગૃત રહેવા છતાં સંગનો દોષ લાગી જતો હોય છે તે વાત પણ એ શબ્દોમાં ધ્વનિત થાય છે.

## રમૈની-૪૫

હિરનાકુસ રાવન ગૌ કંસા, ક્રિસ્ન ગયે સુરનર મુનિ બંસા
બ્રહ્મ ગયલ [1]મરમ નહિ જાના, બડ સભ ગયલ જે રહલ [2]સયાના-૧

[3]સમુજી પરી નહિ રામ કહાની, [4]નિરબક દૂધ કિ સરબકપાની
રહિગૌ પંથ થકિત ભૌ પવના, કરિ ઉજાડ દસદિસ ભૌ ગવના-૨

મીનજાલ ભૌ ઈ સંસારા, લોહ કિ નાવ પષાન કો ભારા
[5]ખેવૈ સભૈ મરમ નહિ જાની, તઇઓ કહૈ રહૈ ઉતરાની-૩

**સાંખી :** મછરી મુખ જસ [6]કેંચુવા, મુસવન મંહ ગિરદાન
સરપન માહિ ગહે જુઆ, જાત [7]સભનિકી જાન.

---

૧ જીવનમાં મૃત્યુ અનિવાર્ય ઘટના છે તેનો સ્વીકાર સહુ કરે છે. જે જન્મે છે તે મરે જ છે. જન્મીને કોઇ કાયમ રહેતું નથી. ગરીબ હોય કે તવંગર જ્ઞાની હોય કે અજ્ઞાની, યોગી હોય કે ભોગી હોય. અવતારી પુરુષ હોય કે સંસારી હોય સર્વને મરણનો અનુભવ કરવો જ પડે છે. પરંતુ જ્ઞાનીઓ કે અવતારી પુરુષો આ જગતની વિદાય લે છે ત્યારે તેઓની માનસિક સ્થિતિ જુદા જ પ્રકારની હોય છે. તેઓનું મન આત્મભાવથી દૃઢ બનેલું હોય છે. મન નિાવષયી બની જતું હોવાથી કોઇપણ પ્રકારની આસક્તિ રહેતી નથી. શરીરના દુઃખોથી પણ તેવું મન આકુળ વ્યાકુળ બની જતું નથી. તે સ્થિતિમાં પણ તે તો આત્મભાવમાં જ સ્થિર રહે છે. જ્યારે સામાન્ય સંસારી આ જગતની વિદાય લે છે ત્યારે તેની માનસિક સ્થિતિ કેવી કરૂણ હોય છે તેનો આપણ સહુને અનુભવ છે જ. મનના માધ્યમથી જ સર્વ સિદ્ધિઓનો ઉપભોગ થતો હોવાથી મનની સ્થિતિ જ મહત્વની ગણાય છે. મનને નિર્વિષયી કરવું, નિર્મળ કરવું એ જ મોટામાં મોટી સાધના છે અને એ જ સમજવા જેવું ઉત્તમ રહસ્ય છે. બ્રહ્માએ પોતાની પુત્રી સરસ્વતી પર વિષય વાસનાથી આક્રમણ કર્યું હતું તેથી તે પણ પોતાના મનને નિર્મળ બનાવી શક્યા ન હતા. તેથી કબીર સાહેબ બ્રહ્માને યાદ કરીને મર્મ જાણ્યા વિના ચાલ્યા ગયા એવું કહે છે.

૨ જ્ઞાની પુરૂષો પણ ઘણા થઇ ગયા. પરંતુ મનને નિર્વિષયી કે નિર્મળ કરનારા જ્ઞાનીઓ કેટલા? જ્ઞાની થયા પછી અહંકાર વધી જતો હોય છે તે જ પૂરવાર કરે છે કે તેવા પુરૂષોનું મન નિર્મળ થયું હોતું નથી. તેઓનું જ્ઞાન પુસ્તકિયું જ ગણાય, અનુભવું નાહ.

૩ જેને અનુભવનું જ્ઞાન છે એટલે કે જેને પરમાત્મ તત્વનો અનુભવ થયો છે તેને આ સંસારની રામકહાણી બરાબર સમજાય જતી હોય છે. જન્મ મરણની ક્રિયાને પણ કાર્યકારણ ભાવથી તે સમજી શકે છે. તેથી તે પોતાના સ્વરૂપમાં સ્થિર થઇ શકે છે, આત્મભાવમાં મગ્ન રહી શકે છે અથવા તો આત્મ સાક્ષાત્કાર કરી શકે છે. તે જ સંસાર પાર કરી શકે છે.

હિરણ્યકશ્યપ, રાવણ અને કંસ જેવા સમર્થ સત્તાધીશો ચાલ્યા ગયા; અરે, શ્રી કૃષ્ણ જેવા અવતારી પુરુષો પણ ચાલ્યા ગયા! દેવો, ઉત્તમ મનુષ્યો અને મુનિઓના વંશજો પણ ચાલ્યા ગયા; જ્ઞાની ગણાતા મોટા યોગીઓ પણ ચાલ્યા ગયા; અરે, બ્રહ્મા જેવા બ્રહ્મા પણ મર્મ જાણ્યા વિના તો ચાલ્યા ગયા!—૧

કોઈને પણ આ સંસારના રહસ્યની સમજ પડી નહિ. બકવૃત્તિવાળા કે બકવૃત્તિવગરના લોકો માટે આ સંસાર દૂધ સમાન છે કે પાણી સમાન છે તે કોણ જાણી શક્યું? આ સંસારનો માર્ગ તો તેવો ને તેવો રહી ગયો પણ તેના પર પ્રવાસ કરનાર જીવના પ્રાણ થાકી ગયા અને દશે દિશાઓ ઉજ્જડ કરી દેહ છોડી જીવ તો ચાલ્યો ગયો! –૨

આ સંસાર તો માછલા પકડવાની જાળ જેવો છે. હોડી લોખંડની હોય અને અંદર પથ્થરોનો ભાર ભરેલો હોય તેવી તેની સ્થિતિ છે. તેવી હોડીને તરતી રાખવાની કળા ન જાણનારા પણ કહ્યા કરે છે કે હોડી તો પાર ઉતરી રહી છે!—૩

**સાખી :** મોઢામાં ગલ પકડનારી માછલીની જેમ, અન્નના દાણાના લોભમાં પિંજરામાં પડી જતા ઉંદરની જેમ તથા ઉંદર જાણીને છછુંદર ગળતા સાપની જેમ મનુષ્ય પણ વિષયોમાં પડીને પોતાનો પ્રાણ ગુમાવે છે.

---

૪ બકવૃત્તિવાળું મન એટલે તદ્દન સ્વાર્થીમન. બગલો ધ્યાનમાં બેઠેલો જણાય છે પણ જેવું માછલું જણાય કે તરત જ તે માછલાને પકડી લે છે. ધ્યાનનો તો તે ઢોંગજ કરે છે. સ્વાર્થી મનને સંસાર મીઠો લાગે, દૂધ જેવો ઉત્તમ લાગે. નિઃસ્વાર્થીને સંસાર પાણી જેવો નકામો નીરસ લાગે.

૫ "ખેવે સબૈ" એટલે એવા નાવિકો કે જે ઢોંગી હોય છે. સંસાર પાર કરવાની કળા તેઓ જાણતા નથી હોતા છતાં જાણે છે એવો ઢોંગ કરે છે. તેવા ગુરુઓને ભરોસે રહેનારા સૌ કોઈ સંસાર સાગરમાં ડૂબી જાય છે. જોંવટી નામનું એક પ્રકારનું જંતુ માછલીને બહુ ભાવે તેથી લોઢાના તારમાં તે જંતુને મારીને એક પ્રકારનો ગલ બનાવવામાં આવે છે. તે ગલ માછલીના મોઢામાં જતાં જ માછલી જાળમાં સપડાય જાય છે. તેથી તેને ભાવતી વસ્તુ તેના મોતનું કારણ બને છે. તે જ રીતે દાણાના લોભમાં ઉંદર અને ઉંદરને જાણી છછુંદર ગળતો સાપ પોતાનો પ્રાણ ગુમાવે છે.

૭ જે રીતે માછલી, ઉંદરને સાપ ભાવતી વસ્તુની લોલુપતામાં પોતાનો પ્રાણ ગુમાવે છે તે રીતે મનુષ્યની પણ હાલત થાય છે. તેને પાંચ ઈન્દ્રિયો છે ને ઇન્દ્રિયોના જુદા જુદા વિષયો છે. ક્યારેક તે સાંભળીને છેતરાય છે, ક્યારેક તે સાંભળીને છેતરાય છે, ક્યારેક સ્પર્શ કરીને છેતરાય છે, ક્યારેક રૂપથી મોહિત થઈ છેતરાઈ છે, ક્યારેક ગંધથી તો ક્યારેક રસથી છેતરાઈ છે અને ક્યારેક તો અભિમાનથી ઉન્મત બનીને મરણને શરણ થાય છે. અભિમાનથી તે પોતે યોગ્ય જ કરી રહ્યો છે તેવું માનતો હોય છે. વિષયની અને સંપત્તિની તેની લાલસા લોખંડની હોડી જેવી ગણાય. તેમાં અભિમાનનો ભાર પથ્થરો જેવા મનાય. જોત જોતામાં તે ડૂબે જ. માટે ચેતો. આ માનવ દેહનો મહિમા સમજો અને મનને નિર્વિષય કરવા મથો. તો જ સંસાર સાગર પાર થઈ શકશે. નહીં તો કાળના શિકાર થશો.

## રમૈની-૪૬

બિનસૈ [1]નાગ ગરુડ બલિ જાઇ, બિનસૈ કપટી ઔ [2]સત ભાઈ
બિનસૈ પાપ પુન્ન જિન કીન્હા, બિનસૈ ગુન નિરગુન [3]જિન ચીન્હા-૧

બિનસૈ અગનિ પવન અરુ વાની, બિનસૈ સિષ્ટિ કહાં લૌ ગનિ
[4]બિસ્નુલોક બિનસૈ છિન માંહી, [5]હૌ દેખા પરલયકી છાંડી—૨

**સાખી :** [6]મચ્છરુપ માયા ભઇ જવરહિં ખેલ અહેર
હરિહર બ્રહ્મ ન ઉબરે, સુરનર મુનિ કેહિ કેર.

---

૧ માયાનો પ્રભાવ ત્રણે લોકમાં છે. મૃત્યુલોકની વાત આગલી રમૈનીનાં કરી આ રમૈનીમાં પાતાળલોકની અને વિષ્ણુલોકની ચર્ચા માયાના પ્રભાવની દૃષ્ટિએ કરી. શેષનાગ પાતાળવાસી થયો છતાં નષ્ટ થયો.

૨ અહીં "સંત"ને બદલે શત પાઠ પણ મળે છે. શત એટલે સો કૌરવો પણ સો ભાઇઓ ગણાતા હતા.

૩-૪ સતવાદી, કપટી, પાપી, પુણ્યશાળી કે પછી મહાન જ્ઞાની, સૌ કોઇ મૃત્યુને ભેટે છે. મૃત્યુ કોઈને છોડતું નથી. પાતાળમાં હોય કે સ્વર્ગમાં હોય, વિષ્ણુલોકમાં હોય, કે બ્રહ્મલોકમાં હોય, મૃત્યુ સર્વ માટે અનિવાર્ય ઘટના બની જાય છે. ગીતા પણ શાખ પૂરે છે.

બ્રહ્મલોકને લોક સૌ બીજા કૈંક કહ્યા,
તેમાં જન્મ મરણ થતાં, તે ના અમર ગણ્યા.
(સરળ ગીતા અ-૮)

જે દેહ ધરીને આવે છે તેને મૃત્યુનો દંડ ભરવો જ પડે છે એમ કબીર સાહેબે એક સાખીમાં પણ કહ્યું છે,

દેહ ધરે કા દંડ હે સબ કાહુ કા હોય
જ્ઞાન ભુગતે જ્ઞાન કરી, મુરખ ભુગતે રોય !

અર્થાત્ મૃત્યુ તો સારા નરસા સર્વનું થાય છે પરંતુ જ્ઞાની, મૃત્યુનો અનુભવ નિર્લેપ ભાવે કરે છે જયારે અજ્ઞાની રોદણાં રડીને કરે એટલો તફાવત રહે છે.

પાતાળલોકમાં શેષનાગને ગરુડ ગળી જતો હોવાથી તે પણ નાશ પામે છે. કપટ કરનારા હોય કે સત્યનું આચરણ કરનારા હોય, પાપી હોય કે પુણ્યશાળી હોય સર્વ વિનાશી છે. સગુણ અને નિર્ગુણ પરમાત્માને જાણનારા પણ નાશ પામે છે.—૧

અગ્નિ, પવન અને પાણી જેવા મહાભૂતોનો પણ નાશ થાય છે. ક્યાં સુધી ગણાવું? સમગ્ર સૃષ્ટિ વિનાશશીલ છે. વિષ્ણુલોકનો તો ક્ષણમાત્રમાં નાશ થાય છે. મેં તો પ્રલયની છાયા સર્વ પર ફેલાયલી જોઈ છે.—૨

**સાખી :** મોટી માછલી નાની માછલીને ખાય છે તેમ માયા સર્વ જીવોની સાથે રહેતી હોવા છતાં સર્વ જીવોને ખાય છે. એમાંથી બ્રહ્મા, વિષ્ણુ ને મહાદેવ પણ ઉગરી શકતા નથી તો દેવ, માનવ અને મુનિઓની તો ગણના જ શી?

---

૫ વિષ્ણુલોકમાં જીવ લાંબા કાળ સુધી સુખેથી રહી શકે છે તેવી લોકમાન્યતાનું નિરસન કરવા માટે કબીર સાહેબ વિષ્ણુલોક એક ક્ષણમાં નાશ પામે છે એવું કહી રહ્યા છે.

૬ માયાના શિકારી જીવો અવિનાશી પદની પ્રાપ્તિ નથી કરી શકતા. માત્ર આત્માનો અનુરાગી જીવ અવિનાશી પદ મેળવી શકે છે એવું કબીર સાહેબે અગાઉ સિધ્ધ કર્યું છે.

માયાને કારણે જ ચિત્ર વિચિત્ર ઘટનાઓ બન્યા કરે છે. માયા જુદા જુદા રૂપો ધારણ કરીને સર્જન વિસર્જનની ક્રિયામાં પ્રવૃત્ત બને છે. આ માયા હરિની પોતાની ગણાય છે. તેથી જો માયાથી બચવું હોય તો હરિના શરણમાં જવાની જરૂર છે. ગીતામાં ભગવાને જાહેર કર્યું જ છે કે દૈવી હિ એષા મમ માયા દુરત્યયા—અર્થાત્ મારી માયા તરવી મુશ્કેલ છે. માયા કોઇને છોડતી જ નથી. પરંતુ જો હરિનું શરણ લેવામાં આવ્યું હોય તો માયાનું કંઈ ચાલતું નથી. માયાનો પ્રભાવ નહિવત્ થાય છે. પરિણામે જીવનો ઉદ્ધાર થઇ શકે છે. નહીં તો જીવ જીવને ખાય તે રીતે સર્જન વિસર્જનનું ચક્ર ચાલ્યા જ કરશે. આ માયાવી ચક્રમાંથી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ જેવા દેવો પણ ઉગરી શક્યા નહોતા તો સામાન્ય માણસનું તો ગજું જ શું? તેથી હરિના શરણનું વિશેષ મહત્ત્વ છે.

## રમૈની-૪૭

[૭]જરાસિંધ સિસુપાલ સંધારા, [૮]સહસ અરજુને છલસો મારા
બડ છલ રાવન સો ગૌબીતી, લંકા રહ કંચનકી ભીતી-૧

જિરજોધન અભિમાન હિ ગયઉ, પંડવ કેર મરમ નહિ પયઉ
માયા ડિંભ ગયલ સબ રાજા, ઉત્તિમ મધ્યમ બાજન બાજા-૨

[૯]છવ ચકવૈ બિત ધરનિ સમાના, એક હુ જીવ પ્રતીતિ ન આના
કહંલૌં કહઉં અચેતહિં ગયઉં, ચેત અચેત [૧૦]ઝગર એક ભયઉ-૩

**સાખી :** ઈમાયા જગ મોહિની, મોહિન સબ જગ ઝાર
[૧૧]હરિચંદ સત કે કારને, ઘર ઘર સોક બિકાય

---

૧-૨ યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવા માંગતા હતા તેમાં જરાસંધ વિરોધ કરે એવી શકયતા લાગવાથી શ્રીકૃષ્ણે તેના નાશ કરાવ્યો હતો. શ્રીકૃષ્ણની પૂજા પાંડવોએ પ્હેલાં કરી એટલે શિશુપાલે તેના ખરાબ રીતે વિરોધ કરેલો અને શ્રીકૃષ્ણે તેના વધ કરેલો. સહસ્રાર્જુન એટલે રાજા કૃતવીર્યના પુત્ર જેણે તપશ્ચર્યા કરી અપ્રતિમ શકિત મેળવેલી તેના નાશ ભગવાન પરશુરામે માયાર્થી કરેલો.

૩ બેનુ, બલિરાજા, કંસ, દુર્યોધન, પૃથુરાજા અને ત્રિવિક્રમ એ છ ચક્રવર્તી સમ્રાટો.

૪ સાચો જ્ઞાની વાદવિવાદ કરતો નથી. વાદવિવાદ પણ એક અજ્ઞાનતાની જ અવસ્થા છે.

૫ વિશ્વામિત્ર ઋષિની માયાને કારણે હરિશ્ચંદ્ર રાજા સત્યવાદી હોવા છતાં કાશીનગરીમાં ઘેર ઘેર પોતાની જાત વેચવા માટે ફરેલા ને વેચાયલા. સતવાદી પણ માયાનો શિકાર બને છે.

૬ શ્રી કૃષ્ણને પરબ્રહ્મ પરમેશ્વર માનવામાં આવે છે. ખરેખર જે પરબ્રહ્મ પરમેશ્વર છે તે કદી કોઇને હણે નહીં અને કદી પણ કપટ કરીને છેતરે નહીં. પરંતુ શ્રી કૃષ્ણે તો જરાસંઘનો તથા શિશુપાલનો વધ કરેલો. જરાસંઘ તે સમયે ભારતવર્ષનો ખૂબ જ પ્રતાપી રાજા ગણાતો હતો. તેનો પ્રભાવ નાના નાના રાજાઓ ઉપર સારા પ્રમાણમાં પ્રસરેલો હતો. તે શ્રી કૃષ્ણનો વિરોધી પણ હતે.. પાંડવો ઉપર શ્રી કૃષ્ણનું વર્ચસ્વ હતું. તમામ કાર્યોમાં શ્રી કૃષ્ણ પાંડવોને સહાયક થતા હતા. જ્યારે યુધિષ્ઠિરે રાજસૂય શજ્ઞ કરવા માટે તૈયારી બતાવી ત્યારે શ્રી કૃષ્ણને જરાસંઘ તેમાં અડચણ રૂપ થશે એમ લાગ્યું હતું. તેથી પાંડવોને જરાસંઘ પર પ્રથમ વિજય મેળવવાની તેમણે સલાહ આપી હતી. બ્રાહ્મણ વેશે પાંડવો સાથે તેની પાસે ગયેલા અને ભીમ દ્વારા તેની હત્યા કરાવવામાં આવેલી. જે પરબ્રહ્મ પરમેશ્વર છે તે શા

જરાસંધ અને શિશુપાલ જેવા રાજાઓનો પણ સંહાર થયો. સહસ્ત્રાર્જુનને કપટથી મારી નાખ્યો હતો. મહાબળવાન ગણાતો રાવણ પણ ચાલ્યો ગયો અને તેની ફરતે સોનાની દિવાલવાળી લંકા નગરી તો અહીંજ રહી ગઈ—૧

દુર્યોધન અભિમાનમાં નાશ પામ્યો. તે પાંડવનો ભેદ જાણી શક્યો નહિ. આ રીતે માયાને કારણે અનેક રાજા નાશ પામ્યા અને કોઈ ઉત્તમ તો કોઈ સામાન્ય રીતે પોતાનું ગાણું ગાતા ગયા—૨

છ ચક્રવર્તી રાજાઓની સંપત્તિ પણ આ પૃથ્વીમાં સમાય ગઈ! છતાં કોઈ જીવને ભાન થયું નહિ કે સર્વ વિનાશશીલ છે અને સાથે કંઈ જ આવતું નથી. હું તો કહ્યા જ કરૂં છું કે અજ્ઞાન અવસ્થામાં સર્વ ચાલ્યા ગયા અને વાદવિવાદનો ઝઘડો અહીં મૂકતા ગયા—૩

**સાખી :** આ માયા તો સર્વ જગને મોહ પમાડનારી છે. સમસ્ત સંસારને તેણે મોમાં નાખી દીધો છે. સત્યવાદી ગણાતો રાજા હરિશ્ચંદ્ર પણ દુ:ખી થઈને ઘર ઘર વેચાયો હતો.

---

માટે છૂપા વેશે જઇ કપટ કરે! તે શા માટે બીજાના હત્યારો બને? તેથી કબીર સાહેબ શ્રી કૃષ્ણને એક મહાપુરૂષ તરીકે જ માને છે અને પરબ્રહ્મ પરમેશ્વર તરીકે માનવા તૈયાર નથી.

૭ તે જ રીતે શિશુપાલના વિષયમાં પણ છે શિશુપાલ એમ તો શ્રી કૃષ્ણના પિતરાઈ ભાઈ પણ થતા હતા. તે પણ શ્રી કૃષ્ણના ભારે વિરોધી હતા. તે શ્રી કૃષ્ણને મહાન પુરૂષ માનવા તૈયાર નહોતા. તે તો શ્રી કૃષ્ણને માત્ર વિલાસી, કપટી અને દુરાચારી તરીકે જ ગણે છે. માટે જયારે યુધિષ્ઠિરે જાહેર કરેલા રાજસૂય યજ્ઞમાં પ્રથમ પૂજા કોની કરવી તે અંગે પ્રશ્ન ઊભો થયેલો ત્યારે ગુરૂજનોએ શ્રી કૃષ્ણની પૂજા કરવા સલાહ આપેલી. તે સલાહ શિશુપાલને માન્ય ન થયેલી અને તેથી તેણે ભર સભામાં શ્રી કૃષ્ણને ગાળો દઈને ખૂબ ટીકા કરેલી. પ્રારંભમાં શ્રી કૃષ્ણ બધું સાંભળીને મૌન બેસી રહે છે. તેમને ગુસ્સો થયો ન હતો. કારણ કે શિશુપાલની માતાને શ્રી કૃષ્ણે સામાન્ય કારણોથી શિશુપાલને કાંઈ જ હાની ન કરવાનું વચન આપેલું. પરંતુ જયારે તે સો વાર તેવું કરશે તો જ તેનો વધ કરીશ એવું જણાવેલું. તે હિસાબે ભર સભામાં શ્રી કૃષ્ણે સોમો આંક શિશુપાલે વટાવી દીધો ત્યારે સુદર્શન ચક્રથી તેનો વધ કરે છે. જે પરબ્રહ્મ પરમેશ્વર હોય તેને આવી યોજના કરવી પડે ખરી?

૮ મનુ, બલિરાજા, કંસ, દુર્યોધન, પૃથુરાજ અને ત્રિવિક્રમ એ છ ચક્રવર્તી સમ્રાટો તે સમયે વિખ્યાત હતા.

૯ સાચો જ્ઞાની વાદવિવાદ કરતો નથી. વાદવિવાદ પણ એક અજ્ઞાનતાની જ અવસ્થા ગણાય છે.

૧૦ વિશ્વામિત્ર ઋષિ સાથે હરિશ્ચંદ્ર રાજાને અણબનાવ હતો. તેથી વિશ્વામિત્રની માયાશક્તિથી હરિશ્ચંદ્ર રાજા સામાન્ય માણસની જેમ ભટકી ભટકીને પોતાની જાત વેચવા માટે કાશીનગરીમાં ફરેલા.

# રમૈની–૪૮

[1]માનિક પુરહિં કબીર બસેરી, મદ્દતિ સુની [2]સેખતકી કેરી
ઉજો સુની [3]જવનપુર થાના, [4]ઝુંસી સુનિ પીરન કે નામા–૧

એકઇસ પીર લિખે તેહિ કાના, ખતમા પઢૈ પૈગંબર નામા
સુનત બોલ મોહિ રહા ન જાઇ, દેખિ [5]મુકરબા રહા ભુલાઇ–૨

નબી હબીબીકે જો કામા, જંહલૌ અમલ સબઈ હરામા–૩૩

**સાખી :** સેખ અકર્દિ સકર્દિ તુમ, માનહુ વચન [6]હમાર
આદિ અંત ઔ જુગ જુગ, દેખહુ દિષ્ટિ પસાર.

---

૧ પ્રસિધ્ધ તીર્થ પ્રયાગની પાસે ચિત્રકૂટ જવાના રસ્તામાં માનિકપૂર આવેલું છે. કબીર સાહેબે તે શહેરમાં થોડા સમય માટે વાસ કર્યો હતો. ઉત્તર ભારતના મુખ્ય મુખ્ય મથકોએ કબીર સાહેબે પ્રવાસ કરેલો તેની આ એક વધુ સાબિતી.

૨ શેખતકી સિકંદર લોદીના ગુરૂ ગણાતા હતા. કબીર સાહેબ તે જ સમયે માનિકપૂર તરફ ગયેલા. ત્યાં શેખતકી સાથે કબીર સાહેબનો સત્સંગ થયેલો તે આ પદ પુરાવો આવે છે.

૩–૪ જવનપુર અથવા યવનપુર અથવા જોનપુર જિલ્લાનું એક મથક છે. ઝુસી શહેર તે જ જિલ્લામાં આવેલું હોવું જોઇએ. મુસલમાનોની વસ્તી એ તરફ વિશેષ પ્રમાણમાં પહેલેથી જ હોવી જોઇએ. તેથી ઝુંસીમાં એકવીસ પીરોની દરગાહો હશે. તે શહેરો મુસલમાનોના ધાર્મિક કેન્દ્રો ગણાતા હોવા જોઇએ.

૫ મુસલમાનો મૂર્તિપૂજાના વિરોધી ગણાય. તેઓ હિન્દુઓને મૂર્તિપૂજક તરીકે કાયમ વખોડતા અને દંગલો ઉભા કરતા. આજ રીતે તેઓ એક જ દેવમાં માનતા અને હિન્દુઓ અનેક દેવોમાં માનતા. એકમેકની પરસ્પર ટીકાઓ થતી અને ગંભીર ઝઘડાઓ પણ થતા. આ રીતે બંને પ્રજા વચ્ચે વૈમનસ્યા વધી ગયું. હતું. કબીર સાહેબના સમયની આ એક મોટી સમસ્યા હતી, કબીર સાહેબે તેને હલ કરવા માટે પ્રયાસ કરેલો હોવો જોઇએ તે આવાં પદો પરથી નક્કી કરી શકાય એમ છે. તેમણે હિન્દુઓની ભૂલો પણ બતાવી અને સખત રીતે ટીકાઓ કરી અને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું તે અગાઉનાં રમૈનીનાં પદો પરથી સમજી શકાશે. સર્વના એક જ દેવ છે એવું સ્પષ્ટ કહ્યા પછી કબીર સાહેબ આ પદમાં

માનિકપુર શહેરમાં જ્યારે મેં થોડા સમય માટે વાસ કરેલો ત્યારે મુસલમાનોના ગુરૂ શેખતકીના ખૂબ વખાણ સાંભળેલા. જૌનપુર કેન્દ્રમાં એ બધું સાંભળ્યું અને ઝૂંસી શહેરમાં પીરોના નામો સાંભળ્યા—૧

ત્યાં એકવીસ પીરોના નામો લખ્યા હતા અને તેની સામે બેસીને મુસલમાનો પૈગંબરનામા જેવા પવિત્ર પુસ્તકો વાંચીને પ્રાર્થના કરી રહ્યા હતા. એ સાંભળીને મારાથી રહેવાયું નહિ અને કહી દીધું કે હે મુસલમાનો! તમે કબીરને જોઈને મૂળ તત્ત્વને ભૂલી ગયા છો—૨

ખુદાના દૂત અને ખુદાના દોસ્તોનું એ કાર્ય છે એમ માનો છો તે પણ તમારી તમામ રીતો જોતાં તદ્દન ખોટું છે.—૩

**સાખી:** હે અકરદી અને સકરદીનામા વાળા મુસલમાનોના ગુરુઓ! તમે મારી વાત માનો. તમે તમારી દૃષ્ટિને વિશાળ બનાવી યુગોથી આદિ ને અંતવાળા પરિવર્તનશીલ સંસારને સમજો. (તો જ તમારું આત્મ કલ્યાણ થશે.)

---

મુસલમાનોને માર્ગદર્શન આપે છે. મુસલમાનોને તેઓની થતી ભૂલો તરફ અંગુલિ નિર્દેશ કરી કબીર સાહેબ તેઓની સખત ટીકા પણ કરે છે. તેઓ મૂર્તિમાં માનતા નથી છતાં કબરની તેઓ પૂજા કરે છે તે શું કહેવાય? જડ કબરની સામે બેસીને પવિત્ર પુસ્તકો તેઓ શા માટે વાંચે છે? શું તેઓ એમ સમજે છે કે તેઓના પીર કબરમાં જીવતા બેઠા છે? કબીર સાહેબ મુસલમાનો તથા તેમના ગુરૂઓને આ ભૂલ-ભ્રાંતિ-ખૂબ જ હિમ્મત પૂર્વક બતાવે છે અને દષ્ટિને વિશાળ કરીને વિચારવાનો ઉપદેશ આપે છે.

૬ કબીર સાહેબ કહે છે કે અમારા વચનો ટુંકી દષ્ટિવાળાને સમજાશે નહીં તેથી વિશાળ દષ્ટિ કરવાની જરૂર છે. કબર પણ જડ જ છે. તેની પૂજા પણ વૃથા છે. નાશવંત વસ્તુની પૂજા કરવાથી કદી પણ આત્મ કલ્યાણ થતું નથી. જેનો જન્મને અંત છે. તે વિનાશી જ ગણાય. અવિનાશીનો જન્મ થતો નથી તેથી અંત પણ હોતો નથી. જે પરમાત્મ તત્ત્વ શરીરમાં રહેલું છે તેને જાણવાથી અવિનાશીનો ભેટો થાય છે. અમે તો વારંવાર કહેતા આવ્યા છે કે પ્રત્યેક માનવના શરીરમાં પરમાત્માનો વાસ છે. તેનો પરિચય કેળવો અને તમારું આત્મ કલ્યાણ કરો. આ કબર તો નાશવંત છે. એને રેશમી વસ્ત્રોથી ઢાંકવામાં આવે અને તેના પર ફુલો ચઢાવવામાં આવે તેથી તમારું આત્મ કલ્યાણ થશે નહીં ખુદાના દૂતોનું તો ખરેખર જ્ઞાનની આવી વાતોનો ફેલાવો કરાવવાનું કાર્ય ગણાય છે. નબી અને હબી, કે જે ખુદાના દૂત અને પયગંબર કહેવાય. તેઓએ સત્ય જ્ઞાનના પ્રચારનું કાર્ય કરી માનવોની અજ્ઞાનતા દુર કરવા પ્રયત્ન કરવો જોઇએ. કબરની પૂજા કરે અને કરાવે તે કેવી રીતે ખુદાના દૂત કે પયગંબર ગણાય?

## રમૈની-૪૯

દરકી બાત કહૌ [1]દર એસા, બાદશાહ હૈ કવને ભેષા?
કહાં કૂચ કહં કરે મુકામા? મૈં તોહિ પૂછૌં [2]મુસલમાના!–૧
લાલ જરદ કી નાના બાના? કવન સુરતિ કો કરહુ સલામા?
કાજી કાજ કરહુ તુમ કૈસા? ઘર ઘર જબહ કરાવહુ ભૈંસા!–૨
બકરી મુરગી કિન ફરમાયા? કિસકે હુકુમ તુમ છુરી ચલાયા?
દરદ ન જાનહુ [3]પીર કહાવહુ, બૈતા પઢિ પઢિ જગ ભરમાવહુ!–૩
કહૈ કબિર એક [4]સયદ કહાવૈં, આપ સરીખા જગ [5]કબુલાવૈં!–૪

**સાખી :** [6]દિન ભર રોજા રહત હો, રાત હનત હો ગાય
યહૈ ખૂન વહ બંદગી કયોં કર ખુશી ખુદાય?

---

૧ આગલા પદમાં મુસલમાનોના ગુરૂઓને કબીર સાહેબે વિશાળ દૃષ્ટિથી વિચારવાની અપીલ કરી છે. કારણ સ્પષ્ટ છે. સંપ્રદાયોની દૃષ્ટિ તો સંકુચિત હોવાથી સત્યનું દર્શન કરી શકતી નથી. મારો જ ધર્મ શ્રેષ્ઠ, મારા જ ગુરૂ મહાન, અમે કહીએ ને કરીએ તેજ ભગવાનને ગમે, અમે કરીએ તે જ ભકિત ઉત્તમ એવું એવું ઘણું બધું સંકુચિત દૃષ્ટિવાળાઓ બધે કહેતા ફરે છે. તે કારણે ઝઘડાઓ પણ થતા રહે છે. જેની દૃષ્ટિ વિશાળ છે તે એવી ભ્રામક વાતો કરતા નથી. તેઓ તો માનવતાનો જ મહિમા કરતા હોય છે. માતાના ગર્ભ દ્વારા સૌ કોઇ આવે છે અને સૌના શરીરમાં જે લોહી ફરતું હોય છે તેના પણ રંગ તો એક જ હોય છે. બધા જાય છે ત્યારે એક જ રીતે જાય છે. માટે ભગવાનની દૃષ્ટિએ સૌ સરખા છે. નાત જાતના, ઊંચનીચના ભેદો સંકુચિત દૃષ્ટિમાંથી ઉદ્ભવ્યા. તેથી આ પદમાં ખુદાના ગણાતા બંદાઓને તેઓની સંકુચિત દૃષ્ટિ લક્ષમાં લઇને ઠપકાર્યા છે.

૨ મુસલમાનોને ઠપકો આપતા કબીર સાહેબ કહે છે કે તમારો ખુદા જુદો હોય તો તે કેવો છે? ક્યાં રહે છે! તેનું સ્વરૂપ કેવું છે! તમે જેને સલામ ભરો છો તેની સકલ કેવી છે! ખરેખર તો ભગવાન સૌનો એક જ છે. તે તો દયાનો સાગર છે. સૌ પર સરખા જ પ્રેમ વરસાવે છે.

૩ ગાય. ભેંસ, બકરી, મરઘી જેવા પશુઓની કતલ મુસલમાનો કરે છે ને કરાવે છે. તેનુ કારણ પૂછવામાં આવે છે ત્યારે તેઓ કહે છે કે ખુદાએ હુકમ કર્યો છે તેથી અમો એવું કાર્ય કરીએ છીએ. તે સંદર્ભમાં કબીર સાહેબ આ બધી વાતો કરી રહ્યા છે. ખરેખર તો ભગવાન એવું કાર્ય કરે જ નહીં અને કરવાની છૂટ પણ આપે નહીં. ભગવાન પ્રેમથી, અહિંસાથી, [illegible]

હે ખુદાના બંદાઓ ખુદાની વાત તો કરો! ખુદાનો પહેરવેશ કેવો? ખુદા ક્યાં ફરે ને ક્યાં મુકામ કરે? હે મુસલમાનો! હું તમને આ બધું પૂછું છું. જરા જવાબ તો આપો!—૧

ખુદાનો રંગ લાલ છે કે પીળો? કે પછી અનેક રંગના છે! તેની શકલ કેવી છે કે જેને તમે સલામ ભરો છો? કાજી થઈને તમે કેવા કેવા કામો કરાવો છો? ઘરે ઘરે જઈ શું જીવ હત્યા કરાવો છો?—૨

ગાય, ભેંસ, બકરી, મરઘી જેવાં નિર્દોષ પ્રાણીઓના ગળા પર છરી ચલાવવાની તમને કોણ આજ્ઞા આપે છે? એમ તો તમે પીર કહેવરાવો છો, પણ બીજાની પીડા તો જાણતા જ નથી! ધાર્મિક પુસ્તકો વાંચવાનો આડંબર કરી જગતમાં શા માટે ભ્રાંતિ ફેલાવો છો?—૩

કબીર કહે છે કે એક તો તમે મુસલમાનોમાં બ્રાહ્મણ જેવા ઉંચી જાતના સૈયદ કહેવરાવો છો અને તમારા જેવા બનવાનું બીજાઓ પાસે બળજબરી પૂર્વક કબૂલ કરાવો છો. કેવું આશ્ચર્ય!—૪

**સાખી:** આખો દિવસ રોજાનું વ્રત કરો છો અને રાતે ગાયને હણો છો! કેવું આ ખૂનનું કાર્ય અને કેવી તમારી બંદગી? ખુદા કેવી રીતે તમારા પર પ્રસન્ન થાય?

---

પ્રસન્ન થઈ શકે; હિંસાથી તો નહીં જ. ગાયના શરીરમાં જેવો જીવ છે તેવો જીવ માનવ માત્રમાં છે. તેથી જીવની હત્યાથી થતું દુઃખ અપાર હોય છે. પયગંબર હોય, ફકીર હોય, ખુદાનો દૂત હોય તેનું હૃદય આવા દુઃખોથી દ્રવિત બની જતું હોય છે. તેથી તેઓને પીર કહેવામાં આવે છે. કબીર સાહેબે સાખીમાં પણ કહ્યું જ છે કે

કબિરા સોઇ પીર હૈ, જો જાને પર પીર
જો પર પીર ન જાનઇ, સો કાફિર બેપીર.

અર્થાત્ સાચો ગુરૂ, ખુદાનો બંદો, બીજાનું દુઃખ જાણી શકે, સમજી શકે અને તે પ્રમાણે વર્તન કરી ભગવાનનું કાર્ય કરી શકે.

૪ હિન્દુઓમાં જેમ બ્રાહ્મણ લોકોનું સ્થાન તેમ મુસલમાનોમાં સૈયદ લોકોનું સ્થાન. તેઓ પોતાને શ્રેષ્ઠ ગણાવે.

૫ "કબુલાવે" ક્રિયાપદ દ્વારા સૈયદ લોકો બળજબરી કરતા હતા તે સૂચન ભત રીતે કહેવાયું છે. વટલાવ પ્રવૃત્તિ તેઓ કરતા હતા. તેઓ પોતે હિંસાદિ ઘાતકી કૃત્યો કરતા અને બીજાને તેવું કરવાની ફરજ પાડતા.

૬ ભગવાનને પ્રસન્ન કરવા રોજા એટલે ઉપવાસ કરવામાં આવે છે. પરંતુ ભગવાન પ્રસન્ન કેવી રીતે થઈ શકે? રોજા કરવાનો તો માત્ર દંભ જ કરવામાં આવે છે. રાતે તો જીવહિંસા ઘાતકી રીતે કરવામાં આવે છે. જેવી બંદગી કરે તેવું વર્તન થતું નથી.

## રમૈની-૫૦

કહઈત મોહિ ભયલ [1]યુગ ચારી, સમુજત નાહિ મોર સુત નારી
બંસ આગિ લગિ બંસહિ જરિયા, ભરમ ભૂલિ નર ધંધે પરિયા-૧

[2]હસ્તિની ફંદે હસ્તી રહઈ, મ્રિગી કે ફંદે મિરગા પરઈ
[3]લોહે લોહ જસ કાટિ સયાના, તિય કે તત્ત તિયા પહિચાના-૨

**સાખી :** નારી રચતે પુરુષ હૈ, પુરુષ રચંતે નાર
પુરુષ હિ પુરુષા જો રચૌ, [4]તે બિરલે સંસાર.

---

૧ કબીર પંથના વિદ્વાનો કબીર સાહેબ ચારે યુગમાં જુદા જુદા સ્વરૂપે પ્રગટ થયા હતા એવું કહે છે. સત્યયુગમાં "સુકૃતિ"ના નામથી, ત્રેતા યુગમાં "મુનીન્દ્ર"ના નામથી, દ્વાપર યુગમાં "કરૂણામય સ્વામી"ના નામથી અને કળિયુગમાં "કબીર"ના નામથી અવતર્યા હતા. વળી કબીર સાહેબ સત્યપુરૂષ હોવાથી તેઓ સ્વત: આ પૃથ્વી પર પ્રગટ થઇ આવ્યા હતા. માતાના ગર્ભનો સહારો તેમને લેવો પડયો ન હતો. આ સાંપ્રદાયિક માન્યતા કેટલે અંશે આજે વિજ્ઞાન યુગમાં સર્વમાન્ય ઠરે તે કોણ જાણે? પરંતુ એક વાત તો સાચી છે કે મહાપુરૂષોની વાણી એકસરખી હોય છે. માત્ર શબ્દોની ભિન્નતાથી ભિન્ન લાગે છે એટલું જ. સુખની શોધને અંતે સર્વે સત્પુરૂષોએ જોરશોરથી કહ્યું જ છે કે સુખ તો અંતરમાં જ રહેલું છે. સુખનો સાગર સર્વના શરીરોમાં સર્વદા ગરજતો જ રહે છે. માત્ર માનવે જ પોતે અંતર્મુખ બનવાની જરૂર છે. કુદરતે ઇન્દ્રિયો અને મન માનવને આપ્યા છે જરૂર, પણ તે બહિર્મુખ સ્વભાવવાળા છે. સુખની શોધ બહાર જ ભટકીને શોધ્યા કરવાની ટેવ પડી છે. આ ટેવ માનવને ભારે પડી છે.

૨ મન અને ઇન્દ્રિયોમાં જાતીય આકર્ષણ કુદરતી ગણાય છે. તેથી માદા નર તરફ અને નર માદા તરફ આકર્ષિત થઈ સંતોષ અનુભવવા પ્રયત્ન કરે છે. પરંતુ તેવી પ્રવૃત્તિથી મમતા અને આસક્તિના જોરદાર ભાવોમાં મન ડૂબી જતું હોય છે ને પરિણામે શિકારીની જાળમાં હાથી અને મૃગ ફસાય જાય છે તેમ કાળનો કોળિયો થઈ જાય છે.

હાથીને પકડવા માટે હાથણીને બાંધવામાં આવે છે. તેની બાજુમાં ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હોય છે. તે ખાડાને પોકળ સામગ્રીથી પૂરી દેવામાં આવે છે. જાણે ખાડો જ નથી એવો ભાવ ઊભો કરવામાં આવે છે. હાથણીને મદમસ્ત દશામાં નિહાળીને હાથી આકૃષ્ટ થાય છે અને દોડે છે. પરંતુ પેલા ખાડામાં પડી જાય છે ને શિકારીના હાથમાં આવી જાય છે. પછી શિકારી કહે તેમ હાથીને કરવું પડે છે. તે પરતંત્ર બની જાય છે

મને કહેતા કહેતા ચાર યુગો વીતી ગયા છતાં મમતામાં મોહિત થઈ સ્ત્રી પુરુષો કોઈ સમજતું નથી. વાંસના જંગલમાં એકમેકના ઘર્ષણથી આગ લાગે છે અને વાંસનું આખું જંગલ બળીને ખાખ થઈ જાય છે તેમ આ બધા આસક્ત લોકો અજ્ઞાનતાથી ઉપાધિમાં પડીને વિનાશને માર્ગે જઈ રહ્યા છે.—૧

જેવી રીતે હાથી હાથણીની આસક્તિમાં શિકારીના બંધનમાં બંધાય છે, મૃગલીના આકર્ષણમાં મૃગ જાળમાં ફસાય છે, હોંશિયાર લોકો દ્વારા લોઢાથી જ લોઢું કપાય છે અને સ્ત્રીનું રહસ્ય સ્ત્રી જ દ્વારા જાણી શકાય છે તેમ અજ્ઞાની મનુષ્યો, મનુષ્યો દ્વારા જ બંધનમાં પડે છે.—૨

**સાખી :** સ્ત્રી પુરુષને પ્રેમ કરે છે અને પુરુષ સ્ત્રીને પ્રેમ કરે છે એ તો પરાપૂર્વથી ચાલ્યું આવે છે. પરંતુ પુરુષ શરીરમાં રહેલા આત્મતત્ત્વની સાથે પ્રિતિ જોડે તેવા તો સંસારમાં વિરલ પુરુષો જ હોય છે.

---

તૃષ્ણા, વાસના દરેક જીવમાં ભરપૂર પણે રહેલી હોવાથી પ્રત્યેક જીવની દશા પણ હાથીના જેવી જ થઈ જાય છે. મમતાના ખાડામાં આસક્તિના દોરડે એવો તો બંધનમાં પડે છે કે તેની સ્વતંત્રતા હણાય જાય છે.

૩ સ્વતંત્રતા હણાય જાય છે તે માટે જવાબદાર કોણ? લોઢાથી જ લોઢું કપાય તેમ જીવથી જીવ આકર્ષાય અને પરતંત્ર બને. સ્ત્રીનું રહસ્ય તે માયા. માયાને કોણ ઓળખી શકે? તેથી બંધન માટે મન પોતે જ જવાબદાર ગણાય છે. ઉપનિષદ પણ કહે છે કે મન એવં મનુષ્યાણામ્ કારણામ્ બંધ મોક્ષયો: । અર્થાત્ બંધન અને મુક્તિનું કારણ તો મનુષ્યનું પોતાનું મન જ છે. તેથી મનની કેળવણી જ અગત્યની ગણાય. કબીર સાહેબનું પ્રસિદ્ધ પદ 'મન તોહે કહિ વિધ કર સમજાવું' અહીં યાદ કરવું.

૪ કેળવાયેલું મન અંતર્મુખ બની જાય છે. નિત્ય આનંદ સ્વરૂપ આત્મા તરફ તે આકર્ષાય છે અને આત્માનુરાગી બની જાય છે. પરતુ કરોડોમાં એક જ જીવ આવી પરિસ્થિતિ પર પહોંચી જાય છે. ગીતા પણ કહે છે :

જ્ઞાન કહું તુજને વળી પૂર્ણ કહું વિજ્ઞાન
જેને જાણી જાણવું રહે નહીં કૈં આન.
હજારમાં કોઈ કરે સિદ્ધિ કાજ પ્રયાસ,
કરતા યત્ન હજારમાં કોઇ પહોંચે પાસ. (સરળ ગીતા અ–૭)

સાધના અને તપશ્ચર્યાથી જે મન કેળવાયું હોય તે મન જરૂર આત્મા સુધી પહોંચી શકે. આત્મ તત્ત્વનો પરિચય થઈ જાય પછી કંઈ જ પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેતી નથી એવું અનુભવી પુરૂષો કહે છે તે આ જ સંદર્ભમાં. કબીર સાહેબ હિન્દુ અને મુસલમાનોના સંદર્ભમાં આત્મ તત્ત્વની વાત કરી રહ્યા છે. સૌમાં જે આત્મતત્વ છે તે તો એક જ છે. પછી ભેદને શા માટે મહત્વ આપવું જોઇએ. તાત્વિક દૃષ્ટિએ માનવ માત્ર એક જ પ્રભુના બાળક છે. મનથી ભેદો ઉદ્ભવ્યા છે તેથી મનને કેળવવામાં આવે તો ભેદ મટે અને આત્મ તત્વનું સત્ય સમજાય.

## રમૈની-૫૧

જાકર નામ [1]અકહુઆ ભાઈ, તાકર કહા રમૈની ગાઈ?
કહેકે તાત્પર્જ હૈ ઐસા, [2]જસ પંથી બોહિત ચઢિ જૈસા-૧

હૈ [3]કિછુ રહનિ ગહનિ કી બાતા, બૈઠા રહૈ ચલા પુનિ જાતા
[4]રહે બદન નહિ સ્વાંગ સુભાઉ, [5]મન અસ્થિર નહિ બોલૈ કાઉ-૨

**સાખી** : તન રહતે મન જાત હૈ, મન રહતે તન જાય
તન મન એકૈ હવૈ રહૈ, [6]હંસ કબીર કહાય.

---

૧ 'અકહુઆ' એટલે અકથ્ય. કહી જ ન શકાય એવું. આત્મ તત્ત્વનું વર્ણન અનુભવી પુરૂષોએ આ રીતે કર્યું. અશબ્દમ્, અસ્પર્શમ્, અરુપમ્, અવ્યયમ વિગેરે. અર્થાત્ આત્વતત્વ વાણીનો વિષય નથી. નિર્ગુણ, નિર્વિકાર, નિરાકાર ,આત્મતત્વની સ્તુતિ કેવી રીતે કરવી એ એક સમસ્યા છે.

૨ તેનું તાત્પર્ય જ કહી શકાય માત્ર. સમુદ્રની પાર જનાર મુસાફર માત્ર ચુપચાપ હોડીમાં સ્થિર બેસી રહે છે તેમ મનને આત્મતત્વમાં લીન કરવાની જરૂર છે.

હોડી પાણીમાં તરે છે તેથી તે પેલે પાર જઈ શકે છે. હોડીમાં પાણી ભરાય તો તરવાની મુશ્કેલી ઉભી થાય. તેથી નાવિક હોડીમાં પાણીનો ભરાવો થવા દે નહીં. અમુક મર્યાદામાં પાણી રહે તો વાંધો નહીં આવે. પરંતુ મર્યાદાને વટાવે તો પાણી ઉલેચવાની ક્રિયા સાથે સાથે કરવી જ પડે. સંસાર મનમાં રહેલો છે. તેથી સંસાર સાગર પાર કરવા માટે મુશ્કેલીનો અનુભવ કરવો પડે છે. સદ્‌ગુરૂ મનમાંથી સંસારની ભાવના દૂર કરવાનું એટલા માટે જ કહે છે. ચોક્કસ મર્યાદા બાંધીને સદ્‌ગુરૂ જીવનની હોડી ચલાવતા હોય છે. મર્યાદાનો આંક ન વટે તેની કાળજી રાખવાનું સૂચન આપ્યા કરતા હોય છે. જો મનમાં સંસારની ભાવના મર્યાદાના આંકથી વધી જાય તો ઉલેચવાની ક્રિયા કરવી જ પડે. ટૂંકમાં, મનને કોઈ પણ હિસાબે તાલિમ તો આપવી જ પડે. તેને જ આપણે યોગ કહીએ છીએ ને સાધના કહીએ છીએ.

૩ સાધકે ચોક્કસ પ્રકારની પ્રક્રિયાઓ કરવી જ પડે છે. ગમે તેમ રહી શકાય કે જીવી શકાય નહિ. નિયમિત નિયમોનું પાલન જાણે કે અનિવાર્ય થઈ પડે છે. ગીતા પણ કહે છે કે

હે ભાઈઓ! જેનું નામ કહી શકાય એવું જ નથી તો પછી તેની સ્તુતિ કેવી રીતે કરી શકાય? માત્ર તાત્પર્ય જ કહી શકાય એવું છે કે મુસાફિરની માફક હોડીમાં બેસી જનાર જ પાર ઉતરી શકે છે.—૧.

એ તો વાત જ ગહન છે છતાં (સંસાર પાર કરનારે) ચોક્કસ પ્રકારે તો રહેવું જ પડે છે. નાવમાં ભલે તે બેઠો રહે પણ તેની પાર જવાની પ્રગતિ તો ચાલુ જ રહે છે. શરીર પર બાહ્ય વેશ ધારણ કરવાનો તેનો સ્વભાવ જ રહ્યો નથી હોતો! ચંચલ મન કાંઈ બોલતું જ નથી!—૨

**સાખી :** કોઈનું શરીર વિષયોમાં ઘસડાતું નથી તો મન ચાલ્યું જતું હોય છે અને કોઈનું મન જતું નથી તો વિષયોમાં તન દોડતું ચાલ્યું જાય છે. વિવેકી પુરુષ તો તે જ ગણાય કે જેનું મન પણ અને તન પણ વિષયોમાં ઘસડાતું નથી.

---

યોગ્ય કરે આહાર ને વિહાર તેમ જ કર્મ
જાગે ઊંઘે યોગ્ય તે લભે યોગનો મર્મ

ચિત્ત થાય વશ ને પછી આત્મમાં સ્થિર થાય,
નિઃસ્પૃહ યોગી થાય તે યોગી યુક્ત ગણાય. (સરળ ગીતા અ-૬)

૪ મન સ્થિર થાય તો બાહ્ય આડંબર, ઢોંગ ધતીંગ તેને ગમે જ નહીં. બાહ્યાચારની આવશ્યકતા જ રહેતી નથી.

૫ મન ચંચળ હોય ત્યાં સુધી તેનું બોલવું ચાલવું પણ વ્યવસ્થિત નથી હોતું. ચંચળતા જેમ જેમ ઓછી થતી જાય તેમ તેમ મન અમન બનતું જાય. તેનો સ્વભાવ જ બદલાય જાય. મન મન રહે જ નહીં. તે કંઈ બોલે પણ નહીં અને ચાલે પણ નહીં. તેવી સ્થિતિમાં જ મન આત્મલીન બની શકે છે. મનની એ ઉન્મન અવસ્થા છે. કબીર સાહેબ એવા મનને ઉન્મન પણ કહે છે.

૬ ભભૂત લગાવીને બેઠેલો યોગી, સંસાર ત્યાગ કરીને વનમાં પહોંચેલો સન્યાસી કે સર્વસ્વનો ત્યાગ કરી સાધના કરતો ત્યાગી મન ન કેળવે તો શી દશા થાય! તેનો બાહ્યાચાર નકામો બની જાય. તેના મનમાં વિષય વાસનાની આગ પ્રજ્વલિત બનતી રહે અને મિથ્યાચાર તરફ તે ઘસડાય. ભલે તેનું શરીર એક જગ્યાએ બેઠું હોય પણ મન તો પોતાનો ખોરાક શોધતું ભટકતું જ રહે છે. તેવો માણસ સાચો યોગી નથી, સાચો ત્યાગી નથી કે સાચો સન્યાસી નથી. જેનું મન તાલિમ પામીને ઉન્મન બન્યું છે તે જ પરમ યોગી. તેને જ પરમ હંસની પદવી પણ આપી શકાય.

## રમૈની–૫૨

જેહિ કારન સિવ અજહું બિયોગી, અંગ ભભૂતિ લાય ભૌ જોગી
સેસ સહસમુખ પાર ન પાવૈ, સો અબ [1]ખસમ સહી સમજાવૈ–૧

[2]ઐસી વિધિ જો મોકહં ધાવૈ, છઠયે માંહ દરસ સો પાવૈ
કવનેહું ભાવ દિખાઈ દેઉ, સબ સુભાવ [3]ગુપતહિ રહિ લેઉ–૨

**સાખી** : કહંહિ કબીર પુકારિકે, [4]સભકા ઉહૈ બિચાર
કહા હમાર માને નહીં, કિમિ છૂટૈ ભ્રમ જાલ ?

---

૧ "ખ" એટલે આકાશ અને "સમ" એટલે સમાન. આકાશ જેવા નિરાકાર પ્રભુ એવા નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ માટે મહાદેવથી માંડીને સામાન્ય સાધકો પ્રયત્નો કર્યા જ કરે છે. કોઇ યોગની સાધના કર્યા કરે છે તો કોઈ નામ સ્મરણ, જપ, કીર્તન આદિ ભકિત કર્યા કરે છે. પરંતુ કોઈ તેનો પાર આજ દિન લગી પામી શકયું નથી. જે પરમાત્માની પ્રાપ્તિ માટે શંકર ભગવાને યોગની કઠીન સાધના કરી અને શેષનાગે હજાર મોઢેથી જેનું કીર્તન ગાયા કર્યું તે પરમાત્મા, કબીર સાહેબ કહે છે કે હજે ઠીક ઠીક પ્રમાણમાં જુદા જુદા સ્વરૂપે પ્રગટ થઈ ચોક્કસ પ્રકારની સમજ આપી રહ્યા છે.

૨ "ઐસી વિધિ" આગલા પદના સંદર્ભમાં કબીર સાહેબ સમજાવી રહ્યા છે. આત્મતત્ત્વમાં જેનું તન, મન એકતાન બની ગયું હોય તેવા સાધકને પરમાત્મા છ જ મહિનામાં દર્શન આપે છે. સાધક ધ્યાન કરે પણ જો તેનું મન શરીરની બહાર વિષય પદાર્થોમાં ભટકયા જ કરે તો તેને દર્શન ન થઇ શકે. એવું ભટકયા કરતું અસ્થિર મન પરમાત્માના દર્શન માટે અયોગ્ય ગણાય. તેથી સાધકે કબીર સાહેબે જણાવેલી વિધિ પ્રમાણે મનને સ્થિર કરવું જરૂરી છે. અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે મન જો અમન બની જાય અથવા તો ઉન્મન બની જાય તો તેવા મન વડે પરમાત્માનાં દર્શન માત્ર છ મહિનામાં થઇ સકે છે એવી ખાત્રી કબીર સાહેબ અહીં આપી રહ્યા છે. ઉપનિષદ્ પણ એમ જ કહે છે

પરાંચિ ખાનિ વ્યતૃણત્ સ્વયંભૂ:
તસ્માત્ પરાંગ પશ્યતિ નાન્તરાત્મન્ા
કશ્ચિદ્ ધીર: પ્રત્યગાત્માનમૈક્ષત્
આવૃત્ત ચક્ષુરમૃતત્વમિચ્છન્ ાા ( કા. ૨–૧ )

જે સ્વામી પરમાત્માની પ્રાપ્તિ માટે ભગવાન શિવ વિયોગી સ્વરૂપે અંગ પર ભભૂતિ લગાવીને આજ દિન સુધી યોગ સાધના કરી રહ્યા છે, હજાર મુખથી શેષનાગ જેનું ગુણગાન ગાય છે છતાં પાર પામી શકયા નથી તે સ્વામી પરમાત્મા હવે ઠીક ઠીક પ્રમાણમાં સમજ આપી રહ્યા છે.—૧

એવી વિધિ કરીને જો મારું ધ્યાન કરવામાં આવે તો છ માસમાં મારું દર્શન થઈ શકે છે. કોઈને કોઈ સ્વરૂપે હું દર્શન આપું જ છું, ગુપ્ત રહીને સહજ રીતે બધું લઈ લઉં છું—૨

**સાખી :** કબીર પુકાર કરીને કહે છે કે આમારું કહેલું કોઇ માનતું જ નથી પછી ભ્રમ રૂપી જાળમાંથી કેવી રીતે છૂટી શકે? સર્વનો (સિદ્ધપુરુષોનો) આજ અનુભવ છે.

---

અર્થાત્ સ્વયંભૂ પરમાત્માને ઇન્દ્રિયોને બહિર્લક્ષી બનાવી. તેથી તે બાહારના પદાર્થો જ શોધ્યા કરે છે. તે અંતરાત્માને જોતી જ નથી. કોઈ ધીર પુરૂષ જ ઇન્દ્રિયોને અંતરમુખી બનાવી અમૃત સ્વરૂપ આત્મતત્ત્વને પામવાની ઈચ્છા કરે છે. ટૂંકમાં, મન તથા ઇન્દ્રિયોને બાહાર ભટકતા રોકયા વિના અમૃત સમાન આત્મતત્ત્વનાં દર્શન થઈ શકતા નથી. મન તથા ઇન્દ્રિયોને નિયંત્રિત કરવાનું કાર્ય, અર્જુન કહે છે કે

મન ચંચલ બલવાન છે જક્કી તેમ જ ખૂબ
વાયુ જેમ મુશ્કેલ છે તેનો સંયમ ખૂબ. (સરળ ગીતા અ–૬)

ચંચલ મનને સ્થિર કરવાનું કાર્ય ખૂબ કઠીન છે. મુઠીમાં વાયુને પકડવાનું કાર્ય જેટલું મુશ્કેલ છે તેટલું મુશ્કેલ મનને સ્થિર કરવાનું કાર્ય ગણાય છે. છતાં તે થઈ શકે છે અને પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે એવી ચોકકસ પ્રકારની ખાત્રી કબીર સાહેબ જેવા અનુભવી મહાપુરૂષો આપી રહ્યા છે.

૩ જે કોઈ પરમાત્માની પ્રેમભક્તિ કરે છે તેનું રક્ષણ ગુપ્ત રીતે પ્રભુ કર્યા જ કરે છે. ભાવથી જે કાંઈ તેને અર્પણ કરવામાં આવે છે તે પણ તે ગુપ્ત રીતે ગ્રહણ કરી જ લે છે. ગીતામાં શ્રીકૃષ્ણ પણ એમ જ કહે છે

ફળ કે ફુલ મને ધરે, પર્ણ તેમ પાણી,
ધર્યું ભાવથી સર્વ હું આરોગું દાની.
તેથી તું જે જે કરે, તપે, દાન દે, ખાય,
કરજે અર્પણ તે મને, સહંભાવ ના થાય. (સરળ ગીતા અ–૯)

૪ સર્વે મહાપુરૂષોનો એકસરખો અનુભવ છે કે લોકો પરાવાણી સાંભળે છે પણ તેને અનુસરતા નથી. બહુ ઓછા માણસો મહાપુરૂષોનો લાભ લઈ શકે છે. જગતની એ કરૂણતા છે અને નકકર વાસ્તવિકતા પણ છે.

## રમૈની-૫૩

મહાદેવ મુનિ અંતન પાયા, ઉમા સહિત ઉન જનમ ગંવાયા
ઉનતે સિધ સાધક નહિ કોઈ, [1]મન નિશ્ચલ કહુ કૈસે હોઇ-૧

[2]જબ લગ તનમેં આહે સોઈ, તબ લગ ચેતિ ન દેખૈ કોઇ
તબ ચિતિહૌ જબ તજિહો પ્રાના, ભયા અંત તબ મન પછિતાના-૨

ઇતના સુનત નિકટ ચલિ આઇ, [3]મન બિકાર નહીં છૂટે ભાઇ-૩

**સાખી :** તીની લોકમેં આય કે, છૂટિ ન કાહુકિ [4]આસ
ઇકિ અંધરે જગ ખાઇયા, સભકા ભયા વિનાસ

---

૧ આ પદમાં મનની કેળવણી પર કબીર સાહેબે ભાર મૂક્યો છે. સ્થિર મન દ્વારા જ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. જેનું મન શંકા, કુશંકાઓથી ચલાયમાન થયા કરતું હોય તે સિદ્ધ કહેવાય નહિ. સિદ્ધ પુરૂષ તો તે જ કહેવાય કે જેનું મન ઉન્મન થયું હોય. સંકલ્પ વિકલ્પો સિદ્ધ પુરૂષોને પજવે જ નહીં. સ્થિર મનમાં સંકલ્પ-વિકલ્પ ઉદ્‌ભવે જ નહીં. મોટા મોટા મુનિઓ પણ મનની સ્થિરતા કેળવી શક્યા નહોતા. તેઓનું મન અનેક વાર ચલાયમાન થઈ જતું. મહાદેવ જેવા મહાદેવનું મન પણ એકવાર ચલાયમાન થઇ ગયેલું. મોહિની સ્વરૂપ જોઇને મનોહારી લલનાથી મોહિત થઇ ગયેલા. અગાઉ તે પ્રસંગની વાત આપણે ચર્ચી ગયા છીએ. તેથી કબીર સાહેબ મહાદેવ પણ પ્રભુનો પાર પામી શક્યા નથી એમ વારંવાર કહ્યા કરે છે.

૨ એ તો સર્વ સામાન્ય વાત છે કે પરમાત્માની પ્રાપ્તિની ઇચ્છા ભાગ્યે જ કોઇને થતી હોય છે. જયારે તન અને મન તંદુરસ્ત હોય, એકદમ સ્વસ્થ હોય ત્યારે કઠીન સાધના પણ થઈ શકે અને પરમાત્માનાં દર્શન સુધી પહોંચી શકાય. પરંતુ તે રીતે કોઇ વિચારતું જ નથી. તેથી શંકરાચાર્ય ભગવાને પણ કહ્યું છે

બાલસ્તાવત્ ક્રીડા સક્ત:
તરૂણસ્તાવત્ તરૂણી સક્ત: ।
વૃદ્ધાસ્તાવત્ ચિન્તા મગ્ન:
પરમે બ્રહ્મણિ કોડપિ નલગ્ન : ॥

મહાદેવ અને મુનિઓ પ્રભુનો પાર પામી શક્યા નહીં. ઉમા સાથેનો જન્મ મહાદેવે ગુમાવી દીધો તો પણ પાર પામી શક્યા નહીં. એનાથી બીજું કોઈ સિદ્ધ સાધક તો થયું નથી કે જે પાર પામી શકે. તો પછી મન સ્થિર કેવી રીતે થઈ શકે?–૧

જ્યાં સુધી શરીરમાં શ્વાસોશ્વાસ ચાલે છે ત્યાં સુધી કોઈ ચેતીને પ્રયત્ન કરી જોતું નથી. ત્યા જ ચેતે છે જ્યારે પ્રાણ નીકળવાની તૈયારી હોય. પ્રાણ નીકળી જાય પછી તો મન પસ્તાય છે.–૨

સાંભળના સાંભળના મૃત્યુ નજીક આવી ચઢે છે છતાં મનમાં રહેલો વિકાર છૂટી શકતો નથી.—૩

**સાખી :** ત્રણે લોકમાં આવીને કોઈની પણ આશા છૂટી શકી નથી. આશામાં ને આશામાં આંધળું મન આખું જગ ખાય ગયું અને સર્વનો વિનાશ થયો.

---

ભજ ગોવિન્દં, ભજ ગોવિન્દં, ભજ ગોવિન્દં મૂઢમતે ।

અર્થાત્ બાલ્યાવસ્થા રમતમાં વીતે છે, યુવાની યુવતી સાથેની આસક્તિમાં પસાર કરે છે અને વૃધ્ધાવસ્થામાં તો "શું થશે? શું થશે?"ની ચિન્તામાં જ પૂરી થાય છે. પરમાત્મા સાથે કોઇનું પણ મન સંલગ્ન થઈ શકતું જ નથી. માટે પહેલેથી જ વિચાર કરી જીવનના કીંમતી સમયનો સદુપયોગ કરી લેવા આયોજન કરવું જોઇએ. વારંવારના પ્રયત્નો પછી સફળ થઈ શકાય છે. ગીતા પણ કહે છે કે

મન આ ચંચલ જાય છે અનેક વિષયો માંહ્ય,
વાળી પાછું જોડવું તેને આત્મા માંહ્ય.
કરતાં એમ થઈ જશે મન આત્મામાં શાંત.
સુખ ઉત્તમ ત્યારે થશે, દોષ થશે સૌ શાંત.
રોજ કરે છે યોગ આ તે તો નિર્મલ થાય,
બ્રહ્મપ્રાપ્તિ સુખ પૂર્ણ તે પામી તેમાં ન્હાય. ( સરળ ગીતા અ–૬ )

૩ જોત જોતામાં સમય વીતી જાય છે. કથા શ્રવણ કરતા કરતા કે સત્સંગ સાંભળતા સાંભળતા મૃત્યુ નજીક આવી લાગે છે ને સાધના કરવાનું રહી જાય છે. અંતકાળે મનના વિકારો જેમના તેમ રહી જાય છે. અશુદ્ધ મન સાથે વિદાય લેવી પડે છે. અશુદ્ધ મન એટલે અસ્થિર મન, ચંચલ મન.

૪ પ્રયત્નો કર્યા વિના આશાનો પાશ છૂટતો નથી. બચપણથી જ જો જાગૃતિ આવી જાય તો મનમાં રહેલી આશાને દૂર કરવા પ્રયત્નો થઈ શકે. પુરૂષાર્થથી મનને શુદ્ધ કરી શકાય છે. પરંતુ તેવા પ્રયત્નો ન થવાને કારણે જીવન વ્યર્થ વીતી જાય છે.

# રમૈની-૫૪

[1]મરિ ગયે બ્રહ્મ [2]કાસિકે વાસી, સીવ સહિત મુયે અવિનાશી
[3]મથુરા મરિ ગયે ક્રિસન ગુવારા, મરિ મરિ ગયે દસૌં અવતારા-૧

મરિ મરિ ગયે [4]ભગતિ જિન ઠાની, સરગુન માંજિન નિરગુન આની-૨

**સાખી :** નાથ [5]મછંદરના છુટે, ગોરખ, દત્તા, વ્યાસ,
કંહહિ કબીર પુકારિકે, પરે કાલકી ફાંસ.

---

૧ આગલી રમૈનીમાં ત્રણે લોકમાં મૃત્યુના પ્રભાવ સરખો હોય છે તે જણાવ્યા પછી મહાન ભક્તો, દેવતાઓ અને બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ જેવા ત્રિદેવો તથા દસે અવતારો પણ મૃત્યુથી બચી શક્યા નથી તે કબીર સાહેબ આ પદમાં ફરીથી દોહરાવે છે. જે દેહધારી આ જગતમાં આવે છે તેને મૃત્યુ અનિવાર્ય હોય છે. કબીર સાહેબે હિંડોળાનાં પદોમાં પણ આ ભાવ વ્યક્ત કર્યો જ છે.

ધરણી આકાશ દોઉ ઝુલિયા, પવન પાવક અરૂ નીર
દેહ ધરી હરિ ઝુલિયા, યાં કહે દાસ કબીર (નાદબ્રહ્મ પૃ ૩૦૩)

અર્થાત્ પંચ મહાભૂત પૃથ્વી, આકાશ, પવન, અગ્નિ તથા પાણીવાળો દેહ ધારણ કરીને ભગવાન પ્રગટ થયેલા તેથી તેમને પણ મૃત્યુનો અનુભવ થયેલો.

૨ ભગવાન શિવ કાશી નિવાસી તરીકે પ્રખ્યાત છે. તેથી ત્યાં કાશી વિશ્વનાથનું મંદિર પણ છે.

૩ ભગવાન કૃષ્ણને મથુરાવાસી કહેવામાં આવ્યા છે. ગોકુળ છોડીને સૌ પ્રથમ મથુરામાં કંસના આમંત્રણને કારણે આવેલા ને ત્યાં જ લાંબા વખત સુધી રહેલા. ભગવાન કૃષ્ણ પણ દેહ ધારણ કરીને આવેલા તેથી તેમનું મૃત્યુ થયેલું. આ રીતે ભગવાનના દસે અવતારો (મત્સ્ય, કચ્છપ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ) મૃત્યુને શરણ થાય છે.

બ્રહ્માજીનું શરીર પણ ટક્યું નહિ, કાશી નિવાસી ભગવાન શિવ સહિત અવિનાશી ગણાતા તમામ દેવોના શરીર પણ રહી શક્યા નહિ. મથુરાના શ્રી કૃષ્ણ ગોપાલ પણ ચાલ્યા ગયા અને તેણે દશવાર અવતાર લીધા તે શરીર પણ રહેવા પામ્યા નહિ—૧

જે ભક્ત શિરોમણિ આચાર્યગણે ભકિતની સ્થાપના કરી હતી તે પણ મૃત્યુ પામ્યા અને જે આચાર્યોએ સગુણમાં જ નિર્ગુણ છે એવો ઉપદેશ આપેલો તેઓ પણ રહ્યા નહિ—૨

**સાખી :** કબીર સ્વામી પુકારીને કહે છે કે મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, દત્તાત્રેય, વ્યાસ જેવા મોટા મોટા લોકો મૃત્યુથી બચી શક્યા નથી.

---

૪ મહાન ભક્તો કે જેણે સગુણમાં નિર્ગુણની ઉપાસના કરી તેઓ પણ દેહ ધારણ કરીને આવેલા તેથી મૃત્યુને ભેટયા હતા.

૫ મહાન યોગીઓ અને જ્ઞાનીઓ પણ મૃત્યુથી બચ્યા નથી. મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથ ભારતના મહાન યોગીઓ ગણાતા હતા. તેઓ પરકાયા પ્રવેશ કરી શકતા હતા તેવી તેમની સિદ્ધિ હતી છતાં પણ દેહ ધરીને આવેલા તેથી મૃત્યુને ભેટેલા. દત્તાત્રેય તથા વ્યાસ યોગીઓ તો હતા જ પણ મહાન જ્ઞાની તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ પણ દેહ ધરીને આવ્યા હતા તેથી મૃત્યુને શરણ થયેલા. આ બધાં પદોમાં પુનરૂક્તિ થયેલી જણાશે. પરંતુ દેહ ધરીને આવનાર માટે મૃત્યુ એક અનિવાર્ય ઘટના છે એ સત્ય દેહ માટે મમતા ન જાગે તે માટે કહેવામાં આવ્યું છે એમ Hldશું જોઈએ.

## રમૈની-૫૫

ગયે રામ અરુ ગયે લછમના, [૩]સંગે ન ગઇ સીતા અસ ધના
જાત કૌરવન લાગુ ન બારા, ગયે ભોજ જિન સાજલ [૪]ધારા-૧
ગયે પંડો કુંતા સી રાની, ગે સહદેવ જિન [૫]બુધિમતિ ઠાની
સરબ સોનકી લંકા ઉઠાઇ, ચલત બાર કિછુ સંગ ન લાઇ-૨
[૬]કુરિયા જાસુ અંતરિછ છાઇ, સો હરિચંદ્ર દેખ નહિ જાઇ
મૂરખ માનુષ બહુત સજોવૈ, અપને મરૈ અવરિલગિ રોવૈ-૩
ઇન જાનૈ અપનઉ મરિ જૈબે, બિઢૈ [૭]ટકા દસ અવર લે ખેબૈ-૪

**સાખી :** અપની અપની કરિ ગયે લાગિ ન કાહુ કી સાથ
અપની કરિ ગયે રાવન, અપની દશરથ નાથ.

---

૧ પવિત્ર અને સતી ગણાતી સીતા પણ રામ-લક્ષ્મણની સાથે નહોતી ગઇ. મતલબ કે સ્ત્રી માટે પણ આસક્તિ ન કરવી.

૨ ભોજ રાજાએ ધારા નગરીને ખૂબ સમૃદ્ધ કરી હતી છતાં તે અહીં રહી ગઇ ને ભોજ રાજા ચાલ્યા ગયા. તેથી સંપત્તિ માટે પણ આસક્તિ કરવી નહીં.

૩ સામાન્ય રીતે બુદ્ધિ તેજ મતિ અને મતિ તેજ બુદ્ધિ એવું મનાય છે. પણ શાસ્ત્રકારોએ તાત્કાલિક નિર્ણય કરનારી શક્તિને બુદ્ધિ કહી છે અને ભાવિની વાતને જાણનારી શક્તિને મતિ કહી છે. સહદેવ પાસે બેઉ પ્રકારની શક્તિ હતી. તે ત્રિકાળ જ્ઞાની ગણાતો હતો. છતાં તે પણ અમર બની શક્યો નહીં.

રામ અને લક્ષ્મણ ચાલ્યા ગયા. સાથે ધન્ય ગણાતી સીતા નહિ ગઈ. કૌરવોને જતા વાર લાગી નથી. પોતાની ધારા નગરી સમુદ્ધ બનાવનાર ભોજરાજા પણ ચાલ્યા ગયા.—૧
રાજા પાંડુ અને રાણી કુંતી પણ રહ્યા નહિ. ત્રિકાળજ્ઞાની ગણાતા સહદેવ પણ ચાલ્યા ગયા. જેણે લંકા નગરીને પોતાની માનીને સોનાની બનાવી હતી તે રાવણ પણ સાથે કશું લઈ જઈ શક્યો નહિ.—૨
જેનો રાજમહેલ આકાશ સુધી છવાયલો ગણાતો હતો તે હરિશ્ચંદ્ર રાજા પણ હવે જોવા મળતો નથી. મૂર્ખ મનુષ્ય બહુ ભેગુ કર્યા કરે છે અને પોતે મરવાની તૈયારીમાં હોવા છતાં બીજા માટે રડયા કરે છે.—૩
પરંતુ એટલું તે જાણતો નથી હું પણ એક દિવસ મરી જઈશ ત્યારે દસ ટકા વ્યાજ લઈને જે ધન ભેગું કર્યું છે તે બીજા જ ખાય જશે!—૪

**સાખી :** સૌ પોતપોતાની કરણી કરીને ચાલ્યા ગયા અને ભેગું કરેલું ધન સાથે ગયું નહિ. (લંકા મૂકીને) રાવણ પણ પોતાનું કરીને ગયો અને દશરથ જેવા રાજા પણ ગયા.

---

૪ કુરિયા એટલે મહેલ. આકાશ જેટલો ઊંચો ને વિશાળ મહેલ પણ રહ્યો નહીં અને તેના રચયિતા રાજા હરિશ્ચંદ્ર પણ રહ્યો નહીં. તેથી સિદ્ધ થાય છે કે માત્ર સંપત્તિથી સુખ મળે છે એ સત્ય નથી.

૫ કબીર સાહેબના સમયમાં પણ દસ ટકા વ્યાજ લેવાતું હતું તે આ પદ સાબિતી આપે છે. સંપત્તિનો મોહ પુરાતન કાળથી જ ચાલ્યો આવે છે. સંપત્તિને જ માત્ર સુખનું કારણ માનવાથી આ મોહ કાયમ રહ્યો લાગે છે. કબીર સાહેબે પ્રખ્યાત ભજનમાં ઈશારો કર્યો જ છે

સંતત સંપત સુખ કે કારણ, જાસે ભૂલ પરી.
ભજો રે ભૈયા, રામ ગોવિન્દ હરી !

અર્થાત્ જયારથી સંપત્તિને જ સુખનું કારણ માન્યું ત્યારથી જ આ જગત ખોટે માર્ગે જઇ રહ્યું છે.

## રમૈની-૫૬

દિન દિન [1]જરઈ જરલ કે પાંઉ, ગાડે જાય ન ઉમગે કાઉ
[2]કંધ ન દેઇ મસખરી કરઈ, કહુધોં કવનિ ભાંતિ નિસ્તરઇ-૧

[3]અકરમ કરઈ કરમકો ધાવેં, પઢિ ગુનિ વેદ જગત સમુજાવેં
છૂંછે પરે અકારથ જાઇ, કંહહિ કબીર ચિત ચેતહુ ભાઇ-૨

---

## રમૈની-૫૭

ક્રિતિયા [4]સૂત્ર લોક ઇક અહઇ, લાખ પચાસ કી આયુ કહઈ
વિદ્યા વેદ પઢે પુનિ સોઈ, બચન કહત [5]પરતચ્છે હોઇ-૧
[6]પહુંચિ બાત વિદ્યા કી પેટા, બાહુ કે ભરમ ભયા સંકેતા-૨

**સાખી :** [7]ખગ ખોજન કો તુમ પરે, પીછે અગમ અપાર
બિનુ પરિચય કસ જાનિ હો, જૂઠા હૈ હંકાર.

---

૧ મનના અનેક પ્રકારના મનોરથોને પૂર્ણ કરવા લોકો ગડભાંજ કર્યા જ કરતા હોય છે. તેમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, મદ ઉદ્‌ભવ્યા જ કરે છે ને પરિણામે દુ:ખ જ દુ:ખનો અનુભવ કરે છે. છતાં તે લોકો તેમાંથી જાણે ઉગરવા જ ન માંગતા હોય તેમ મનોરથો વધારતા જ રહે છે ને દુ:ખ રૂપી અગ્નિમાં બળતા જ રહે છે.

૨ "કંધ" એટલે કાંધ મારવી–સહાય કરવી. દયા ભાવથી પ્રેરાઇને કોઈ સંત તેવાને મદદ કરવા જાય તો સંતે અપમાન સહન કરવું પડતું હોય છે.

૩ મનના મનોરથો પૂર્ણ કરાવી આપનારા ઢોંગી ગુરૂઓનો ભેટો સ્હેજે થઇ જતો હોય છે ને લોકો તેઓની વાતમાં ફસાઈ જતા હોય છે. ખરેખર તેઓને કર્મ અને અકર્મનું જ્ઞાન જ નથી હોતું. તેઓ ન કરવાના કામો લોકો પાસે કરાવરાવે છે ને કર્મની જાળમાં ફસાવતા રહે છે.

આધિ, વ્યાધી ને ઉપાધિ રૂપી અગ્નિમાં દરરોજ જલતા હોવા છતાં દરેકના પગ તો અગ્નિમાં જ આગળને આગળ પડયા છે. પગો ત્યાં ખૂંપી ગયા હોવા છતાં તેમાંથી કોઈ નીકળવા ઈચ્છતું નથી. નીકળવા પ્રયત્નો કરે તો કોઈ સહાય કરતું નથી. ઉલટી ઠઠ્ઠા મશ્કરી કરે છે. ભલા તેવી સ્થિતિમાં જીવનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે?—૧

ન કરવાના કર્મો કરીને કર્મની જાળમાં ફસાતા રહે છે. પોતે વેદ વાંચી વાંચીને જગતને (ખોટું રહસ્ય) સમજાવ્યા કરે છે. પરિણામે તેઓના હાથમાં કાંઈ આવતું નથી. (મનુષ્ય જન્મ) વ્યર્થ જાય છે. માટે કબીર કહે છે કે હે જીવો! હવે તો તમે ચેતો.–૨

---

કૃત્રિમ એક સૂત્રલોક છે ત્યાં જનારનું પચાસ લાખ વર્ષનું આયુષ્ય હોય છે એમ કહેવામાં આવે છે. એવું કહેનારા વેદ મંત્રોનો અભ્યાસ કરતા રહે છે અને જાણે પોતાને પ્રત્યક્ષ હોય તેમ તેઓ વચનો બોલ્યા કરે છે.–૧

તેઓની વાત સકામ કર્મો કરવાવાળાના હૃદય સુધી પહોંચી જાય છે અને તેઓને પણ ભ્રાંતિ થઈ જાય છે.–૨

**સાખી :** હે ભાઈઓ! તમે આત્મા રૂપી પક્ષીની ખોજમાં નીકળી તો પડયા છે પણ તે તો અગમ ને અપાર છે. કોઈ પણ જાતના પરિચય વિના તેને કેવી રીતે જાણી શકશો? ખરેખર, તમારો આ અહંકાર મિથ્યા છે.

---

૪ સૂત્રાત્મક શૈલીમાં લખાયલા ગ્રંથો અથવા સૂત્રાત્મા હિરણ્યગર્ભની કાલ્પનિક વાતો. કર્મકાંડી લોકો તેવા ગ્રંથોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરતા હોય છે. જયોતિષશાસ્ત્રનો પ્રચાર પણ તેમાં જ આવી જાય.

૫ "પરતચ્છે" પ્રત્યક્ષનું અપભ્રંશ.

૬ કર્મકાંડી લોકોની વાત મનના મનોરથો પૂર્ણ કરવા ઈચ્છતા લોકોને સ્હેજે ગળે ઉતરી જાય છે તે એક હકીકત છે.

૭ ખગ એટલે પક્ષી. આત્માના પ્રતીક તરીકે માની શકાય. ખ એટલે સંસ્કૃતમાં આકાશ. ગ એટલે જનાર અથવા તો ઉડનાર. આકાશમાં ઉડનાર પક્ષી. આત્માનો પરિચય જેને થયો છે તેની સહાય વિના આત્માની ખોજ કેવી રીતે થઈ શકે તેવું કબીર સાહેબ કહેવા માંગે છે.

## રમૈની-૫૮

તૈં સુત માનુ હમારી [1]સેવા, તો કહં રાજ દેઉં હો [2]દેવા
અગમ દુગમ ગઢ દેઉં છુડાઇ, અવરો બાત સુનહુ કિછુઆઈ-૧

ઉતપતિ પરલૈ દેઉં દિખાઇ, કરહુ [3]રાજ સુખ બિલસહુ જાઇ
એકો બાર ન હોઇ હો બાંકો, બહુરિ ન જન્મ હોઇ હો તાકો-૨

જાય પાપ સુખ હોઈ હૈ ઘાના, નિશ્ચય બચન કબીર કે માના-૩

**સાખી :** સાધુ-સંત તેઇ જના, માનલ વચન હમાર
આદિ અંત, ઉતપતિ પ્રલય, [4]દેખહુ દિષ્ટિ પસાર

---

૧ ઢોંગી ગુરૂઓના વિચારોથી પ્રભાવિત થયેલા જીવને કબીર સાહેબ ખૂબ વિનમ્ર ભાવે પ્રેમપૂર્વક પોતા તરફ આકર્ષી રહ્યા જાણાય છે. અમારા વચનોમાં જે શ્રદ્ધા રાખશે તેણે અમારી મહાન સેવા કરેલી ગણાશે અથવા તો જે કોઇ પોતાના અજ્ઞાનને દૂર કરવાની અમને તક આપશે તેણે અમારી સેવા સ્વીકારેલી ગણાશે.

સેવા દ્વારા ઘણી બધી વસ્તુ સમજવાની રહે છે. જો લૌકિક કે પારલૌકિક કામનાઓ ગુરૂના મનમાં સળવળતી હોય તો તેવા ગુરૂને આત્મવિદ્યા વિહોણા જ સમજવા. તેવા ગુરૂની સેવા જુદા પ્રકારે કરવી પડતી હોય છે. તેઓ તો યશ ને ધનના ભૂખ્યા હોય છે તેથી તેઓ શિષ્યો પાસે મનોકામના પૂર્ણ કરવા ઘણી બધી અપેક્ષાઓ રાખતા હોય છે. પરંતુ જે ગુરૂ આત્મસાક્ષાત્કારી મહાપુરૂષ હોય તેને લૌકિક કે પારલૌકિક મનોકામનાઓ રહેવા પામતી જ નથી. તાપ પડવાથી જેમ કાદવ સુકાઇ જાય તેમ તપશ્ચર્યાથી, સતત સાધનારત રહેવાથી, મનમાં રહેલી કામનાઓ સુકાઇ જતી હોય છે. મીરાં કહે છે તેમ "ભવસાગર સબ સૂક ગયા હૈ, ફીકર નહીં અબ તરનન કી" તેથી તેવા સદ્‌ગુરૂની સેવા કરવા ગીતા પણ કહે છે.

અનુભવવાળો હોય જે, જ્ઞાની તેમ જ હોય,
તેને નમતાં, સેવતાં, પૂછ પ્રશ્ન તું કોઈ.
જ્ઞાન તને તે આપશે તેથી મોહ જશે,
જગ આખું મુજમાં પછી જોશે આત્મ વિશે. (સરળ ગીતા અ-૪)

આત્મ જ્ઞાનનો મહિમા મહાભારત પણ ગાય છે.

ઈષ્ટં દત્તં તપોઽધીતં વ્રતાનિ નિયમાશ્ચયે ।
સર્વમેતદ્ વિનાશાન્તં જ્ઞાનસ્યાન્તો ન વિદ્યતે ।।

અર્થાત્ તપ, અધ્યયન, વ્રત, નિયમ અને મળેલ સારાં વરદાન. એ સર્વના ફળનો નાશ થાય છે પણ આત્મ જ્ઞાનના ફળનો કદી નાશ થતો નથી.

હે શિષ્ય ! તું અમારી સેવાનો સ્વીકાર કર. તો હું તને હે દૈવીસંપત્તિવાળા જીવ, આત્મરાજ્ય દઈશ ! કર્મના અગમ્ય ને જટિલ બંધનોમાંથી હું તને મુકત કરી દઈશ. એ સિવાય પણ બીજી કેટલીક વાતો કરું તે તું નજીક આવી સાંભળ.-૧

જન્મમરણના રહસ્યને પણ બતાવી દઈશ. આત્મરાજ્યની પ્રાપ્તિથી તને પરમ સુખ મળશે, તું તેમાં આનંદ માણ. તારો એક પણ વાળ વાંકો થવા દઈશ નહીં અને તારો વારંવાર જન્મ થવા દઈશ નહીં-૨.

કબીરના વચનોને નિશ્ચયાત્મક રીતે વળગી રહેવાથી પાપમાંથી મુકિત મળે જ છે અને અવશ્ય પરમ સુખની પ્રાપ્તિ થાય છે.-૩

**સાખી :** સત્પુરૂષના વચનો પ્રમાણે જીવનાર માણસને જ સાધુ કે સંત કહેવાય છે. તું પણ અમારા વચનોમાં શ્રદ્ધા રાખ અને જન્મ મરણના ગૂઢ રહસ્યને, દૃષ્ટિને વિશાળ બનાવી બરાબર જોઈ લે.

---

આત્મજ્ઞાન ગુરૂ વિના પ્રાપ્ત ન થઈ શકે તેથી શાસ્ત્રો અને સંતો સદ્ગુરૂની સેવા સુશ્રૂષાનું મહત્વ ગાયા કરે છે.

૨ દૈવા શબ્દ દ્વારા શિષ્યમાં દૈવી સંપત્તિ એટલે સાત્વિક સંપત્તિ હોવી જરૂરી છે એવું સૂચન કરવામાં આવ્યું ગણાય. સાત્વિક સંપત્તિ ન હોય તો શિષ્ય કેવી રીતે બની શકાય ? તેવા માનવનું મન બહિર્મુખ જ રહે ને તેથી પ્રભુની તો શોધ કરે જ નહીં. તેને ગીતા આસુરી સંપત્તિ કહે છે.

દંભ, દર્પ, અભિમાન ને જેઓ કરતા ક્રોધ,
કઠોર ને જે અજ્ઞ છે, પ્રભુની ન કરે શોધ. (સરળ ગીતા અ ૧૬)

તેથી આગળ કહેવામાં આવ્યું કે

તેથી દુર્ગુણ છોડવા ને ગુણિયલ બનવું,
દૈવી ગુણવાળા બની જીવનને તરવું.

૩ કબીર સાહેબ આત્મ વિદ્યાથી સંપન્ન એવું રાજય આપવાની વાત કરે છે. આત્મા અનંત શકિતનો ભંડાર ગણાય છે તેથી આત્મ વિદ્યા પ્રાપ્ત કરનારને આત્માની અનંત શકિત પણ પ્રાપ્ત થઈ જાય છે. તેવા સત્પુરૂષના કર્મ સંસ્કારો જ્ઞાનની પ્રાપ્તિ થતાં બળીને ભસ્મ થઇ જાય છે. તેઓ જીવનમુકત પુરૂષો ગણાય છે. કબીર સાહેબ તેવી ઉત્તમ અવસ્થામાં મૂકી દેવા માટે શિષ્યને ખાત્રી આપે છે.

૪ જે સાધના કરે તે જ સાધુ અને જે કામનાઓનો અંત આણે તે જ સંત. જે અમારા વચનો પ્રમાણે જીવવાનો નિર્ણય કરશે તેની દૃષ્ટિ વિશાળ થઇ જશે. તે સંસારનું રહસ્ય સમજી શકશે અને માયાવી પડદાઓને ભેદીને આત્માનાં દર્શન કરી શકશે. આત્મા સાક્ષાત્કારથી પરમ સુખનો અનુભવ કરી શકશે.

અહીં એટલું યાદ રાખવું જરૂરી છે કે કબીર સાહેબે કોઇ પંથ કે સંપ્રદાય સ્થાપ્યો ન હતો. આ પદથી કબીર પંથીઓ એવું માની ન બેસે કે કબીર પંથમાં પ્રવેશ કરે તેને આત્મ વિદ્યાની પ્રાપ્તિ થાય જ છે. પંથ કે સંપ્રદાયનું કોચલું તોડયા વિના આત્મ રાજયની પ્રાપ્તિ થઈ શકે નહિ.

## રમૈની-૫૯

ચઢત [1]ચઢાવત ભંડહર ફોરિ, મન નહિ જાને કે કરિ ચોરી
ચોર એક મુસૈ સંસારા, બિરલાજન કોઈ [2]બૂઝનિહારા–૧
સરગ પાતાલ ભૂમિ લૈ બારી, [3]એકૈ રામ સકલ રખવારી–૨
**સાખી :** પાહન હોય હોય સબ ગયે, [4]બિનુ ભિતિયનકે ચિત્ર
જાસે કિયઉ મિતાઇયા, સો ધન ભયા ન હિત્ત.

---

## રમૈની–૬૦

છાંડહુ પતિ છાંડહુ લબરાઇ, [5]મન અભિમાન તૂટિ તબ જાઈ
જન ચોરી જો ભિચ્છા ખાઈ, સો બિરવા પલુહાવન જાઇ–૧
પુનિ સંપતિ ઔ પતિ કો ધાવૈ, સો બિરવા સંસાર લૈ આવૈ–૨
**સાખી :** [6]જૂઠ જૂઠ કરિ ડારહૂ, મિથ્યા યહ સંસાર
તિંહિ કારનમૈં કહત હૌં, જાતે હોય ઉબાર.

---

૧ હઠયોગી માત્ર પ્રાણનો જ નિરોધ કરે છે, મનનો નહીં. તે એવી ભ્રમણામાં રહે છે કે પ્રાણનો નિરોધ થવાથી મન પર પણ સંયમ સ્થપાય છે. ખરેખર એવું થતું નથી. મન પર સંયમ સ્થાપવા માટે તો વિશિષ્ટ પ્રકારની સાધના કરવી જ પડે છે. હાં, પ્રાણ સંયમિત બને તો મન જલદી સંયમિત થઈ જાય છે. પરંતુ મનને સંયમિત કરવાનો પ્રયત્ન કરવો જ પડે છે. હઠયોગી ભ્રમણામાં રહી મનની અવગણના કરે છે.

૨ ખરેખર તો આ મન જ ચોર છે તે તો કોઇ વિરલ જ્ઞાની પુરૂષ જ જાણે છે. જેમ જેમ મન સ્વચ્છંદી બનતું જાય તેમ તેમ વાસનાઓ વધતી જ જાય છે અને મનમાં સંસારની ભાવના દૃઢ થતી જ જાય છે. મનમાંથી સંસારની ભાવનાનો લય કરવાને બદલે સંસારની વૃદ્ધિ જ થયા કરે છે.

૩ મન પર સંયમ સ્થાપ્યા વિના મનની અગાધ શકિતનો લાભ જીવને મળતો નથી. ચંચળ મન સ્થિર બને અને આત્મ સાક્ષાત્કાર થાય તો જ જન્મ મરણના ભયમાં રક્ષણ થઈ શકે. તેથી મનને આત્મલીન કરવાની ખાસ જરૂર છે.

૪ કેટલાક યોગીઓ કાલ્પનિક જ્યોતિને પરમાત્મા માની તેનું ધ્યાન કરે છે. ખરેખર, મનમાં તેવી જ્યોતિ પ્રગટે પણ છે. પરંતુ તે મિથ્યા છે તેવું ન

હઠ યોગી પ્રાણને ઉંચે ચઢાવ્યા કરે છે અને જીવનરૂપી ઘડો ફુટી જાય છે. છતાં પણ તેઓને કોણે કોની કેટલી ચોરી કરી તેની ખબર પડતી નથી. એ તો કોઈ વિરલ જ્ઞાની પુરુષ જ જાણી શકે કે આખા સંસારના ગુપ્ત ધનની ચોરી (મનરૂપી) એક જ ચોર કરે છે.-૧

પૃથ્વી, પાતાળ કે સ્વર્ગ ગમે ત્યાં જાઓ પણ આ મનરૂપી ચોરથી તો એક આતમરામ જ બચાવી શકે.-૨

**સાખી :** અભિમાનમાં ને અભિમાનમાં પથ્થર સમાન જડ અવસ્થામાં બધા ચાલ્યા ગયા અને કાલ્પનિક જ્યોતિની આરાધના કરતા રહ્યા પરંતુ તે આરાધનારૂપી ધનથી કોઈનું કલ્યાણ થયું નહીં.

---

સ્વામીપણુ છોડ અને જૂઠાપણુ છોડ. ત્યારે જ તારા મનનું અભિમાન પણ તૂટી જશે. જે માણસ ચોરી કરી ભીક્ષા માંગીને ખાય છે તે સંસાર રૂપી વૃક્ષને નવપલ્લવિત જ કર્યા કરે છે.-૧

તેમ જેમ સ્વામી બનીને સંપત્તિ એકત્ર કરવા તરફ દોડે છે તેમ તેમ તેને ભાગે સંસાર જ આવે છે.-૨

**સાખી :** તેથી જ હું કહું છું કે આ સંસારની સંપત્તિ મિથ્યા છે, નાશવંત છે એવું વિચારી ટાર્યા કરવાથી તારો ઉદ્ધાર થશે.

---

માનવામાં આવે અને તે જ આત્મતત્વ છે એવું ગણવામાં આવે તો આત્મ કલ્યાણ થઈ શકતું નથી.

૫ ધન સંપત્તિ જીવન જીવવા માટે આવશ્યક સાધન જરૂર છે પણ અભિમાની જીવ તેને જ સાધ્ય માની જીવન જીવે તો પરિણામ દુઃખદાયી જ નીવડે. હું જ કરૂં છું, મારાથી જ બધું થાય છે એવી માન્યતા જીવને ખોટી દિશામાં લઇ જાય છે. તેના બચાવ માટે જૂઠાણું પણ ખૂબ ચલાવવું પડે છે તે એક હકીકત છે. તેથી અપરિગ્રહ વૃત્તિનુ પણ મહત્વ ગાવામાં આવે છે. મારૂં મારૂંની ભાવના અને મિથ્યા વાદવિવાદ મનમાંથી દુર થાય તો મન નિરભિમાની જરૂર બની શકે.

૬ આત્મકલ્યાણ કરવામાં આ સંસારની સંપત્તિ કે આ સંસારના વ્યવહારો તથા સંબંધો કશા ઉપયોગના નથી. સંપત્તિ તરફની દોડ, સંબંધો તરફની આસક્તિ મનમાં સંસારની ભાવનાને દૃઢ બનાવે છે. તેથી મનમાં વધતું જતું સંસારપી વૃક્ષને ગીતા છેદી નાંખવાનું કહે છે.

દૃઢ આ દ્રુમ સંસારનું એમ વિચારી જે
અનાસક્તિના શસ્ત્રથી છેદે બુધજન તે. (સરળ ગીતા અ ૧૫)

બુધ્ધિશાળી માણસ મનને અનાસક્ત રાખી સંસારમાં રહ્યા છતાં અલિપ્ત થઇ શકે છે.

## રમૈની-૬૧

ધરમ-કથા જો [1]કહતે રહઈ, લાબરિ નિત ઉઠિ પ્રાતે કહઇ
લબરિ બિહાનૈ લાબરિ સંઝા, ઈક લાબરિ બસ હૃદય મંઝા-૧

[2]રામહું કેર મરમ નહીં જાના, લે મતિ ઠાનિનિ વેદ પુરાના
વેદહુ કેર કહલ નહીં કરઇ, જરતઇ રહૈ સુસ્ત નહિ પરઇ-૨

**સાખી :** ગુનાતીતકે ગાવતે, [3]આપ હિ ગયે ગંવાય
[4]માટી તન માટી મિલ્યો, પવન હિ પવન સમાય.

---

૧ માત્ર મોઢેથી ભગવાનની કથા કરતા રહેવાથી શું વળે! જીભ રામનું નામ રટયા કરે પણ અંતરમાં કામ, ક્રોધ ને લોભનો અગ્નિ સતત સળગ્યા કરે તો ઘાંચીના બળદની માફક સવારથી સાંજ સુધી સતત ચાલ્યા કરે તો પણ એક તસુ જેટલું પણ આગળ જઇ શકાતું નથી. પ્રસિદ્ધ કથાકારોના જીવનમાં ડોકિયું કરવામાં આવે તો કબીર સાહેબની આ વાત સ્હેજે સમજાય એવી છે. કથાકારોએ પહેરવેશ તો એવો ધારણ કર્યો હોય છે કે જાણે તે બહુ મોટો ધર્મવેત્તા હોય! કથા એવી ઢબે કરતો હોય કે જાણે તેણે ભગવાનનાં દર્શન કર્યા જ હોય! પરંતુ ખરેખર તેના આંતરિક જીવનમાં તે સ્હેજ પણ સુખશાંતિનો અનુભવ કરતો જણાતો નથી. તેનું હૃદય તો કામનાઓથી ભરેલું હોય છે; લોભ લાલચથી ખરડાયેલું હોય છે. તે કથા કરે છે, ધનના લોભથી. તે કથા કરે છે, મનોરંજનના હેતુથી. તેથી જ કહેવામાં આવ્યું છે કે

વાગ્વૈખરી શબ્દઝરી શાસ્ત્ર વ્યાખ્યાન કૌશલમ્ ।
પાંડિત્યમ્ વિદુષામ્ તદ્ તદ્ ભુકતયે ન તુ મુકત યે ॥

અર્થાત્ મોઢેથી મીઠી મીઠી વૈખરી વાણીની શબ્દધારા વહેવડાવવી, શાસ્ત્રોની આ ષંક ઢબે કથા કરવી, મંત્રમુગ્ધ કરે તેવું વ્યાખ્યાન આપવું અને કુશળતા પ્રાપ્ત કરી પંડિત બનવું એ બધા ગુણો કથાકારોને ભોગ અપાવે છે, મુકિત નહીં. માટે કથાકારોના જીવનનું અનુકરણ કરવા જેવું નથી.

૨ કથાકારોની વાણી ભલે આકર્ષક લાગતી હોય પણ તેઓનો અંતરનો વિકાસ થયેલો હોતો નથી. તેઓની વાણી અનુભૂતિ વિનાની ગણાય. પરમાત્મ તત્ત્વનું રહસ્ય તેથી તેઓ જાણી શકે નહીં. 'લે મતિ કાનિનિ'

રોજ સવારે ઉઠીને કથાકારો ધાર્મિક કથાઓ કહ્યા કરે છે તે તો ખરેખર મિથ્યા બકવાદ જ છે. સવાર સાંજ તેવા પ્રલાપોથી તેમના હૃદયમાં અભિમાન અડ્ડો જમાવે છે.–૧.

રામનું રહસ્ય ખરેખર તેઓ જાણતા નથી હોતા છતાં તેઓ વેદને પુરાણોની તેમણે નક્કી કરેલા અર્થોવાળી વાતો કહ્યા કરે છે, વેદોમાં જણાવ્યા પ્રમાણે ખરેખર તો તેઓ કશું કરતા નથી હોતા. તેઓના હૃદયમાં અશાન્તિનો અગ્નિ જલ્યા જ કરતો હોય છે, તે શાન્ત થતો જ નથી.

**સાખી :** માત્ર મોઢેથી ભગવાનની કથા ગાયા કરવાથી તેઓ પોતે જ સંસારમાં ડૂબી જાય છે. માટીનું બનેલું શરીર રાખ થઈ માટીમાં ભળી જાય છે અને પ્રાણ વાયુમાં લીન થઈ જાય છે!

---

એટલે અગાઉથી નક્કી કરેલ નિર્ણયને ટેકો આપવા માટે જ તેઓ વેદ-પુરાણની વાતો કરે છે. પરમાત્મ તત્ત્વનો સાક્ષાત્કાર થયો છે તેથી નહીં. ઉપનિષદમાં કહ્યું છે કે

અનુભૂતિં વિના મૂઢો વૃથા બ્રહ્મણિ મોદતે ।
પ્રતિબિંબિત શાખાગ્ર ફલાડડસ્વાદનમોદવત્ ।। (મૈત્રે. ઉ. ૨/૨)

અર્થાત્ પડછાયામાં દેખાતા ફળના આસ્વાદથી કલ્પિત સુખ જ મળે છે. સાચું સુખ મળતું નથી. મૂર્ખ માણસો જ કલ્પિત સુખમાં રાચતા હોય છે.

૩ "આપ હિ ગયે ગંવાય" એટલે પોતાના સ્વરૂપને ભૂલી જઈ સંસારમાં ડૂબી જવું. સ્વરૂપની ઓળખાણ જેને થાય તેનું મન હંમેશ આત્મલીન રહેતું હોવાથી તેમાં સંસાર રહેતો નથી. સંસારની ભાવના તેવા જ મનમાં વૃદ્ધિ પામે કે જેણે સ્વરૂપની વિસ્મૃતિ કરી હોય.

૪ સ્વ સ્વરૂપની પહેચાન ન થવાથી જીવનો ફેરો નકામો ઠરે. જે શરીરમાં તેણે સ્થાન પ્રાપ્ત કરેલું તે શરીર તો નાશવંત હોવાથી આખરે ભસ્મીભૂત થઇ જાય છે. મૂલ્યવાન જણાતો પ્રાણ પણ શરીરની બહાર વ્યાપકપણે પ્રસરી રહેલા પવનમાં એકરૂપ થઈ જાય છે. જીવને જેને માટે આસક્તિ થયેલી તે તો આ રીતે નાશ પામે છે. જીવને આસક્તિ થાય તો પોતાના સ્વરૂપ માટે થવી જોઇએ. જ્યાં સુધી સ્વરૂપની જીવને ઓળખાણ થાય નહીં ત્યાં સુધી જીવ ભ્રાન્ત મનોદશા વડે અહીં તહીં ભટક્યા જ કરશે. તેને ચેન નહીં પડે. પરમ સુખનો તે અનુભવ નહીં કરી શકે.

કબીર સાહેબ આ રીતે પોતાના નિજ સ્વરૂપને જાણી લેવાની વાત પર ભાર આપે છે.

## રમૈની-૬૨

જો તૂ કરતા બરન બિચારા, જનમત [1]તીનિ ડંડ અનુસારા
[2]જનમત શૂદ્ર મુયે પુનિ શૂદ્રા, ક્રિતિમ જનેઉ ઘાલિ જગદુંદ્રા-૧

જો તુમ બ્રાહ્મન બ્રહ્મનિ જાયે, [3]અવર રાહ તે કાહે ન આયે ?
જો તુમ તુરુક તુરુકની જાયે, [4]પેટહિં કાહે ન સુનતિ કરાયે ?–૨

[5]કારી પિયરી દૂહહુ ગાઈ, તારક દૂધ દેહુ બિલગાઈ
છાંડ કપટ નર અધિક સયાની, કહંહિ કબીર ભજુ [6]સારંગપાનિ-૩

---

૧ ત્રણ પ્રકારના તાપ. આધિ, વ્યાધ ને ઉપાધિ અથવા દૈહિક, ભૌતિક ને દૈવિક. દુઃખો ભગવાને બનાવ્યા નથી પણ માનવે પોતે ઉભા કર્યા છે તે કબીર સાહેબ કહેવા માંગે છે. ગીતા પણ કહે છે

> કર્મ અને કર્તૃત્વ ને કર્મફળ તણો યોગ
> પ્રભુ કરે નહીં, એ બધો પ્રકૃતિનો છે ભોગ. (સરળ ગીતા અ-૫)

૨ શુદ્ર સાથે મલિનતા યાદ આવે. માણસ જન્મે ત્યારે કેટલી બધી મલિનતા સાથે જન્મે છે! તેને સ્પર્શ કરનાર સ્નાન કર્યા વિના રહેતો નથી. તે જ રીતે મૃત શરીરને ઉંચકનાર કે સ્પર્શ કરનાર સ્નાન કર્યા વિના રહેતો નથી. તે દૃષ્ટિએ પણ જન્મ અને મરણ વખતે સૌ કોઈ શુદ્ર સમાન જ ગણાય.

૩ સૌ કોઈ યોનિમાર્ગે આવે છે. જન્મથી જ બ્રાહ્મણ ગણાતો હોય તો તે શા માટે મુખ દ્વારા નથી જન્મતો ? બીજે રસ્તે આવીને પોતે શ્રેષ્ઠતા સાબિત કરે તો માની શકાય કે તે જન્મથી જ બ્રાહ્મણ છે.

૪ ગર્ભમાં જ સુન્નત કરાવીને આવે તો જ માની શકાય કે તે જન્મથી મુસલમાન છે.

જો તું એમ માનતો હોય કે સૃષ્ટિકરતાએ જ વર્ણને જાતિ બનાવી છે અને ત્રણે પ્રકરના દંડ પણ બનાવ્યા છે તો તે મોટી ભૂલ છે. કારણ કે માણસ જન્મે ત્યારે અને મરે ત્યારે શૂદ્ર સમાન જ હોય છે. તેથી શા માટે કૃત્રિમ જનોઈ પહેરીને જગતના લોકોને દ્વિધામાં નાંખી રહ્યો છે?-૧

જો તું બ્રહ્માણીને પેટે જન્મ્યો હોય તો શા માટે બીજે રસ્તે ન આવ્યો? જો તું મુસલમાન માતાને પેટે જન્મ્યો હોય તો શા મ ટે ગર્ભમાં જ સુન્નત કરાવીને ન આવ્યો?-૨

કાળી અને પીળી ગાયને દોહવામાં આવે તો દૂધ અલગ અલગ જણાતું નથી તેથી કબીર કહે છે તે કપટ છોડીને સમજવા પ્રયત્ન કર અને વિષ્ણુને ભજ.-૩

---

૫ કબીર સાહેબ વર્ણજાતિના ભેદો માનવ સર્જિત છે, ઈશ્વર સર્જિત નથી તે પૂરવાર કરવા અનેક રંગી ગાય અને તેનું એક જ રંગના દૂધનું દષ્ટાંત આપે છે. આત્મ બોધોપનિષદ્‌માં પણ એવું જ દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

ગવામનેક વર્ણનામેકરૂપં યથા પયઃ ।
નાના વિધાનાં દેહાનમેક આત્મા તથેરિતઃ ॥

અર્થાત્ અનેક રંગની ગાય હોવા છતાં તેનું જેમ એક જ રંગનું દૂધ હોય છે. તેમ અનેક રંગના શરીરોમાં એક જ આત્મા રહેલો છે. આવું જ દષ્ટાંત અમૃત બિન્દુ ઉપનિષદ્‌મા પણ જોવા મળે છે.

અનેક રંગની ગાયો, દૂધનો એક રંગ છે
દૂધની જેમ છે જ્ઞાન, ગાયની જેમ ગ્રંથ છે. (૧૬)

૬ સારંગપાનિ એટલે જેના હાથમાં ધનુષ્ય છે તે રામ ભગવાન. અહીં વિષ્ણુ અવતાર રામનો ઉલ્લેખ જાતિવર્ણની ચર્ચાને કારણે લાગે છે. વૈષ્ણવો પણ આભડછેટ બહુ રાખતા. તે સમયે વૈષ્ણવોનું પ્રમાણ પણ વધારે હતું. મુખ્યત્વે ભારતમાં ત્રણ વિભાગો પડી ગયેલા. શૈવ, વૈષ્ણવો ને દેવીમાં માનવાવાળા લોકો.

# રમૈની-૬૩

નાના રૂપ બરન [1]એક કીન્હા, ચારિ બરન ઉહિ [2]કાહુ ન ચિન્હા
નષ્ટ ગયે કરતા નહીં ચીન્હા, નષ્ટ ગયે અવરહિં મન દીન્હા-૧

નષ્ટ ગયે જબ [3]બેદ બખાના, બેદ પઢે પૈ ભેદ ન જાના
[4]બિન લખ કરૈ નયન નહિ સૂઝા, ભૌ અયાન તબ કિછુવો ન બૂઝા-૨

**સાખી :** નાના નાચ નચાય કે નાચૈ નટકે ભેખ
ઘટ ઘટ અવિનાશી અહૈ, [5]સુનહુ તકી તુમ સેખ.

---

૧ "ય એકોઽવર્ણો બહુધા શક્તિયોગાત્" એવું શ્વેતાશ્વેતર ઉપનિષદનું વચન છે ને તે અહીં યાદ આવે છે. એક કર્તાએ જ પોતાની યૌગિક શક્તિથી પોતાનાં જ અનેક રૂપો બનાવી દીધાં લાગે છે એવો એનો અર્થ થાય છે. એજ મતલબનું અનુભૂતિ પ્રકાશ (૧૧/૬૦)માં પણ જણાવ્યું છે કે એકં સ્વં કુર્યાદ્ બહુધા કુર્યાદ્ બહુરુપં યથા નટઃ। અર્થાત્ નટની માફક એકમાંથી અનેક રૂપો નિર્માણ થયાં. આ દૃષ્ટિએ પણ જો વિચારવામાં આવે તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર જાતિના ભેદો નિરર્થક જણાય. બ્રાહ્મણ એ ભગવાનનું સ્વરૂપ હોય તો શૂદ્ર પણ ભગવાનનું જ સ્વરૂપ છે.

૨ સર્વ સ્વરૂપો ભગવાનનાં જ છે એ સત્ય ચારે વર્ણના લોકોમાંથી કોઇએ પણ સમજવા પ્રયત્ન કર્યો નથી. કારણ કે તેઓ સૌ અજ્ઞાનની અવસ્થામાં જ છે. અજ્ઞાનના પડદો હટી જાય તો જ પોતે બ્રહ્મ સ્વરૂપ છે તેનો ખ્યાલ આવે અને પોતાના જેવા બીજા પણ બ્રહ્મસ્વરૂપ જ છે તેનાં દર્શન થઇ શકે.

વિધ વિધ રુપ ને રંગવાળી પ્રજાને એક ઈશ્વરેજ બનાવી છે પરંતુ ચાર વાર્ણમાં વિભાજિત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર જાતિના લોકોમાંથી કોઈને ખબર નથી. સૃષ્ટિકર્તાને જેણે જાણ્યા નહીં તે વિનાશ પામ્યા અને જેણે પોતાના મનને સૃષ્ટિકર્તા સિવાય બીજામાં લગાડયું તે પણ નાશ પામ્યા-૧

જે ભેદવાદી લોકોએ વેદોના વખાણ કર્યા તે પણ નાશ પામ્યા કારણ કે તેમણે વેદ તો વાંચ્યા પણ તેમાં જણાવેલું ગુપ્ત રહસ્ય જાણ્યું નહિ. વેદોમાં લખ્યું ન હોય તેવું આંધળાની માફક આચરણ કરે છે. ખરેખર અજ્ઞાની હોય તેને કાંઈ જ સૂઝતું નથી.-૨

**સાખી :** હે શેખતકી! સાંભળ. દરેકના શરીરમાં અવિનાશી પરમાત્મા વસે છે. અનેક પ્રકારના જીવોને તે નચાવતા નચાવતા પોતે પણ જુદા જુદા સ્વરુપે નાચે છે.

---

૩ પોતાના શરીરમાં રહેલો આત્મા જ સૃષ્ટિકર્તા છે એ જાણનાર જ્ઞાની ગણાય. જ્ઞાનની પ્રાપ્તિથી તે સંસાર સાગર તરી જાય છે અને ન જાણનાર અજ્ઞાની સંસાર સાગરમાં ડૂબી જાય છે એવું વેદ તો કહે છે.

૪ ચારે વર્ણમાં ઊંચનીચના ભેદો કુદરતી છે એવું વેદ પણ કહે છે એમ કર્મકાંડી પ્રચારકો કહે છે તે યથાર્થ નથી. વેદ વચનનું રહસ્ય તેઓ જાણી શકયા નથી તેથી તેઓ ખોટો પ્રચાર કરે છે. વેદ તો કહે છે કે માણસ કર્મથી ઊંચનીચ બને છે, જન્મથી નહીં.

૫ આ પદ શેખતકીને ઉદ્દેશીને લખ્યું છે. શેખતકી મુસલમાનોનો પીર ગણાતો હતો. તે વટલાવ પ્રવૃત્તિ કરતો હતો. હિન્દુઓને મુસલમાન બનાવવા વેદવાણીનો ખોટો પ્રચાર પણ કરતો હતો.

## રમૈની-૬૪

[1]કાયા–કંચન જતન કરાયા, બહુત ભાંતિ કૈ મન પલટાયા
જો સૌબાર કહીં સમુજાઇ, તૈયો ધરો છોરિ નહિ જાઇ–૧

જન કે કહે જન રહિ જાઈ, [2]નવૌ નિધિ સિધિ તિન્હપાઇ
સદા [3]ધરમ જિહિ હૃદયા બસઇ, રામ કસૌટી કસતહિ રહઇ–૨

જો રે કસાવૈ અન્તે જાઈ, સો [4]બાઉર આપુહિ બૌરાઈ–૩

**સાખી** : કાલ ફાંસી તાતે પરી, [5]કરહુ આપના સોચ
સંત સિધાવૈ સંત પહઁ, મિલિ રહ પોચૈ પોચ.

---

૧ કાયારૂપી કંચન એટલે સુવર્ણ સમાન આ શરીર મૂલ્યવાન છે એવું માનીને શરીરની સંભાળ રાખવામાં જ જીવન પૂર્ણ થઇ જાય તો પરિણામે ચંચળ મનને સ્થિર કરવાની સોનેરી તક એળે ગઇ એમ સમજવું. અથવા કાયા અને કંચન એવો અર્થ કરીશું તો પણ ચાલશે. આત્મ સ્વરૂપ સિવાયના વિચારો એટલે હું શરીર જ છું એવો દેહભાવ કાયા શબ્દ દ્વારા સમજવો જોઇએ. કંચન શબ્દ ધન કે સંપત્તિના પર્યાય તરીકે સમજવો જોઈએ. મન દેહભાવમાં હોય એટલે શરીર સુખની અપેક્ષા રાખે જ. તદુપરાંત પાર્થિવ પદાર્થોની મોહિની પણ મનને અહીં તહીં ભટકાવ્યા કરે છે. તેવી સ્થિતિ દુઃખદ છે એવું કબીર સાહેબ કહેવા માંગે છે. યોગવાસિષ્ઠ ગ્રંથમાં પણ એવું જ કંઈક કહ્યું છે.

ન તાદૃશં જગત્યસ્મિન્ દુઃખં નરકકોટિષુ ।
યાદૃશં યાવદાયુષ્કમર્થોપાર્જન શાસનમ્ ॥

અર્થાત્ જીવન ધન સંપત્તિની પ્રાપ્તિમાં જ પૂરું થાય તો તેના જેવું બીજું મોટું દુઃખ નથી. કબીર સાહેબે બીજા એક પ્રસિદ્ધ ભજનમાં આ ભાવ જરા જુદી રીતે વ્યક્ત કર્યો છે.

સંતત સંપત સુખ કે કારન જાસે ભૂલ પરી—ભજો રે ભૈયા...
અર્થાત્ જ્યારથી સંપત્તિ જ એક માત્ર સુખનું કારણ છે એવું આ જગતે માન્યું છે ત્યારથી જ તે ભૂલને માર્ગે પ્રયાણ કરી રહ્યું છે.

શરીરને સુવર્ણ જેટલું કિંમતિ ગણાવી તેની અનેક પ્રકારે સારસંભાળ રખાવી પરંતુ પરિણામે અનેક પ્રકારે મન તો ફેરવાતું જ રહ્યું. હું અનેકવાર સમજાવવા પ્રયત્ન કરું છું પણ મનથી જે પકડાય ગયું છે તે છૂટતુંજ નથી–૧

કોઇ સજ્જન ગુરુજનનું કહ્યું માને અને સ્થિર થાય તો તેને અવશ્ય નવ નિધિ અને આઠ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. તેવા સજ્જનના હૃદયમાં ધર્મ સદા વસતો હોય છે. રામ તેવાની કસોટી પણ કર્યા કરે છે.—૨

પરંતુ જો કોઇ પોતાના સ્વરૂપ સિવાય બીજામાં મન લગાડે તો તે પોતાની મેળે પાગલની જેમ બહેકી જાય છે.–૩

**સાખી :** તેથી કાલરૂપી ફાંસી તેવાઓના ગળામાં પડે છે. માટે તું તારા આત્મસ્વરૂપનો વિચાર કર. જે સજ્જન હશે તે સંત પાસે જશે અને જે દુર્જન હશે તે દુષ્ટ પાસે જશે.

---

૨ નવ નિધિ અને આઠ સિદ્ધિની વાત અગાઉ પણ કબીર સાહેબે કરી છે. કુબેરના ભંડાર નવ નિધિવાળો ગણાતો. પદ્મ, મહાપદ્મ, શંખ, મકર. કચ્છપ, મુકુન્દ, કુન્દ, નીલ અને ખર્વ એ નવ નિધિથી કુબેરના ભંડારો ભરેલા રહેતા. તેજ રીતે આઠ પ્રકારની સિદ્ધિઓ પણ તેની સાથે રહેતી. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વન, વશિત્વ.

૩ નીતિ સદાચારથી સંપન્ન એવી સુજનતા હંમેશા વ્યક્ત થતી.

૪ મંદ બુધ્ધિનો માણસ તેજ ગણાય જે આત્મ સ્વરૂપનો વિચાર ન કરે અને તે સિવાયની તમામ વસ્તુને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે. તેવા પાગલ માણસથી આખુ જગત ઉભરાય રહ્યું હોય તેમ જણાય છે.

૫ તેથી કબીર સાહેબ આત્મ સ્વરૂપનો વિચાર કરવાની વારંવાર શીખામણ આપે છે. ગીતા પણ પરમ સુખની પ્રાપ્તિ કરવી હોય તો શરીરમાં રહેલા રામને શરણે જવાની જ શીખામણ આપે છે.

ઈશ્વર સૌના હૃદયમાં અર્જુન વાસ કરે,
તેના બળથી કર્મ સૌ આ સંસાર કરે.
પૂર્ણ પ્રેમથી શરણ તું તેનું જ લઈ લે,
દેશે ઉત્તમ સ્થાન ને પરમ શાંતિ તો તે. ( સરળ ગીતા અ–૧૮ )

## રમૈની-૬૫

અપને ગુન કો અવગુન કહહૂ, ઇહૈ અભાગ જો તુમ ન [1]વિચારહૂ
તૂ જિયરા બહુતૈ દુઃખ પાવા, [2]જલ બિનુ મીન કવન સચુ પાવા-૧

[3]ચાત્રિક જલહલ આસૈ પાસા, સ્વાંગ ધરૈ ભવ સાગર આસા
ચાત્રિક જલહલ ભરેજુ પાસા, મેઘ ન બરિસૈ ચલૈ ઉદાસા-૨

રામૈ નામ અહૈ નિજુ સારુ, ઔરો જુઠ સકલ સંસારુ
હરિ [4]ઉતંગ તુમ જાતિ પતંગા, જમ ઘર કિયહૂ જીવકો સંગા-૩

કિંચિત હૈ સપને નિધિ પાઇ, હિય ન માય કહેં ધરૌં છિપાઇ
હિય ન સમાય છોરિ નહિ પારા, જુઠ લોભ તૈં કછુ ન બિચારા-૪

સુમિતિ કિન્હ આપુ નહિ માના[5], તરૂ તર છલ છાગર હોય જાના
જીવ દુરમતિ ડોલૈ સંસારા, તે નહિ સૂઝે બાર ન પારા-૫

**સાખી :** અન્ધ ભયે સબ ડોલહી, [6]કોઇ ન કરૈ વિચાર
કહા હમાર માનૈ નહિ, કિમિ છૂટે ભ્રમ જાલ ?

---

૧ બુદ્ધિશકિત એ મનુષ્યને મળેલી મહાન બક્ષીસ છે તેના સદુપયોગથી જ તે માનવ થઈ શકે છે. ઉપયોગ ન કરે ત્યાં સુધી પશુ સમાન જ ગણાય. મનુષ્ય પોતે જે છે તે અંગે પોતે સાવધાન બની જાય તો તે પોતાના સાચા સ્વરૂપને સમજી શકે. પરંતુ પોતે કંઈ નથી, કંઇ જ કરી શકે એવી સ્થિતિમાં નથી એવું માનીને પોતાના દુર્ભાગ્યનું સર્જન કરે તો તેમાં વાંક કોનો? પોતે બુદ્ધિનો ઉપયોગ નથી કરતો તેથી જ ને? બુદ્ધિનો સદુપયોગ કરવો તે તો ગુણ છે અને ઉપયોગજ ન કરવો તે તેનો અવગુણ છે.

૨ આત્મ સ્વરૂપની ઓળખાણથી જીવ પરમ સુખ પ્રાપ્ત કરી શકે તે કહેવા માટે પાણીમાં માછલીનું રૂપક કબીર સાહેબે સમજાવ્યું છે. સદ્વિચાર રૂપી પાણીમાં જીવરૂપી માછલી આત્મસ્વરૂપ પામી શકે છે તેથી સુખી થઈ શકે છે.

૨ ચાતક પક્ષીનું રૂપક બહું જાણીતું છે. સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે તે પાણીની આશામાં ચાતક પક્ષી "પિયા પિયા" કરીને રટણ કર્યા કરે છે. પોતાની નીચે જ જલાશય છે તે પાણીનો તે ઉપયોગ કરી શકતું નથી. ખોટી આશામાં એવું બને છે. આખરે વરસાદ જ ન થાય તો સ્વાતિ નક્ષત્રના પાણી વિના ચાતક નિરાશ બની જાય. આ નિરાશા બેવડી ગણાય. પોતાની નીચે પાણી હતું તેનો ઉપયોગ પણ ન કરી શક્યું અને સ્વાતિ નક્ષત્રનું પાણી પણ ન વરસ્યું! જીવ પોતાની અંદર રહેલ રામરૂપ સ્વરૂપને જાણી શકે નહીં અને સંસારના પદાર્થોની પ્રાપ્તિથી સુખ પણ મેળવી શકે નહીં એવું દુર્ભાગ્ય બુદ્ધિનો ઉપયોગ ન કરે તેથી થાય W.

પોતાના ગુણોને અવગુણ કહેવામાં આવે તે તો હે જીવ! તારું દુર્ભાગ્ય છે. તે અંગે તું વિચાર પણ કરતો નથી! તેં આ સંસારમાં આવીને ખુબ દુ:ખ ભોગવ્યું. ભલા વિચાર તો કર કે પાણી વિના માછલી કેવી રીતે સુખ પ્રાપ્ત કરી શકે?-૧

સ્વાતિ નક્ષત્રના વરસાદના પાણીની આશામાં જેમ ચાતક પક્ષી પાસે વહેતા ગંગા જલનો ઉપયોગ કરી શકતું નથી તેમ જીવ પોતાની અંદર સુખરુપ રામ હોવા છતાં સંસાર સાગરમાં અનેક પ્રકારના પ્રપંચો કરી સુખ મેળવવાની આશામાં ભટકે છે. પરંતુ વરસાદ ન વરસવાથી પાણી વિના ચાતક પક્ષી પાણી વિના ઉદાસ રહે છે તેમ જીવ સંસારમાં મુકિત વિના દુ:ખી રહે છે-૨

રામનામ જ પોતાના સુખને માટે સારરૂપ છે બાકી સમગ્ર સંસાર બીના ઉપયોગી છે. પરમાત્મા પોતાથી દૂર છે એમ માનીને કામના અગ્નિમાં તું પતંગિયું બનીને બળી મરે છે અને યમરાજની સાથે પોતાનો સંબંધ બાંધી દે છે–૩

તેં જે કાંઈ મેળવ્યું છે તે સ્વપ્નમાં મેળવેલ ધન સમાન છે. તે હૃદયમાં તો સમાય શકતું નથી તેથી તેને બહાર કયાં સુધી ધારણ કરી શકાય? નથી તેને અંદર સાચવી શકાતું કે નથી તેને તારાથી છોડી શકાતું! એવા મિથ્યાલોભ અંગે તું કેમ કાંઈ વિચાર કરતો નથી?-૪

જે શાસ્ત્રગ્રંથોને આધારે તું ચાલે છે તેનું તો તેં માન્યું જ નથી. તેથી બલિના બકરાની માફક આ સંસાર રૂપી વૃક્ષની નીચે તારો વધ જરૂર થશે. દુષ્ટ બુદ્ધિથી તું હે જીવ! અહીં તહીં ભટકે છે પરંતુ સંસારનો પાર કેમ આવે તે તો તને સૂઝતું જ નથી.-૫

**સાખી :** બધા જ અજ્ઞાનથી આંધળા બની સંસારમાં ભટકયા કરે છે પરંતુ તે અંગે કોઈ વિચાર કરતું જ નથી! એટલું જ નહીં પણ અમારા વચનોને કોઈ માનતું પણ નથી! તો કેવી રીતે સંસારની આ ભ્રમ રૂપી જાળમાંથી કોઈ છૂટી શકશે?

---

૪ પોતાની અંદર રહેલ હરિ સાથેનો સંબંધ ઉત્તમ પ્રકારનો ગણાય પરંતુ જીવ તે સંબંધને ભૂલીને કામનાથી યમરાજ સાથે સંબંધ બાંધે છે તે જન્મમરણના ચક્ર માટે કારણભૂત બને છે.

૫ બલિના બકરાને ઝાડ નીચે બાંધીને તેની પૂજા કરવામાં આવે. ત્યારે તેને કંકુ-ચોખા કપાળે લગાવવામાં આવે. તે ચોખા નીચે પડે ત્યારે તે બકરો આનંદમાં આવી જઈ માનવા લાગે છે કે પોતે ખુબ સુખી થયો છે. પણ ઘડી પછી તેનો વધ થઇ જતો હોય છે. જીવ પદાર્થ પ્રાપ્તિની કામનામાં એવું જ માનીને સુખી રહે છે.

૬ જીવની દુર્દશા માટે કોઈ જ વિચારતું નથી. શા માટે તેવું બને છે તે અંગે સાવધાનીપૂર્વક વિચાર કરવો જોઈએ તેમાં જ સાચી માનવતા પણ રહેલી છે. બુધ્ધિના સદુપયોગથી જ ભ્રમણા ભાંગે અને સાચી દિશા તરફ અભિમુખ થઈ શકાય અને પ્રમાણ પણ કરી શકાય.

## રમૈની-૬૬

સોઇ હિતુ [1]બંધુ મોર મન ભાવૈ, જાત કુમારગ મારગ લાવૈ
સો [2]સયાન મારગ રહિ જાઈ, [3]કરૈ ખોજ કબહુ ન ભુલાઇ-૧

સો જુઠા જો સુત કે [4]તજઇ. ગુરુકી દયા રામકો ભજઇ
કિંચિત હૈ યહ જગત ભુલાના, ધન સુત દેખિ ભયા અભિમાના-૨

**સાખી :** દિયન ખતાના કિયા પયાના, મંદિર ભયા ઉજાર
મરિ ગયે તે મરિ ગયે, [5]બાંચે બાંચનિ હાર.

---

૧ અહીં બંધુ શબ્દ વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયો છે. શાસ્ત્રો "બંધુની" વ્યાખ્યા કરતા કહે છે કે સ બંધુઃ યો વિપન્નાનામાપદુદ્ધરણક્ષમઃ અર્થાત્ તે જ સાચો બંધુ ગણાય કે જે દુઃખોમા ડૂબેલાંને તારી શકે અને તેનું કલ્યાણ કરવા માટે સમર્થ હોય. તેથી જ સંતો સમાજમાં ગણાતા પાપી, અધમ જીવો તરફ કરુણામયી દૃષ્ટિથી જોવા પ્રયત્ન કરે છે. તે ગમે તેટલો દુર્ગુણી હોય કે દુષ્ટ ગણાતો હોય તેના તરફ તિરસ્કાર કદી તેઓ કરતા નથી. તેવા સમર્થ ગુરૂબંધુને અહીં કબીર સાહેબે યાદ કર્યા છે. શ્રી કૃષ્ણને એટલા માટે જગદ્‌ગુરૂ કહી વંદના કરવામાં આવે છે! શ્રી કૃષ્ણ ગીતામાં ખૂબ સ્પષ્ટપણે કહે છે:

ખૂબ અધર્મી યે મને ભજે કરીને પ્રેમ,
તો તે સંત થઈ જશે પામી મારી રે'મ.

વળી આગળ કહે છે:

પાપી સ્રી ને શૂદ્રયે ગુણ મારા ગાશે.
લેશે મારૂં શરણ તો ઉત્તમ ગતિ થાશે. (સરળગીતા અ/૯)

શ્રી કૃષ્ણના જમાનામાં શૂદ્ર લોકોને પાપી ગણવામાં આવતા હતા એટલું જ નહીં પણ સ્રીને પણ માયાવી ગણી હડધૂત ગણવામાં આવતી હતી તેથી શ્રી કૃષ્ણનું હૃદય તેઓ તરફ કરૂણા વરસાવી રહ્યું છે. તેઓનો ઉદ્ધાર થવો જ જોઇએ એવું સુધારાવાદીનું વલણ પણ જણાયા વિના રહેતું નથી.

૨ શિષ્યોનું પ્રધાન લક્ષણ દૃઢ મનોબળથી સન્માર્ગે આવ્યા પછી સન્માર્ગને વળગી રહેવાનું હોવું જોઇએ. સન્માર્ગે સ્થિર થવા માટે અથાગ પ્રયત્નોની આવશ્યકતા રહે છે. સન્માર્ગે આવ્યા પછી પણ મન ઘણીવાર ચલાયમાન થઈ જાય છે અને શિષ્ય પતન તરફ જવાની અણી પર હોય છે. છતાં શિષ્ય તે જ સમજુ ને સાચો ગણાય કે જે ગુરૂએ ચીંધેલા માર્ગને છોડે નહીં. શંકા-કુશંકાઓ પજવે તો પણ સત્યનું સંશોધન કર્યા કરે અને સન્માર્ગને વળગી રહે.

તે જ હિતકારી બંધુ મારા મનને પસંદ છે કે જે ખોટા માર્ગે ગયેલાને સન્માર્ગે લાવવાની મહેનત કરે છે. તેજ સમજુ શિષ્ય ગણાય કે જે સન્માર્ગે સ્થિર થવા પ્રયત્ન કરે. જે સત્યની ખોજ કર્યા કરે છે તે કદી માર્ગ ભૂલતો નથી.–૧

તે (ગુરુ) જૂઠો છે કે જે શિષ્યને સનમાર્ગે વાળવાને બદલે છોડી દે છે. જો ગુરુની કૃપા તેને મળે તો તે રામનું ભજન કરતો થઇ જાય. પરંતુ આ જગત કે જે રામની સરખામણીમાં કંઈ જ નથી છતાં તેને જોઈને પોતાના સ્વરૂપમે ભૂલી જાય છે અને ધનદોલત, પુત્રપૌત્રાદિ જોઇને અભિમાની બની જાય છે તેનું કલ્યાણ થતું નથી–૨

**સાખી** : જીવાત્મા પ્રયાણ કરી ગયો, જીવનરૂપી દીપક બુઝાઇ ગયો, આ શરીર રૂપી મંદિર ઉજ્જડ બની ગયું. અજ્ઞાની જીવો જે મરી ગયા તે સદાને માટે મરી ગયા પણ કૃપાપાત્ર જીવો તો કાયમના બચી ગયા અમર થઇ ગયા.

---

૩ કબીર સાહેબ અંધવિશ્વાસને જરા ઘણુ મહત્વ આપતા જણાતા નથી તેથી તેમણે અહીં બુદ્ધિ પૂર્વકના વિશ્વાસની વાત કરી છે. કબીર સાહેબે એક જગ્યાએ સ્પષ્ટ કહ્યું છે. કે "જબ લગ માને ન અપની નૈના, તબ લગ માનો ન ગુરૂકી બૈના" અર્થાત્ જયાં સુધી આત્મ વિશ્વાસ ન જાગે ત્યાં સુધી ગુરૂની વાણી પણ માનવી નહીં. સંશોધકને છાજે એવું બૌદ્ધિકસ્તર શિષ્યનું હોવું જરૂરી છે.

૪ સાચો ગુરૂ શિષ્યોમાં અવગુણો હોય છતાં તેને છોડતો નથી. તેના અવગુણો તરફ તે દુર્લક્ષપણ આપતો નથી. શિષ્યના હ્રદયમાં સદ્‌ગુણોની વૃદ્ધિ કેમ વધુ ને વધુ થયા કરે તેની તે સૂક્ષ્મપણે કાળજી પણ રાખતો હોય છે. પણ જે જૂઠો ગુરૂ છે અથવા તો બનાવટી ગુરૂ છે તે તો શિષ્યનો દોષ જોઇને તરત જ તેને ત્યજી દે છે.

૫ જગતના વિષય પદાર્થોની મોહિનીમાં ફસાયને મોટાભાગના જીવો આખરે મૃત્યુને શરણ થાય છે. સાત્વિક વૃદ્ધિ તરફ તેવા જીવોનું ધ્યાન જતું નથી. સત્વમાં સ્થિર થયા વિના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી અને સ્વરૂપથી પ્રાપ્તિ થયા વિના અમરતાની પદવી મળતી નથી. જો ગુરુકૃપ પ્રાપ્ત થાય તો.

જ્ઞાન તને તે આપશે તેથી મોહ જશે,
જગ આખું મુજમાં પછી જોશે આત્મવિશે.
પાપીમાં પાપી હશે કોઈ આ જગમાં,
જ્ઞાનનાવમાં બેસતાં તરી જશે ભવમાં. (સરળગીતા–અ–૪)

આ જ્ઞાન દ્વારા જ મૃત મટીને અમૃત થવાય.

## રમૈની-૬૭

[1]દેહ હિલાયે ભગતિ ન હોઈ, સ્વાંગ ધરે નર બહુ વિધિ જોઇ
[2]ધીંગા ધીંગી ભલો ન માના, જો કાહૂ મોહિ હૃદયા જાના-૧

[3]મુખ કિછુ આન હૃદય કિછુ આના, સપનેહુ કોહુ મોહિ નહિ જાના
તે દુઃખ પૈહૈ ઈ સંસારા, જો ચેતહુ તો હોય ઉબારા-૨

[4]જો ગુરુ કિંચિત નિંદા કરઇ, સૂકર સ્વાન જન્મ સો ધરઈ-૩

**સાખી :** લખ ચૌરાસી જીવજોની મંહ, ભટકિ ભટકિ દુઃખ પાય
કહંહિ કબીર જો [5]રામહિ જાને, સો મોહિ નીકે ભાય

---

૧ કબીર સાહેબ બ્રાહ્મભક્તિની ટીકા કરે છે. ભક્તિને બહાને જયાં જયાં નાચકૂદ કરવામાં છે ત્યાં ત્યાં ભક્તિનો આડંબર જ છે, તે સાચી ભક્તિ નથી.

૨ પોતે ખૂબ સહન કરી રહ્યા છે એવો ડોળ કરવાવાળાને ધ્યાનમાં રાખીને અહીં કહેવામાં આવ્યું છે. બાણશય્યા પર સૂવું, પંચાગ્નિ તપ કરવું, એક પગે પાણીમાં ઉભા રહેવું, હાથ ઉંચા કરી તપ કરવું, જટા વધારતા રહેવું, ભસ્મ ચોળવું વિગેરે ભક્તિને નામે થતો તપશ્ચર્યાનો ઢોંગ લોકોને ભ્રમમાં નાંખી દે છે.

૩ 'મુખમેં રામ ને બગલમેં છૂરી' એ કહેવત અહીં યાદ આવે છે. ભિક્તનો આડંબર કરનારા ઢોંગી સાધુઓ જેવું બોલે છે તેવા જણાતા નથી. તેઓનું આંતરિક જીવન ગંધાતું હોય છે. કામના અને વિષયોના અગ્નિ તેઓના હૃદયમાં સદૈવ ભડભડ બળતા હોય છે.

શરીર હલાવવાથી (સાચી) ભકિત થતી નથી. ભલેને પછી માણસ અનેક પ્રકારના વેશો ધારણ કર્યા કરે! જે મને હૃદયથી જાણે છે તેને નગ્ન સ્વરૂપે રહેવાનું સારું લાગે નહીં—૧

જેના મોઢામાં કંઇ ઓર અને હૃદયમાં તો કંઇ જુદું જ હોય તે તો મને સ્વપ્નમાં પણ સમજી શકે નહીં. તે સંસારમાં ખુબ દુ:ખી થાય છે. જે ચેતી જશે તેનો જરૂર ઉદ્ધાર થશે.—૨

જે ગુરુની જરા પણ નિંદા કરે છે તે ડુક્કર અને કુતરાનો જન્મ ધારણ કરે છે.—૩

**સાખી :** એટલું જ નહીં પણ ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકી ભટકીને તે દુ:ખ ભોગવ્યા જ કરે છે. તેથી કબીર કહે છે કે જે રામ તત્ત્વને જાણે છે ને સમજે છે તે મને અતિ પ્રિય છે.

---

૪ ભકિતની વાત કરતાં કરતાં અચાનક ગુરૂની નિંદાનો મુદ્દો આવે છે તેથી આ આ પંકિતઓ પાછળથી કોઇએ ઉમેરેલી હોવી જોઇએ એવું લાગ્યા વિના રહેતું નથી. કબીર સાહેબ ગુરૂના મહિમાનું ગાન ઘણી જગ્યાએ કરે છે ખરા પરંતુ લોકોમાં અંધ વિશ્વાસ જગાડવા નહીં. તેઓ સ્પષ્ટ કહે છે.

જબ લગ માને ન અપની નૈનાં
તબ લગ માનો ન ગુરૂકી બૈના.

જયાં સુધી પોતાને આત્મવિશ્વાસ જાગે નહીં ત્યા સુધી ગુરુના વચનને પણ માનવું નહીં એવું કબીર સાહેબ માનતા મનાવતા હોય તો ગુરુ નિંદા કરનારની અધોગતિ જ થાય એવું વચન કબીર સાહેબનું કેવી રીતે હોય શકે?

૫ કબીર સહેબ હૃદયમાં રહેલા રામની વાત કરે છે. આત્મસ્વરૂપને જાણવું એટલે રામને જાણવું, ભગવાન શંકરાચાર્યે પણ ભક્તિની વ્યાખ્યા કરતા વિવેક ચૂડામણિ ગ્રંથમાં કહ્યું જ છે કે સ્વરૂપાનુસંધાનમ્ ભકિત:। અર્થાત્ સ્વરૂપનું અનુસંધાન કરાવે તે જ સાચી ભકિત. તેવા જ ભકતો પરમાત્માને વ્હાલા લાગે છે.

## રમૈની-૬૮

તિહિ વિયોગતે ભયઉ અનાથા, પરેઉ કુંજવન પાવ ન [1]પંથા
[2]બેદૌ નકલ કહૈ જો જાનૈ, જો સમુઝૈ સો ભલો ન માનૈ-૧

[3]નટવટ બંદ ખેલ જો જાનૈ, તિહિ ગુનકો ઠાકુર ભલ માનૈ
ઉહૈ જો ખેલૈ સભ ઘટ માંહી, દૂસર કૈં કિછુ લેખા નાહિ-૨

[4]ભલો પોચ જો અવસર આવૈ, કૈસહૂ કે જન પૂરા પાવૈ-૩

**સાખી :** જે કર સર લાગે હિયે, સો જાનેગા પીર.
[5]લાગે તો ભાગે નહિ, સુખ સિંધુ દેખી કબીર.

---

૧ સંસાર રૂપી વનમાં ભૂલો પડેલો જીવ પોતાના કલ્યાણનો માર્ગ ગુરૂની મદદ વિના શોધી શકતો નથી એવું કબીર સાહેબ કહેવા માંગે છે,

૨ પરમાત્મ તત્ત્વ અપરોક્ષ ગણાય છે. કારણ કે મન અને વાણી ત્યાં પહોંચી શકતા નથી. વાણીથી પર તત્ત્વનું વર્ણન વેદમાં કરવામાં આવ્યું હોય તો તે પરોક્ષનું જ ગણાય. માટે પરમાત્માની અનુભૂતિ કરનારને વેદો નકલ જેવા જણાય. આ દૃષ્ટિએ વેદવાણીની આ મર્યાદા જ્ઞાની પુરૂષોને ધ્યાનમાં હોય છે. તેઓ પોતે સ્વાનુભૂતિને આધારે વેદવાણીનો મહિમા સમજતા હોય છે! આ દૃષ્ટિએ કબીર સાહેબ વેદ વિરોધી હતા એમ કહી શકાય નહીં.

૩ મદારી કે જાદુગરીના ખેલનું રૂપક સૃષ્ટિરચનાનું હાર્દ પણ સમજાવી દે છે. મહર્ષિ બાદરાયણે પણ "લોકવત્ તુ લીલા કૈવલ્યમ્' નામનું સૂત્ર આપ્યું છે. અર્થાત્ પરમાત્મા લીલા કરીને સંસારની રચનામાં પ્રવૃત્ત થયા. પણ તે

હે જીવ! તે શરીરમાં રહેલા રામને જાણ્યા વિના તું અનાથ બની ગયો છે અને સંસાર રૂપી જંગલમાં ભૂલો પડયો છે. તને યોગ્ય માર્ગ મળી શકતો જ નથી. જ્ઞાની પુરુષો જાણીબૂઝીને વેદને નકલ કહે છે તે સમજનારા બરાબર થયું છે એવું માનતા નથી.-૧

જાદુગરની નજર બંધીનો આ તો ખેલ છે એવું જે જાણે છે તે ગુણવાન જીવ પરમાત્માને વ્હાલો લાગે છે. તે જ પરમાત્મા સર્વ શરીરોમાં ખેલ કરી રહ્યો છે ત્યાં બીજાની તો શી ગણના?–૨

સારા નરસા ગમે તે પ્રસંગો આવે તો પણ ભગવાનનો સાચો ભકત કોઈ પણ પ્રકારે પૂર્ણતા પ્રાપ્ત કર્યા વિના રહેતો નથી—૩

**સાખી:** પરમાત્માના પ્રેમનું બાણ જેને વાગ્યું છે તે જ તેની વેદના જાણી શકે. એક વાર હૃદયમાં બાણ લાગે તો પરમાત્માથી વિમુખ થવા તે પ્રયત્ન કરતો જ નથી. પરમાત્મા રૂપી સુખ સમુદ્રને જોઈને કબીર જેવા તો તેમાં જ નિમગ્ન બની જાય છે.

---

દૃષ્ટિમાં રહેતા નથી, સંસાર જ દષ્ટિમાં રહે છે તે મદારીના ખેલ જેવી ઘટના છે. મદારી નજર બંધી કરી દે છે તેથી જે છે તે દેખાતું નથી પણ બીજું જ કંઈ નજરે પડે છે. પરમાત્મા દરેક શરીરમાં રહીને આવો ખેલ ચલાવ્યા કરે છે. કોઇને પરમાત્મા તરફ પ્રીતિ થતી જ નથી. સૌને સંસાર જ ગમે છે. પરમાત્માને ભૂલી જવાય છે.

૪ એમાં જે પ્રવીણ હોય, દક્ષ હોય, તે ગમે તેવા સમયે કે સ્થળે પરમાત્માને ભૂલતો નથી.

૫ પરમાત્મા તો સુખના સમુદ્ર જેવા છે. આખરે જીવ તો સુખની શોધમાં જ રહેતો હોય છે. પરમાત્માનાં દર્શન થયાં પછી કોઈ પરમાત્માથી વિમુખ થઇ શકતું નથી કારણ કે પરમ સુખનો અનુભવ જીવને સતત થયા કરતો હોય છે.

## રમૈની-૬૯

[1]એસા જોગ ન દેખા ભાઈ, ભુલા ફિરૈ લિયે ગફિલાઈ
મહાદેવા કો પંથ ચલાવૈ, ઐસો બડો [2]મહંત કહાવૈ-૧

[3]હાટ બજારે લાવૈ તારી. કચ્ચે સિદ્ધન માયા પ્યારી
[4]કબ દત્તે માવાસી તોરી? કબ સુખદેવ તોપચી જોરી?-૨

નારદ કબ બંદૂક ચલાયા? વ્યાસદેવ કબ બંબ બજાયા?
[5]કરહિ લરાઇ મતિ કે મંદા, ઇ અતીત કી તરકસ બંદા?-૩

[6]ભયે વિરકત લોભ મન ઠાના, સોના પહિરિ લજાવૈ બાના,
ઘોરા ઘોરી કીન્હ બટોરા, ગાંવ પાય જસ ચલૈ કરોરા-૪

**સાખી :** તિય સુંદરિ ના સોહઇ, સનકાદિક કે સાથ
કબહુંક દાગ લગાવઇ, [7]કાટી હાંડી હાથ.

---

૧ આગલી રમૈનીમાં ભકિતને નામે ચાલતા ઢોંગી લોકોને ઉઘાડા પાડીને હવે કબીર સાહેબ યોગને નામે ચાલતા ધતિંગોને ખુલ્લા પાડે છે. ખરેખર યોગ એટલે તો ચિત્ત પર સ્થાપેલો સંયમ. યોગ: ચિત્તવૃત્તિ નિરોધ: એવું યોગશાસ્ત્ર તો કહે છે. વેદવાણીને યાદ કરવામાં આવે તો કઠોપનિષદ્‌માં પણ એવું જ કહ્યું છે કે તાં યોગમિતિ મન્યન્તે સ્થિરામિન્દ્રિય ધારણામ્ । અર્થાત્ મન ઇન્દ્રિયોને સ્થિર કરે તેને જ યોગ માનવો. તેને બદલે સાવ બોફકરો થઇને ભગવાન શિવના નામે જે ઢોંગ ધતુરા સાધુઓ ફરી ફરીને કરે છે તે સાચો યોગ નથી.

૨ મહંત તેને જ કહી શકાય કે જે શુધ્ધ ચારિત્રવાન હોય અને નીતિ સદાચારથી વ્યવહાર કરતો કરતો ભગવાનનું ભજન કરતો હોય. મહંત એટલે તો મહાન જીવ.

૩ પરંતુ આ મહંતો નામના જ હોય છે. તેઓ ખરેખર મહાન નથી હોતા. લોકોને આકર્ષવા માટે જાહેરમાં સમાધિમાં બેસી જાય છે. ઘણા તો જમીનમાં ખાડો ખોદાવી ત્રણ-ચાર દિવસ દટાઈ રહે છે. તેમની સમાધિ ધનની કમાણી માટે હોય છે. તેઓનું મન તો ભોગવિલાસમાં ડૂબેલું જ રહે છે. ચંચળ મન સ્થિર બને તે જ સમાધિ. મન પરમાત્મામાં લીન બને તે જ સાચી સિધ્ધિ. આ મહંતો તો નકલી સિધ્ધ પુરૂષો જેવું વર્તન કરે છે.

૪ નકલી સિધ્ધ પુરૂષો સંપ્રદાય સ્થાપીને હજારો શિષ્યોને સાથમાં લઇને સરઘસ કાઢતા હોય છે. તેઓ પદ અને પ્રતિષ્ઠા માટે જરૂર જણાય ત્યારે જંગ પણ કરી લેતા હોય છે. આપણે એકવીસમી સદીમાં પ્રવેશવાની તૈયારીમાં છીએ ત્યારે પણ કુંભમેળામાં થતાં વિવિધ સંપ્રદાયોના સાધુઓના ટંટાઓ

હે ભાઈ! એવો યોગ તો અમે જોયો જ નથી. અસાવધ થઈને ગાંડાની જેમ ગમે ત્યાં ફર્યા કરે. શૈવમતનો પ્રચાર કરે અને પોતાને મોટો મહંત કહેવરાવે !—૧

લોકોના ટોળે ટોળાં હોય ત્યાં ભર બજારે પોતે સમાધિ લગાવે. ખરેખર, નકલી સિદ્ધ કહેવાતા સાધુઓને છેતરપિંડી પ્યારી લાગે છે. દત્તાત્રેયે શત્રુઓનો કિલ્લો કયારે તોડયો હતો? શુકદેવે તોપ કયારે ફોડી હતી?–૨

નારદે બંદૂક કયારે ચલાવી હતી? વ્યાસજીએ દુંદુંભી કયારે વગાડી હતી? જે ઓછી બુદ્ધિવાળા હોય તે જ લડાઈ કરે છે. ખરેખર તેઓ શું વૈરાગી સાધુ છે કે બખ્તરધારી ફોજી સિપાઈ છે?–૩

વૈરાગી બનીને મનમાં તો લોભ ભરેલો રાખે છે. સોનુ પહેરીને સાધુતાને લજાવે છે! હાથીઘોડાની પલટણ રાખીને ગામનો ધણી થઈ કરોડપતિની જેમ ચાલે છે.–૪

**સાખી :** સનકાદિક જેવા સન્યાસીઓ સાથે સુંદર સ્ત્રી શોભતી નથી. હાથમાં રાખેલી કાંળી હાંડી જેમ કોંઇ દિવસ દાગ લગાવી દે છે તેમ તે એકદિવસ કલંક જરૂર લગાવે છે.

---

અને તે કારણે થતાં ભેળાં લોકોનાં થતાં મરણો સાંભળીએ છીએ તેથી કબીર સાહેબની શીખામણ આજે પણ એટલી જ ઉપયોગી લાગે છે. દત્તાત્રેય, શુકદેવ, નારદ કે વ્યાસ તરફથી જગતને જે માર્ગદર્શન મળ્યું છે તે તો આનાથી ભિન્ન જ પ્રકારનું છે. તેઓએ કદી કોઈ પર ચઢાઇ કરી નહોતી, ભાંગફોડ કરી ન્હોતી કે કોઇને હિંસક બની ઈજા કરી ન્હોતી. તેઓ તરફથી મળેલા યોગનો, ભકિતનો, જ્ઞાનનો કે સારગ્રાહી દૃષ્ટિથી જીવનને સંપન્ન કરવાનો સંદેશો આજે પણ એટલો જ ઉપયોગી છે.

૫ શિષ્યોના ઝુંડ ને ઝુંડ સાથે લઇને ફરતા મહંતો, સાધુઓ બુધ્ધિમાં મંદ હોવાથી જ લોભ ને લાલચથી જયાં ત્યાં આથડી પડે છે અને લુંટફાટ પણ કરે છે. જેની બુધ્ધિ સ્થિર થઈ છે તેવા પંડિતો અયોગ્ય આચરણ કદી કરતા નથી.

૬ સાચા સાધુઓના વાણી વર્તનમાં સચ્ચાઈ ભરેલી એકતા, રહેણી કરણીમાં સાદાઈ અને સાદગી ને વ્યવહારમાં પ્રેમ જણાય છે. નકલી સાધુઓ વૈરાગીના વેશ ધારણ કરે છે તો યે તેઓનું મન લોભથી લદ્ બદ્ હોય છે. સુવર્ણના કિંમતિ ઘરેણાંઓ શરીર પર ધારણ કરે છે અને અનેક પ્રકારની સંપત્તિ એનો પરિગ્રહ કરી ધનાઢય પુરૂષો જેવું વર્તન કરે છે.

૭ હાથમાં રાખેલી કાળી માટલી એક દિવસ પણ દાગ લગાવી જાય છે તે સત્ય તરફ સાધુઓએ એટલે કે સાધના કરનારા સાધકોએ લક્ષ રાખવાની જરૂર છે ગમે તેટલી સાવધાની રાખવામાં આવે તો પણ એક વાર તો હાથ ભૂલથી કાળો બની જ જાય છે. તે દૃષ્ટિએ સાચા સાધુઓને સુંદર સ્ત્રીઓના સંગમાં ન રહેવું જોઇએ.

## રમૈની-૭૦

બોલના કાસે બોલિયે ભાઇ, બોલત હી સબ [1]તત્ત નસાઇ
બોલત બોલત બઢઇ બિકારા, સો બોલિયે જો [2]કરૈ બિચારા-૧

મિલૈં જુ સંત વચન દુઇ કહિયે, મિલહિં અસંત મૌન હોય રહિયે
પંડિત સે બોલિયે હિતકારી, મુરુખ સે રહિયે [3]જખમારી-૨

કંહહિ કબીર [4]અરધ ઘટ ડોલૈ, પૂરા હોયં વિચાર લૈ બોલૈ-૩

---

## રમૈની-૭૧

સોગ બધાવા સમ કરી માના, તાકિ બાત ઇન્દ્રહુ નહિ જાના
જટા ટોરિ પહિરાવૈ સેલી, જોગ જુગતિ કૈ ગરબ દુહેલી-૧

આસન ઉડયે કવન બડાઈ, [5]જૈસે કૌવા ચીલ્હ મંડરાઈ
જૈસી ભીતિ તૈસી હૈ નારી, રાજપાટ સબ ગનૈ ઉજારી-૨

જૈસ નરક તસ ચંદન જાના, જસ બાઉર તસ રહૈ સયાના
લપસી લવંગ ગનૈ એક સારા, [6]ખાંડ છાંડિ મુખ ફાકૈ છારા-૩

**સાખી :** ઇહૈ બિચાર બિચારતે, ગયે બુદ્ધિ બલ ચેત
[7]દુઈ મિલિ એકૈ હો રહા, (મૈં) કાહિ લગાઉં હેત.

---

૧ જ્ઞાનની વાતો અધિકારી માણસને કરવાથી લાભ થાય છે. અયોગ્ય માણસને વાતો કરવાથી અપમાનિત થવાય છે. વાત કરનારને એવા કટુ વચનો સાંભળવા મળે છે કે તેનું મન અશાંત બની જાય છે. "તત્ત્વ" શબ્દ અહીં સુખ શાંતિના અર્થમાં સમજવો જરૂરી છે.

૨ કબીર સાહેબ અહીં ફરીથી માણસની વિચારશક્તિને મહત્ત્વ આપે છે. જે વિચારશીલ માણસ છે તે અયોગ્ય બોલે પણ નહીં અને ગમે તેમ વર્તે પણ નહીં. તેના હૃદયમાં વિવેક જાગ્યા હોવાથી તે ગુણગ્રાહી થઇને સાર જ ગ્રહણ કરે છે.

૩ "જખમારી" શબ્દ રૂઢિપ્રયોગ ગણાય. મનને ન ગમે તો પણ મનને સંયમમાં રાખીને ચૂપ રહેવાની ફરજ પડે તેવી સ્થિતિનું વર્ણન કરવા આ શબ્દ પ્રયોગ થયો છે.

હે ભાઇ! કહેવા યોગ્ય વાત કોને કહી શકાય? (અયોગ્ય વ્યકિતને) કહેવાથી તો બોલતાં જ સઘળાં તત્ત્વનો નાશ થાય છે. બોલતાં બોલતાં વાદવિવાદ વધતો રહે છે. ખરેખર તો તેની સાથે જ કહેવા યોગ્ય કહેવું જોઇએ કે જે બરાબર વિચાર કરી શકે છે.—૧

જો કોઈ સંત જન મળી જાય તો તેની સાથે બે વાત જરૂરી કરી શકાય. પરંતુ જો, દુર્જન મળે તો મૌન રહેવું ઉત્તમ. ભણેલા ગણેલા પંડિતો સાથે હિતકારી વાતો કરવામાં વાંધો નથી પણ મુર્ખાં સાથે તો મન મારીને ચૂપ રહેવું જ વધારે સારું છે.–૨

કબીર કહે છે કે અરધો ભરેલો ઘડો છલકાય છે જ્યારે પૂર્ણ જ્ઞાની હમેશા વિચાર કરીને જ બોલે છે.–૩

---

શોક અને આનંદ સમાન કરીને માને છે તેવા નકલી સાધુઓનું કપટ સાક્ષાત ઈંદ્ર જાણી શકતો નથી. તેઓ જટા તોડીને વાળની માલા પહેરાવે છે અને યોગ યુકિતથી મુશ્કેલ ગણાતી ક્રિયાઓ કરી અભિમાન કરે છે.–૧

તેઓ આસન સાથે આકાશમાં ઉડવાની બડાઇ હાંકે છે પરંતુ કાગડો તથા ગીધ પણ આકાશમાં તો ઉડે છે? તેઓ જેવા ભીંત તેવી નારી (સ્ત્રી) એમ મનાવે છે તથા રાજપાટને પણ ઉજ્જડ ભૂમિની માફક ગણે છે.–૨

તેઓ ચંદનના સુખને નરક સમાન જાણે છે અને જેવા પાગલ તેવા જ્ઞાની એવું માને છે. લપસી અને લવંગને એક સરખા ગણે છે તેથી તેઓ ખાંડને ત્યજી દઇ રાખ જ ફાખે છે!–૩

**સાખી :** આ પ્રમાણે વિચારતા વિચારતા નકલી અભિમાની યોગીઓના બુદ્ધિ, બળ અને ચેતના સદાને માટે નષ્ટ થઈ જાય છે. પરંતુ અસલી ને નકલી બંને એક સાથે એવા ભળી ગયા છે કે મારે કોની સાથે હેતપુર્વક સંબંધ બાંધવો તેની સમજ પડતી નથી!

---

૪ અધૂરો ઘડો છલકાય ઘણો એ કહેવતને આધારે જે અધૂરો જ્ઞાની છે તે વધુ બોલે છે ને જે પૂરો જ્ઞાની છે તે જરૂર જણાય તેટલું જ બોલે છે.

૫ આકાશગમનની સિધ્ધિની વાત તેવા લોકો કરતા રહે છે ને આકર્ષણ જમાવતા રહે છે પણ તેવી સિધ્ધિનું મૂલ્ય શું? કાગડો ને ગીધ પણ આકાશગમન તો કરે છે. આત્મ સ્વરૂપના જ્ઞાનની સિધ્ધિ મળે તો તે મૂલ્યવાન ગણાય.

૬ મહાન જ્ઞાની જેવી વાણી બોલીને તે કપટી યોગીઓ અંતે તો સ્વસ્વરૂપના જ્ઞાનની ખાંડ છોડીને તુચ્છ નાશવંત સિધ્ધિઓની ભસ્મ જ ખાય છે.

૭ નકલી ને અસલી યોગીઓ કે જ્ઞાનીઓ સ્હેલાઈથી પારખી શકાતા નથી તેથી ગુરૂ કરો તો પણ કસોટી કરીને જ કરો એવું કબીર સાહેબ કહેવા માંગે છે. બુધ્ધિના પૂરેપૂરો ઉપયોગ કરવાની જ શીખામણ આપી છે.

## રમૈની-૭૨

[1]નારી એક સંસાર હિ આઇ, [2]માય ન વાકે બાપ હિ જાઇ
[3]ગોડ ન મૂંડ ન પ્રાણ અધાર, તામહ ભમરિ રહા સંસારા-૧

દિના સાત લૌં બાકી સહી, બુધ [4]અધબુધ અચરજ કા કહી
[5]વાકો વંદત હૈ સભ કોઈ, બુધ અધબુધ અચરજ બડ ભારી-૨

**સાખી :** [6]મૂસ બિલાઇ એક સંગ, કહુ કૈસે રહિ જાય
અચરજ સંતો દેખહુ, હસ્તી સિંઘહિ ખાય.

---

૧ પહેલી અને બીજી રમૈનીમાં કબીર સાહેબે માયા વિષે સમજાણ આપી છે.

૨ (જુઓ પૃ-૧ તથા પૃ-૨) આ રમૈનીમાં ફરીથી માયાની વાત કરવામાં આવી છે. માયાના કોઇ માતપિતા નથી. તેનો જન્મ માત્ર ઇચ્છામાંથી થાય છે. તેથી તેને અનાદિ પણ કહી છે. તેના આદિ ને અંત વિશે કાંઈ કહી શકાતું નથી.

૩ તેના સ્વરૂપ વિશે પણ શું કહી શકાય? તેના કોઈ રૂપ રંગ નથી. તેનો કોઈ ચોક્કસ આકાર પણ નથી. તે અરૂપ ને નિરાકાર છે. તેથી તેને માથુ નથી, પગ નથી અને પ્રાણ પણ નથી. આપણને પ્રાણની જરૂર પડે છે, માયાને જરૂર પડતી નથી. અને છતાં માયા સર્વ વ્યાપક હોય તેમ સહુમાં જીવંતપણે જણાય છે. આ માયા જીવને સૌથી મધુર લાગે છે.

૪ "અધબુધ"નો અર્થ અહીં અદ્દ્ભૂત પણ થઇ શકે. માયાનું વર્ણન કોણ કરી શકે! તેનું સ્વરૂપ જ અદ્દ્ભૂત છે. મોટા મોટા પંડિતો પણ તેને સમજવામાં ઊણા પડે છે તે પણ એક મોટું આશ્ચર્ય જ છે ને?

૫ માયાને સૌ વંદન કરે છે, પોતાના આત્મ સ્વરૂપને કોઇ વંદે નહીં. આત્મ સ્વરૂપની વિસ્મૃતિ સૌને આ માયાને કારણે જ થાય છે. પહેલી રમૈનીમાં કબીર સાહેબે કહ્યું કે ઈચ્છામાંથી માયાનો ઉદ્દભવ થાય છે. એનો અર્થ એજ કે માયા વૈચારિક સ્વરૂપે મનમાં જ રહેલી છે. તેથી મનમાં જે જે વિકારો પેદા થાય છે તે તેનું સ્વરૂપ જ છે. તેથી ગીતામાં પણ સમજ આપી છે કે

પ્રકૃતિ પુરૂષ અનાદિ છે એમ ખરે તું જાણ,
વિકાર ને ગુણ ઉપજયા પ્રકૃતિમાંથી માન.

સંસારમાં એક સ્ત્રી એવી આવી કે જેનો કોઈ બાપ નથી અને જેની કોઈ માત નથી. તેને માથું નથી, પગ નથી અને તેને પ્રાણનો આધાર પણ નથી. છતાં ય તેનામાં આખો સંસાર ભમરી ખાયા કરે છે.—૧

સાતે સાત દિવસ તેની સત્તા સર્વ પર રહે છે. ભણેલા કે ઓછું ભણેલા સૌને તેનાથી આશ્ચર્ય થયું. સૌ તેને વંદન કરે છે તેથી મને ભારે આશ્ચર્ય થાય છે.—૨

**સાખી :** ઉંદર અને બિલાડી કહો કેવી રીતે સાથે રહી શકે? હે સંતો,
આશ્ચર્ય તો જુઓ કે હાથી સિંહને ખાય રહ્યો છે!

---

કારણ તેમજ કાર્યને છે પ્રકૃતિ કરનાર,
પુરૂષ સુખ ને દુઃખના ભોગો ભોગવનાર.
પ્રકૃતિના ગુણનો કરે પુરૂષ સદા યે ભોગ,
તથી તેને થાય છે જન્મ મરણનો રોગ. (સરળ ગીતા અ-૧૩)

આ રીતે પુરૂષની ઇચ્છામાંથી પ્રગટેલી પ્રકૃતિ અથવા તો માયાને કારણે સંસારનું ચક્ર ચાલ્યા જ કરે છે.

૬ આ સાખી રમૈની-૧૨માં પણ આવી ગઈ છે. ત્યાં તો જુદા સંદર્ભમાં નિયોજેલી જણાય છે. અહીં તો માયાના સંદર્ભમાં જ રજુ કરેલી હોવાથી અર્થ સ્પષ્ટ થઈ જાય છે ઉંદર અને બિલાડીના પ્રતીકનો તથા હાથી અને સિંહના પ્રતીકનો. ઉંદર અને બિલાડી સાથે રહીજ ન શકે તે સૌનો અનુભવ છે. બિલાડીનો ખોરાક તે ઉંદર. બિલાડી પોતાના શિકારની શોધમાં જ રહેતી હોય છે તેથી જેવો ઉંદર દેખે તેવી જ તે તરાપ મારે અને શિકાર કરે. એટલે સાથે રહેવાની કલ્પના કેવી રીતે કહી શકાય? પરંતુ સંસારમાં જીવ અને માયાનો સંબંધ વિચારવામાં આવે તો ઉંદર બિલાડી સાથે રહેતા હોય તેવું લાગે છે. ખરેખર તો માયા જીવને પટાવી પટાવીને ખાતી હોય તેવું પણ જણાય છે. જીવમાં અનેક ઈચ્છાઓ ઉદ્‌ભવે છે ને તે ઈચ્છાઓની પરિતૃપ્તિ માટે પોતે કોણ છે, કેમ આવ્યો છે તે વિચારવાનું પણ ભૂલી જાય છે. જયાં સુધી ઈચ્છા સંતોષાય નહિ ત્યાં સુધી જીવને જંપ વળતો જ નથી. આખરે અતૃપ્ત દશામાં તેને દેહ છોડી દેવો પડે છે. મતલબ કે માયા તેને ખાય જાય છે. તેવી જ રીતે હાથી કરતા સિંહ વધારે બળવાન ગણાય છે, સિંહનો ખોરાક હાથી પણ ગણાય. છતાં હાથી સિંહને ખાય એમ કહેવા પાછળ જીવ પોતાના આત્મ સ્વરૂપને ભૂલી જતો હોય છે ને પરિણામે વિનાશ નોતરે છે એવો ધ્વનિ રહેલો છે.

# રમૈની-૭૩

ચલી જાત દેખી [૧]એક નારી, [૨]તર ગાગરિ ઉપર પનિહારી,
ચલી જાત વહ [૩]બાટ હી બાટા, [૪]સોવ નિહાર કે ઉપર ખાટા-૧

જાડન મરૈ [૫]સપેદી સૌરી, [૬]ખસમ ન ચિન્હૈ ધરણિ ભઇ બૌરી,
સાંજ સકાર [૭]જ્યોતિ લૈ બારૈ, ખસમ છાંડિ સંવરૈ લગવારે-૨

વાહિ કે રસ નિસુ દિન રાચી, પિય સોં બાત કહૈ નહિ સાચી,
[૮]સોવત છાંડિ ચલી જાય અપના, [૯]ઈ દુઃખ અવધૌં કહબકે હિસના-૩

**સાખી :** અપની જાંઘ ઉઘારિ કે, અપની કહી ન જાય,
કી ચિત જાનૈ આપના, [૧૦]કી મેરો જન ગાય.

---

૧ આગલી રમૈનીમાં માયા વિષે કબીર સાહેબ કહી રહ્યા હતા તેજ માયાનું કાવ્યાત્મક ચિત્રણ અવળવાણી દ્વારા કબીર સાહેબ આ પદમાં કરી રહ્યા છે.

૨ અંતઃકરણના પ્રતીક તરીકે ગાગર સમજવું. બ્રહ્મસુખનું નિર્મળ પવિત્ર પાણી ભરવા માટે અંતઃકરણનો ઉપયોગ થાય. પરંતુ આ પનિહારી તો વિચિત્ર જણાય છે. તેણે તો ગાગરને ઊંધે મોઢે નીચે મૂકીને તેના પર તે બેઠી હોય તેમ જણાય છે. અર્થાત્ ઊંધે મોઢે પાણી ભરાય નહીં. મોહની દશા ઊંધી ગણાય. જ્યાં સુધી મોહની સ્થિતિ હોય ત્યાં સુધી પરમાત્માનો પરિચય થાય નહીં અને પરમાનંદનું અમૃત અંતઃકરણમાં ભરાય નહીં.

૩ "બાટ હી બાટા" એટલે રસ્તા બદલતી બદલતી જઇ રહી છે. શાસ્ત્રો કહે છે કે માયા જીવ સાથે આવે છે ત્યારે આકાશ, વાયુ, તેજ, જલ, ભૂમિ ને દેહ એ પ્રમાણે ક્રમશઃ આવે છે. જાય છે ત્યારે ઉલટા ક્રમે ક્રમશઃ જાય છે. દેહ, ભૂમિ, જલ, તેજ, વાયુ ને આકાશ.

૪ મોહનિદ્રામાં સૂતેલાં લોકો પર વાસના રૂપી ખાટલાઓ ઢાળેલાં જણાય છે. એવી સ્થિતિમાં માયાને ફાવટ પણ આવે છે. તેથી જ તે અનેક સ્વરૂપે જીવ સાથે વારંવાર દેહ ધારણ કરીને આવી શકે છે.

૫ "સપેદી" એટલે સફેદ રંગની ચાદર. સફેદ રંગ સત્વગુણ માટે વપરાય છે. પરંતુ સત્વગુણ તો માયાને અનુકૂળ આવે જ નહીં. એટલે સફેદ ચાદરનો તે ઉપયોગ કરતી જ નથી. "જાડન" એટલે જડતા. જડતા તમોગુણ માટે વપરાય છે. જડતાની સ્થિતિ તેને ગમે છે. શીતળ હવામાનમાં જડતા વધી શકે તેથી માયા ઠંડીમાં પોતે મરી રહી છે એવો ઢોંગ કરે છે.

એક પાણી ભરવા જતી હોય તેવી સ્રીને મેં રસ્તામાં દીઠી, પરંતુ તેની નીચે ગાગર હતી અને તે તેના પર બેઠી હોય તેવું જણાયું. તે એક રસ્તેથી બીજે રસ્તે એમ તે જઈ રહી હતી ત્યારે તેને સૂતેલાં લોકો પર ખાટલાં ઢાળેલાં દેખાયા.—૧

ત્યારે ઠંડીમાં તે થરથર ધ્રુજી મરતી હતી જો કે તેની પાસે સફેદ ચાદર તો પાથરેલી પડી હતી! તે પોતાના સ્વામીને પહેચાનતી નથી પણ તે તો બીજાની જ ઘરવાળી થઈને રહેતી હોય છે. સાંજ સવારે તે નિયમિત દીવો સળગાવી પૂજા જરૂર કરે છે પણ પોતાના સ્વામીને છોડીને બીજા જ ધણીનું ચિંતવન કરે છે.—૨

તેના જ પ્રેમમાં રાતદિવસ તે રત રહે છે પણ પોતાના પ્રેમીને પણ તે સાચી વાત કહેતી નથી. પોતાના પ્રેમીને તે સૂતેલો મૂકીને બહાર ચાલી નીકળે છે. અત્યાર સુધી બનતી આ સાચી હકીકતનું દુઃખ પણ કોને કહેવાય?–૩

**સાખી :** પોતાની ગુપ્ત વાત પોતાની જાંઘ ઉઘાડીને તો કહી શકાતી નથી. તે વાત તો ક્યાં તો પોતાનું ચિત જાણે કે ક્યાંતો પોતાનો કોઈ અંગત માનવ જાણે.

---

૬ "ખસમ" એટલે સ્વામી. પોતાનો મૂળ ધણી. ઇશ્વર, પરમાત્મા એનો મૂળ ધણી તેને તે ભૂલી જાય છે. બીજો જ ધણી તે શોધી લે છે. જેને આપણે સામાન્ય રીતે જીવ કહીએ છીએ. જીવની સાથે ઘરવાળીની જેમ રહેવા લાગે છે.

૭ તે પૂજા–ભક્તિનો ઢોંગ પણ કરે છે. જીવને માનપાન અપાવીને તે પૂજા કરતી હોય તેમ ખુશ રાખે છે. "જ્યોતિ લૈ બારે" એટલે દીવો સળગાવીને આરતી પણ ઉતારે છે.

૮ પોતાના મૂળ ધણીને તો તે ભૂલે જ છે પરંતુ બીજા શોધી કાઢેલા ધણીને પણ નિદ્રાધીન અવસ્થામાં દગો દે છે. જીવને તે અતિ પ્રિય માને છે છતાં તેને પોતાની સાચી હકીકત તો કહેતી જ નથી. તેણે બીજો ધણી કર્યો છે તે તો ગુપ્ત જ રાખે છે.

૯ જીવને વારંવાર તે દગો દે છે છતાં જીવ તેને છોડવા રાજી નથી થતો એ અવદશા દુઃખમયી જ ગણાય. એ દુઃખની ફરિયાદ કરે પણ કોને? બધાંની દશા તો સરખી જ હોય છે.

૧૦ "મેરો જન" એટલે પોતાનો સ્વજન. પોતાનો અંગત માણસ. આધ્યાત્મિક અર્થમાં ગુરૂ. ગુરૂને બધી જ વાતની જાણ હોય છે. તેથી તેની આગળ ગુપ્ત તો રાખી શકાય જ નહીં. વળી તે વાત જાણે છે તેથી ઉગરવાનો રસ્તો પણ ચીંધે છે. છતાં જીવ તે ચીંધેલા રસ્તે વળતો નથી. વારંવાર આ રીતે ગુરૂ શિષ્યને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરે છે તે "ગાય" ક્રિયાપદ દ્વારા વ્યક્ત થાય છે. ગાવાની ક્રિયામાં એક જ વાતનું વારંવાર આવર્તન કરવામાં આવે છે.

આ રીતે અવળવાણીનું પદ માયાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણોને સરસ રીતે, વ્યંગ્યાત્મક ઢબે રજૂ કરે છે.

## રમૈની-૭૪

તહિયા ગુપુત થુલ નહિ કાયા તાકે ન સોગ તાકિપૈ માયા
કંવલપત્ર તરંગ એક માંહી, સંગ હિ રહૈ લિપ્ત પૈનાહીં-૧

આસઓસ અંડન મહઁ રહઇ, અગનિત અંડન કોઇ કહઇ
[1]નિરાધાર અધાર લૈ જાની, રામનામ લૈ ઉચરી બાની-૨

[2]ધરમ કહૈ સભ પાની અહઇ, જાતી કે મન પાની અહઈ
ઢાર પતંગ સરૈ ધરિયારા, તિહિ પાની સભ કરૈ અચારા-૩

ફૂંદ છોરિ જો બાહર હોઈ, બહુરિ પંથ નહિ જોહૈ સોઇ-૪

**સાખી** : [3]ભરમક બાંધલ ઈ જગ, કોઇ ન કહૈ વિચાર
હરિ કી ભગતિ જાને બિના, બુડિ મુવા સંસાર.

---

૧ પરમાત્મ તત્વને નિરાધાર કહ્યું કારણ કે તેને કોઈના પણ આધારની જરૂર પડતી નથી. આ સૃષ્ટિમાં સર્વને તેના આધારની જરૂર હોય છે તે તેની વિશેષતા. તેના વડે જ સર્વ કાંઈ ચેતનવંતુ જણાય છે. અરે આ આંખ તેના વડે જ જોઈ શકે છે, આ વાણી તેના વડે જ બોલી શકે છે, આ હૈયું તેના વડે જ ધબકે છે, આ જીવન જ તેના વડે જીવવા જેવું લાગે છે.

૨ પરમાત્મ તત્વ સાથે માયા શકિત સ્વરૂપે રહે છે. પરંતુ તે તત્વ માયાના રંગોથી કદી પણ રંગાતું નથી. આ પદની સરૂઆતમાં તેને કમળ સાથે પણ સરખાવ્યું છે. જેમ કમળ કાદવથી અલિપ્ત જ રહે છે તેમ પરમાત્મા તત્વ સંસારની મલિનતાથી અલિપ્ત જ રહે છે. અહીં પાણીનો સંદર્ભ રજૂ કરી કબીર સાહેબે પાણી જેમ નિત્ય પવિત્ર રહે છે તેમ પરમ તત્વ સદૈવ પવિત્ર જ રહે છે એવું પ્રતિપાદિત કર્યું જણાય છે. નદીના પાણીમાં અનેક પ્રકારની મલિનતા રોજની ભળતી હોય છે. અનેક પ્રકારના જીવજંતુઓ મરીને અંદર સડી જતા હોય છે. છતાં તેવા પાણીથી સર્વનો વ્યવહાર ચાલતો હોય છે. કારણ કે પાણી સદા પવિત્ર જ ગણાય છે. તે રીતે આ શરીરમાં ને આ સંસારમાં પરમ તત્વ નિત્ય શુધ્ધ સ્વરૂપે જ રહે છે.

જ્યાં સૂક્ષ્મ કે સ્થૂળ શરીર પણ ન હતું, ચેતનતત્ત્વને શોક પણ ન હતો ને મમતા પણ ન હતી. પરંતુ જેમ કમળ તરંગથી અલિપ્ત રહે તેમ ચેતન તત્ત્વ માયાથી અલિપ્ત હતું. સંસારમાં તે સાથે રહે છે પણ સંસારથી તે લિપ્ત થતું નથી.—૧

આશા રૂપી ઝાકળના બિંદુઓ શરીરમાં રહેલા હોય છે. શરીર તો અગણિત પ્રકારના હોય છે, તેની ગણના કોઈ કરી શકતું નથી. નિરાધાર રામને સૌનો આધાર જાણીને વાણી રામનામ લઈને ગુંજી ઉઠી!–૨

સૌ કોઈ કહે છે ધર્મ પાણીમાં જણાય છે. ઊંચ નીચના ભેદોવાળા મનમાં પણ પાણીનો છે જ. તે પાણીમાં ઢોર, પતંગ વિગેરે જીવજંતુઓ મરીને પડે છે અને સડી જાય છે. તે જ પાણીથી લોકો સર્વ પ્રકારનો વ્યવહાર કરે છે.–૩

જે માયાનુ બંધન તોડીને મુકત થાય છે તે ફરીથી તેવા માર્ગ પર જવાની ઈચ્છા કરતો નથી.-૪

**સાખી** : આખું જગત ભ્રમમાં બંધાયલું છે તેથી કલ્યાણનો કોઈ વિચાર કરતું નથી. હરિની ભકિત જાણ્યા વિના આખું જગત સંસારમાં ડૂબી મર્યું!

---

અહીં પાણીના સંદર્ભને જરા જુદી રીતે પણ સમજી શકાય એમ છે. "જાતી કે મન પાની આઈ" શબ્દો દ્વારા આ સંસારમાં વર્ણ જાતિના ઊભા કરવામાં આવેલા ભેદોની નિરર્થકતા પણ સૂચવાઇ છે. વર્ણ જાતિના ઊંચતા ને નીચતાના ભેદોથી આભડછેટની પ્રથા ચાલુ થયેલી. શૂદ્રના સ્પર્શથી બ્રાહ્મણ અભડાતો તો તે પાણીથી સ્નાન કરી પોતાની જાતને પવિત્ર થયેલો માનતો. પરંતુ તે પાણીમાં કેટલી બધી મલિનતા ભળેલી હોય છે તેનો તેને ખ્યાલ નથી હોતો. તે તો પાણીને પવિત્ર જ માને છે. આ દૃષ્ટિએ સૌને પવિત્ર કરવાનો ધર્મ પાણીનો ગણાયો.

૩ આખું જગત આ રીતે કૃત્રિમ ભેદો ઊભા કરીને ભ્રમના બંધનમાં પીડા ભોગવી રહ્યું છે. રામનો આધાર પકડવાથી તે બંધનમાંથી મુકત થઈ શકે છે. રામને સર્વના આધાર માની તેને શરણે રહેવાથી ધીમે ધીમે મન સત્વગુણમાં સ્થિર બનવા લાગે છે અને એક દિવસ તમામ ભેદો ઓગળી જઈ મન પરમ તત્વમાં લીન થઇ શકે છે. પરમ તત્વના પરિચય વિના જે જે આ જગતથી વિદાય લે છે તે સંસારમાં ડૂબી ગયેલું ગણાય છે. મનુષ્ય જન્મનો સોનેરી અવસર નકામો બની જાય છે.

## રમૈની-૭૫

[1]તિહિ સાહબ કે લાગહુ સાથા, દુઈ દુઃખ મેટિ કે હોહુ સનાથા
[2]દશરથ કુલ અવતરિ નહિ આયા, નહિ લંકાકે રાવ સતાયા-૧
નહિ દેવકી કે ગરભ હિ આયા, નહિ જશોદા ખોદ ખેલાયા,
પ્રિથમી રમન દમન નહિ કરિયા, પૈકિ પાતાલ નહિ બલિ છલિયા-૨
નહિ બલિરાજસે માંડલ રારી નહિ હિરનાકસ બધલ પછારી
હોય વરાહ ધરનિ નહિ ધરિયા, છત્રી મારી નિછત્રી ન કરિયા-૩
નહિ ગોબરધન કરગહિ ધરિયા, નહિ ગ્વાલન સંગ બનબન ફિરિયા
ગંડક સાલિગ્રામ ન સીલા, મચ્છ કચ્છ હોય નહિ જલહીલા-૪
દ્વારાવતી શરીર ન છાંડા, લૈ જગનાથ પિંડ નહિ ગાડા-૫

**સાખી :** કહંહિ કબીર પુકારિ કે, વા પથ મતિ કોઇ ભૂલ,
જિહિ રાખે અનુમાન કૈ [3]સો થૂલ નહીં અસ્થૂલ.

---

૧ પ્રત્યેક શરીરમાં જે આત્મતત્વ રહેલું છે તેજ પરમ તત્વ છે એવો પરિચય જ્યારે થઈ જાય છે ત્યારે મન નિર્ભય બની જાય છે. જેમ બાળક પિતાની હાજરીમાં નિર્ભયતા અનુભવે છે તેમ સ્વરૂપની ઓળખાણ થવાથી મનમાં કોઇપણ પ્રકારના ભય રહેતો નથી. આને કબીર સાહેબ સનાથ અવસ્થા કહે છે.

૨ પરમ તત્વ સર્વ વ્યાપક છે છતાં તે સ્થૂળ શરીર ધારણ કરી જન્મતું નથી. જે જન્મે છે તે તો માયાનુંજ સ્વરૂપ છે. આ દ્દષ્ટિએ પ્રત્યેક અવતારો પણ માયાનાંજ સ્વરૂપો છે. તે દેહ ધરીને આવે છે તેથી તેને દેહ છોડીને જવું પણ પડે છે. જે આવન જાવન કર્યા કરે છે તે તો માયાનોજ ખેલ છે. કબીર સાહેબ જે પરમ તત્વની વાત કરે છે તે દશરથ રાજાને ઘેરે જન્મેલ અવતારી પુરૂષ રામ નહીં પણ તે રામના માનવ શરીરમાં જેને કારણે સામર્થ્ય પ્રગટ થયેલું તે તત્વ. તેજ રીતે તમામ અવતારોનું રહસ્ય કબીર સાહેબ સમજાવી રહ્યા છે. તેથી કબીર સાહેબે સાખી પ્રકરણમાં સ્પષ્ટતા કરતા કહ્યું જ છે કે

તે સાહેબ સાથે જ સંબંધ બાંધો અને જન્મ મરણના બંને દુઃખોને મિટાવી સનાથ બની જાવો. તે સાહેબ દશરથના કૂળમાં જન્મ્યા નહોતા કે લંકાના રાજાને તેણે માર્યો ન હોતો.–૧

તે દેવકીના ગર્ભ દ્વારા જન્મ્યો નહો તો, જશોદા માના ખોળે રમ્યો ન હોતો તેણે પૃથ્વી પર જન્મી ભ્રમણ, રમણ કે દમન કર્યું નહોતું, તેણે પાતાળમાં જઈને બલિરાજાને છેતર્યો નહોતો.–૨

તેણે બલિરાજા સાથે યુધ્ધ કર્યું નહોતું કે હિરણ્યકશિપુને પછાડીને વધ કર્યો નહોતો. વરાહનું રૂપ લઈ તેણે. ધરતીને હાથમાં ધરી નહોતી, કે પરશુરામ બનીને તેણે ક્ષત્રિયોનો સંહાર કરી ધરતીને ક્ષત્રિઓ વિનાની બનાવી નહોતી–૩

તેણે ગોવર્ધન પર્વત હાથમાં લીધો નહોતો કે ગોવાળીયા સાથે વનમાં તે ફર્યા નહોતા. ગંડક નદીમાં શીલા રૂપે સાલિગ્રામ બન્યા નહોતા કે માછલાનો તથા કાચબાનો અવતાર ધારણ કરીને પાણીમાં રહ્યા નહોતા.–૪

તેણે ન તો દ્વારિકામાં શરીર છોડેલું ને નતો પોતાનું શરીર જગન્નાથ-પુરીમાં સ્થાપેલું—૫

**સાખી :** કબીર પુકારિને કહે છે કે આ માયાનો પંથ છે તે કોઈ ભૂલશો નહીં. તમે જે કલ્પના કરીને પ્રભુને માન્યા છે તે તો સ્થૂળ રૂપે તો છે જ નહીં, માત્ર સૂક્ષ્મ સ્વરૂપે જ છે.

---

સબ ઘટ મેરા સાંઈયા સૂની સેજ ન કોઈ,
બલિહારી વો પુરૂષ કી જ્ન ઘટ પરગટ હોઈ.

અર્થાત્ ઘટ એટલે શરીર. પ્રત્યેક શરીરમાં મારો સ્વામી રહે છે પણ તે સુષુપ્ત અવસ્થામાં જ. જે શરીરમાં તે જાગૃત થઈ પ્રગટ બને છે તે જીવને ધન્યવાદ.

૩ ઘણા વિદ્વાનો પરમાત્મ તત્વનું વર્ણન પોત પોતાના અનુમાનથી કરે છે. હાથીને જેમ કોઈ આંધળો માણસ મોટા થાંભલા જેવો કહે, કોઈ સૂપડા જેવા કાનવાળો કહે, કોઈ મોટી સૂંઢ જેવો કહે તેમ. ખરેખર, પરમાત્મ તત્વ સ્થૂળ સ્વરૂપે હોતું જ નથી. તે તો સૂક્ષ્માતિ સૂક્ષ્મ સ્વરૂપે કણ કણમાં વ્યાપીને રહેલું નિરાકાર તત્વ છે. તેનાં વર્ણનો માત્ર અનુમાનથી કરવામાં આવે છે.

આ રીતે કબીર સાહેબ અવતારો વિષે અને માયા વિષે પોતાનો નિજી અભિપ્રાય પોતાના સ્વાનુભવને આધારે રજૂ કરે છે.

## રમૈની–૭૬

માયા મોહ કઠિન સંસારા, [1]ઇહૈ બિચાર ન કાહુ બિચારા
માયા મોહ કઠિન હૈ ફંદા, હોય [2]બિબેકી જો જન બંદા–૧
રામ નામ લૈ [3]બેરા ધારા, સો તો લે સંસાર હિ પારા–૨

**સાખી :** રામનામ અતિ [4]દુરલભ, અવરે તે નહિ કામ,
આદિ અંત ઔ જુગ જુગ, રામહિં તે [5]સંગ્રામ.

---

## રમૈની–૭૭

એકૈ [6]કાલ સકલ સંસારા, એક નામ હૈ જગત પિયારા,
[7]તિયા પુરુષ કિછુ કથો ન જાઈ, સર્વ રૂપ જગ રહા સમાઈ–૧
રૂપ અરૂપ જાય નહિ બોલી, હલુકા ગરુવા જાય ન તોલી.
ભૂખ ન તૃષા, ધૂપ નહિ છાહીં, દુઃખ સુખ રહિત રહૈ તિહિ માંહી–૨

**સાખી :** અપરંપાર હૈ રુપ મગુ, રુપ નિરુપ ન ભાય,
બહુત ધ્યાન કૈ ખોજિયા નહિ તેહિ[8] સંખ્યા આય.

---

૧ મનુષ્યને ભગવાને બુદ્ધિ આપી હોવાથી બુદ્ધિના સદુપયોગ માટે સતત પ્રયત્નશીલ બનવું જોઇએ. બુદ્ધિપૂર્વકની વિચારણા કરે તો જરૂર તે પોતાનું કલ્યાણ કરી શકે. પરંતુ માયા ને મોહ માનવમનને એટલા મીઠા લાગે છે કે તે સુધબુધ પણ ખોય બેસે છે. પરિણામે બુદ્ધિપૂર્વકની વિચારણા થઇ શકતી નથી.

૨ વિવેકી પુરૂષ જ બુદ્ધિનો વિનિયોગ કરી માયા ને મોહના પાશમાંથી છૂટવા માર્ગ શોધી કાઢે છે. જે વિવેકી નથી તે મૂઢ કહેવાય.

૩ રામનામ રૂપી જહાજ, સંસાર સાગર પાર કરવા માટેનો વિવેકી પુરૂષોએ શોધી કાઢેલું ઉત્તમ સાધન છે. વિવેકી પુરૂષો મનને રામનામમાં તલ્લીન બનાવી દે છે પરિણામે તેવું મન સંસારના ભાવોથી મુક્ત રહે છે. મતલબ કે તેવા મનમાં સંસાર રહેતો નથી. તેવા મનથી જ સંસાર સાગર પાર થઇ શકે.

૪ માયા અને મોહ જગતમાં અનેકવિધ સ્વરૂપે વ્યાપીને રહેલા છે. તેવા જગતમાં જન્મીને જીવ પ્રથમ તો માયાના મોહિની સ્વરૂપમાં જ મગ્ન બની જાય છે. પરિણામે રામનામ લઇ શકાય તેવી સ્થિતિ રહેતી નથી. એ દ્રષ્ટિએ પણ રામનામ લેવું મુશ્કેલ ગણાય છે.

સંસારમાં માયા અને મોહ (પર વિજય પ્રાપ્ત કરવો અતિશય) કઠીન ગણાય છે તે હકીકત પર કોઈ વિચાર કરતું નથી. માયા અને મોહના બંધનમાંથી મુક્ત થવું મુશ્કેલ હોવાથી સાચો વિવેકી પુરૂષ જ ભગવાનને શરણે જઈ મુક્ત થઈ શકે છે.—૧

રામનામ રૂપી જહાજ લઈને અંદર આરૂઢ થઈ જશે તેને તે જહાજ સંસાર સાગરની પાર લઈ જશે.–૨

રામનામનું સ્મરણ કરવું પણ અતિ દુર્લભ ગણાય છે, એ સિવાય બીજું ઉપયોગી પણ નથી. જન્મથી મરે ત્યાં સુધી પ્રત્યેક યુગોમાં રામનું સદા ભજન કર્યા કરવું એ જ તો કર્તવ્ય છે.

---

આખો સંસાર એકમાત્ર કાળના પ્રભાવ હેઠળ છે. તે પ્રભાવથી બચવા માટે રામનું નામ જ આખા જગતને પ્યારું થઈ પડે છે. તે રામ સ્ત્રી કે પુરૂષ છે તે કહી શકાતું નથી પરંતુ તે પ્રત્યેકરૂપોમાં વ્યાપક પણે છવાઈ રહ્યો છે તે એક હકીકત છે.—૧

તે સાકાર છે કે નિરાકાર છે તે વાણીથી વર્ણન કરી શકાતું નથી. તે વજનમાં હલકો છે કે ભારી છે તે તોલી શકાય પણ નહિ. એટલું જ નહિ પણ તેને ભૂખ કે તરસ પણ નથી, તેને તાપ પણ નથી અને છાયા પણ નથી, તે તો સુખદુ:ખ રહિત અવસ્થામાં સર્વમાં રહે છે.–૨

**સાખી :** તેના સ્વરૂપનો પાર પામી શકાતો નથી અને તે સાકાર છે કે નિરાકાર છે તે પણ નિર્ણય કરી શકાતો નથી. યોગીઓએ ખૂબ ધ્યાન કરીને સંશોધન કરવા પ્રયત્ન કર્યો છે છતાં તે એક છે કે અનેક છે તે પણ નક્કી થઈ શક્યું નથી.

---

૫ સંગ્રામ શબ્દ ભારે પુરૂષાર્થની આવશ્યકતાનું સૂચન કરે છે. જ્યાં સુધી મન છે ત્યાં સુધી સંસાર છે. સંસારમાંથી મનને વેગળું કરવું સહેલું નથી. ડગલે ડગલે જાણે કે મનની સાથે યુદ્ધ જ કરવું પડે છે. તેથી રામ સાથે પ્રીતિ બાંધવી મહાન સંગ્રામ ખેલવા જેટલું દુષ્કર કાર્ય ગણાય છે.

૬ અહીં "કાલ" શબ્દ યમરાજના અર્થમાં સમજવાથી સરળતા થઈ જાય છે. આ સંસાર પળે પળે પરિવર્તન પામ્યા જ કરે છે તે યમરાજના પ્રભાવનું કારણ છે. તેથી યમરાજથી બચવા માટે જે પરિવર્તનશીલ નથી એવા તત્વ સાથે પ્રીતિ બાંધવી એવું સત્પુરૂષોનું વચન છે. અપરિવર્તનશીલ તો આપણું આત્મ સ્વરૂપ જ છે.

૭ આત્મ તત્વ કે પરમાત્મ તત્વ સર્વવ્યાપી છે. મતલબ કે સ્ત્રી–પુરૂષો સર્વમાં તે એક જ સ્વરૂપે વિદ્યમાન રહે છે. તેથી તે તત્વ પણ સ્ત્રી કે પુરૂષ છે કે કેમ તે નક્કી કરવું જોઈએ. પણ હકીકતે તે તત્વ નથી સ્ત્રી કે પુરૂષ. તે તો અલિંગ છે.

૮ તે તત્વ એક રૂપે છે કે અનેક રૂપે છે તેનું સંશોધન યોગીઓએ કર્યું છે. યોગીઓ કહે છે કે તે એક ને અદ્વિતીય છે પણ અનેક રૂપે ભાસે છે તેથી મનને ભ્રમણા થાય છે. માટે તેના સ્વરૂપનો નિર્ણય કરવા પ્રયત્ન કરનાર નિષ્ફળ જ થાય છે.

## રમૈની-૭૮

મનુષ જન્મ ચુકેહુ [1]અપરાધી, યહિ તન કેર બહુત હૈ સાઝી
તાત જનની કહ પૂત હમારા, [2]સ્વારથ લાગિ કીન્હ પ્રતિપાલા-૧
[3]કામિની કહૈ મોર પિયુ અહૈ, બાઘિનિ રુપ ગિરાસન ચાહૈ
સુત કલત્ર રહૈ લવ લાયે, જમકી નાંઇ રહૈ મુખ બાયે-૨
કાગ ગીધ દુઈ મરન બિચારૈં, સિકર સ્વાન દુઇ પંથ નિહારૈં
[4]અગ્નિનિ કહૈ મૈં ઈ તન જારૌં પાની કહૈ મૈં જરત ઉબારોં-૩
ધરતી કહૈ મોહિ મિલિ જાઇ, પવન કહૈ સંગ લેંઉ ઉડાઈ
જા ઘર કો ઘર કહૈ ગંવારા, સો [5]બૈરી હૈ ગલે તુમ્હારા-૪
સો તન તુમ આપન કૈ જાની, [6]વિષય સ્વરૂપ ભૂલે અજ્ઞાની-૫

**સાખી :** ઇતને તન કે સાઝિયા, જન્મો ભરિ દુઃખ પાય
[7]ચેતત નાહીં મુગ્ધ નર, મોર મોર ગોહરાય.

---

૧ મનુષ્ય જન્મ દુર્લભ છે તેથી તેવો મૂલ્યવાન જન્મ પ્રાપ્ત કર્યા પછી ભૂલ કરવામાં આવે તો તે મોટો અપરાધ ગણાય. મનુષ્ય દેહમાં જ કલ્યાણનું કાર્ય થઈ શકે તેથી સાવધાન થઇને જીવે રહેવું જોઇએ. તેથી તો ભાગવતમાં ઉપદેશ આપવામાં આવ્યો કે

લબ્ધ્વા સુદુર્લભમિદં બહુસંભવાન્તે
માનુષ્યમર્થદમનિત્ય મપીહ ધીરઃ ।
તૂર્ણં યતેત ન પતેદનુમૃત્યુ યાવત્
નિઃશ્રેયસાય વિષયઃ ખલુ સર્વતઃ સ્યાત્ ॥ (૧૧/૯-૨૯)

અર્થાત્ નિરંતર મૃત્યુવાળો સદા પરિવર્તનશીલ એવો દેહ હોવા છતાં તે અત્યંત દુર્લભ મનાયો છે. તેવો દેહ ઘણા જન્મને અંતે તેં પ્રાપ્ત કર્યો છે તો એનું મૃત્યુ થાય તે પહેલાં તું તારા કલ્યાણને માટે હે જીવ! જલદી જલદી પ્રયત્ન કરી લે. બાકી વિષયો તો તને બધીજ જગ્યાએ મળી રહેશે.

૨ મહર્ષિ યાજ્ઞવલ્ક્ય પોતાની પત્ની મૈત્રેયીને સમજાવતાં કહે છે કે "ન વા અરે પુત્રાણામ્ કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ, આત્મનસ્તુ કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ।" અર્થાત્ પુત્રના સુખને લીધે પુત્ર પ્રિય લાગતો નથી પણ પોતાના સુખને લીધે પુત્ર પ્રિય લાગે છે. પુત્ર ભવિષ્યમાં પોતાને સુખ આપશે એવી સ્વાર્થવૃત્તિને કારણે પુત્ર પ્રિય લાગે છે.

૩ પ્રેમિકા પણ સ્વાર્થવૃત્તિને કારણે જ પ્રિયતમને વહાલો માને છે. સુત એટલે પુત્ર અને કલત્ર એટલે પોતાની પત્ની. પુત્ર કે પત્ની પણ સ્વાર્થવૃત્તિથી જ પ્રેમ કરે છે.

હે અપરાધી જીવ! તું મનુષ્ય તરીકે જન્મ ધારણ કર્યા પછી રસ્તો ચૂકી ગયો છે. આ તારા શરીરના તો ઘણા ભાગીદાર છે. માતાપિતા કહે છે કે આ તો મારો પુત્ર છે તેથી સ્વાર્થવશ તેઓ તારું લાલન પાલન કરે છે.–૧

નારી પ્રિયતમા તો દાવો કરે છે કે એ તો મારો પ્રિયતમ છે અને વાઘણી માફક તને ખાય જવા માંગે છે. પુત્રો તથાપત્ની પણ પ્રેમ લગાડીને બધું જ ખાય જવા મ્હોં ફાડીને તાકી રહે છે.—૨

કાગડાઓ ને ગીધો તારા મરણની રાહ જુવે છે અને શિયાળ તથા કૂતરા રસ્તેથી શબ પસાર થશે તેવી નજર રાખે છે. અગ્નિ કહે છે કે હું આ શરીરને જલાવી દઈશ અને પાણી કહે છે કે હું એને હોલવી નાંખીશ–૩

ધરતી કહે છે કે એ તો રાખ થઈને મારામાં મળી જશે અને પવન કહે છે કે હું એને મારી સાથે ઉડાડી જઈશ. હે મૂર્ખ! જે ઘરને તું તારું ઘર માને છે તે ખરેખર ઘર નથી પણ ગળામાં પહેરેલી બેડી છે. ૪

તે શરીરને હે જીવ તું તારું પોતાનું માને છે એ ખરેખર વિષયની સુંદરતામાં તેં કરેલી મોટી ભૂલ છે.–૫

**સાખી :** આટલા બધા તો તારા શરીરના ભાગીદારો છે અને જન્મભર તું દુ:ખી થયો છતાં પણ તું હે મુગ્ધ નર! ચેતતો નથી અને મારું મારું કહી પોકાર્યા કરે છે.

---

૪ જે મહાભૂતોથી આ શરીર બન્યું છે તે મહાભૂતો પણ પોતપોતાની રીતે આ શરીરની માલિકી માટે દાવો કરે છે. અગ્નિ, પાણી. વાયુ પૃથ્વી ને આકાશ એ પંચમહાભૂતના તત્ત્વો–અગ્નિ બાળવાની, પાણી એને શીતળ કરવાની, પવન એને પોતાની સાથે લઈ જવાની અને પૃથ્વી પોતાની અંદર સમાવી લેવાની રાહ જુએ છે.

૫ જે શરીરને તું તારું આત્મ સ્વરૂપ માને છે તે ખતરનાક છે કારણ કે તારા ગળામાં તેં જ ફાંસો નાંખ્યો હોય તેવી તે ક્રિયા છે.

૬ વિષયની ક્યાં ખોટ છે. તે તો બધે જ સરળતાથી મળે છે. વિષયો દેહમાં જરૂર છે પણ દેહ સરળતાથી મળતો નથી. એટલે વિષયોની મોહિની ને કારણે અજ્ઞાની જીવ ખોટું માને છે.

૭ માનવ શરીર ધર્મનું સાધન છે માટે ઉત્તમ છે. તે મહામુશ્કેલીથી મળે છે તેથી કિંમતી છે. પરંતુ તે દેહને આત્મ સ્વરૂપ સમજવું એ મૂઢતા છે. વિષયોમાં મુગ્ધ બનેલા જીવની મૂર્ખતાઈ છે. તેથી 'મારું મારું' કરી કરી જીવ દુ:ખી થયા કરે છે. દેહને દેહ માનવાથી કોઈ અપરાધ થતો નથી પણ દેહને આત્મ સ્વરૂપ માનવાથી જ અપરાધ થાય છે. માનવ દેહ પ્રાપ્ત કર્યા પછી જ આત્મ સ્વરૂપનો પરિચય થઈ શકે છે તે દેહનું આધ્યાત્મિક મૂલ્ય છે. પળે પળે દેહમાં પરિવર્તન થયા કરે છે તેની પ્રતીતિ થવી તે દેહનું ભૌતિક મૂલ્ય છે. આ રીતે દેહ એ પ્રભુ તરફથી મળેલી મોટી ભેટ છે અને તેથી તેનો સદુપયોગ આત્મ કલ્યાણ કરવા માટે જ કરી લેવો જોઇએ એવી સાવધાની રાખવી મનુષ્યની ફરજ છે.

## રમૈની-૭૯

બઢવત બઢી ઘટાવત છોટી, પરિખત ખરી [1]પરિખાવત ખોટી
કેતિક કહૌં કહાં લૌં કહી, ઔરો કહૌં પરૈ જો સહી-૧

કહલ બિના મોહિ રહલ ન જાઇ, [2]બેઢઇ લૈ લૈ કુકર ખાઈ-૨

**સાખી :** ખાતે ખાતે જુગ ગયા, બહુરિ ન ચેતે આય
કંહહિં કબીર પુકારિ કૈ, જીવ [3]અચેતૈ જાય.

---

## રમૈની-૮૦

[4]બહુતક સાહસ કરુ જિય અપના, તિહિ સાહબ સોં ભેટ ન સપના
ખરા ખોટ નિજ નહિ પરિખાયા, ચાહત લાભ તિન મૂલ ગંવાયા-૧
સમજિ ન પરૈ [5]પાતરી મોટી, ઓછ ગાંઠિ સબૈ ભો ખોટી
કંહહિ કબીર કેહિ દેહુ ખોરી, જબ ચલિહૈ ઝિઝિ આસા તોરી-૨

**સાખી :** [6]ઝીં ઝીં આસા મંહ લગે, જ્ઞાની પંડિત દાસ
પાર ન પાવહિ બાપુરે, ભરમત ફિરહિં ઉદાસ.

---

૧ આશા. તૃષ્ણા, વાસના અથવા તો માયા જેટલી વધારવી હોય તેટલી વધારી શકાય છે તે આપણા સૌનો અનુભવ છે. પરંતુ ઘટાડવા પ્રયત્ન કરતા નથી એટલે જેટલી ઘટાડવી હોય તેટલી ઘટાડી શકાય છે તે સત્ય સૌને સમજાય. જેણે ઘટાડી હોય અથવા જેને એવો અનુભવ થયો હોય તેને પૂછવાથી આપણને સાચી માહિતી મળે છે. કેટલીકવાર જાતે પ્રયત્ન કરવાથી ભ્રમમાં પડી જવાય છે. હૃદયમાં વિવેક જ્ઞાનની જાગૃતિ ન થાય ત્યાં સુધી કયી ઘટાડવી ને કયી વધારવી તેનુ ભાન પ્રગટતું નથી. તેથી ગીતામાં કહ્યું છે તેમ આપણે જાણકાર પાસે જઇને પૂરેપૂરો લાભ લેવો જોઇએ.

અનુભવવાળો હોય કે જ્ઞાની તેમ જ હોય.
તેને નમતાં સેવતાં પૂછ પ્રશ્ન તું કોય.
જ્ઞાન તને તે આપશે તેથી મોહ જશે,
જગ આખું મુજમાં પછી જોશે આત્મા વિશે.

૨ 'બેઢઈ' એટલે સ્વાદિષ્ટ વાનગી કે જેમાં વિધ વિધ પ્રકારના તેજાનાઓ અને મસાલાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોય. સારૂં લાગે એટલે ખવાય જાય પણ તે પ્રતિકૂળ હતું તેનું ભાન રહે નહીં. તે દશા કૂતરા જેવી ગણાય. બુદ્ધિશાળી તો અનુકૂળ હોય તો પણ અલ્પ પ્રમાણમાં જ લે છે.

માયા વધારતા વધે છે અને ઘટાડતા ઘટે છે. પોતાને જાતને તપાસ કરતાં સાચી લાગે છે પરંતુ જાણકાર પાસે તપાસ કરાવતાં ખોટી લાગે છે. કેટલું કહું અને ક્યાં લગી કહ્યા કરું! કોઈને મારી વાત યોગ્ય લાગે તો તેને બીજું પણ કહેવા તૈયાર છું.–૧

ખરેખર જિજ્ઞાસુ જનને જોઈ મારાથી કહ્યા વિના રહી શકાતું નથી. જુઓને, મસાલેદાર કચોરી કુતરો ખાયા જ કરે છે.—૨

**સાખી :** ખાતા ખાતા તો યુગો વીતી ગયા, વારંવાર જન્મ ધારણ કરીને જીવ આવ્યો ખરો પણ ચેત્યો જ નહીં! એટલા માટે કબીર પોકાર કરીને વારંવાર કહે છે કે સમજ્યા વિના જે જાય છે તે દુ:ખદ છે.

---

હે જીવ! તું અનેક પ્રકારના સાહસિક પ્રયત્નો કર્યા કરે છે પણ તે સાહેબ તો તને સ્વપ્નમાં પણ મળ્યા નહીં. જે વિવેકજ્ઞાનથી ખરા ખોટાની તપાસ કરે નહીં તે લાભની ઈચ્છા કરતો હોવા છતાં મૂળ ધન પણ ગુમાવી દે છે.–૧

હે જીવ! સ્થૂથ અને સૂક્ષ્મ પ્રકારની માયામાં તને સમજ પડી નહીં અને અધૂરા જ્ઞાની સાથે સંબંધ જોડી તેં બધું જ ખરાબ કરી દીધું. તેથી કબીર કહે છે કે જ્યારે તું સૂક્ષ્મ પ્રકારની મનમાં છુપાયલી આશા અતૃપ્ત રાખી ચાલ્યો જશે ત્યારે કોને દોષિત ગણશે?–૨

**સાખી :** મોટા મોટા જ્ઞાનીઓ અને પંડિતો ઝીણી ઝીણી વાસનાઓમાં જ મગ્ન રહે છે અને તેઓ સંસાર પાર કર્યા વિના નિરાશ થઈને અહીં તહીં ભટકયા કરે છે!

---

૩ મનુષ્ય યોનિ એ ભોગયોનિ નથી પણ ભોગમાં ડૂબી રહેવાથી માનવ જન્મ નો પૂરેપૂરો લાભ લઈ શકાતો નથી, પરિણામે મનુષ્ય યોનિ ભોગયોનિ જ છે એવા રીતે વેડફી દેવામાં આવે છે તેથી કબીર સાહેબ તેવી મનોદશાને "અચેત' કહીને વર્ણવે છે. સ્વરૂપ તરફ લક્ષ જાય તો સચેત દશા કહેવાય. યોગવાસિષ્ટમાં પણ કહ્યું છે કે

નષ્ટાત્મસ્થિતયો ભોગવહ્નિષુ પ્રજ્વલન્ત્યલમ્ ।
દેવા દિવિ દવેનાદ્રૌ દહ્યમાના દ્રુમા ઇવ ॥ (૬-૨-૯૭/૨૭)

અર્થાત્ આત્મામાં સ્થિતિ ન કરવાથી સ્વર્ગમાં દેવો પણ પર્વત પર જંગલમાં દવ લાગે ને વન બળે તેમ ભોગરૂપી અગ્નિમાં બળી રહ્યા છે.

૪ કોઈના કહેવાથી પુરૂષાર્થ ખૂબ કરવામાં આવે તો પણ તે નકામો છે. સમજ્યા વિના કોઈ ક્રિયા કરવી ન જોઇએ. સમજપૂર્વકની મહેનત હમેશા ફળે છે.

૫ વાસનાથી અંતઃકરણ ભરેલું હોય છે. તેમાં કેટલીક સ્થૂળ વાસના હોય છે તો કેટલીક સૂક્ષ્મ હોય છે. સૂક્ષ્મ વાસનાની સમજ સદ્ગુરૂ પાસેથી જ મળી શકે. અધૂરા જ્ઞાની વડે આખો ભવ બગડે છે.

૬ આત્મોપનિષદમાં કહ્યું છે કે કામ ક્રોધાદિ દુર્ભાવોથી મન અશુદ્ધ થઈ જાય પછી જે કાંઇ મેળવેલું બ્રહ્મજ્ઞાન હોય તે પણ નાશ પામે છે. તેથી સૂક્ષ્મ પ્રકારની વાસનાઓથી હંમેશ સાવધાન રહેવું જરૂરી છે.

## રમૈની ૮૧

[1]દેવ ચરિત્ર સુનહુ રે ભાઈ, જો બ્રહ્મા સો ધિયઉ નસાઈ
ઉ જો સુની મંદોદરિ તારા, તિનિ ઘર [2]જેઠ સદા લગવારા-૧
સુરપતિ જાય અહીલહિં છરી, સુરગુરુ ઘરનિ ચંદ્રમે હરી
કંહહિ કબીર હરિ કે ગુન ગાયા, કુંતી કરન કુંવાર હિ જાયા-૨

---

## રમૈની-૮૨

સુખ કે બ્રિચ્છ ઈક જગત ઉપાયા, સમુઝિ ન પરલિ વિષૌ કિછુ માયા
છવ છત્રી પત્રી જુગ ચારી, ફલ દૂઈ પાપ પુન્ન અધિકારી-૧

સ્વાદ અનંત કિછુ બરનિ ન જાઈ, કૈ ચરિત્ર સો તાહિ સમાઇ
નટ વટ સાજ સજિયા સાજી, જો ખેલૌ સો દેખૌ બાજી-૨

મોહા બપુરા [4]જુગુતિ ન દેખા, શિવ શકિત બિરંચિ નહિ પેખા-૩

**સાખી** : પરદે પરદે ચલિ ગયે, સમુઝિ પરી નહીં બાની
[5]જો જાનહિ સો બાંચિહૈ, હોત સકલ કી હાનિ.

---

૪ સૌ જન્મ ધારણ કરે છે આ જગતમાં જ, આ સંસારમાં જ. પરંતુ સંસારમાં જન્મીને સંસારમય ન બની જવાય તે માટે કર્મ કરવાની કુશળતા પ્રાપ્ત કરવી જરૂરી છે. તેને બદલે બધાં જ સંસારના બની જાય છે અને સંસારમય થઈ જાય છે તેથી તેઓને માયાના ખેલનું રહસ્ય સમજાતું નથી. સંસારમાં જો યુકિતપૂર્વક રહેવામાં આવે તો તેને માયાની બાજીની સર્વ સમજ પડી જાય છે, તેથી યુકિત જાણનારા બુદ્ધિશાળી માણસો મનમાં સંસારને ઉગવા દેતા નથી. જો ભૂલેચૂકે પણ ઉગે તો તેને અનાશકિતની કુહાડીથી છેદી નાંખે છે.

દૃઢ આ દ્રુમ સંસારનું એમ વિચારી જે,
અનાસકિતના શસ્ત્રથી છેદે બુધજન તે. (સરળ ગીતા અ-૧૫)

૫ જે સંસારમાં રહેવાની કુશળતા પ્રાપ્ત કરે છે તે મનમાં સંસારને ઊગવા દેતો નથી. તેથી તેવા જ માણસો માનવ જન્મને સાર્થક કરી શકે છે. બાકી બીજા બધાં તો માનવ જન્મની સુવર્ણ તકને ગુમાવીને મોટું નુકશાન વેઠી રહે &.

હે ભાઈઓ! દેવલોકોના ચરિત્ર સાંભળો તો ખરા. ખુદ બ્રહ્માજીએ તો પોતાની પુત્રીનું શિયળ નષ્ટ કર્યું હતું. મંદોદરી અને તારા કે જે પતિવ્રતા કહેવાય છે તેના ઘરમા સ્ત્રીના સદા આસકત દિયરો જેઠ બની ગયા હતા—૧
દેવતાઓના પતિ ગણાતા ઈન્દ્રે અહલ્યાને છેતરી હતી અને દેવતાઓના ગુરૂની પત્નીનું હરણ ચંદ્રમાએ કર્યું હતું. તેથી કબીર કહે છે પ્રભુની માયાથી બચવા માટે પ્રભુના ગુણ ગાવા જોઈએ. બાકી સૂર્યદેવથી પણ કુંવારી કુંતીના કૂખે કર્ણ પેદા થયો હતો!-૨

---

જીવના સુખને માટે માયાયે એક સંસાર રૂપી વૃક્ષ પેદા કર્યું પરંતુ જીવને માયાના વિષયોની કંઈ પણ સમજ પડી નહીં મોટા રાજા ગણાતા છ ક્ષત્રિયો પણ પંખી બનીને તે વૃક્ષ પર બેઠા અને પાપ તથા પુણ્યના બે પ્રકારના ફળોના અધિકારી બન્યા.—૧
તેનો સ્વાદ વર્ણન કરી ન શકાય તેવો અનંત હોય છે. તે માયા અનેક પ્રકારના ચરિત્રો કરીને સંસારમાં એ રીતે વ્યાપક બની એકરૂપ થઈ ગઈ. તે નટની માફક વિધ વિધ પ્રકારના વિષયોની સામગ્રી સજાવતી રહે છે. જો જીવ તેની સાથે ખેલ ખેલવા માંડે છે તો તેને માયાની બાજી જોવા મળે છે.—૨
પરંતુ મોહમાં ઘેલા બનેલા જીવને જુકિત જાણતો ન હોવાથી માયાની બાજી બરાબર જોઈ શકતો નથી. અરે, શંકર, બ્રહ્મા અને સાક્ષાત. શકિત જેવા અધિકારી લોકો પણ માયાની લીલાનું રહસ્ય પામી શકયા નહિ.—૩
**સાખી** : અજ્ઞાન રૂપી પડદે પડદે જીવની અધોગતિ થતી જ રહી કારણ કે શાસ્ત્રગ્રંથોની વાણી સમજાતી નથી. જે સમજે છે તે માયાથી બચી જાય છે બાકી સર્વ લોકોને નુકશન થયા જ કરે છે.

---

૧ માયાથી દેવતાલોકો બચ્યા નથી તો જીવોને તેઓ કેવી રીતે બચાવી શકે એવું કબીર સાહેબ પુરવાર કરવા માંગે છે. સાક્ષાત બ્રહ્માજી પોતે કે જેને સૃષ્ટિના સર્જક તરીકે માનવામાં આવે છે તે કામ વાસનાથી આસકત થઇને પોતાની જ પુત્રીનું જીવન બરબાદ કરે છે; સતી ગણવામાં આવતી પતિવ્રતા નારી મંદોદરી અને તારાને તેના ગણાતા દિયર લોકો જ પરણી ગયેલા અને દિયરના જેઠ બની ગયેલા; દેવોમા શ્રેષ્ઠ ગણાતા ઈન્દ્રે ગૌતમ મુનિની પત્ની અહલ્યા સાથે તેની મરજીથી સંભોગ કરેલો; દેવતાઓના ગુરૂ ગણાતા બૃહસ્પતિની પત્નીનું હરણ ચંદ્રદેવે કરેલું અને સૂયદેવે કુંવારી કુંતીને સગર્ભા કરેલી અને કર્ણનો જન્મ થયેલો તે સર્વ પ્રસંગો દેવોના હીનચરિત્રોના દ્રષ્ટાંતો છે. તેથી દેવોની ભકિત ન કરવી જોઇએ.

૨ દિયર ગણાતા હતા તે જેઠ થઇ ગયા એવો કટાક્ષ પણ કર્યો ગણાય.

૩ ગીતામાં પણ સંસારને પીપળાના ઝાડ તરીકે પંદરમાં અધ્યાયની શરૂઆતમાં જ વર્ણવ્યો છે.

અવિનાશી આ જગતને કહ્યો પીપળો છે,
તેનો જાણે સાર જે જ્ઞાની સાચો તે. (સરળ ગીતા અ-૬)

## રમૈની-૮૩

છત્રી કરઈ છત્રિયા ધરમા, વાકે બષઇ સવાઈ [2]કરમા
જિન અવધૂ ગુરૂ જ્ઞાન લખાયા, તાકર મન તહઁા લે ધાયા-૧

[3]છત્રી સો જો કુટુમસે જૂઝે, પાંચૌ મેટિ એક કૈ બૂઝૈ
જીવૈ મારિ [4]જીવહિં પ્રતિપાલૈ, દેખત જન્મ આપનો હારૈ-૨

હાલૈ કરૈ નિસાને [5]ઘાઉ, જૂઝિ પર જહઁા મન્મથ રાઉ-૩

**સાખી :** મનમથ મરૈ ન જીવઇ, જીવહિં મરન ન હોય
[6]સુન્ન સનેહી રામ બિનુ, ચલે અપનપૌ ખોય.

---

૧ રૂઢિગત ક્ષત્રિય ધર્મની દષ્ટિએ ક્ષત્રિય રાજાએ પડોશી રાજાઓને શત્રુ ગણી તેને યેનકેન પ્રકારે જીતી લેવો જોઇએ અને પ્રજાના સુખને માટે સુવ્યવસ્થા કરવી જોઇએ. અઢારમાં અધ્યાયમાં ક્ષત્રિયોના કર્મ બતાવતા ગીતા કહે છે

શૂરવીર ને ચપળ ને તેજસ્વી બનવું,
ધીરજ ધરવી, યુદ્ધથી પાછા ન ફરવું.
દાની બનવું, શ્રેષ્ઠતા ભાવ સદા ધરવો,
એ ક્ષત્રિયનાં કર્મ છે, દયાભાવ ધરવો. (સરળ ગીતા અ-૧૮)

૨ "સવાઈ કર્મ" એટલે કર્મનું બંધન વધે તે. ક્ષત્રિયનાં કર્મ કરી રાજા સત્કર્મમાં વધારો કરે છે. સત્કર્મને પુણ્યની દષ્ટિએ વર્ણવવામાં આવે છે. તેથી સ્વર્ગાદિ સુખ પણ પ્રાપ્ત થાય છે એવું કહેવામાં આવે છે. પરંતુ તે સુખનો પણ એક દિવસ અંત આવે છે અને ફરીથી જીવે જન્મ તો લેવોજ પડે છે.

૩ કબીર સાહેબ સાચા ક્ષત્રિયનું વિશિષ્ટ રીતે વર્ણન કરે છે. રૂઢિગત ક્ષત્રિય ધર્મનું પાલન કરવાવાળા ક્ષત્રિયથી તે જુદીજ રીતે વિચારે છે ને વર્તે છે. "કુટુમસે" શબ્દ પોતાના ગણાતા માણસો સાથેના મમતાના બંધનનું સૂચન કરે છે. શરીરમાં મન અને ઇન્દ્રિયોનો સમૂહ તે કુટુંબ. જીવ તેની સાથે મમતા કરીને રહે છે. પરંતુ સાચો ક્ષત્રિય પોતાના કુટુંબ સાથે મમતા કરતો નથી બલકે તેની સાથે યુદ્ધ કરે છે. યુદ્ધ કરીને શરીર પર ચાલતા મન તથા ઇન્દ્રિયોના પ્રભાવને નહિવત્ કરી આત્માના પ્રભાવને વધારે છે. પોતાનો દેહભાવ ઓછો કરી આત્મભાવ વધારે છે. પોતાના મન તથા ઇન્દ્રિયો સાથે યુધ્ધ કરી વિજય પ્રાપ્ત કરવો ને સાચા ક્ષાત્રયનું લક્ષણ છે.

ક્ષત્રિય લોક પ્રણાલિકાગત ક્ષત્રિય ધર્મનું બરાબર પાલન કરે તો તે લોકોનું સત્કર્મ સવાયુ બને છે. જે વિરક્ત ગુરૂની પાસેથી જ્ઞાનનો ઉપદેશ લીધો હોય તેની તરફ જ મન તો દોડયા કરે છે.–૧

ખરેખર ક્ષત્રિય તો તે છે કે જે મમતાના રંગે રંગાયલા પોતાના કુટુંબી જેવા ગણાતા મન તથા ઈન્દ્રિયોની સાથે ઝઝૂમે છે અને પાંચે ઈન્દ્રિયોની સત્તાને મટાડી એક આત્માની સત્તાને સમજે છે. બીજા જીવોને મારીને પોતાના જીવતું જે રક્ષણ કરે છે તે તો પોતાને મળેલા મનુષ્ય જન્મને હારી જ જાય છે.–૨

તેથી સાચો ક્ષત્રિય તો તે જ ગણાય કે જે સત્વરે પોતાના આત્માના વિરોધી ગણાતા શત્રુઓને ઘાયલ કરી દે છે અને જ્યાં રાજા કામદેવનો પ્રભાવ હોય ત્યાં યુદ્ધ કરી લે છે –૩

**સાખી :** કામદેવ જો મરી જાય અને જીવિત થાય જ નહીં તો આ જીવનું મરણ પણ કદી થતું નથી પરંતુ કામદેવ ન મરે તો તુચ્છ વિષય પદાર્થોમાં સ્નેહકરીને પરમાત્માસ્વરૂપ રામની પ્રાપ્તિ વિના પોતાના સ્વરૂપને ભૂલીને જન્મમરણના ચક્રમાં જીવ ચાલ્યા કરે છે.

---

૪ સામાન્ય રીતે ક્ષત્રિયો હિંસક ગણાય છે. તેઓ યુધ્ધમાં અનેકનો સંહાર કરાવી વિજય પ્રાપ્ત કરે છે ને સુખી બનવા પ્રયત્ન કરે છે. બીજાનો સંહાર કરી પોતાના જીવનું રક્ષણ કરવાની રીત ઉત્તમ ક્ષત્રિયની ન ગણાય. તેવી રીતથી તો તેના કર્મનાં બંધનો વધી જાય છે અને પરિણામે જન્મમરણનાં દુ:ખથી મુક્ત થવાતું નથી. દેખીતી રીતે મનુષ્ય જન્મ પ્રાપ્ત થવાને કારણે તેને સોનેરી તક મુક્ત થવા માટે મળતી હોય છે. પરંતુ ઉત્તમ ક્ષત્રિય હોય તેજ તકને સાધી શકે છે. બીજા ક્ષત્રિયો તો જીવનની બાજી હારી જાય છે. માટે જીવનની બાજી જીતવા માટે સાચા ક્ષત્રિય થવાની જરૂર પડશે.

૫ બાણ મારતી વખતે નિશાન ચૂકી જવાય તો શત્રુ બચી જાય છે અને ઘણી વાર શત્રુ તેના પર વિજય પ્રાપ્ત કરે છે. સાચો ક્ષત્રિય નિશાન ચુકતો નથી. ઉપનિષદ પણ એવી જ શીખામણ આપે છે.

પ્રણવો ધનુ: શરો હિ આત્મા બ્રહ્મ તલ્લક્ષ્યમુચ્યતે
અપ્રમત્તેન વેદ્ધવ્યં શરવત્ તન્મયો ભવેત્ ।।

અર્થાત્ ઓમ્ ધનુષ્ય છે અને આત્મ બાણ છે. તેનું લક્ષ્ય બ્રહ્મની પ્રાપ્તિ છે. એકદમ સાવધાન થઇને લક્ષ્યને વીંધી નાંખવું જોઇએ અને બાણ લક્ષ્યમાં તન્મય થાય તેમ તન્મયતા પ્રાપ્ત કરવી જોઇએ.

૬ જે લક્ષ્ય સાથે તન્મય ન થાય તે જીવનની બાજી હારી જાય છે. મન આત્મા સિવાય બીજા પદાર્થોમાં તન્મય થઈ જવાથી શરીરમાં રહેલા પરમાત્મા સ્વરૂપ રામ તરફ ધ્યાન જતું નથી. "સુન્ન સનેહી" એટલે પરિવર્તનશીલ નાશવંત પદાર્થોની પ્રાપ્તિ માટે જ સદાયે ઝંખતો જીવ. તે મન પર વિજય મેળવી શકતો નથી. પરિણામે મૃત્યુલોકમાં તેની આવન જાવન ચાલુ જ રહે છે.

## રમૈની-૮૪

જિયરા આપન [1]દુઃખહિં સંભારુ, જો દુઃખ વ્યાપિ રહલ સંસારુ,
માયા મોહ બંધે સભ લોઇ, અલપે લાભ [2]મૂલ ગૌ ખોઈ-૧

મોર તોરમેં સભૈ બિગૂતા, જનની ઉદર ગરભ મંહ સૂતા,
બહુત ખેલ ખેલે બહુ બૂતા, [3]જન ભંવરા અસ ગયે બહૂતા-૨

ઉપજિ વિનસિ ફિરિ જો ઇનિ આવૈ, સુખકા લેસ સપને નહિ પાવૈ,
દુઃખ સંતાપ કષ્ટ બહુ પાવૈ, [4]સો ન મિલા જો જરત બુઝાવૈ-૩

મોર તોર મંહ જર જગ સારા, ધિગ સ્વારથ જૂઠા હંકારા,
જૂઠી આસ રહા જગ લાગી, ઇન તે[5] ભાગિ બહુરિ પુનિ આગી-૪

જો હિત કૈ રાખૌ સભ લોઈ, [6]સો સયાન બાંચા નહિ કોઇ-૫

**સાખી :** આપુ આપુ ચેતૈ નહીં, કહૌં તો રુસવા હોય,
કહંહિ કબીર જો સપને જાગે, નિરઅસ્તિ અસ્તિ ન હોય.

---

૧ માણસે પોતાનાં દુઃખનો સૌ પ્રથમ વિચાર કરવો જોઇએ. જો તે સુખનો જ વિચાર કરે તો તેનું મન છકી જાય છે અને અહંકારમાં ડૂબી જાય છે. જો તે દુઃખમાં નિરાશ થઈ બીજાના સુખને જોઈ બળ્યા કરે તો ઈર્ષ્યા ભાવ દૃઢ થવાને કારણે તે સુખનો સાચો માર્ગ શોધી ન શકે. તેથી દુઃખનો સ્વસ્થ મને વિચાર કરવો જોઇએ તે દુઃખનાં કારણોનું સંશોધન કરતા રહેવું જોઇએ. કારણ અવગત થશે તો તેને દૂર કરી સુખનો સાચો માર્ગ શોધી શકાશે.

૨ અગાઉની રમૈનીઓમાં કબીર સાહેબ કહી ગયા કે માયા ને મોહના બંધનો દૂર કરવા અતિશય દુષ્કર છે. માયા ને મોહમાં ફસાયલા જીવને ક્ષણિક સુખનો અનુભવ અનેકવાર થયા કરે છે. પરંતુ ક્ષણ પછી તે ફરીથી વ્યથિત પણ બની જાય છે. છતાં તે ક્ષણિક સુખના લાલચમાં પોતાના "સ્વ"નો વિચાર કરતો નથી. "સ્વ" બે પ્રકારે સમજી શકાય. એક "સ્વ" જે ઉત્તમ ગણાય અને આપણું વાસ્તવિક સ્વરૂપ ગણાય. આત્મ સ્વરૂપ તે અને બીજો "સ્વ" જે અધમ ગણાય કે જે દેહાભિમાનને કારણે શરીરને જ આપણું સ્વરૂપ માનીએ છીએ તે. આત્મ સ્વરૂપ એ મૂળ ધન છે. જો સ્વરૂપનો વિચાર કરે તો માયા ને મોહના બંધનો ઢીલાં પડતાં જાય અને તે મુક્ત થઈ શકે.

હે જીવ! જે દુઃખ સમગ્ર સંસારમાં વ્યાપી રહેલું છે તે દુઃખને જ આપણે યાદ કરવું જોઈએ. માયા અને મોહના પાશથી સર્વ લોકો તો બંધાયલા છે અને અલ્પ સુખના લાભમાં મળેલું સર્વ ધન પણ ખોઈ નાંખે છે.-૧

મારા તારાના ભાવમાં સર્વલોકો ફસાયા છે તેથી તેઓ માતાના ગર્ભમાં જઈને સૂતા છે. શકિતશાળી માણસોએ અનેક પ્રકારના ખેલો ખેલ્યા છે છતાં માનવરૂપી ભમરાઓ તો વિષયોમાં જ મરી ગયા છે.-૨

આ જીવ તો ઉત્પન્ન થાય છે, મૃત્યુ પામે છે અનેફરીથી જન્મ ધારણ કરી અહીં આવે છે, છતાં ય કદી પણ સ્વપ્નમાં ય સુખ તેને મળ્યું નથી. દુઃખો, કષ્ટો ને સંતાપો તે ખૂબ પામે છે પરંતુ તેઓની અગનને શાંત કરી દે એવો કોઈ હજી સુધી મળ્યો નથી.-૩

મારા તારાના અગ્નિમાં આખું જગત જલી રહ્યું છે. ધિકકાર છે તે સ્વાર્થ અને મિથ્યા અહંકારને! જગત તો જૂઠી આસામાં ને આશામાં લાગેલું રહે છે. એક અગ્નિમાંથી બચે છે તો બીજે જઈને પડે છે.-૪

જેને સર્વ લોક પોતાના હિતનું ગણતા હતા તેનાથી કોઈ ચતુર માણસ પણ બચ્યો નહીં!-૫

**સાખી :** જીવ પોતાની રીતે ચેતતો નથી અતે કહેવા જાઉં તો રીસાય જાય છે. કબીર કહે છે કે તે સ્વપ્નમાં પણ જાગી જાય તો જેનું અસ્તિત્વ જ નથી તેનું અસ્તિત્વ છે એવું તેને જણાય નહીં.

---

૩ મનુષ્ય રૂપી ભમરો વિષયો રૂપી રસ ચૂસવામાં તન્મય બની જાય. ફુલનો રસ ચૂસવામાં ભમરો તન્મય બની ગયો, સાંજ થઈ ગઇ તેનું ભાન રહ્યું નહીં. સાંજ પડી ત્યારે કમળમાં તે ઘેરાય જાય છે. ત્યારે તે સવાર થશે અને કમળ સૂર્ય કિરણે ખીલી ઉઠશે ત્યારે બહાર નીકળી જઇશ એવી ખોટી આશામાં તે રાતભર રસ ચૂસ્યા કરે છે. પરંતુ સવાર થાય તે પહેલાં તો હાથીના પગ નીચે તે કચડાઈ જાય છે. તેવીજ દશા મનુષ્યરૂપી ભમરાની છે એવું કબીર સાહેબ કહેવા માંગે છે.

૪ દુઃખમાંથી મુકત કરે એવો કોઈ ગુરૂ મળ્યો નહીં. જે મળ્યા તે અધૂરા ગુરૂ મળ્યા જેને કારણે દુઃખ તો ઉભું જ રહ્યું.

૫ માતાના ગર્ભવાસમાંથી જેમ તેમ બહાર આવે છે પરંતુ ફરી ગર્ભવાસમાં ન જવાય તેવું આયોજન કરવું જોઇએ તે જીવ કરતો નથી અને પરિણામે ફરીથી સમય આવ્યે ગર્ભવાસમાં સ્થિતિ કરે છે.

૬ જીવે પોતાના ઉપયોગનું છે એવું માનીને જે જે સંઘરેલું છે તે તે ઉપયોગી કરતું નથી. તેને સંઘરતી વખતે પોતે જાણકાર છે તેવી બડાઈ પણ મારેલી. ન તો સંઘરેલી વસ્તુ બચી કે ન તો સંગ્રહ કરનાર બચ્યો!

# : અગત્યની શુદ્ધિઓ :

પૃ- ૬ પાદટીપ બેમાં બીજી પંક્તિમાં ઇચ્છા ને બદલે **ઇચ્છામાંથી**

પૃ- ૧૧ પદની બીજી પંક્તિમાં **બા ઓંકાર** ને બદલે **ઓ ઓંકાર**

પૃ- ૧૨ પાદટીપ એકમાં **ખંડન** ને બદલે **મંડન**

પૃ- ૧૬ પદની સાખીમાં **કહાહે** ને બદલે **કહાવૈ**

પૃ- ૧૭ પાદટીપ ચારમાં **ઘટાડવો** ને બદલે **ઘટાવવો**

પૃ- ૧૮ પદની ત્રીજી ટૂકમાં **પજા** ને બદલે **પરજા**

પૃ- ૨૨ પાદટીપ એકમાં **ભગવાઝ** તે બદલે **ભગવાન**

પૃ- ૨૫ પાદટીપ ત્રણમાં **મગ** ને બદલે **મૃગ**

પૃ- ૨૬ પદની બીજી ટૂકમાં **મલ** ને બદલે **મૂલ**

પૃ- ૨૬ પાદટીપ બેમાં **ગુમાવી** ને બદલે **ગુમાવે**

પૃ- ૨૭ ભાવાર્થના પ્રથમ ફકરામાં **નેથી** ને બદલે **નથી**

પૃ- ૨૮ પદની બીજી ટૂકમાં **મનુષ્ય** ને બદલે **માનુષ**

પૃ- ૩૨ પાદટીપ બેમાં સંસ્કૃત શ્લોકમાં **ભ્રયત્** ને બદલે **ભ્રમત્**

પૃ- ૪૧ પાદટીપ ત્રણમાં **પ્રવંચી** ને બદલે **પ્રપંચી**

પૃ- ૪૭ ભાવાર્થના પ્રથમ ફકરામાં **છત** ને બદલે **છતાં**

પૃ- ૪૯ પાદટીપ ચારમાં **સહાય** ને બદલે **સમય**

પૃ- ૫૦ પદની પ્રથમ પંક્તિમાં **સહઓ** ને બદલે **સહસોં**

પૃ- ૫૦ પાદટીપ એકને અંતે **સાંખ્યવારી** ને બદલે **સાંખ્યવાદી**

પૃ- ૫૫ સાખીના ભાવાર્થમાં **એકાખંડમાંથી** ને બદલે **એક અંડમાંથી**

પૃ- ૫૬ પાદટીપ એકમાં **આર્થિક** ને બદલે **મામિક**

પૃ- ૫૭ પાદટીપ એકમાં અંતે **અઘમ્ય** ને બદલે **અગમ્ય**

પૃ- ૬૨ પાદટીપ ત્રણમાં **પ્રથનો** ને બદલે **પ્રજાનો**

પૃ- ૬૩ પાદટીપ ચારમાં **પાપડ** ને બદલે **પાખંડ**

પૃ- ૬૪ પદની પ્રથમ પંક્તિમાં **વેદે** ને બદલે **વેદ**

પૃ- ૬૫ પાદટીપ બેમાં **થૂલ્ય** ને બદલે **મૂલ્ય**

પૃ- ૬૭ ભાવાર્થના ફકરા બેમાં **રમ** ને બદલે **રામ**

પૃ- ૬૮ પાદટીપ ચારમાં **સાથી** ને બદલે **સાચી**

પૃ- ૭૫ પાદટીપ પાંચમાં **સમય** ને બદલે **સમજાય**

પૃ- ૮૧ પાદટીપ પાંચમાં **પોષ** ને બદલે **પોષવા**

પૃ- ૮૬ પાદટીપ એકમાં **થુરૂની** ને બદલે **ગુરૂની**

પૃ- ૮૮ પદનીં પ્રથમ પંકિતમાં **હાથ** ને બદલે **હાથા**

પ- ૯૦ પાદટીપ એકને અંતે **અનુભવું** ને **અનુભવનું**

પ- ૯૨ પદની ત્રીજી પંકિતમાં **વાની** ને બદલે **પાણી**

પ- ૯૪ પાદટીપના આંકડા ૧ થી પ રદ ગણવા.

પ- ૯૫ સાખીના ભાવાર્થમાં **મોમા** ને બદલે **મોહમાં**

પ-૧૦૧ સાખીના ભાવાર્થમાં **પ્રિતિ** ને બદલે **પ્રીતિ**

પ-૧૦૨ પાદટીપ એકમાં **આત્વતત્ત્વ** ને બદલે **આત્મતત્ત્વ**

પ-૧૦૮ પદની બીજી પંકિતમાં ગ દસૌ અવતરા ને બદલે ગયે દસોં અવતારા

પ-૧૧૮ પાદટીપ એકમાં **આર્ષક** ને બદલે **આકર્ષક**

પ-૧૮૧ પાદટીપ છમાં **ઉલ્લખ** ને બદલે **ઉલ્લેખ**

પ-૧૨૧ પાદટીપ છમાં **શૈવે** ને બદલે **શૈવો**

પ-૧૨૯ ભાવાર્થના બીજા ફકરામાં **સ્વરૂપમે** ને બદલે **સ્વરૂપને**

પ-૧૩૦ પાદટીપ ત્રણમાં **ભિક્ત** ને બદલે **ભક્તિનો**

પ-૧૩૪ પદની પાંચમી પંકિતમાં **બબ** ને બદલે **બંબ**

પ-૧૩૪ પાદટીપ એકમાં **બેફ્કિરો** ને બદલે **બેફિકરા**

પ-૧૩૭ પાદટીપ સાતમાં **બુદ્ધિના** ને બદલે **બુદ્ધિનો**

પ-૧૩૮ પદની બીજી પંકિતમાં **અધાર** ને બદલે **અધારા**

પ-૧૪૮ પાદટીપ સાતમાં **ધમનું** ને બદલે **ધર્મનું**

પ-૧૫૨ પદની પ્રથમ પંકિતમાં બ્રિચ્છ શબ્દ આગળ નંબર ૩નો આંકડો જોઈએ.